દીકરા તે દોલત.

એક વાર્તા.

(ભાગ ૫—સફે ૪૧૩ થી ૫૧૪ સુધી.)

રચનાર

કેખુશરો નવરોજજી કાબરાજી.

મુંબઈ,
ન્હા. રૂ. રાણીનાના યુનિયન પ્રેસમાં છાપીછે.

સને ૧૮૯૧ ઇસવી.

કીંમત ૮ આના.

પ્રકરણ ૧૩૯

કાલી કેસરનો નાચ.

રાતના આસરે હડી કલાકે ડાક્ટર ડા સોરાબજીએ અદુભાઈનું મુડદું તપાસીને મત આપ્યું કે તે ત્રણ કલાક અગાઉનો મરી ગયલોછે, એટલે કે તેનું ખુન આસરે ૧૧॥ વાગતે થવું જોઇયે.

એ કેમ થયું! એ કોણે કીધું? જ્યારે કુદરતી મોતે માણસ મરેછે ત્યારે સંઘા તેની આસપાસ ફરી વળી તેના જીવના જુદા પડવા ઉપર અને થોડા વખતમાં તેનું શરીર પણ જુદું પડવા ઉપર ગમી ચલાવેછે અને તેની ઉત્તર ક્રિયા કરવામાં રોકાયછે; પણ જ્યાં ગભરાટમાં અને અપરાધમાં માણસ મરેછે ત્યારે થોડાંઓ જેમ તેના ક્રિયાકામ કરેછે તેમ બીજાંઓ અને તેથી તેના અતલચાંઓને બીજી મેહનતોમાં રોકાવું પડેછે.

અદુભાઇનાં ખુનની ખબર સહવાર પડતાંમાં આખાં ગામમાં ફરી વળી, અને વળી તેબી એમ કે ભીખુભાઇએ આ ખુન કીધું. સગાંવહાલાંઓથી આખુ ઘેર ભરાઈ ગયુ. વેહવાઇ વેહવાંણો, દોસ્ત આસનાવો, પાડપડોસીઓ તરેહવાર મદદો આપવાને આવી લાગ્યાં. હોરમજશાહશેઠને ઘણો કમકમાટ ઉપજ્યો અને તેવણ લગાર મોડે આવ્યા, પણ તેવણના ધણિયાણી ખરશેદબાઈ મેહરબાઇની સગી હોવાથી વેહલાં આવી લાગ્યાં.

સહવાર પડતાંમાં માહીમ કાસ્ટલમાં બાહાર જ્યારે "બાંક મંડાયા"—બરાબર બોલીયે તો અદુભાઇના ઓટલાની ખુરસીઓ મંડાઈ—ત્યારે બંગલાની અંદર પોલીસની તલાશ ચાલી રહી. હોશ્યાર ડીટેક્ટિવ કરીમખાન અને પોલીસના ગોરાઓ તથા હવાલદારો બંગલામાં પોતાની ખુશી પ્રમાણે આવતા જતા થયા. સ્વાનને સત્કારને બદલે પોલીસની ચોકીમાં આદર

ઓઢાડીને રેહવા દીધું,
જુરી ભરાવાની હતી, ડ
તપાસવાના હતા, ઇત્યા
વાંચનાર યાદ કર
અદુભાઈ, ભીખુભાઈ
થયા પછી પોતાની દીન
સપાટ મંગાવી પોતાના
ગયો ત્યારે દશ વા
સવાલ એછે કે ?
વાના ઓરડામાં કય
માર્યો ગયો?
એ સવાલનો ખુલાસો મુશ્ક
અદુભાઈ સુવા ગયો તેની
પેસતનશાહ ચીનાઇ અને બી
ના "ફ્રેન્ડો" એ અદુભ
લીને નાચમાં બોલાવ્યો હતો, પણ તે
રાતની મારામારીથી થાકી ઘણો ગયો
તથા દારૂ વધારે ગલાયાથી તેને ઉંઘ
આવતી હતી, માટે ક્લબના માણસ
પાછો વાળ્યો હતો અને જવા ના
હતી તે તો વાંચનાર તે વખતનુંજ
ત્યારે મરનાર ક્યાં ગયો? કે
ક્યારે ગયો? અને જો બાહાર
નહી હોય તો અંદી જમવાના ઓર
કેમ આવી પડયો? તે બાહાર ગયો હતો. એ વાત ઘેરનાં માણસો જાણતા નથી; પણ તે બાહાર ગયો હતો ખરો, કાંકે પેલા પોલીસના હવાલદારે તેને મોડી રાત્રે રસ્તા ઉપરથી ઘેર જતો દીઠો હતો.

શેઠ પેસતનશાહ ચીનાઈ અને બીજા "ફ્રેન્ડો" કાંઇ નાચમાં અદુભાઈની ગેરહાજરી માફ કરે નહી. અદુભાઈએ આગમચથી કબુલાત આપેલી હતી અને તેથી "કાલી કેસર" જેનો નાચ તેને પસંદ હતો તેનોજ નાચ કરાવેલો હતો. ખર્ચ પેસતનશાહ શેઠનો હતો,

કહડાવ ...અદુ-
તથા તેની સહી હતી
લા પેસતનશાહના તે-
ા પણ હતા, માટે તેની
જગી જરૂરનીજ હતી.
ારડામાં તલાશ કરતાં ક-
ટવને નીચલી ચીઠી પે-
મળી આવી.

"રાતના કલાક ૧૦."

પદી—કેમ સેહલ સુજે અવાતું
ગડી લઇ જઇયે કે? તું
બંધ કરીશું અને બધા
... કાલી કેસર આજે ઘણું
...જ અને તેના પોતાના ફરમાવ્યાથી આ
એમ બધા ફ્રેન્ડોને દગો દેય એ સારૂં
આવ. અમે વાટ જોઇયેછ. મેં મારી

લા૦ તારો જાની પેસુ."

અદુભાઈ પોતાના ઓરડામાં સુવા ગ-
હતો, પણ જ્યારે દીનવહુ ઉંઘી ગઈ
તેને જલદી ઉંઘ આવી નહી હતી.
સુવાના ઓરડામાં પણ ઉંઘ લાવવા
બ્રાંડીની બાટલી સાથ રમત કીધી
ને તોપણ તે જાગૃત રેહવાથી કં-
ટાળ્યો હતો. તેટલામાં તેને આ તા-
તેડાંની ચીઠી મળી અને વળી સાથે
ગ પણ હતી, એટલે ઓરડામાં ઉંઘી
જવાનો વિચાર માંડી વાલી તેને કલ્બમાં
જવાની ઘણી લાલચ થઈ. તેને દારૂ ઘણો
લાગી ગયલો હતો, ટેબલપર ખાતાં ખાતાં
'શેરી" ની પોણી બાટલી ખાલી કીધેલી,
ઠ રેહવા પછી વળી બ્રાંડીનું માથું ભાં-
જેલું, સુવા જયા પછી વળી એક "પેગ"
લીધેલો એટલે તેનું મગજ ચકચૂર હતું.
જો ફ્રેડાએ ગાડી નહી મોકલી હોત તો તે
હજી પણ જાત નહી. ગાડી આવ્યાથી
તેનું મન વધારે થયું.

માટે દીનવહુ તો ઉંઘતીજ હતી અને તે
બિચારીને ખબર પણ નહી હતી તે વ-
ખતે તેનો ધણી કલ્બમાં ગયો ત્યારે
૧૦॥ થવાના હતા. કલ્બ ફ્રેંડો તેને જો-
વાથી ખુશી થયા, પણ તેઓએ થોડીવા-
રમાં જોઈ લીધું કે તે ભારોભાર હતો,
તેના ગુરા લટકતા હતા અને તે બોલતો
ચાલતો તેની તેને જાજી ખબર નહી હતી.
તે નાચમાં વચે પડવા લાગ્યો, કનચ-
નીની સાથે નાચવા લાગ્યો અને તેમ કરતાં
લપેરા ખાઇને પડવા લાગ્યો. તે ફાટું ફાટું
બકવા અને બકવા પરથી દોસ્તો સાથે
કજીયો કરવા લાગ્યો, અને દોસ્તોએ વળી
તેને બેહકાવીને વધારે દારૂ પાયાથી અડ-
ધા કલાકમાં તો તે દોસ્તોને કંટાલા ભ-
રેલો થઇ પડયો અને તેને ખામખા બો-
લાવી મંગાવા માટે તેઓ પસતાવા લાગ્યા.

અંતે તેની દયા ખાઇને ફ્રેડાએ તે જરા
જરા ચાલવાને શક્તિવાન હતો તેટલામાં
તેને પાછો ઘેર મોકલવાને ઠરાવ્યું. વાંચ-
નાર જાણેછે કે કલ્બનો બંગલો માહીમ
કાસ્ટલથી દુર નહી હતો. તોપણ એક દોસ્ત
ખરશેદજી ખજુરિયા તેને રસ્તામાંથી ત-
પાસીને ચલાવવા માટે માહીમ કાસ્ટલવેર
મુકવા આવ્યો. પેલા પોલીસના હવાલદારે
અદુભાઇને એક જણ હાથ પકડીને ચ-
લાવી લાવતાં દીઠો તે એ હતો. ખરશેદજી
ખજુરિયા અદુભાઈને તેના દરવાજા સુ-
ધીજ મુકવા આવ્યો હતો, તેને બારણું ઉ-
ઘાડી આપ્યું અને બાગમાં લપેરા ખાતો
તે બંગલા તરફ વલ્યો, ત્યારે આ દોસ્ત
પાછો કલ્બ ભણી ગયો હતો.

પછી શું થયું તેની કોઇને ખબર નથી.
જો હવાલદારે ખરશેદજી ખજુરિયાની
સાથે અદુભાઇને લપેરા ખાતો આવતાં
દીઠો નહી હોત તો એટલી બીનાબી કોઈ
જાણત નહી. પણ હવાલદારજેવો માહીમ
કાસ્ટલમાં અદુભાઇનું મુડદું જોઇને રિપોર્ટ
કરવા ગયો, તેવો પોતાના ગોરાને ત્યાં રિ-
પોર્ટ કરી પોલીસમાં કરીમખાનને કેહવા
જતો હતો તેટલામાં લગભગ સહવારે પ-
ડતાં ખરશેદજી ખજુરિયા તેને દાદરના

રસ્તા ઉપર મળી ગયો. તે પરેલ રેહતો હતો અને ક્લબમાં નાચ ખલાસ થયા પછી ઘેર જતો હતો. હવાલદારે તેને ઓળખીને અદુભાઈના ખુનની ખબર કીધી જે ઉપરથી ઘણોક કમકમાટ બતાવીને ખરશેદજી પોતાને ઘેર જવાને બદલે માહીમ કાસ્ટલમાં પાછો ફર્યો અને ત્યાં તેના કેહવાથી "કાલી કેસર"ના નાચની અને તેમાં અદુભાઈના લીધેલા ભાગની ઉપલી હકીકત સર્વના જાણવામાં આવી.

પ્રકરણ ૧૩૯ મું.

ઘેરના ને ઘેરનાજ માણસનું કામ.

હવે બીજો સવાલ એ રહ્યો કે મરનાર આવ્યો ત્યારે તેને બંગલામાં દાખલ કોણે કીધો ? બધાંએ ના કહ્યું. તેને બંગલામાં પાછો આવતાં કોઇયે દીઠો નહી, કોઇએ બારણું ઉઘાડયું નહી. કાવલો તો ૧૧ વાગતા અગાઉ આગલું બારણું બંધ કરી ઉંઘી ગયો હતો. માટે અદુભાઈ જેમ તેમ ચાલીને પેલી બારીને રસતે જમવાના ઓરડામાં આવવો જોઇયે.

પોલીસના હવાલદારે કહ્યું કે જ્યારે ખરશેદજી ખજુરિયા દરવાજા ઉપર મરનારને મળી ગયો ત્યારે તેને દારૂથી લપેરા ખાતો જોઇને રખે તે પડી જાય તે તપાસવા માટે તે હવાલદાર દરવાજા ઉપર ઉભો રહીને જોયા કરતો હતો. તેણે જોયું કે અદુભાઈ આગલા ઓટલા ઉપર જવાને બદલે બાગની પાછલી તરફ ગયો કે જ્યાં જમવાનો ઓરડો આવેલો હતો. એ ઉપરથી કરીમખાનની એટલી તો ખાતરી થઈ કે મરનાર બારીને રસ્તે બંગલામાં દાખલ થયો.

"તે એ વખતે બંગલામાં યા બાગમાં કોઇને પણ આવતાં યા જતાં દીઠો હતો?" કરીમખાને હવાલદારને છેલો સવાલ પુછયો.

"નહી." હવાલદારે ડોકું ધુનાવ્યું. "હું મારી 'રાણ' ફરતો ફરતો બંગલા ઉપર આવી લાગ્યો હતો અને અદુભાઇ અંદર કેમ જાયછે તે માત્ર જોવાજ ઉભો હતો. તેઓ બાગની પછવાડે મારી નજરથી દુર ગયા કે હું ચાલી ગયો, પણ હું ઉભો હતો તેટલાં નહી કોઈ અંદર આવ્યું કે નહી કોઇ બાહાર ગયું હતું."

કરીમખાને કાવલાને પાછો બોલાવીને પુછયું—"કાવલા અજબ જેવુંછે કે તેં કાંઇ ધોંઘાટ સાંભળ્યો નહી ! જમવાના ઓરડામાંખી બારીને રસ્તે દાખલ થયા હોત તો એવણની જે હાલત જણાવવામાં આવેછે તે હાલતમાં એવણ આ કઢંગી બારીએ ગુપચુપ આવી શકે નહી. વળી ઓરડામાં અંધારૂં હતું માટે એવણ પડી જવા જોઇયે, સરસામાણ સાથ અડડવા જોઇયે, કાંઈ પણ આવાજ થવો જોઇયે."

"મેંતો કશો આવાજ સાંભળ્યો નહી." કાવલાએ જવાબ દીધો. "જમવાનો ઓરડો પાછલી તરફ, હું આગલી તરફ. વળી દરિયામાં ભરતી થયલી અને મોજાંનો ઘોંઘાટ જારી હતો. માટે આવાજ થયોબી હોય અને મેં સાંભળ્યો નહી હોય. પણ ઓરડામાં બતી નહી હતી તોબી ચંદની પુરતી હતી અને તેથી બેહેસ્તી સંભાળીને ચાલ્યા હોય તો નહીબી પડયા હોય."

"બધાં ઉંઘી ગયાં હતાં ?"

"હા, બધાં. વીકાભાઈ ૧૦॥ વાગતે આવ્યા અને ઉંઘવા ગયા. હીજુભાઈ ચંદનીમાં ગબરડી રમવા ગયા ત્યાંથી ૧૦ વાગતે આવ્યા હતા. કજીયો થઈ ચુક્યા પછી બેહસ્તી જેવા પોતાના ઓરડામાં સુવા ગયા ને ભીખુભાઈ બાહાર ગયા કે

તેવાંજ લુસી ને આનબીબી પણ સુવા ગયાં અને બધાં ઉંઘી ગયાં."

"ને બીખુભાઈ પાછા ક્યારે આવ્યા?"

"તે હું નથી જાણતો. હું અગ્યાર વાગતે ઉંઘી ગયો, તે શેઠ શેઠાણી છેક બે વાગતે આવ્યાં ત્યાંસુધી હું જાગ્યો નહી. બીખુભાઈ પાછા ક્યારે આવ્યા તે હું કહી શકતો નથી."

"પણ ત્યારે બીખુભાઇ જમવાના ઓરડાની બારીએથી આવવા જોઇયે ખરા?" કરીમખાને અટકલ ચલાવી.

"અલબતાં" કાવજાએ ટેકો આપ્યો "મેં કાંઈ એવણને આગલે બારણેથી લીધા નથી, વાસ્તે એવણ પાછલી બારીએથી આવવા જોઇયે."

હવે બે સવાલ કરીમખાનને ઘણો ગુચવાડો કરવા લાગ્યા. એક તો એ કે દરિયામાં ભરતીના આવાજ છતાં ખુનની વખતે કાંઈ ગડબડ, આવાજ કે ધબકારો કશો નહી સંભળાયો તે કેમ બને? બીજો ગુચવાડો એ હતો કે જ્યારે અદુભાઈનું ખુન જણાયું ત્યારે જમવાના ઓરડાની બારીને અંદરથી સાંકલ દઇને તે બંધ કીધેલી હતી, તે કોણે બંધ કીધી? જ્યારે બારી અંદરથી બંધ કીધી ત્યારે તે બંધ કરનાર ઘેરમાંજ હોવો જોઇયે. જો ખુન કરનાર બાહારનો હોય અને તે બારીને રસ્તે નાસી ગયો હોય તો તે બારીને અંદરથી સાંકલ દઈ શકે નહી. માહીમ કાસ્ટલની આ એક બારી છોકરાઓને માટે ઉઘાડી રાખી હતી તે સિવાએ બીજી દરએક બારી બારણા ચપટ બંધ હતાં—કેટલાંક તો સાંજથીજ બંધ હતાં—કેટલાંક ધારા પ્રમાણે રાત્રે બંધ કીધાં હતાં.

વાસ્તે ઘેરની અંદરનાજ કોઇએ આ બારી બંધ કરવી જોઇયે? ત્યારે શું જેણે બારી બંધ કીધી તેણેજ ખુન કીધું હશે? પેહલો સવાલ એ છે કે બારી કોણે બંધ કીધી?

બીખુભાઇએ પોતાની ખુશીથી કબુલ કીધું કે "બારી તો મેં બંધ કીધી હતી. હું રાતના નજદીક ૧ વાગતે ઘેર આવ્યો, અને બારીને રસ્તેજ આવ્યો અને તે વખતે એટલું મોડું થઇ ગયું હતું કે હું છેલો આવ્યો છું એમ સમજી મેંજ મારા ધારા પ્રમાણે બારીને સાંકલ દીધી."

"તે વખતે આંહી અદુભાઈ પડેલા હતા કે નહી?" કરીમખાને બીખુભાઇને પુછયું અને તે જવાબ દેતો ત્યારે તેની રીતભાંત, ચેહરો અને દેખાવ સઘળું આ ડીટેકટિવ ટીકી ટીકીને જોતો હતો.

"હું આવ્યો ત્યારે મેં કાંઈ બેહરતીને જોયા નહી." બીખુભાઇએ એકરાર કીધો. "હું ઘણી ઉતાવલમાં આવ્યો અને બારી બંધ કરી ઓરડામાંથી ઉતાવલમાં ચાલીગયો."

"પણ તમે ખાતરીથી કહોછો કે તે વખતે મરનાર આંહી પડેલા નહી હતા?"

"હું તેમ કેહતો નથી. કદાચ મરનાર હોયબી ને મેં જોયા નહી હોય. મરનાર ટેબલની આ બાજુએ પડયાછે, પણ હું બારી બંધ કરીને ટેબલની પેલી બાજુએથી ચાલી ગયો હતો. હું મારા ઓરડામાં જવાની એટલી ઉતાવલમાં હતો કે મેં આસપાસ નજરબી કીધી નહી. હું જાણતો હતો કે અદુભાઈ ઘેરમાંજ છે અને તેથી મેંજ બારી બંધ કીધી.

"તમે કેમ જાણ્યું કે અદુભાઇ તે વખતે ઘેરમાંજ હતા?" કરીમખાને ઉલટ પાલટ સવાલો પુછયા.

"પેહલી રાત્રે અમોને કજીયો થવા પછી અદુભાઇ પોતે ઘેરમાંજ રેહવાનું બોલ્યા હતા અને કલબનું તેડું આવેલું પાછું વાલ્યું હતું તે મેં સાંભલ્યું હતું. માટે જ્યારે હું મોડી રાત્રે આવ્યો ત્યારે એતો ઘેરમાં છે અને હું છેલોજ આવ્યોછ એમ જાણીને મેં બારીને સાંકલ દીધી."

જે ભાઈ છેલો આવે તેણે બારીને સાંકલ દેવી એમ ધારો રાખેલો હતો તેને

કાવલાએ ટેકો આપ્યો, અને પેહલી રાત્રે ઘેરમાંજ રેહવાનું બોલ્યો હતો એતો ખરી વાત હતી.

તેના શાક્ષી ઘણા હતા. દીનવહુ, હીજુભાઇ, લુસી, આનબીબી સહુએ તે સાંભળ્યુ હતું. પણ કરીમખાને તેમાંના એકજ શાક્ષીને તસદી આપી.

તે શાક્ષી લુસી હતી.

લુસીને ડીટેકટિવ તપાસવા બોલાવેછે તે સાંભળીને એને ઘણું અપમાન લાગ્યું. પેહલાંતો તે આવી નહી—જ્યારે સિપાઇએ દમ ભરાવ્યો ત્યારે આવી. આવી તેવી કરીમખાનનેજ ધમકાવવા પડી અને એક આબરૂદાર લેડીને આમ શક ભરેલી વાતો પુછવા સામે પોતે પ્રોટેસ્ટ કર્યો.

"મને શાનું પુછોછ? મારે જવાબ દેવા નહી જોઇયે. હું કાંઈ જાણતી નથી. હું કાંઇ કેહવાની નથી. જુલુમની વાત છે કે આ કમકમાટની વાત તમે મારીથી જાણવા માગોછ!"

"જરા ધીરાં પડો બાઈ," કરીમખાને તેની સાથ હીંદુસ્તાનીમાંજ વાત કરી તેને ધમકાવી. "હું તમોને જાજું પુછવા માંગતો નથી, એકજ જવાબ મને દેવો. ગતે મરનારે ઘેરમાંજ રેહવાની ધારણા જણાવી હતી?"

"હા. પણ તે મને શાનુ પુછોછ? હું આજે રાત્રે બાહાર જવાનો નથી એમ બધાંના દેખતાં મરનાર બોલ્યો તે બધાંને છોડી દઈ મને શાનુ પુછોછ? હુંતો જલદીથી જઈ ઊંઘી ગઈ."

"વારૂ તમોને કાંઈ ગડબડ સંભળાઇતી?"

"અં હં હં હં. મને ને મનેજ બધું પુછોછ?" લુસી વળી કંટાલો ખાવા લાગી. "પણ ભાઈ હું કશું જાણતી નથી. ગડબડ બડબડ કાંઇ મને ખબર નથી. મેં કાંઈ ગડબડ સાંભળી નથી. જમવાનો ઓરડો ભાંયતલીયે, હું બીજે માળે, જતાંનીવાર ઊંઘી ગયલી તે ગડબડ ક્યાં સાંભળું?"

કરીમખાને આ ડોકટને વધુ પુછવાનું માંડી વાળી તેને જવા દીધી. તે આ તપાસથી બીહીક બતાવતી હતી પણ ત્યાંથી જાજી દૂર ગઇ નહી. કરીમખાનની આ સઘળી ગોરવણી ઉપર લુસી ઘણી ઈનતેજારીથી બાડી નજરે જોતી હતી.

પ્રકરણુ ૧૪૦ મું.

ભીખુભાઈ રાત્રે કયાં હુતો!

જ્યારે કરીમખાન આ પરપુછ ચલાવતો હતો ત્યારે પોલીસના બીજાં માણસો એક બીજીજ તપાસમાં રોકાયાં હતાં. ખુન કરેલુ તે હથિયાર કોઇ રીતે મળી આવે તો તેની શોધ ચલાવવા તેઓ પડયા હતા. આગલી રાત્રે ભીખુભાઇએ અદુભાઈ ઉપર જે છુરી ઊંચકી તે ટેબલ ઉપર જમવા માટેની મોટી છુરી હતી. પણ ડાકટરે ઘા તપાસીને મત આપ્યું હતું કે તે મોટી ટેબલ નાઇફનો જખમ નહી હતો. કોઈ વધારે પતલાં, નાના, પણ વધારે વેહતાં, આસરે ૬ ઈંચના, બેવડી ધારના હથિયાર વડે આ ખુન થયુ હતું એમ ડાકટરનું મત હતું. તેવું કશું હથિયાર પોલીસને હાથ લાગ્યું નહી.

હજી બીજો એક ગુચવાડો ભીખુભાઈના ઝભાનો હતો. મરનારનાં મુડદાંની તલીયે એ ઝભો કેમ આવ્યો? ભીખુભાઇ એ ઝભો પેહરીને બાહાર ગયો હતો તેના શાક્ષી હતા, પણ ભીખુભાઇનો ખોલાસો જુદોજ હતો. "હું રાત્રે જતી વેળા ઝભા સાથે બાહાર નિકલ્યો ખરો, પણ બાહાર જવા પછી મને લાગ્યુ કે ગરમી ઘણી હતી અને ઝભાની કાંઈ જરૂર નહી હતી, માટે

હું પાછો ફરયો, મેં જમવાના ઓરડાની બારીપર ચહડીને ઝભો અંદર ફેંક્યો, તે ઝભો અંદર ટેબલપર પડ્યો, પણ હું બારીપરથી નીચે ઉતરતો હતો. ત્યારે મેં જોયું કે ઝભો ટેબલપરથી સરકીને નીચે જમીનપર પડતો હતો. મને બાહાર જવાની ઉતાવલ હતી, વખત થઈ ગયલો હતો, માટે ઝભો ઓરડામાં ભોંયપર પડ્યો તેની દરકાર ન કરતાં હું ચાલી ગયો."

"ત્યારે તમે એમ કેહવા માગોછો કે તમે રાતના ૧૦ વાગ્યા અગાઉ બાહાર ગયા તે ૧ વાગ્યા અગાઉ પાછા ફર્યાજ નહી?"

"નહી. હું આ ખુન થયું ત્યારે બાહારજ હતો."

"ક્યાં બાહાર હતા?" કરીમખાને તુર્તજ ભીખુભાઈને પકડી પાડ્યો.

"મારે ગમે ત્યાં હતો?" ભીખુએ પાધરો જવાબ નહી દીધો. "હું તે વખતે ઘેરમાં નહી હતો એટલો જવાબ તમારી પરપુછને માટે બસ છે.

"તમે ક્યાં બાહાર ગયા હતા તે કહો."

"તે હું કહી શકતો નથી."

"પણ જો એ વખતે તમે ઘેરની બાહાર હતા તો તમારે કેહવું પડશે."

"હું નથી કેહવાનો. હું મારી ખુશીની એક જગ્યામાં હતો પણ તે ઠેકાણું હું કેહનાર નથી. તે છુપું છે. હું કદી કહીશ નહી."

"પણ તું કેહશે નહી તો તુંને પોતાને સારૂં થશે નહી." કરીમખાને તેને દમ ભરાવ્યો. "તારા ફાયદાને માટે તુંને કેહવું પડશે, જવાન."

પણ ભીખુભાઈએ તે કેહવાની નાજ પાડી, અને કરીમખાન જેણે ભીખુભાઈની આ તલાશ છુપી ચલાવી હતી તેણે પોલીસના બે સિપાઈઓને છુપી તાકીદ કીધી કે આ છોકરા ભીખુભાઈ ઉપર બારીક નજર રાખવી, તેને ઘેરની બાહાર જવા દેવો નહી અને તેની હીલચાલ બારીકીથી નોંધવી.

"શેઠ, મને તો કાંઈ શક લાગતો નથી." ભીખુભાઈથી તલાશ કીધા પછી કરીમખાન મનચેરજી શેઠને એક ખુણામાં લઈ જઈ બોલ્યો. "મારો શક બરાબર ઠેકાણે પોંહચ્યોછે અને હું નહી ધારતો કે હું ભુલતો હોઉં."

કરીમખાન કોણને વિષે કહેછે તે મનચેરજી શેઠ તુર્ત પામી ગયા. તેવણના મનમાં જે શક ઉભા થયા હતા તે આ પાકા અનુભવી ડીટેકટિવના મનમાં મજબુત થયા હતા. પણ શેઠ પોતાનો શક કેહવા ચાહતા નહી હતા, તેવણ આમ શક રાખેછે એટલુબી તેવણ બતાવતા નહી હતા.

"હું ધારૂંછ કે બિચારો બેહસ્તી, આ સાક્ષીઓ કેહછ તેમ જ ઘણો દારૂ પીવાથી પોતાની સંભાલ લેવાને અશક્ત હાલતમાં હતો," શેઠે કરીમખાન આગળ પોતાની મતલબ પ્રમાણે તર્ક ચલાવી "તો જમવાના ઓરડામાં બારીને રસતેથી આવ્યા પછી આસોએશ લેવા બેઠો હોય અથવા ઉંઘી ગયો હોય અને બારી ઉઘાડી હોવાથી કોઈ રસતેથી જતા લુછા ચોટાએ અંદર આવીને મરનાર ઉપર હુમલો કીધો હોય."

"છટ! છટ!" કરીમખાને આ વાત એકદમ પોતાની ખાતરીથી હસી કાહાડી. "એ કોઈ બાહારના રસતેથી જનાર લુછા ચોટાનુ કામ નથી. આવા મોટા ગુનાહની વખતે અમે પોલીસવાળાઓને તો બારીક ભેદો વિચારવા પડેછે, પણ અમે જેમ બને તેમ નરમાસથી કામ લઈયે છીયે. માટે મનચેરજી શેઠ, મને કેહતાં ગમે એટલી દલગીરી ઉપજેછે પણ મને કેહવાની ફરજ છે કે મેં તમારા ભીખુભાઈ ઉપર નજર રાખવા મારા માણસો ઉપર હુકમ કીધોછે."

આ શબ્દો સાંભળીને શેઠના બરડામાં તાઢનું લખલખું ભરાયું અને કરીમખાનના

કાલાવાલા કરતા હોય તેવી રીતે, શેઠબાવા જાણેકે બાહારથીજ નાપાડેછે અને અંદરખાનેથી પોતેબી તેમજ માનેછે એવી ઢબથી બોલ્યા. "નહી નહી, એ ભીખુનું કામ નહી હોય. ડાકટર સાફ કેહછ કે ખુન આસરે ૧૧॥ વાગતે થવું જોઈયે, પણ ભીખુ તો તે વખતે બાહર હતો અને છેક ૧ વાગતા પછી ઘેરમાં આવ્યો હતો."

"તે કેહછે કે હું બાહાર હતો, પણ જે ઝભો પેહરીને તે ગયો હતો તે ઝભો ખુન થયું તે વેળા મરનારના દિલની તલે હતો. એ ઉપરથી શું સમજવું? એ ઝભો તો સાહેબ તમારા દીકરાનોજ છે? એ ઝભાની તવારીખ તો આપ સારી પેઠે જાણોછો."

આ કેવી દુઃખ ભરી યાદ! આ એક ઝભો કેવો નડેછે! એજ ઝભાએ શેઠબાવાના એક નાન્લાશેઠને ચોર ઠરાવી આપ્યો, એજ ઝભો આજે બીજા નાન્લાશેઠને ખુની ઠરાવી આપવા માગેછે! પેહલાં એ ઝભાથી જ્યારે વીકાભાઇની ચોરી પકડાઈ ત્યારેજ જો તેના બાપે ઢાંકપીછોડો નહી કીધો હોત તો ભીખુભાઇ આજે ખુનના વધારે જબ્બર ગુનાહની કાળી ટીલી શેઠબાવાના કુટુંબને નહી લગાડત. તેજ વખતે આપણે ભય રાખતા હતા કે મનચેરજી પોતાના છોકરાનો આ નાનો વાંક માફ કરેછે તે કોઈ દાહડે વધારે મોટા વાંકમાં એમના છોકરાને સપડાવશે. તેમ થયુ.

પણ એટલુંજ નથી. બિચારી ગુલી ગરીબના વડા દીકરા પાસે એમાંનોજ એક ઝભો હતો તે ઉપરથી મનચેરજી શેઠે પોતાના તે દુશમનના દીકરાને ચોરીમાં સપડાવાને કેટલાં ફોકટ ફાંફાં માર્યાં હતાં! તે કપટી કોશેશની ગોયા શિક્ષામાં એજ ઝભાએ એજ શેઠના દીકરાને ચોર ઠરાવી આપ્યો. પણ તેટલોજ સતાવો શેઠબાવાને માટે બસ નહી થયો. ગુલીના દીકરાને એક ઝભા ખાતર સતાવાની વધારે શિક્ષા કુદરતે તેવણને કીધી અને તે એ કે એજ ઝભાએ તેવણના એક બીજા દીકરાને એક મહા પાપમાં સપડાવ્યો!

"ભીખુભાઈ રાત્રે ૧ વાગતા સુધી ઘેરમાં નહી હતો એમ તમારો દીકરો કેહછે અને તમો સાહેબ માનોછો, પણ તેની શાબીતી શી છે?" કરીમખાને તુર્તજ સવાલ પુછયો. "ખુનનો શક એ જવાન સામે એટલોબધો છે કે તે ઘેરમાં નહી હતો એમ કેહવાથી કાંઈ તે શક ખોટા પડશે નહી."

"પણ મારો ભીખુભાઈ પોતે સાબેત કરશે કે તે ખુનની વખતે ઘેરની બાહાર હતો." શેઠબાવાએ આશા બતાવી. જ્યારે તે ૧ વાગતાં સુધી ઘેરમાં આવ્યોજ નહી ત્યારે તે શાબેત કરવામાં શી મુશકેલી?"

"મુશકેલી કાંઈજ નથી, શાબેતી પણ જોહતી નથી, જો ભીખુભાઈ એટલુંજ બતાવે કે તે ઘેરની બાહાર કયાં હતો?" કરીમખાને હિમત આપીને પાછી ના હિમતબી આપી. "પણ ભીખુભાઈ તે કેહતો નથી. ખુન રાત્રે કલાક ૧૧॥ ને સુમારે થયું તે હુંબી માનુંછું અને ભીખુભાઈ કેહછે કે હું તે વખતે બાહાર હતો તે હું જાણુંછું. પણ સવાલ એ છે કે તે બાહાર હતો તો કયાં બાહાર હતો? અગરજો તે બતાવી શકે કે આ ખુનની વખતે હું ફલાણે ઠેકાણે બાહાર ગયલો હતો તો તે તદન બેગુનાહ ઠરે, પણ તે કયાં બાહાર ગયો હતો તે બતાવી શકતો નથી, શાબેત કરી શકતો નથી."

"નહી? કેમ નહી?" મનચેરજીએ ભારી ગભરાટથી પુછયું.

"તે કયાં હતો તે કેહવાને સાફ ના પાડેછે, અને જેમ ના પાડેછે તેમ તેના ઉપર મારો શક મજબુત થાયછે." કરીમખાને ગોયા દયા ખાઈને ઉમેર્યું. "અગરજો ભીખુભાઈ ઠેકાણું બતાવેતો તેના શાક્ષી ગવાહી અમે પોતે મેળવી આપીશું કે તે ખુનને વખતે ખરેખર તે ઠેકાણેજ હતો."

પ્રકરણ ૧૪૨ મું.

"લોહડાંની બાંગડી."

વધારે કશું બોલ્યા વગર શેઠગાવાએ ભીખુભાઇને હાંક મારી અને એ નાન્હા-શેઠ તુર્તજ બાપની પાસે આવ્યો. તેની પછવાડે પોલીસનો સીપાઈ હતો, પણ કરીમખાનની ઇશારત ઉપરથી તે દુર ગયો.

"ભીખુ, તું કેહછ કે રાતના ૧ વાગતા સુધી તું ઘેરમાં નહી હતો?" બાપે પુછયુ.

"હા. ખરૂં છે. હું ઘેર આવ્યો ત્યારે લોહડાંમાં ૧ વાગી ચુકયો હતો." દીકરાએ જવાબ દીધો.

"એટલીબધી વાર તું ક્યાં હતો?" બાવાએ તુર્તજ પુછયું.

"હું-હું-હું ક્યાં હતો તે કહી શકતો નથી." નાન્હાશેઠે અચકી અચકીને અંતે ઉડાવ્યું.

"તુને કેહવું પડશે, નહી તો તુને ખમવું પડશે." મનચેરજીએ ગભરાટથી દમ ભરાવ્યો.

"જો ખમવું પડશે તો હું ખમીશ" ભીખુભાઇએ તાણ કીધું "પણ હું રાત્રે ક્યાં હતો તે જાણવાની કોઇને ગરજ નથી અને હું કોઇને કેહનાર નથી."

"જો તું ખરેખર બાહારજ ગયો હોય તો તે કેહવાય એવુંછે અને તે છતાં તું ના પાડ એ મુર્ખાઇછે." બાપે નશીહત દીધી.

"માજીસ્ત્રેટ પેહલો સવાલજ તુંને એ પુછશે કે તું રાત્રે ક્યાં હતો?" કરીમખાને હવે ટેકો આપ્યો.

"માજીસ્ત્રેટ? માજીસ્ત્રેટ મને શાનું પુછે? શું તમે મને માજીસ્ત્રેટ આગળ ઉભો કરવા માગોછ?"

"આજ અડધો કલાક થયો તું કેદ છે, ભલા માણુસ." હવે કરીમખાને તેને ખબર આપી. "જો હજીબી તું બતાવી શકે કે રાત્રે તું ફલાણે ઠેકાણે બાહાર ગયો હતો તોજ તારો બચાવ થાય."

"હું નથી બતાવવાનો."

"ત્યારે તુને માજીસ્ત્રેટ આગળ જવું પડશે."

"શું કામ? હું એ જુલમાતને તાબે નહી થઇશ. પોલીસના બોશિયાંની કોણ દરકાર કરેછ? તું મને શું કરી શકવાનો છે, કરીમખાન?"

ભીખુભાઇ વધારે આગો ફાટત, પણ કરીમખાને પોતાની બાહેના બોલિયાંમાંથી કાંઈ ખણખણતો સાજ કાહાડી બતાવ્યો અને ભીખુભાઈ હાથની બેડીની એક જોડી જોઇને લાકડાં જેવો ટાટ થઈ ગયો.

"આ જોયુ કે!" કરીમખાન તે બતાવીને બોલ્યો "હું ખામખા આ લોહડાંની બાંગડીઓ તારા હાથમાં પેહરાવવા માંગતો નથી. પણ જો તું ફરજ પાડશે તો એ દાગીના તુંને પેહરાવીશ."

"માફ કર, મારીથી બેઅદબી થઈ તે માફ કર કરીમખાન" હવે ભીખુભાઈ નરમ માખણ બની ગયો અને પોલીસના અમલદાર સાથ અત્યંત નમનતાઈથી પોતાનું નિર્દોશપણું બતાવવા લાગ્યો. "હું કસમ ખાઇને કહુંછ કે અદુભાઇના ખુનમાં મારો સીધો કે આડકતરો કશો ભાગ નથી. એ ખુન મેં કીધું નથી કે નથી તેમાં હું કશી રીતે શામેલ. મને બાવાએ ઊંઘમાંથી જગાડયો નહી ત્યાંસુધી હું એ ખુન વિષે કશું જાણતોતોબી નહી. એ કેવું પાપી કામ! શું તમે એમ ધારોછો કે મારા સગા ભાઈના લોહીમાં હું મારો હાથ બોળું?"

"જોવું તારા હાથ? એ તારા હાથપર શું છે?" ભીખુભાઈ પોતાના ચોખ્ખા હાથ વિષે બોલતો હતો ત્યારે તે હાથતો ડાઘેલ માલમ પડયા. કરીમખાનની નજર અચબુચ તેના હાથપર ગઇ અને તુર્તજ તે ભીખુભાઇના હાથ પકડી લઇને તેનાં આં-

ગલાં તપાસતો બોલ્યો. "એ તારી આંગલીઓ એવી કેમ?"

"શું છે? કાંઇ નથી?" ભીખુભાઈ હાથ ખેંચી લઈ બોલ્યો.

"નહી, નહી, તારા હાથને ચીરા પડયાછ, તારી આંગલીઓમાં ફાટ પડીછ, એ શું?" કરીમખાન બતાવીને પુછવા લાગ્યો. "આ કાપ વાટે તારી આંગલીમાંથી લોહી ગયલુંછે."

"કાલ રાત્રે એક કામ કરતાં એ તો થયું" ભીખુભાઈ ગભરાઇને બોલ્યો. "મારા હાથને તે કામ કરતાં ઘસા પડયા અને તેમાંથી થોડુંક લોહીબી ગયું."

"શું કામ કરતાં?" તેના બાપે પુછયું.

"હું જ્યાં બાહાર ગયો હતો ત્યાંજ કાંઈ જરા ચેડાં કાહાડતાં મારી આગળીઓ કપાઇ." ભીખુભાઇએ સમજાવ્યું.

"બાહાર ચેડાં કાહાડતાં કે ઘેરમાં ભાઈનું ખુન કરતાં હાથ કપાયો?" કરીમખાને ભીખુનો ઉપલો બચાવ તદન હસી કાહાડીને પોતાનો વધારે મજબુત થયલો શક જાહેર કીધો. "બચ્ચા, મેં ખુનના કેસ ઘણા જોયાછ ને ઘણા પકડયાછ, અને જ્યારેબી વેહતાં હથિયાર વડે ખુન થયાંછ ત્યારે સામા માણસ ખુનીની સામે થવાથી તાણુતોડમાં ખુનીઓના હાથ તેમના પોતાનાજ હથિયાર વડે કપાયલા એવા મેં ઘણા દાખલા જોયલાછે. સોમાં પંચોતેર એવા કેસમાં ખુનીના હાથપર પડલા ઘસાજ તે ખુનના પુરાવા આપેછે. વાસતે હું ફરીથી પુછુંછું કે જ્યારે તેં તારા ભાઈપર વેહતું હથિયાર ઊંચક્યું ત્યારે તેના સામા થવાથી તારાજ હથિયારે તારા હાથ કપાયા તેના આ ચીરા પડયાછે કે નહી?"

ભીખુભાઈ શો જવાબ દેય? તે તદન ગભરાઈ ગયો. "હું કસમ ખાવુંછ કે રાત્રે હું જ્યાં ગયો હતો ત્યાં એક ચોકસ કામ કરવા જતાં મારી આંગલીઓ ચીરાઇ ગઇ."

"એવું તે શું કામ હતું?" મનચેરજી શેઠે અંદેશાથી પુછયું.

"અને તેબી મોડી રાત્રે?" કરીમખાને શકના ગોળા ઘુમાવ્યાજ કીધા.

"હા રાત્રેજ" ભીખુભાઇએ જવાબ દીધો. "વળ દીધેલા તારની એક જાલી મને મારે હાથે તોડવી પડી તે તારથી મારી આંગલીઓ ચીરાઇ ગઈ."

"એ તાર કયાં તોડવા ગયોતો?"

આતો વળી પાછો આગલોજ સવાલ આવ્યો કે રાત્રે ભીખુભાઈ કયાં હતો?

"જ્યાં હોય ત્યાં" ભીખુએ પાછો એ સવાલ ઉડાવ્યો. "પણ સાચું માનજો કે શેઠબાવાએ મને બે વાગતે ખુનની ખબર કીધી અને તે ઉપરથી મેં હેઠે આવી મારા ભાઇનું લોહીલુહાન મુડદું જોયું ત્યાંસુધી મેં રાત્રે બેહસ્તીને દીઠાબી નહી હતા."

"પણ ભલાં માણસ પેહલી રાત્રે તો તેં તારા ભાઇપર છુરી ઊંચકી હતી." કરીમખાને યાદ આપી.

"હા, પણ મેં મારી નહી હતી. બેહસ્તીએ મને ચીડવ્યો અને મેં ગુસામાં છુરી ઊંચકી પણ મારી નથી."

"પણ તે વખતે તેને બીજીવાર જોઈ લેવાની ધમકી આપી હતી? તેનો જીવ લેવાના તેં કસમ ખાધા હતા."

"ધમકી આપી હતી પણ તે પાળવાની મારી ધારણા નહી હતી. દાદાર સાહેદ છે કે મારા ભાઈ સાથ હું મરાયલો હતો પણ તેના જીવપર હું ટાંપેલો નહી હતો. રાતની મારામારીને માટે મને, હું બાહાર ગયો ત્યારે, ઘણો પસ્તાવો થયલો હતો અને સહવારે તેની માફ માગવાનો મેં ઠરાવ કીધો હતો."

"એ બધી વાત માજીસ્ત્રેટ આગળ કેહવાની છે." કરીમખાને કહ્યું. "એ બધું માનવું કે નહી તે કોર્ટનું કામ છે."

કરીમખાને ભીખુભાઇને પાછો પોલીસના સ્વાધીમાં સોંપ્યો.

પ્રકરણ ૧૪૨ મું.

જુરીનો અભીપ્રાય—બીખુભાઇનું કેદ જવું.

૧૦ વાગતે જુરી ભરાઇ. જુરીએ અભીપ્રાય આપ્યો કે "મરનારનું ખુન થયું અને ખુન તેના ભાઈ બીખાજી મનચેરજી વકીલે કીધું."

જુરી ઉઠવા પછીજ સ્વાનનો સતકાર થયો. બીખુભાઇને પોલીસે ચોકીમાં નાખ્યો, અદુભાઇની લાશને સાંજે અવલમંજલ પોંહચાડવામાં આવી.

બાહીમ કાસ્ટલમાં ચાલેલી માતમ અને કળાપીટ ઉપર આપણે ગંભીર પડદો તાણીશું. મનચેરજીશેઠનો વીલાપ, મેહરબાઇનું રૂદન, ભાઇઓનો ગમ, બેહનોનું કુટવું, છેલે એકજ રાતમાં અચમ્બ્ય વિધવા થઈ પડેલી બિચારી દીનવહુની માતમ સખતમાં સખત દિલને પીગલાવનાર હતાં.

અદુભાઈની પાયદસ્ત કાહાડી ત્યારે મનચેરજીશેઠના નામ પ્રમાણે મેગી મળેલી મોટી મીજલશે બિચારી દીનવહુના જુવાન વયના વીધવાપણાના દુઃખમાં ભારી ભાગ લીધો. મેહરબાઈ પોતાની વહુની કદીબી દયા ખાતી નહી હતી પણ આજે તેણે પોતાની વહુને પોતાની છાતી સાથે દાબી. તેના નાના નાના બાપવિનાના અનાથ ભુલકાં બચ્ચાંઓના ભુકાને મનચેરજીશેઠ પોતાને માથેમાથ કુટીને પોતાને ગળે વલગાડયાં.

સ્વાનને કાહાડતી વખતે આબરૂતો ઘણી મળી પણ તે આબરૂ માત્ર ચોકસ જાતનીજ. અદુભાઈની લાશને આબરૂ સાથ અવલમંજલ લઈ જવાની મિજલશ મળી, પણ તેજ મિજલશની અંદરથી પોલીસના કાનસ્ટેબલો બીખુભાઇને બેડી સાથ ચલાવીને કેદ લઈ ગયા.

મનચેરજી વકીલના પૈસા ઘણા ઘટી ગયા હતા તોપણ હજી ગામમાં નામ સારૂં હતું, ખાનદાન મોટું હતું, સગાંવહાલાં દોસ્ત આશનાવો ઘણાં હતાં અને તે પ્રકારની સઘળી "આબરૂ" હતી. પણ આ આખી મિજલશમાં ચોરી, લુચ્ચાઈ, મારામારી, ખુનની વાતોથી તે આબરૂ નિરાકલંક નહી રહી. મિજલશની હવામાં તરેહવાર વાતો તરેહવાર ટીકાઓથી બિગડેલી રહી અને શેઠની આબરૂમાં તેટલાજ ખતરાનો કતરો ભેલાયલો રહ્યો.

મનચેરજી વકીલને ઘડપણ વચે બે જબરા ઘા સાથેજ લાગ્યા. એક દીકરો મરી ગયો બીજો દીકરો ચોકીમાં ગયો. બે દીકરા બે ઠેકાણે ગયા પણ વળી આબરૂ ગુમાવીને ગયા. બેહુની બેઇજતી થઇ અને બેહુએ પોતાને, પોતાના માબાપને અને પોતાનાં ખાનદાનને નામોશી લગાડી.

અદુભાઈના સ્વાનને બેજદો કરવા માટે લોકોની ઠઠ મળીછે પણ તે વખતેબી તેના નઠારાં કામો વીસરાઈ ગયાં નથી. દાદર ખાતે વસનારાં ગરીબ પારસીઓના નાનકડાં ગામમાં જીવખાયાંની જગી જેવી એક બેવકુફ છોડી સાથ અદુભાઇને જે અપરાધની ગોઠવણ કરતાં દીની ડાહીએ પકડી આપી હતી, તે નાલેશી ગમે એટલી છુપી રાખતાં બાહાર ફેલાઈ હતી, અને અદુભાઇની જીંદગીના આ અકાળ અંત વેળા તે વાત આખાં ગામમાં પસરી રેહવાથી મરનારની છેલી ઘડીએ તેને કાંઈ શોભા લાગી નહી.

પણ વળી દીકરાઓની બેઈજતી સાથ બાપની આબરૂ ગઈ તેતો જુદી. માટે પોતાના જુવાન દીકરાનું તેની ભર જોબનના વખતમાં મરણ નિપજવાનો એક બાપને જેવો વેહતો જખમ લાગેછે તે કરતાં મનચેરજી શેઠનો આજનો જખમ વધારે કારી, વધારે ઊંડો, વધારે વેહતો થયો.

જુરીના અભીપ્રાય પછી ભીખુભાઇને કેદ કરવાની પોલીસની ફરજ હતી. મેહરબાઇની ઘણી મરજી હતી કે તેનો વ્હાલો દીકરો જામીનપર છુટે. પણ ખુનના કેસમાં જામીન ચાલે નહી. જેના ચુકાદાને માટે આબરૂદાર જુરીને કેદ કરવી પડેછે તો બંધવાને કેમ છોડાય? અને વળી અદુભાઇની પાયદસ્ત કાહાડતીવેળા જેમ ભેગા મળેલાં લોકમાં અદુભાઇની આબરૂ વિષે સારૂં બોલાતું નહી હતું તેમજ ભીખુભાઇના આ વાંક વિષે પણ શક રહ્યો નહી હતો. જુરીનો અભીપ્રાય લોકમતને મળતોજ પડયો હતો. સઘળી સાહાદત ભીખુભાઇને ગુનાહનો "ગીલ્ટી" ઠરાવનારી મળી હતી.

અદુ અને ભીખુ વચ્ચે વેર તો હતું. તેઓ ઘણીવાર મરાઈ ચુક્યા હતા અને ઘણીવાર માબાપે વચ્ચે પડી તેમને છોડાવ્યા હતા. આજ રાત્રે પણ ભીખુએ અદુભાઇ ઉપર છુરી ઊંચકી હતી અને જો કાવલો વચ્ચે પડયો નહી હોત તો તેજ વખતે ખુન થયું હોત. પણ જ્યારે કાવલો વચ્ચે પડયો અને અદુભાઇ બચી ગયો ત્યારે ભીખાભાઇએ તેને બીજીવાર જોઈ લેવાની બધાંના દેખતાં ધમકી આપી હતી. પછી ભીખુભાઈ ઝભો ઓઢીને બાહાર ગયો, તેજ ઝભો ઘેરમાં આવ્યા પછી તે ઝભા તલે અદુભાઈનું ખુન થયું, અને જ્યારે ખૂન પકડાયું તથા ગભરાટ વચ્ચે શોધ ચાલી ત્યારે બધાં જણ બાહાર નિકળી આવ્યાં પણ ભીખુભાઇ પોતાના ઓરડામાં ભરાઈ રહ્યો, અને જ્યારે તે બાહાર આવ્યો ત્યારે તેના હાથ કપાયલા તથા તેમાંથી લોહી ગયલું જણાયું.

માટે તે આ ખુનનો શક ના પાડેછે તો શું થયું? તે ખુનની વખતે બાહાર ગયલો હતો એમ કેહછે તો શું થયું? ને બાહાર જવા અગાઉ તે ઝભો ઓરડામાં નાખી ગયો એમ કેહછે તો શું થયું? તથા એક લોઢાંની જાલી તોડતાં તેની આંગલી કપાઇ એમ કેહછે તો શું થયું? તોબી શેઠબાવાના પોતાના મનમાં પણ ખાતરી હતી કે આ કમીણ કર્મ "નાન્લાશેઠ" ભીખુભાઇને હાથે થયું હતું.

ભીખુ ના પાડેછે તે તો શેઠબાવા ચાહતા હતા તેમ હતું. તેવણે ભીખુભાઇને લગભગ શિખવ્યું હતું કે નામુકેર જવું, કારણ કે જ્યારે તેવણ ભીખુભાઇના ઓરડામાં ગયા ત્યારે શું બોલ્યા હતા તે વાંચનાર યાદ કરશે. "ઓ દીકરા કેહ કે આ ખુન તેં નથી કીધું. તેં નથી કીધું એવું સાંભળવા હું કેવો ખુશી થઇશ!" માટે તેવણની છુપી ખાતરી હતી કે ભીખુભાઇ આ ઘોર અપરાધ ના પાડેછે તે તો તેવણને ખુશી રાખવા ના પાડેછે, અને ખરો ખુની તેજ છે.

જ્યાં બાપ પોતે એમ માનતો ત્યાં બીજાઓ નહી શું માને? પોલીસ ખુબ તલાશમાં પડી તેનું પણ એજ મત હતું. જુરીનું પણ તેજ મત હતું. કારોનર પોતે પણ જુરી સાથ એકમત થયો હતો. એટલે કે હજી ભીખુભાઈ ખુનનો ગુનેહગાર ઠર્યો નથી, પણ જુરીની નજરમાં તેના ઉપર પુરતો શક હતો અને તેથી જુરીએ તેને પોલીસના હાથમાં આપ્યો હતો.

કારોનરે વટીક આ સવાલો છેલવેળા પુછયા "તું કેહછે કે તું ૯॥ વાગતેથી ઘેરની બાહાર ગયો હતો અને રાતના ૧ વાગતા સુધી પાછો આવ્યો નહી હતો ત્યારે તું ક્યાં હતો? ક્યાં રહ્યો હતો? ક્યાંથી આવ્યો હતો?"

પણ ભીખુભાઇએ રાત્રે ક્યાં હતો તે કેહહવાને કારોનર આગળબી ના પાડી. "હું મારે ગમે ત્યાં હતો તેની સાથ કોઇને શું કામ છે? હું ક્યાં હતો તે જાણવાની કોઇને ગરજ નથી. હું મારે કામે ગયો હતો અને તે હુંજ જાણુંછ." એ રીતે જો કે તે હુજતથી બોલ્યો હતો કે તે બાહારજ હતો અને ખુનથી તદન અજાણો હતો; પણ

આટલાબધા શક વચે તેનું એકલાનું બો-લેલું કોણ માને?

ફકત એ પુરાવા નહી મળવા ખાતર ક-રીમખાન અને તેના ડાંટિકટિયો ઘણા ગુ-ચવાતા હતા. એકતો એકે ખુન કીધેલું તે હથિયાર કશું હાથ લાગ્યું નહી, અને બીજું એકે ભીખુભાઇ રાત્રે બાહાર ગયો તો ક્યાં બાહાર ગયો તેનો પત્તો ઘણીબી ઓલ ક-ર્યાં લાગ્યો નહી. આ નાન્લાશેઠો બાહાર જતા તો કોઇને કોઇબી તેમને મળતા કે જોતા હતા, પણ કાલ રાત્રે ભીખુભાઇ, તેના કેહવા મુજબ છેક ૧ વાગતા સુધી બાહાર ભટક્યો હોયતો કોઇએજ તેને જોયો નહી જોયો હોયતો કોઇને યાદ નથી એ કેમ બને?

ભીખુભાઇએ કહ્યું કે ઘેર તરફ આવતાં પીરોજશાહ પાપરાંના ઝુંઢાં માથ પોતાને ઊંઘ નહી આવ્યાથી પોતાની બારીએ બે-સીને ઝુપતાં હતાં અને ભીખુભાઇએ આ-વતાં આવતાં તે ડોસાંની મશખરી વટીક કીધી હતી. પોલીસે તે ડોસાંનેબી પુછ્યું કે તમે રાતના કલાક ૧૨ અને ૧ ની વચે ભીખુભાઇને રસ્તા ઉપર જોયો હતો? તે-વણે ના પાડી કે મેં દીઠો નહી તો નહી પણ ભીખુભાઇની મજાખ વટીક સાંભળી નહી—તો જેકે તેવણે કબૂલ કીધું કે હું તે વખતે બારીએ બેઠીતી ખરી, હું ઝુપતી હતી અને મને ઊંઘના ઝોંકાં આવતા હતાં.

એ પ્રમાણે ત્યારે કારોનરે ભીખુભાઇને ખુનના વાંકને માટે કમીટ કીધો અને પો-લીસે તેને કેદ કીધો તે મજબુત શક વ-ગર નહી હતો.

પ્રકરણ ૧૪૩ મું.

રતનીએ ખૂનની ખબર કેમ સાંભળી!

સહવાર પડતામાં આખાં શેહરમાં શો-હર ઉઠી રહ્યો. માહીમ, વાંદરા, દાદર એ તરફ તો અદુભાઇનું ખુન અને તેમાં ભી-ખુભાઇનો હાથ મુખ્ય વાતજ થઈ પડી. રસ્તામાં, બજારમાં, દુકાનોમાં લોકો ટોળાં વળીને એજ વાત ચલાવવા લાગ્યાં. એ-કતો અપરાધ ઘણો ભય ભરેલો હતો, પણ તેની સાથે મોટાં માણસને ત્યાં એ બનાવ બનવાથી ગોંઘાટ ઘણો વધી ગયો હતો. મ-નચેરજીશેઠની પદવી અને આબરૂ, તેવણ-ના દીકરાઓનો રોબ અને ભપકો, એ સ-ર્વથી શેહરમાં શોહર ઘણો વધારે થયો અને દરએક મંડળમાં એજ વાત વધી પડી.

ગુલી ગરીબને ઘેર એ વાત સહવારના મોડથી આવી. નાનો બરજો બજારમાંથી આવ્યો ત્યારે એ વાત લાવ્યો. પેહલાં બ-જાર લેવા જવાનું કામ રૂસ્તમનું હતું, રૂ-સ્તમ ચાકરીએ લાગ્યા પછી સોહરાબ પો-તાની માને ઘેરનું બજાર લેવા જતો હતો. સોરાબ માત્રિકયુલેટ થઇ કાલેજમાં ગયો અને બી એ. ની પદવીના અભ્યાસમાં પડયો એટલે બજારનું કામ બરજોને માથે આવ્યું હતું. બરજો પણ આ વર્ષ માત્રિ-કયુલેશનની પરીક્ષા આપવા જવાનો હતો અને તેના અભ્યાસમાં પડયો હતો.

તોપણ દીકરાઓને બજારના કામમાં નાંખવાનો આપણી ગુલીનો ધારો હતો, કાંકે બચપણથી તેઓ થોડો દુનિયાંનો અ-નુભવ લેતાં શીખે, જુદા જુદા મા-ણસો સાથ વેહવારમાં આવે, જીણસો-ની પરીક્ષા તથા ભાવતાલની ખબર રા-ખે, વેપારીઓથી કે ધંધાદારીઓની પ્રા-નતદારી તેમજ ઠગાઈ પિછાણે—એ સઘળું ગુલી પોતાના દીકરાઓની કેળવણીનો એક ભાગ સમજતી હતી. પણ વળી જ્યારથી પોતાના ઘેરમાં "ઇસ્કોલ" કાહાડી અને

દોરાબજી હુંડીદલાલ તથા બીજાં સારાં માણસોના દીકરાઓને પોતાને ત્યાં બોર્ડર દાખલ રાખ્યા ત્યારથી તે છોકરાઓને પણ ગુલીએ જેમ વિદ્યાની તેમજ વેહવાર એ કેળવણી આપવાનો ધારો પાડેલો હતો.

બરજો પોતાના સાથીઓ સાથ આ માઠા બનાવના વર્તમાન લાવ્યો તેથી ગુલીનું દિલ ઘણું કમકમ્યુ. જો કે મેહરબાઈ તેની દુશમન હતી તોપણ ગુલીને તે કમનસીબમાના દુઃખમાં ઘણી દયા આવી. બરજોએ આવીને વાત કીધા પછી થોડીવાર તો તે ઉદાસીમાં બેસી રહી અને બિચારા બરજો તથા સોહરાબને એજ છોકરાઓ અદુભાઇ અને ભીખુભાઈ સ્કુલમાં કેવા સતાવતા હતા તે દીકરાઓએ યાદ કીધા છતાં માએ તેમને એટલીજ શિખામણ દીધી કે "દીકરાઓ એઓ આપણી સાથ ગમે એટલા આડા ચાલ્યા, પણ એઓના પડતા વખતમાં આપણે એઓની આડાઈ યાદ કરવાની નથી. આપણા દુશમનનુબી બુરૂં ઈચ્છવું નહી જોઇયે. બિચારા અદુભાઈના આ ઘાતકી અંત ઉપરથી આપણે દુખી થવું જોઇયે અને ધડો લેવો જોઇયે. તેના ભાઈ ભીખુ વિષે આપણે એટલુંજ ચાહવું જોઇયે કે તેના ઉપર જે મહાપાપની કાંતી આવીછ તેમાંથી તે બેગુનાહ ઠરે અને છુટી જાય."

ફકીરાને ત્યાં પણ બરજોજ આ ખુનની ખબર લઈ ગયો. પણ તેતો જુરી ભરાયા પછી, ભીખુભાઈ ચોકીમાં જવા પછી, સ્કુલેથી ઘેર બપોરે જમવા આવ્યો ત્યારેજ તેને જીવીને ઘેર આ વાત કરવા જવાની ફુરસદ મળી.

જીવીને કાંઈજ ખબર નહી હતી. તે બિચારી એક મહીનાની ખાટલે અડેલી—જોકે હવે તેનો પગ તદન સાજો થયલો હતો અને તે ઉઠબેસ કરી શકતી હતી તથા ડાકટરે માત્ર જાજું ચાલવાનીજ મના કરેલી હતી—રત્નીને જીવીએ પોતાની આગળની આગળ રાખેલી, અને ફાતમાબુ સહવારથી રાંધણીમાં રોકાયલી તેઓ ગામના બનાવ શું જાણે? પણ બરજો પોતે આ ખબરથી ઉસકેરાયલો ઝપાટામાં જીવીને ખબર કરવા માળા ઉપર દોડી ગયો.

જીવી પોતાના લંગડા પગ સાથ પોતાના બિછાનાની પાસે એક ખુરસી ઉપર બેસીને સીવતી હતી, અને રત્ની પાછલી બાજુએ પોતાના બાપના નવા ડગલાને છેલા બખિયા ભરતી હતી. રત્નીએ આ કામ પછાત નાખવા માટે જીવી બધાં આગળ ફિરિયાદ કરતી; પણ આજે રત્નીને શાબાશી લેવાનું કારણ મળ્યું કાંકે જે ડગલા ઉપરથી રત્નીના બાપ માં વચે વઢવાઢ થઈ હતી તે ડગલા અંતે રત્નીએ પુરા કીધા.

"જો બરજો, મેં અંતે મારા બાપાના ડગલા પુરા કીધાકની?" રત્ની બરજોના જતાંવાર તેને પોતાનું કામ બતાવીને બડાઇ મારવા લાગી. "મારા બાપ થતાનો આજે તાર આવેલો કે તે હાલ આઠ દાહડામાં આવી લાગહે. તે આવહે તારે મારૂં કામ જોઇ ખુશી થાહે ને મને હાબાશી આપહે, પણ તાંહ હુચી આ ડગલા હારૂં તો મારી મા થતીની ગાલ ખાયા કરવાની."

"અરે ડગલાને શું સેકો તાણેછ જો, રતનબાઈ." જીવી રત્નીને ધમકાવા જતી હતી પણ તેટલામાં નાનો બરજો વચે જોસથી બોલી ઉઠયો. "અંહી ગામમાં ગભરાટ ચાલેછ, ત્યારે તું તારા બાપના ડગલાની વાત લાવીછ."

"ગભરાટ! ગભરાટ હાનો!" મા દીકરી બન્ને પુછવા પડયાં.

"હું ધારૂંછ કે જો રશિયાન આવ્યો હોત તોબી એટલો ગભરાટ નહી થાત તેટલો આજે શેહર ચાલેછ."

"પણ હું છે હું?"

"ભયંકર બનાવ બન્યોછ. પેલા મનચેરજીશેઠના દીકરા અદુભાઈનું ખુન થયુંછ."

જીવીના માન્યામાંજ એ વાત નહી આવી.

તે બરજોને ભણી ટકટક જોવા લાગી. રત્ની પણ આ ખબરથી ગભરાઇ ગઈ. તેના હાથમાં ધરેલાં કપડાં હાથમાંથી પડી ગયાં.

"અદુભાઇને તેના જમવાના ઓરડામાંજ કોઇએ મારી નાખ્યોછ" બરજોએ એમની ચુપકીદી ઉપરથી વાત ચલાવી. "ગામમાં ગડબડ ઘણી ચાલેછ, રસતામાં લોકલોક મચ્યાંછ. આંગી ચોકીપર તો લોકોની ભીડને લીધે ગાડીની આવજાવ મુશકેલ થઇ પડીછ. ચોકીની અંદર કોઇને જવા નહી દેતા પણ હું ને મારો દાદી માથાં મારીને ચોકીની અંદર ઘુસ્યા. ભીખુભાઈ તો કેવો ફીકો ફચક બાંકની ઉપર ભીતને અઢેલીને બેઠેલો હતો ને ગુથન વાળીને તેમાં પોતાનું માથું ઢાંકી દીધુંછ. એક રાતમાં તો એ છોકરો હાલ બેહાલ થઈ ગયોછ."

"એ તું બકે હું પોયરા?" આ ધરા વગરના હેવાલ ઉપરથી જીવાને પુછવાની ફરજ પડી. "અદુની વાતપરથી ભીખુની વાતપર ક્યાં ચાયલો? ખુન કોણનું થયલું, અદુનું કે ભીખુનું?"

"ખુન તો અદુભાઈનું થયું રે, પણ તે ભીખુભાઇએ કીધુંછ."

"ત્યારે હું એ ભીખુ પોયરાને ચોકીમાં લાખેલો?"

"હા. એણે ખુન કીધુંછ, એમ બધા બોલેછ. બેહુ ભાઇઓ ગઈ કાલે મરાયા ને છુરી મારવા નિકલ્યા હતા. તે વખતે તો તઓને લોકોએ વચમાં પડી છુટા પાડયા, પણ કેહછ કે ત્યાર પછી રાત્રે બાહાર જવાને મસે ભીખુભાઈ પોતાનો ઝભો ઓઢીને જમવાના ઓરડામાં ભરાઈ રહ્યો અને પછી અદુભાઈ આવ્યો કે તેને અંધારામાં મારી નાખીને પોતાના ઓરડામાં જઇ સુઈ ગયો."

"અને અદુભાઇ! જીવેછ કે મરી ગયો?" જીવી આમ પુછી રહી નહી એટલામાંતો તેની નજર રત્ની ઉપર ગઈ અને તે પોકારી ઉઠી. "હું છે? હું છે? રત્ની? હું છે મારી દીકરી?"

રત્ની ખુરસી ઉપર બેઠી હતી ત્યાંથી તેણે માથુ નાખી દીધું, તેના હાથ પગ લબડી પડયા, તેની આંખોના ડોળા ખેંચાઈ ગયા, તેના હોઠ ફીકા થઈ ગયા—ટુંકમાં પોતાના દોસ્ત ભીખુભાઇના કેદ જવાની ખબરથી રત્ની બેશુધ થઈ પડી, અને જો બરજોએ તુર્ત દોડી જઇ તેને ધરી લીધી નહી હોતતો તે ખુરસી ઉપરથી ઉખાઇ ગઇ હોત.

"ઓ જી! જી! મારી રત્ની, તું ને જી!" જીવી નહી ઉઠાય તોપણ લંગડાતી લંગડાતી આગળ ગઈ ને બુમ મારવા લાગી. તેના હાંક મારવાથી ફાતમાબુ દોડી આવી અને તે સુંઘાડવાનો કાંદો લઇ આવે તેટલામાંતો રત્ની પાછી હોશ્યાર થઈ.

અદુભાઇ સાથ પોતાને કજીયો હતો તે તો ભીખુભાઇએ પોતેજ રત્નીને કાલ રાતનું કહી મેલ્યું હતું. બરજોથી હેવાલ સાંભળતાં રત્નીને તે સઘળું યાદ આવ્યું અને ભીખુભાઈ કેદ ગયો એમ જાણતાંવાર તે બેભાગ થઇ પડી.

"જાબા, બરજો, કુમલાં બચ્ચાંના દેખતાં એવી ભયંકાર વાત તે કાંઇ કરવી છે?" હવે જીવી બરજોનો વાંક કાહાડવા બેઠી. "આ ખુનની વાતથી એ બીહીને બેભાણ થઇ તે જોયું?"

પ્રકરણ ૧૪૪ મું.

"હાથ રાખીને ખર્ચ કરવો."

કોરોનરનાં વારંટ ઉપરથી પોલીસે ભીખુભાઇને બીજે દાહડે માજીસ્ત્રેટ આગળ ઉભો કીધો અને તેના ઉપર સરેસ્તા મુજબ ચાર્જ મેળી માજીસ્ત્રેટે વધતા પુરાવા સાઉ પોલીસને વખત આપવા માટે બંધવાની તપાસ મુલતવી રાખી. હાલ જે હાલતમાં કેસ ઉભો છે તે હાલતમાં તપાસને માટે દિવસ મુકરર કરી શકાયો નહી પણ આ હાલને લીધે ભીખુભાઇને બીજા ખુનીઓ અથવા ખુનના શકવાળાઓ પેઠે લાંબા દિવસ સબડયા કરીને ચોકીમાં ચાંચરા મારવાનું થયું.

પોલીસે પત્તો પકડવાને ઘણી ખોજ ચલાવી. તે સઘળી તજવીજ છુપી હતી. પોલીસ પોતાનું કામ કાંઇ ગામમાં થાલી પીટાવીને કરતી નથી. તે શું કરેછે તે કોઇ જાણતું નથી, પણ લાંબી ઢીલ ઉપરથી તેઓ કાંઈ કરેછે એટલુંજ જાણાયલું હતું. પોતાના દીકરાને હજીબી જામીનપર છોડવવાને મેહરબાઇ અને મનચેરજીએ ઘણી મરજી કીધી, પણ તેને છોડવાની માજીસ્ત્રેટને તો સત્તાજ નહી હતી. હાઈ કોર્ટને મોશન કીધાથી તે કોર્ટનેજ છોડવાની સત્તા હતી પણ તે કોર્ટ ભીખુભાઇને છોડે એવી તો આશાજ નહી હતી.

અદુભાઈનું મોત જલદીથી વીસરાઇ ગયું તે ભીખુભાઇને લીધે—આ નવી જંજાલથી તે વધારે જલદી ભુલાઇ ગયું. આપણા શેઠબાવા અને શેઠાણીબાઈ ઉપર આ કાંઇ જેવી તેવી જંજાલ આવી પડી નહી. અગરજો અદુભાઇ મુવો નહી હોત તો ભીખુભાઈની મદદમાં બાપ અને મા બેહુ કદાચ એક સરખી મેહનત લેત, અથવા જો ભીખુભાઇ કેદ નહી જાત તો અદુભાઈના મોતની ગમીમાં શેઠબાવા માને ઘણી મદદ આપત, પણ આતો બે દુઃખ સાથે આવી પડયાથી મા અને બાપે પોતાના દીકરાઓ તરફની ફરજ ગોયા વેહચી લીધો. મેહરબાઇએ મરનારના ક્રિયાકામ વગેરે ઉપર ધ્યાન લગાડયુ, મનચેરજી ભીખુભાઈના કેસમાં રોકાઈ પડયા.

મેહરબાઇના ભારી દુઃખ વચે અદુભાઈનો એટલો ઉંચકી નાખવામાં આવ્યો અને પાથરણું પણ ત્રીજે દાહડે ઉંચકી નાખ્યું. આ નવી જંજાલ વચે "આવો સાહેબો" કેહવા અને લોકોને સલામ આપવા તથા લેવાને મનચેરજી શેઠને વખતજ ક્યાંથી મળે? એટલા ઉપર લોકો મરનારના મોતને બદલે તેના ભાઇના પાપ ઉપર તરેહવાર બોલે તે બધાંને મનચેરજી શેઠ જવાબ ક્યાંથી દેય? બે દાહડા પાથરણા ઉપર મેહરબાઈ અને તેના સગાવહાલાંઓ કુટયાં થોકું અને વાતોમાં રોકાયાં વધુ તે મેહરબાઈને કેમ ગમે? બેહતર કે એટલો પાથરણું સર્વ ઉંચકી નાખવું. એ કામમાં મેહરબાઇને મનથી મોટો ગુનાહ હતો—બીજાં લોકો પાથરણું કે એટલો ઉંચકી નાખતાં તો મેહરબાઈ તેઓને ગાળો દેતી તથા ધિક્કારતી, પણ પોતાની ગરજે પોતાને ત્યાં તેમ કરવા દીધું.

મનચેરજી શેઠ ઉપર એક દીકરાના મોતથી અને બીજા દીકરાનાં કેદખાનાથી બેવડું દુઃખ અને બેવડી જંજાલજ નહી પણ બમણા ખર્ચનો બોજો આવી પડયો. ખર્ચમાં ખવાઈ ગયલા અને કરજના કરડેલા આ બાપ ઉપર જે નવા ખર્ચનો ભારી બોજો આવી પડયો તેને તે ક્યાંથી જવાબ દેશે? અદુભાઇ અને ભીખુભાઈ વચે મારામારીજ રૂપીઆની હતી. અગરજો શેઠ માત્ર ૫૦૦૦ રૂપીયા આપ્યા હોત તો આ મારામારી માડી વળત, અદુભાઈનું ખુન નહી થાત અને ભીખુભાઇ કેદ નહી જાત—

એ સાધારણ વિચાર હતો, અમે નહી કે-હતા કે એજ વિચાર ખરો હતો, કેમકે જો બાપ તેમને આ વખતે માફ કરત તો વળી બીજી વખત તેઓ ચાલ સુધારત એવું કાંઈ નહી હતું. પણ મનચેરજી શેઠે દીકરાઓનો વાંધો રૂ૫૦૦૦ આપીને માંડી નહી વાલ્યો તે એટલાજ માટે કે તેવણુમાં દીકરાઓનું એ દેવું ભરવાની શક્તિ નહી હતી. જે પોતાનું કરજ અદા નહી કરી શકે તે બીજાઓનું કરજ ક્યાંથી ભરે ?

પણ તે રૂપીઆ આપવાને શેઠબાવાએ ના પાડી તેથી તેવણના નાહના શેઠાએ તેવણને આ ગોયા વધારે મોટી શિક્ષા કરી; અને અદુભાઇનો ઓટલો ઊંચકી નાખ્યા પછી જ્યારે મનચેરજી શેઠ રાતનાં એકાંતપણાંમાં પોતાની મુસીબતો ઉપર ઘણાક રડી તથા ગમ કરીને વિચાર કરવા બેઠા ત્યારે તેવણનો મોટો ગમતો એ હતો કે આ નવો બોજો તેવણે કેમ ઉપાડવો ?

મેહરબાઇતો જીવતાંબી મારે અને મુવેબી મારે તેવી બાયડી હતી. તે જેમ લગ્ન વિવાહમાં ખર્ચ કરવે બાહદુર હતી તેમજ મરણ પરણના ખરચમાંબી હોશ્યાર હતી; અને જેમ મેહરબાઇએ પોતાના ધણીને દીકરા દીકરીને પરણાવા અદરાવામાં વરને ગરીબ કરી નાખ્યો તેમ મોતના ખરચોમાં રખે ખુહાર કરી નાખે એ મનચેરજી શેઠની મોટી ફિકર થઈ પડી.

મેહરબાઇને માઠુંતો ઘણુંજ થયું એમાં કાંઈ શક નથી. તેને આ બે દીકરાઓનો જખમતો મોટો લાગ્યો. તે દીકરાઓને ચાહવામાં ઘણીજ તતપર હતી, તે છતાં દીકરાઓનું તેને સુખ નહી હતું એમ ઠર્યું. વાંચનાર કેહશે કે તેણે પોતાના દીકરાઓને લાડ લડાવીને બિગાડયા તેથી તેને આ ખમવું પડ્યું. એ કેહવાનું સેહલ છે, પણ દીકરા દીકરી પાળવાનું કેવું મુશકેલ કામ છે તે જેઓ પાળે તેઓજ જાણે.

સઘળી માઓ કાંઈ ગુલી ગરીબના સરખી કેળવાયલી નથી કે બચ્ચાં પાળવાની રીત બરાબર જાણે અને તેથી કરીને જેમ જેમ બચ્ચાં મોટાં થાય તેમ તેમ મા પોતે સુખી થાય. મેહરબાઇ પોતાના દીકરાઓને જાણીબુજીને બિગાડવા બેઠી નથી. દીકરાઓને લાડ તે તેને મનથી પ્યાર હતો, દીકરાઓ બિગડે એવી ચાલચલણ તે તેને મનથી કેળવણી હતી. એટલે આ કમનસીબ માતો દીકરાઓનું સારૂં ચાહતી હતી અને તેનાં સારાં ચાહવામાંથી માઠું થયું હતું.

માટે મેહરબાઈને જે જખમ થયો તે પણ મનચેરજી શેઠને મોટું દુઃખ થઈ પડ્યું, અને એવા વખતમાં "હાથ રાખીને ખર્ચ કરવા" તેવણ પોતાની ધણિયાણીને કહી શું શકે ? મેહરબાઈ બિચારી આખા દાહડાની ભુખી હતી. રાત ગુજરવા છતાં તે માથે માથાં કુટતી રહી નહી હતી અને કેટલી વખત બેશુધ થઈ હતી. માટે તેની સારવાર કરવાની મનચેરજી શેઠ ઉપર ફરજ ઓછી આવી પડી નહી હતી. સાંજથી રાત સુધી તેવણ મેહરબાઈની પાસે દિલાશો દેતા બેઠા હતા—તેવણે આગળ મેહરબાઈને ઘણીવાર ચેતવણી આપી હતી (જો કે તે ચેતવણી મુજબ પોતે ચાલતા હતા કે નહી તે એક સવાલ હતો) કે "જો મેહરી તું તારા લાડથી છોકરાઓને બિગાડે છે, તેઓ કોઈ દાહડે તુને ભારી પડશે," પણ તે ચેતવણીની યાદ આપવાનો આ વખત નહી હતો. મનચેરજી શેઠે તેને પટાવી, થંડી પાડીને રાત્રે છેક ૯ વાગતે તેવણની ઘણી માથાંકુટે મેહરબાઈએ માત્ર એક ઇંદું ને રોટલી ખાવાનું કબૂલ કીધું.

આવી હાલતમાં પોતાની બાયડી સાથ ખર્ચની વાત કીધાથી તેનું દિલ વધારે દુઃખવવા સરખું મનચેરજીને લાગ્યું. ગમીના મોટા ખર્ચ અને મેનીજોથી વેહમી બૈરાંઓ ગમી ઘણી વીસારે છે. તોપણ ૧૦ વાગી જવા પછી તેવણે પોતાની બાયડીને પોતાના ઓરડામાં એકાંત બોલાવીને આં-

ખ્યોમાં પાણી લાવી માગી લીધું કે "જો મેહરી ખર્ચ હાથ રાખીને કરજે. આગળની પેઠે હવે આપણે પૈસાવાળાં નથી. હવે જેટલો ખર્ચ વધારશું તેટલું કરજ માત્ર વધ્યા કરશે અને તે અદા કરવાનો રસ્તો કાંઈ જણાતો નથી. વળી બેહસ્તીનોજ ખર્ચ માત્ર કરવાનો નથી, આ ભીખુને છોડવવાનો ખર્ચ ઘણો જબરો આવી પડયોછ. તે હું કયાંથી લાવીશ તેની ફિકરમાં છું. તે ખર્ચમાં છુટે હાથે રૂપીઆ વેરવા પડશે, વાસતે બેહસ્તીનો ખર્ચ તુને હાથ રાખીને કરવો પડશે, મેહરી. નહી તો કે એક દીકરો માર્યો ગયોછ, બીજો દીકરો માર્યો જાયછ, ને ત્રીજો, મને, તું મોટા ખર્ચથી મારી નાખશે."

રવાનનો ખર્ચ "હાત રાખીને કરવા" ની વાત મેહરબાઈના જખમી દિલને વધારે જખમી કરનારી તો હતી, પણ એ વાત કરવા વિના મનચેરજી શેઠનો બીજો ઉપાય નહી હતો અને તે કબુલ રાખ્યા વિના મેહરબાઈને બીજો માર્ગ નહી હતો. "મનચેરજી, મને કાંઈ વાય ઘેલું બેલું લાગુંછ? આપણો વખત કેવો છે, તે હું શું જાણતી નથી? હું બધું સમજુંછ ને હું તમારી શિખામણ પ્રમાણેજ ચાલીશ મરૂં. તમે મદદનો જીવ બિગાડો ના. હું આપણા વખત પ્રમાણે ખર્ચ હાત કરીનેજ કરીશ. પણ મારા બીજા દીકરાને તો બચાવજોજો! તેને તો દુશમનના બાલને અલવલ આવવા દેતા ના જો! તેના ખર્ચનીતો વાણ કરતા ના હો? મારા બીજા દીકરા પરતો હું જીવ આપીને મરશ જો!—"

મેહરબાઈ બીજું ઘણું બોલવા જતી હતી, પણ મનચેરજીએ તેને અટકાવી, પાછી થંડી પાડી. તેવણે સમજાવ્યું કે ભીખુભાઈના બચાવનો ખર્ચ કરવાનોછે વાસ્તેજ અદુભાઈના રવાનનો ખર્ચ "હાથ રાખીને કરવાની" વધારે જરૂર છે. તેવણે કબૂલાત આપી કે ભીખુભાઈને વાંક અને સજામાંથી છોડવવા માટે જેટલો જોઈશે તેટલો ખર્ચ હું કરીશ અને કરજમાં સઘલું વેચાઈ સટાઈ જાય, તોબી એ દીકરાને હું છોડવીશ, પણ તે એકજ શરતે કે મેહરબાઈએ રવાનના ખર્ચમાં "હાત રાખીને" જરાબી નાણાનો ઉગાળો કરવો.

"હાત રાખીને ખર્ચ કરવા" ની મેહરબાઈએ કબૂલાત તો આપી, પણ "નામ પ્રમાણે ખર્ચ કરવા" ની વાત આવી તે? નામ પ્રમાણે થોડોબી ખર્ચ કરવો જોઈએ કેની? નહીતો કે લોકો "નામ ધરે" તેનું કેમ? બેહસતી કાકા રૂસતમજી દુબાસ ગુજર્યા ત્યારે કેવો દુલો ખર્ચ કીધો? મેહરબાઈના માય માહીમ કાસ્ટલમાંજ ગુજર્યાં ત્યારે કેવો ખર્ચ કીધો? તો હવે તેથી અડધો ખર્ચબી કરવો જોઈએ કે નહી? આગળતો પાયદસ્તે ગામના મોબેદ બોલાવ્યા હતા ને ગામનું વેહચાણ કીધું હતું તો આ વખતે શું ૧૦૦ જોડીબી નહી બોલાવે? ગુલી ગરીબનો પાહાડ જેવો વર મરી ગયો ત્યારે તેણે કશો ખર્ચ કીધા વિના બિચારાં રવાનને ઠેકાંની કાની નાખી દઈ ઢાંકણું વાલી દીધું તેથી મેહરબાઈ તેને આજવેર ગાળો દેતાં હતાં, તો આજે મેહરબાઈ પોતેજ કેમ ઢાંકણું વાળે વારૂ?

માટે મેહરબાઈએ "હાત રાખી" ને ખર્ચ કરવાની કબૂલાત તો આપી, પણ "નામ પ્રમાણે" ખર્ચ કીધા વિના તેવણથી રેહવાયું નહી. તેવણને મોબેદોએ ઘણો ખર્ચ દેખાડયો અને આસપાસનાં બૈરાંઓએ તે મોબેદોને ઘણો ટેકો આપ્યો. મનચેરજી શેઠ પોતે ભીખુભાઈના "કેસ" માં એટલા રોકાઈ ગયા કે મેહરબાઈના આ નવા વિચારોને અટકાવવાને તેવણ પોતાની બાયડીની આગળ રહી શકયા નહી. તેવણે બાયડીને એક વખત શિખામણ આપી તેબી સરખું ને ઘડીએ ઘડી કેહ તેબી સરખું. જેને શિખામણ પ્રમાણે ચાલવાની મરજી હોય તે એકજ વખત કે-

હવામાં સમજી જાય—જેની ચાલજ નહી સુધરે તેસો વખ્ત કેહવાથીબી નહી સુધરે.

પણ મનચેરજીને પોતાની બાયડીના કાળા ખર્ચો ઉપર ચોકાસી રાખવાનો વખતજ નહી મળ્યો. ભીખુભાઇનો કેસ ચલાવવાની જંજાલ તેવણને સઘળું કામકાજ, સઘળો ધંધો ધાપો, સઘળું ઘેરબાર પણ છોડીને મંડી રેહવા માટે પુરતું કામ હતું. વકીલ કરવા, બારિસ્ટર કરવા, તેમની મસલતો કરવી, કેસ ઘડવા, સાક્ષી એકઠા કરવા, બચાવની દલીલો શોધી કાહાડવી, તેમતની સામે તકરારો આણવી એ સઘળી જેવી તેવી મેહનત નહી હતી. ભીખુનો કેશ ચલાવવા મનચેરજી શેઠે બે સરસમાં સરસ બારિસટરો સરસમાં સરસ ઈંગ્રેજ વકીલોને ત્યાં કેસ આપીને રોક્યા. તેમની ફી રોજના ૨૦૦ રૂપીયા હતી. તેજ પ્રમાણે બીજો ખર્ચ.

માટે ઘેરમાં મેહરબાઈ વારેઘડીએ "હાત રાખીને" રવાનનો ખર્ચ કરવાનું બોલી હતી, અને તેણે ઘણો હાત રાખીનેજ ખર્ચ કીધો—આગળ કરતાં તો ખચીત ઓછો ખર્ચ કીધો—તોપણ તે ખર્ચનો આંકડો ઉઠમણા, ચેહારમ, અને દસમાં સુધી મળીને માત્ર ૩૦૦૦ રૂપીયાનો થયો. ઉઠમણાને દાહડે માત્ર ૨૦૦ મોબેદોને સદરા વેંહચ્યા—ગામના મોબેદોને નહી; ચેહારમને દાહડે માત્ર ૫૦ નાહનિયા જમાડયા—ઘણા નહી; દસમાની મીઠાઇના માત્ર ૩૦ ભાગલાની ટોપલીઓ વેંહચી—વધારે નહી; અને એ રીતે દસ દાહડામાં ૩૦૦૦ રૂપીયા સેન્જેજ, હાત રાખી રાખીને ખરચ્યા.

મનચેરજી શેઠથી કાંઈ બોલાયુ નહી. આટલાબધા ખર્ચ છતાં મેહરબાઇના દુખી દિલને દીલાશો કાંઈ મળ્યો નહી. તેવણે રડવા કુટવાનું બંધ કીધું નહી, તેમાં વધારે બોલીને તેને બાળવી કેવી? બેહતર કે પોતેજ બળી મરવું, અને ગળે ગાંઠ ને મોહડે ડુચો દઈ આ દસમાં સુધીના ખર્ચના આંકડા ઉપર તેવણ મનસાથેજ બળવા લાગ્યા કે

"અભણ બાયડી અને લુછા દીકરાઓએ મારૂં નખોદ વાલ્યુંછ અને હજી વધારે નખોદ વાલશે. એ દુઃખમાંથી છુટવાનો રસતોજ નથી. મારો નાશ નસીબમાં લખી આપેલોછે, અને તે થવાનો."

પ્રકરણ ૧૪૫ મું.

રૂસ્તમ શેઠનો સગો નિકળ્યો !

રતનીએ બરજોને કહ્યું હતું તેમ આઠેક દાહડામાં ફકીરો ને રૂસ્તમ પાછા મુંબઈ આવી પોંહચ્યા. પાંચ અઠવાડિયાંમાં તેઓએ ઇરાનની આ સફર પુરી કીધી. તેઓને બગદાદ, બસરા તરફ જવાને બન્યુ નહી, જરૂર પણ રહી નહી. બસરાની નાળ બાતે અબુશેહરમાંજ હોરમજશાહ શેઠના માલને માટે આડત સ્થાપી અને ઉનની ખરીદીને માટે બીજાં શેહરોમાં ત્યાંથીજ આડતિયા મોકલવાની ગોઠવણ કીધી, એટલે હોરમજશાહ શેઠ જેવણ સઘળો સંદેસો તારની મારફતેજ ચલાવતા હતા, તેવણના તાર કીધાથી આ બે મુસાફર માનેજરો વખ્તસર પાછા આવ્યા.

ફકીરો પાછો ફરવાને અધીરો પણ થઈ રહ્યો હતો. તેની વ્હાલી જીવીને થયલા અકસ્માતનો શેઠે તારમાં એશારો કરવાથી ફકીરો જીવીને માટે ઘણો ફિકરમંદ થઈ રહ્યો હતો. તે વેહલો પાછો ફરવા માંગતો હતો અને તે પાછો ફરવાથી ખુશી થયો હતો. તે આવ્યો તેટલાં જીવી તદન સાજી થઈ અને ઘેરમાં ફરતી હરતી થઈ હતી. ગુલી રૂસ્તમને લેવા સારૂં પોતાના દીકરાઓ સાથ ગાડી કરીને મજગામના બંદર ઉપર

જઇ હતી, ત્યાં રત્ની પણ માની મોહોસને લીધે ગઈ હતી, અને સર્વ ઘણા હર્ષ ભર્યાં પ્યાર સાથ પોત પોતાનાંઓને ભેટયાં હતાં. જીવીની સુખાકારી સાંભળી તેઓ ખુશી થયા હતા, અને રૂસ્તમે ફકીરા સાથ ઇરાનમાં કેવી સારી ચાલ ચલાવી તેની ખબરથી ગુલી પણ ઘણી ખુશી થઈ પોતાના ચેરાગને મળી.

પણ ફકીરાએ જોયું કે રત્ની તદન સારી પેઠે નહી હતી. તે બોલી કે તે સારી પઠે છે, તેને કાંઇ નથી, પણ ફકીરો જોતો હતો કે તે પોતાની વ્હાલી દીકરીને જેવો સુખી ને આસુદી છોડી ગયો હતો તેવી તે નહી હતી. ગુલીએ પણ કબુલ કીધું કે રત્ની આજ આઠેક દાહડા થયા સુકાયલી ને નખાયલી લાગેછે. ઘેર ગયા પછી જીવીએ તો રત્નીની અસુખાકારી વિષે પોતાના ધણી આગળ ફિકર બતાવી. રત્નીએ ખાવાનું ઓછું કીધું હતું, પણ તેના શરીરને બિગાડ કાંઇ નહી હતો, અને બચ્ચાં જ્યારે લંબાઈમાં ઉગેછે ત્યારે જરા નખાઇ જાયછે એવા ખ્યાલથી રત્નીના મા બાપે જાજી કનવાર કીધી નહી. ખરી વાત એ હતી કે અદુભાઇના ખુન અને ભીખુભાઇના કેદખાનાની વાત રત્ની પેહલ વેહલી સાંભળીને મુર્છાગત થઇ હતી તે વખતથીજ તે તવાતી ચાલી હતી, જો કે તેના ઉપરની એ છુપી અસર કોઇને જણાઇ નહી હતી.

આ પાછલા ગભરાટની વાત ફકીરા તથા રૂસ્તમે મુંબઈમાં પગ મેળતાંવાર સાંભળી અને પેહલાં તેમને ઘણો ગભરાટ તથા પાછલથી અચંબો થયો. પેહલી ઘડીએ તો રૂસ્તમને એ વાત માન્યામાંખી નહી આવી, પણ વળી ભીખુ પોતાના ભાઇનો પ્રાણઘાતક હોય એ વાત તો ઘણું સુધી રૂસ્તમે માની નહી. કારખાને જવા પછી હોરમજશાહ શેઠ સાથ પેહલીજ મસલતમાં એ વાત નિકળી. ગમે તેવો પણ વીકાભાઈ આ કારખાનાનોજ એક માણસ હતો—એક વખત તો તેને શેઠનો ભાણિયો અને સેવટે કારખાનાનો ધણી કરવાની તેના બાપની ઉમેદ હતી—તેની માની ઉમેદતો એથીબી વધારે હતી, તેણે હોરમજશાહ શેઠની દીકરી આઈમાયને વીકાભાઇ સાથ પરણાવીને સગાઈ કરવાની નેમ રાખી હતી—તેનોજ વડો ભાઈ જ્યારે બંદીખાનું સેવે છે ત્યારે રૂસ્તમ શેઠને મળતાં વાર પેહલીજ મુલાકાતમાં તેની વાત નિકલે એ કુદરતી હતું.

"સાહેબ, તમે ધારોછ કે ભીખુભાઈ આ કામ કરે?" રૂસ્તમે પોતાનો શક બતાવ્યો.

હોરમજશાહ શેઠે એકદમ જવાબ દીધો નહી. તેવણ કાંઈ બીજાજ વિચારમાં હતા. પાંચ અઠવાડિયાંના હવાના ફેરફારે રૂસ્તમમાં કેટલોબધો ફેરફાર કીધો તે તેવણ હર્ષ અને અચરતી સાથ નિરખીને જોવામાં મશગુલ હતા. રૂસ્તમ જેમ ઉમરે વધતો તેમ જુવાનીમાં ખીલતો જતો હતો. તે એટલો ખુબસુરત હતો કે તેની વધારે ખુબસુરતી ખીલે એમ આગળ એક વખત શેઠને લાગ્યું નહી હતું, પણ ઈરાન જઇ આવ્યા પછી તેની ખુબસુરતી પણ સુધરી હતી, અને વળી એક અમીરજાદા સરખી અસરાફી અને ઉંચી તોખમતો તેના ચેહરામાં જેવી હતી તેવીજ હતી.

"તેં શું પુછયું, રૂસ્તમ?" શેઠ તેના સવાલ ઉપરથી અચબુચ સાવધ થયા. "તું ભીખુના અપરાધ વિષે પુછેછ? કાંઈ કેહવાઈ શકાતું નથી. એની સામે શકતો ઘણોજ મજબુત છે, પણ એ છોકરો આવું મહાપાપ કરે એ માનવા જોગ નથી. તોબી ફકત શક ઉપરથી કેદ જવું એજ થોડી નામોશી નથી."

"ખરેખર સાહેબ" રૂસ્તમ હા કહી ચૂપ રહ્યો.

"અમારાં આખાં ખાનદાનને એબ લાગી." શેઠે બળાપો કીધો. "તું જાણેછ

રૂસ્તમ કે અમે ને મનચેરજી સગાં છીયે. મનચેરજી મારી બાયડીના પીતરાઈ થાય છે, અને તેથી એ દુકતાઓની લુછાઈ લઈ-ગાઈ અમારા નામને એબ લગાડેછ."

"ને એ લોકો અમારાંબી સગાં છે સાહેબ" રૂસ્તમે આ દુઃખમાં ભાગ લીધો. "મારા બાવા અને મેહરબાઈ માસી માસીના થાય, સાહેબ."

ગુલી અને મેહરબાઇ વચે કાંઈ સગપણ છે એટલું હોરમજશાહ શેઠ જાણતા હતા, પણ આટલી નજદીકની સગાઈની તેવણને ખબર નહી હતી.

"ખરેખર? તું શું બોલ્યો?" તેવણે અચરતીથી પુછ્યું "તારા બાપ ને એ માસી માસીના?"

"હાજી. મજગામવાળા બેહસ્તી રૂસ્તમજી દુબાસ વિષે સાહેબે સાંભળ્યું હશે?"

"હા. મેહરીનો મામો, જેના પેસાનો એને વારસો મળ્યો તે?"

"તેજ. તેવણના બે બેહન હતાં જેમાંનાં એક મારાં બપાઈ હતાં. મેહરબાઈ એક બેહનનાં ફરજંદ થાય ને મારા બાવા બીજી બેહનના ફરજંદ થાય. રૂસ્તમજી દુબાસ મેહરબાઈનાં મામા થાય ને મારા બાપના પણ મામા થાય."

"પણ ત્યારેતો તું અમારોબી અતલગનો સગો થાય રૂસ્તમ," હોરમજશાહ શેઠ એકદમ હરખાઇને રૂસ્તમને શેકહેંડ કરી પડયા. "એક સગા દાખલ હું તારીથી મગરૂર છું."

રૂસ્તમ હરચો. શેઠ તેનાપર ખુશી રેહ અને તેને ચાહે એજ તેની મોટામાં મોટી મુરાદ હતી.

"આ તારી સગાઈ વિષે તું આજવેર કોઇ દાહડે બોલ્યો કેમ નહી, રૂસ્તમ?" તેની ચુપકીદી ઉપરથી શેઠે પુછ્યું. "જાણી જોઇને મારાથી છુપાવ્યું કે શું?"

"મેં પોતેબી સાહેબ વષે દોહડ વષે થયું એ બીના જાણી." રૂસ્તમે ખોલાસો કીધો. "મારા ભાઇઓ સોહરાબ અને બરજોરતો એ સગપણથી હજી અજાણ્યા છે. મોટા માણસ ગરીબના સગા થવા ચાહતા નથી અને ગરીબ મોટાંનું સગપણ બતાવે તે તેમને ગમતું નથી. પણ વળી આપણે મોટાંનાં સગાં છીયે એમ બતાવ્યામાં ફાયદો શો? મારાં માય અને બાપ બેહુની શિખામણ હતી કે આપણે પારકાંપર નહી પણ પોતાની બાજુપર આધાર રાખવો છે."

"પણ તોબી આ શેઠબાવા સાથનું તારૂં સગપણ જાણવાનો મને હક હતો."

"ખરૂં કારણ એ છે, મુરબી, કે જ્યારે અમે અમદાવાદથી આંહી આવી રહ્યાં, ત્યારે મનચેરજી શેઠવાળાંઓને તે ગમ્યું નહી અને એ સગાઈનું અણગમતાપણું મેહરબાઇએ મારાં માયને એવા અચુક આકારમાં બતાવ્યું કે એ સગાઇનું ફરીથી નામ નહી લેવું એમ મારાં માયે ઠરાવ કીધો અને તે મુજબ ફરીથી તે વાત છેડયા વગર એ સગાંને અમે વિસારી દીધાં."

પ્રકરણ ૧૪૯ મું

ગરીબો માતબર નહી થાય તે પરવડે પણ માતબરો ગરીબ થાય તે નહી પરવડે.

હોરમજશાહ શેઠ આજે પોતાના જુવાન આસિસ્ટંટ મેનેજર રૂસ્તમને ઘણે દહાડે મળ્યા માટે તેની સાથ વાત કરવાની કાંઇ અજબ લેહરમાં ઉતરેલા હતા.

"ત્યારે હવે મને લાગેછ, રૂસ્તમ" હોરમજશાહ શેઠ આગલાં વર્ષોની વાત યાદ કરીને બોલ્યા "કે મરનાર અદુભાઈ તારી માના સામાણ ઉપર ભાડાંની ટાંચ લાવ્યો હતો તેમાં ખામખા તમો લોકને આ લતા ઉપરથી કાહાડવાની મતલબથી હતી."

"મારાં માયજી હંમેશ એમજ ધારેછ."

"હું સમજ્યો. ખચીત તમો લોકોને કોઇ કમનસીબ કેહત, પણ આજે તેમ નહી કેહશે." શેઠની આ પાછલી ટીકા રૂસ્તમ સમજી શક્યો નહી.

"જ્યારે તમો લોક અંહી પેહલાં રેહવા આવ્યાં" શેઠે સમજણ પાડી "ત્યારે તમે ઘણાં કમનસીબ હતાં, કાંકે તમારો માતબર મામો દોલત મુકીને મરી જવા છતાં તમે ઘણાં દલદર અને કંગાલ રહી ગયાં. કોઈ કેહશે કે શાકતો મામો મરી ગયો તો તે પોતાની દોલત અડધી આ મેહરબાઇને અને અડધી તારા બાપને આપી જવો જોઇયે; અને તે છતાં તમારી આ સગી દોલતની પથારી માડી બેઠી હતી ત્યારે તમો લોકો ગરીબાઈથી રઝલતાં હતાં. એ કોઈ કમનસીબ નહી કેહતો બીજું શું?"

"મામા કાકાના આઈતા દલ્લા ક્યાં સુધી નીભેછ, સાહેબ?" રૂસ્તમે લાયકી સાથ પોતાની ગરીબ માની સબુરી જાહેર કીધી. "સેવટેતો અમોને મામાના આઈતા દલ્લા વગર ચાલશે એમ ઠર્યું. જો કે અમોને મુસીબત ઘણી વેઠવી પડી, પણ અમે કોઇના મોહતાજમંદતો નહી રહ્યાં?"

"નહી. હુંબી તેજ કહુંછ તો:" શેઠ હવે પોતાની પેહલી વાતના ખોલાસા ઉપર આવ્યા. "તે વખત ઉપર તમે દલદર ગણાતાં હતાં, પણ આજે તમોને દલદર કોણ કેહશે? અને તમારાં કમનસીબને આજે કોણ હીણશે?"

અહીં હોરમજશાહ શેઠ ગુલી ગરીબની ગરીબાઇને મનચેરજી શેઠની માતબરી સાથ સરખાવવા પડયા.

"રૂસ્તમ, એક વખતની આ મનચેરજી શેઠબાવાની હાલત યાદ કર અને તેજ વખતની તારી માની હાલત પણ યાદ કર. તેઓ પાસે પૈસાટકા, માલ મીલકત, સારો ધંધો, ઘરાકી અને આબરૂ તથા પદવી હતી—તમે તે વખતે ગરીબ ને અજાણ્યાં હતાં અને મજુરી તથા વહીત્રું તમોને ગોયા લખી આપેલું હતું. આજે કેવો ફેર પડી ગયો તે જો. મનચેરજીની હાલત બિગડીછ ને તમો લોકની હાલત કેવી સુધરીછ!"

"શું સાહેબ? એ શેઠબાવા માઠી હાલતમાં છે?" રૂસ્તમે એ પેહલ વેહલુંજ સાંભળ્યું.

"હા ઘણીજ માઠી. હું એની ખાનગી હાલત બધી જાણુંછ, પણ તુંને ખાનગીજ કહુંછ, બીજાંઓ આગળ બોલતો ના, કે એ મનચેરજી મોટાભાઇ તદન તલિયાં ઝાટક થઇ ગયેછ. મૂર્ખાઇ, ઉડાઉપણું, અધર્મ, ફિશ્યારી અને લખલુટ ખર્ચોનો તે ભોગ થઇ પડયોછ. તેના બાયડી ફિશ્યારી ખોર છે, તેની દીકરીઓ ટચાક છે, તેના દીકરાઓ ઉડાઉ છે, તેઓથી શેઠબાવાના સઘળા પસા જતા રહ્યાછ અને તેની કરજદારી ઘણી વધી પડીછ. થોડા વખતમાં સઘળો ભરમ ભાગી જશે, પરપોટો ફુટી જશે અને કરરરભૂસ કરીને સઘળું ટુટી પડશે."

"અફસોસ! અફસોસ!" રૂસ્તમે ખરાં દિલથી દિલગીરી બતાવી.

"અને તે વખતે, રૂસ્તમ, તું એની આબરૂ, એની પદવી, એની જગ્યા લેશે. તું એટલે કે તું એકલોજ નહી પણ તારી મા અને તારા ભાઈઓ સર્વેનો દરજજો વધશે અને એ કમનસીબો તમારા સરખી ગરીબાઇ અને કંગાલિયતમાં આવી પડશે. હું વડાઈ કરતો નથી, હું કાંઇ ખુશી થઇને બોલતો નથી, પણ જે ખરેખરૂં છે, જે હું ઘણું થયું જોતો આવ્યોછ, જે સેવટે બનવુંજ જોઇયે તેજ કહુંછ. હું જોવુંછ કે તારી ઉપર અને તારી ગરીબ માના ઘેર ઉપર ખોદાની મેહરબાની છે માટે તમો વધી જશો, અને આ મનચેરજી મોટાભાઇએ ખોદાની મેહરબાની ખોહી દીધીછ તે ટુટી પડશે."

"અમોને ખોદાતાલાએ જેવી મુસીબતોમાંથી બચાવ્યાંછ તે જાણ્યા જોયા છતાં જો હું ખોદાની બક્ષેશ ઉપર શક બતાવું તો ખરે કુફર હોવું, સાહેબ."

"જ્યારે પાસે પૈસા હતા ત્યારે ભલાં માણસે સાચવ્યા નહી," હોરમજશાહ શેઠ પોતાના એક વખતના માતબર સગાની દયા ખાવા લાગ્યા. "પૈસાની ફિશ્યારી પોતાની સજા પોતાની સાથે લેતી આવેછ. જેઓ ગરીબને હીણેછ તેઓનોજ ગરીબોથી હીણાવાનો વારો આવેછ. પણ ખાતરી રાખજે, રૂસ્તમ, કે તારાં મા સરખાં ગરીબો જેમ ગરીબીમાં ઇજત જાલવેછ તેમ મોટાઇમાંબી ઇજત જાલવી શકેછ."

"મારાં માબિચારાં શું માતબર થવાનાછે?"

"એમજ માતબર થવાયછ, છોકરા," હોરમજશાહ શેઠ ઘણી ઉલટથી બોલ્યા "માતબરો ખોદાને ઘેરથીજ માતબર થઇ આવતા નથી. ગરીબીમાંથીજ માતબર થવાયછ, પણ તવંગરી સાથે તકોબરી જોડાયલી હોયછ ત્યારે તે તવંગરી ટકી શકતી નથી અને યાહોમ તુટી પડેછ. તેનો દાખલો જોવો હોય તો આ મનચેરજી વકીલનો દાખલો ઘણો અસરકારકછે. અસરાફ અને અસીલ ગરીબો, જેમકે તારાં માય, ગરીબીમાં ઇજત જાલવતાં શિખેલાં હોયછ તેઓ તવંગરીનો ટેકબી જાલવી શકેછ."

"જેમકે તમો સાહેબ" રૂસ્તમ વચે બોલી ઉઠયો અને શેઠે તેની માનાં વખાણ કીધાં તેનો ગોયા બદલો વાલી આપ્યો.

હું મારી વાત નથી કરતો, પણ હું કહુંછ કે તારી મા સરખાં ગરીબો તવંગરીનેબી શોભાવી શકેછ, કાંકે તેઓ તકોબરીવાળાં નથી પણ અસલથી માને નરમ ખવાસનાં હોયછે."

"અરે સાહેબ," રૂસ્તમ એક નાની હાય મારી બોલ્યો "પૈસાઆવીને જતા રેહ તેના કરતાં પૈસા થાયજ નહી તો કેવું સારૂ! પૈસાનું સુખ ભોગવ્યા પછી તે સુખનું જતું રેહવું એ મોટી શિક્ષા થઇ પડેછ. તેનાં કરતાં ગરીબાઈ ટકી રેહ તેજ બેહતર કે ગરીબના ગરીબ રહ્યાથી દુઃખ લાગે નહી અને સુખના ઉમેદવાર ખ્યાલો ઉભા થયા પછી તે પાછા નારા પામવાનો જખમ લાગે નહી."

"મારૂબી એજ મત છે રૂસ્તમ" શેઠ એકમત થયા. "ગરીબો ગરીબજ રેહ તે, માતબરો ગરીબ થઈ જાય તેના કરતાં ભલુંછે. ગરીબો તવંગર નહી થાય તે ઘડીભર પરવડે, પણ માતબરો ગરીબ થઈ જાય એ નહી પરવડે."

પ્રકરણ ૧૪૭ મું.

શેઠનો ખ્યાલ બીજી તરફ.

હજી હોરમજશાહ શેઠે રૂસ્તમને પોતાની આગળથી જવા દીધો નહી. બાહનું એ કાહાડયું કે રૂસ્તમ ઇરાનથી આવ્યો અને ઘણે દહાડે મળ્યો તેથી શેઠ તેની સાથે આ ટાહેલાં ચલાવેછે, પણ બાતેનમાં તેવણનો ભેદ કાંઈ બીજોજ હતો.

આજે તેવણ રૂસ્તમની અને તેની માની તારીફજ કરવા પડયા નહી પણ રૂસ્તમના ખીલતાં ભવિષ્યનો વરતારો કરવા પડયા. "રૂસ્તમ તું આગળ ચાલતાં વધી જશે, પણ વધી ગયા પછી અમોને વિસરી જશે કે?"

રૂસ્તમ પોતાના શેઠનું હેશાન માની બોલ્યો "હું પોતા વિષે તો કહી શકતો

નથી સાહેબ, પણ એટલીતો મારી આ-તરી છે કે મારા ભાઈઓ સોહરાબ અને બરજો વધી જશે અને ઊંચી આબરૂ તથા મોતેબર દરજ્જાને મેળવશે."

"અને તું પોતે કાં નહી?" શેઠે હ-સીને પુછ્યું "તું પોતા વિષે શું કાંઈ મોટી ઉમેદ્દા નથી રાખતો?"

"ઉમેદ્દા તો ઘણીબી છે, સાહેબ, પણ સર્વ સ્વપ્નાજ. હું એવા ધંધામાં પડેલો છું કે જ્યાં મારા લોભને માટે મેદાન કાંઈ નથી."

"એમ કાં? તારા હાલના ધંધામાં પણ આસ્તે આસ્તે વધવાનુંછે." શેઠે રૂસ્તમની ભૂલ ભાંગી. "તું કોઈ દાહડે નામીચો કા-રખાનાવાળો થાય તે શું મોટી વાત નથી?"

"મોટી વાતતો ખરી સાહેબ," રૂસ્તમ નિરાસ થઈને બોલ્યો "પણ તેમ થાય ત્યારેજ. હું મોટો કારખાનાવાળો જેમકે—"

"મારા જેવો?"

"હા, સાહેબના જેવો હું થાવું તે કીયાં ભાયગ? દોલતની સાથે આબરૂ, દરજ્જો અને લોકોનું ઊંચું મત મેળવવામાં અગ-રજો હું તમો મુરબીના સરખો થાવુંતો——"

"પણ તેટલાંથી તું ક્યાં ધરાવાનોછે, રૂ-સ્તમ?" શેઠ વળી વચે બોલી પડયા. "તું મારી જગ્યાપર આવશે ત્યારે વળી વધારે લોભ કરવા જશે. તું કાઉનસીલનો મેમ-બર થવા જશે અથવા વિલાત જવા નિ-કળશે અને પાર્લામેંટનો મેમબર થવા મા-ગશે. માણુસની ખુદરતી ખાસીયતજ એવી છે. જે છે તેપર સબુરી ન પકડતાં આપણ સદા વધારે મેળવવાની આશા રાખીયેછ."

"પણ સાહેબ મારે વિષે એ સઘળી વાત ફોકટ છે." રૂસ્તમે એ વાત બંધ પા-ડવા ચાહ્યું. "હું સાહેબની જગ્યા લેતોતો રહ્યો પણ ઉતરતા વર્ગનો નાનો કારખાના-વાળોબી થાવું એ સ્વપ્ના સરખું છે."

"અગર તું કોઇ દાહડે મારા કારખા-નાનો ધણી નહી થાય, રૂસ્તમ, તો મારો ભાગિયો થઇ શકે." શેઠે કાંઇ અજાયબ ભાર મુકીને રૂસ્તમને પોતાનો ભાગિયો ક-રવાની વાત કીધી; અને રૂસ્તમના મોહપર હર્ષનું કીરમજી લોહી ચઢી આવ્યું તે જો-ઇને શેઠે પુછ્યું "રૂસ્તમ, તેં કોઇ દાહડે એવી આશા રાખીછ કે મારો ભાગિયો થવું?"

"કદી નહી સાહેબ. તમારો ભાગિયો થવાનાં માનની તો વીકાભાઇને વકીછે, સાહેબ."

"તું ધારેછ, રૂસ્તમ, કે એ છોકરો વીકો મારો ભાગિયો થવાને લાયક છે?"

રૂસ્તમે જવાબ દીધો નહી. તેણે એ વિષે ચુપ રેહવામાં વધારે લાયકી હતી અને હોરમજશાહ શેઠ હમેશ જોતા કે લા-યકી બતાવવાના કોઇ પણ વખતમાં રૂ-સ્તમ કદી ગેર લાયકી બતાવતો નહી હતો.

"વીકાભાઇને હું મારો ભાગિયો કરૂં એ-વુંતો તું કદી ધારતોજ ના રૂસ્તમ" તેને ચુપ જોઇને શેઠે વાત આગળ ચલાવી. "અલબતાં મેં હજી મારો કોઈ ભાગિયો ધારી રાખ્યો નથી ને હું તે વિષે કાંઈ કહી શકતો નથી, પણ તું તારાં ભવિષ વિષે છેક ના હિંમત થાયછ તેનું કાંઈ કારણ નથી. તુંને હું મારા કારખાનામાં જ્યાંનો ત્યાં નાખી મેળવાનો નથી. હું તુંને આ-ગળ વધારવા માગુંછ. મારા બીજા કીયા દીકરા છે કે હું તેમને આગળ વધારૂં?"

આંહી પોતાના દર્દી દીકરા જાંહગીર લં-ગડાની યાદથી શેઠના નાખુશ ચેહરા ઉ-પર ગમગીનીનો છાંયડો ફરી વળ્યો.

"મારો જાંહગીર બિચારો ખુદરતથી એટલો દર્દી છે કે તેને તો હું આ કામમાં નાખી શકુંજ નહી." તેવણે વાત આગળ ચલાવી. "એ બિચારા તરફ મારી એટ-લીજ ફરજ છે કે તેની જીંદગી મારી પા-છળ સુખમાં ગુજરે અને તેને કશી ચી-જની તંગી નહી પડે એમ કરવું. તેને મારા ધંધામાં આગળ વધારવાનો નથી, એટલે હું જો જીવતો રહીશ તો મારા જાંહગીરને બદલે તુને આગળ વધારીશ. પણ રૂસ્તમ

તે એકજ શરતે કે તેં મારો જે વિશ્વાસ મેળવ્યોછ તે વિશ્વાસને લાયક તારી વર્તણુક તું ચાલુ રાખે તો."

રૂસ્તમે જવાબ દીધો નહી. શેઠની આ મેહરબાનગી ભરેલી રેહમ નજરથી રૂસ્તમનું હૈડું ભરાઈ આવ્યું હતું. તોપણ તેણે પોતાના ચેહરાથી બતાવ્યું કે ખોદા મેહર કરશે તો હું શેઠનો વિશ્વાસ વધારે ને વધારે મેળવતો જઈશ.

ખરી વાત એ હતી કે ફકીરો જ્યાંસુધી ઘણો ખુશી થાય નહી ત્યાંસુધી કોઇને વખાણતો નહી હતો. તેણે ઈરાનથી પાછો ફર્યા પછી શેઠની આગળ રૂસ્તમની ચાલાકી, સમજણ અને સલુકાઈનાં એટલાં તો વખાંણ કીધાં કે તેને શાબાશી અને ઉત્તેજન આપવાની શેઠે આજે આ પેહલી તક લીધી.

"પણ રૂસ્તમ, હું તુંને એક બીજી વાત કેહતાં વીસરી ગયોછ" રૂસ્તમ શેઠ સાથે એટલીજ વાત કરી જતો હતો તેને હોરમજશાહે થોભાવીને કહ્યું "તું જાણેછ કે, મારો જાંહગીર તારી ઉપર ઘણો ચાહીરડાઈ ગયોછ?"

"કેમ સાહેબ? વળી મેં શું એનો ગુનાહ કીધો?"

"તું બાહાર દેશાવરથી કાલનો પાછો ફરવા છતાં જાંહગીરને કાલ ને કાલ મળવા નહી આવ્યો તેથી તારા એ ફ્રેંડને ઘણો ગુસો ઉપજયોછ?"

"હું આજે આવીને જાંહગીરની માફી ચાહીશ, સાહેબ."

"તું એને થંડો પાડ. તારાથી એ ઘણો ખુશ મિજાજમાં રેહછ અને ખુશ મિજાજ એની તનદરોસ્તીને માટે જરૂરનો છે, રૂસ્તમ." શેઠે પોતાના એકપુરા દીકરાને માટે ઘણી ફિકર બતાવી. "એને સુખી કરવો એ મારી જીંદગીનો મોટો લાભ છે. હું ધારૂંછ કે આવતી મોસમમાં મારે એને મ્હાબલેશ્વર હવા ફેરફાર કરવા મોકલવો પડશે અને એની સંભાલમાં તુંને જવું પડશે."

"જેવો હુકમ સાહેબ. હું આજે ઘેર આવીને એને ખુશી કરીશ, પણ મારાથી ઘણીવાર રેહવાશે નહી સાહેબ."

"કેમ? કયાં જવાનો છે?" રૂસ્તમ તેવણને ત્યાં વધારે આવતો થાય અને તેવણના કુટુંબ સાથ વધારે ભિલાય એવી હોરમજશાહ શેઠની ખાસ ખુશી હતી માટે તેણે આજે વેહલો પાછો જવા માગ્યું તેથી શેઠે લગાર નાસિપાસીથી પુછયું.

"મારી દાદર સભામાં જવાને મેં કબુલાત આપીછ." રૂસ્તમે માગી લીધું. "તે સભા મેં ઉભી કીધીછ અને ત્યાંના મારાં ગરીબ પરોશીઓને તે સભામાં ખેંચાણ થવા માંડયુંછ તેટલાં મારે તેમને પડતાં નાખવાં નહી જોઈયે. માટે હું જાંહગીરની રજા લઈ પાછો ત્યાં જઈશ."

"પણ તું દાદરપર વધારે જાયછ, તેથી મારો જાંહગીર એક જુદુંજ કારણ બતાવેછ તે તું જાણેછ કે રૂસ્તમ?" શેઠે હસીને પુછયું.

"નહી સાહેબ. શું કારણ?"

"જાંહગીર કેહછ કે દીની ડાહીની બેહન ધનીમાં તારો ડોલો પેઠોછ અને તું તેની સાથ પરણવાની મતલબમાં ફરેછ."

રૂસ્તમને આ વાતથી હસ્યા વિના રેહવાયું નહી. તે મોટેથી ખડખડ હસી પડયો અને એટલુંજ બોલ્યો કે "મારી આ ગીનસ કરવા માટે હું સાંજે આવીને જાંહગીરને બતાવીશ."

પ્રકરણ ૧૪૮ મું.

રતની રડેછે કેમ?

જેમ જેમ દાહડા નિકલતા ગયા તેમ તેમ ભીખુભાઇ ઉપરના ખુનના વાંક વિષે લોકોની ઇનતેજારી વધતી ગઈ. તેના મા બાપની ઇનતેજારીનું શું પુછવું? પણ તેમનાં કરતાં રતનીની ઇનતેજારી ઓછી નહી હતી.

તે ભીખુભાઇનો અપરાધ માનતી નહી હતી, તે નહી માનવાના તેની પાસે કારણો હતાં. અને તે એટલાં મજબુત હતાં કે અગર કોઈ પીર પેગામબર ઉતરી આવીને કેહકે ભીખુભાઇ ખુનનો ગુનેહગાર છે તોબી રતની તે માને નહી એવી તેના એ દોસ્તની નિર્દોશ્તા વિષે રતનીની ખાતરી હતી.

ભીખુભાઇમાં ભોલી રતનીએ પોતાનો ઘણો જીવ ભરેલો હતો. તેજ ભીખુભાઈ ઉપર સંકટ આવી પડયાથી રતનીને જે દયા લાગી તેથી તેના તરફની તેની છુપી દોસ્તી વધારે ઘાડી થઇ. ભીખુ નિર્દોષ છે એમ સાબેત કરવાને અગર પોતાનો જીવ જાયતો તે ખોહવાને તૈયાર થાય એટલી તે ખરાં દિલની હતી. પણ ભીખુભાઈ તરફની પોતાની એ મેહર અને માયા તે કોઇને કહી શકતી નહી હતી. તેનો સઘળો બળાપો તેને છાતીમાં છુપાવવો પડતો હતો અને તેથી તે મન સાથ ઘણી મુજાતી હતી.

રતની આજ કેટલાક દાહડા થયા તવાતી અને પીળાતી આવેછે તેનું ખરૂં કારણ એ હતું. ભીખુના દુઃખથી તે દુઃખી હતી, પણ વળી પોતાનું એ દુઃખ પોતાના બાપ, મા યા બીજું કોઇ જાણે નહી એવી રીતે પોતાના જુસ્સાને તે દાબવાની કોશેશ કરતી હતી અને તેથી તે વધારે નખાતી ચાળી હતી. ભીખુભાઈનું શું થાયછ, શું નહી, તે જાણવાની આતુરતામાં તે એક તરફથી તળશી રહી હતી, પણ બીજી તરફથી તેને કોઈ કેહનાર નહી હતું અને કોઈને પણ પુછવાની તેને બીહીક લાગતી હતી.

રૂસ્તમ સાંજે પોતાને ઘેરથી શેઠને ત્યાં જાંહગીરને મળવા જતો હતો તેટલામાં રતની પોતાના આગલા રસ્તાના દરવાજે ઉપર અંદેશામાં માથે હાથ દઈ ઉભેલી જણાઈ. રૂસ્તમ હસીને તેની પાસે ગયો અને રતની એકદમ તેની સાથ વાતે વળગી.

“અરે આલની રૂહતમ! હું કાલેબી દરવાજાપર આવીને ઉભેલી કે તું મળેતો જરા વાત કરૂં. મેં આજ બપોરે તુને બારીયેથી ડાકિયું કીધું કે હું મકુંજે તું આવહે પણ તુંતો હમજેલોજ નહી.”

“હું એવો આણુસમજુ છું, તેથી માફ માગુંછ બેહન રતની” રૂસ્તમ હસીને બોલ્યો. “પણ શો હુકમ છે બાઈ?”

“આ હું બયનું તે જાયણું કે?” રતની એકદમજ પોતાના મનની વાત ઉપર આવી. “ગામમાં મોટો ગુનાહ થયળો તેની બધી વાત તેં હાંભળી કે?”

“હું ધારૂંછ કે મેં બધું સાંભાળ્યુંછ અને તેને માટે હું ઘણો દિલગીર છું.”

“પણ તેં હું હાંભયલું તે બધું મને કેહ બાઈ.” રતની આજીજી કરવા લાગી. “તે હું હું હાંભયળું? મારી મા થતી મને કેહતી નહી, મારા બાપાને મારીથી પુછાતું નહી, ને મારી ચાકરડી તો કાંઈ જાણતીજ નહી. તું કેહની ભાઈ, એ હું છે તે?”

“તુને જાણવાની જરૂર નથી, બેહન” રૂસ્તમે રતનીને વારી “કોઈનું પાપ જાણ્યામાં આપણને ફાયદો નથી. મને ના પુછ, રતની.”

“નહી, નહી, મને કેહ, હું જાણવાને ટલવલ્યા કરતી છું.” રતનીએ અંતે ખરો ખોલાસો કરી દીધો. “તું જાણતો છે

ભાઇ કે એ ભીખુ હાતે મને દોહતી થયલી હતી. તે ભીખુનું હું થીકું તેટલુંબી હું નહી જાણું તે કેમ બને? તારા હિવા, રુસ્તમ, મારૂં બીજુ કોઇ નથી કે જેને હું પુછી હકું, એ ભીખુ હાતની મારી વાત તું જાણુતોબી છે માટે મને કેહ."

રૂસ્તમે તેને ગામમાં ચાલતી સઘળી ગપ કહી સંભળાવી.

"પણ ત્યારે ભીખુનું કહેલું લોકો માનતાં કાં નથી?" સેવટે રત્નીએ પુછયું "એ બિચારો કેહતો છે કે ખુનની વખતે હું ઘેરમાં નહી હતો તે બહ નથી?"

"નહી. એ બસ નથી." રૂસ્તમે સમજણ પાડી "એક ખુની તો ખુન નાજ પાડતો! તે એમજ કેહ કે હું બાહાર ગયલો હતો. એમ કેહવું સેહલ છે, પણ કોર્ટ સાબેતી માગેછ."

"હાબેતી? કેવી હાબેતી? એમ કે એ રાત્રે કીફા ગયલો તે કહી આપે?" રત્નીએ ઘણી ઘાસતી ખાઇને પુછયું.

"હા. ભીખુ એ રાત્રે કયાં હતો તે તેણે કેહવું જોઇયે, એટલુંજ નહી પણ તે ફલાણી જગ્યાએ હતો તેના શાક્ષી આપવા જોઇયે."

"પણ હાયદી તે કેવા?" રત્ની વધતીને વધતી ઇનતેજારીથી પુછતી રહી.

"એમ સમજ કે ભીખુભાઈ જાણે કે તે રાત્રે મારી સાથે હતો, તો મારે કોર્ટમાં જેઇને શાક્ષી પુરવી જોઇયે કે ખુનની વખતેતો એ મારી આગળ હતો. તે વખતે મારી સાથે એને કોઇ બીજાઓએ જોયો હોય તો તેઓએ પણ ગવાહી પુરવી જોઇયે. એવા પુરાવાને 'આલીબી' કેહછ."

"હું? આલીબઈ?"

"હા. 'આલીબી', એટલે કે બંધવો તે વખતે બીજી જગ્યાએ હતો એમ બતાવવું."

"ને એમ આલીબઈ આપે તો ભીખુ છુટો થાહે કે?"

"હા. એના જેવી બીજી સાબેતી નથી."

"પણ આલીબઇનો હાયદી એકજ હોય, ઘણા નહી હોય તો?"

"એક શાક્ષી હોય તો એકેબી બાહાર આવવું જોઇયે, તે એક શાક્ષી જો આબરૂદાર અને વિશ્વાસુ માણસ હોય તો એકથીબી 'આલીબી' સાબેત થાય."

"પણ એ પોતે, ભીખુ, હું કેહ?"

"એ કયાં હતો તે કેહતો નથી." એમ કહીને રૂસ્તમે મત આપ્યું. "હું ધારૂંછ કે જો એ ખુનની વખતે ખરેખર બીજી-ગમ હોય તો તે નહી કેહવામાં એ મૂર્ખાઇ કરેછ."

"વારૂં લોકો હું હમજતાં છે? એ કયાં હતો તે લોકો હું ધારે?"

"લોકો તો માનતાંજ નથી કે એ ખુનની વખતે બાહાર હોય. લોકો સમજેછ કે ભીખુભાઇ જુઠું બોલેછ."

"મરેરે! મુવાં ઘાતકી લોકો?" રત્ની દયા ખાઇને બોલી. "તે બિચારો કેહ તે લોકોએ માનવું જોઇયે."

"થોડાક જણ વળી તેનું કહેલું માનેછબી" રૂસ્તમ ધીરજ આપનારા શબ્દો બોલ્યો. "કેટલાકો માનેછ કે તે ખુનની વખતે બાહાર હતો માટે ગુનેહગાર નહી હોય."

"વારૂં તેવા લોકો હું ધારે કે એ કયાં હતો?"

બીજા લોકો શું ધારેછ તે રૂસ્તમ શું કહી શકે? લોકો તરેહવાર નિંદા ચલાવતાં હતાં, ભીખુભાઇ ખુનની વખતે કયાં હતો તે વિષે તરેહવાર અટકલો ચાલતી હતી, તે બધી રત્નીને કેહવા જોગ નહી હતી.

પણ રૂસ્તમની એ ચુપકીદીથી રત્નીની બીલકુલ ધીરજ રહી નહી. તે રૂસ્તમ આગળ આતુરતામાં રડી પડી અને જાણવાને કાલાવાલા કરવા લાગી.

રૂસ્તમને રત્નીની આ આગ્રહથી ઘણી અચરતી ઉપજી. તેને યાદ આવ્યું કે જ્યારે તેણે રત્નીને ભીખુભાઇ સાથે દોસ્તીમાં ફરતી પકડી હતી ત્યારે રત્નીએ વચન

આપ્યું હતું કે હું ભીખુભાઈની દરકાર કરીશ નહી. પણ રતનીની ભીખુભાઈ વિષેની આજની ઉલટ અને આતુરતા, રૂસ્તમે જોયું કે, તે વચનથી ઉલટીજ હતી.

"રતની, રતની, એ વાતમાં રહેછ સાની નાદાન?" રૂસ્તમ તેને પટાવા લાગ્યો, તુંને ને ભીખુભાઇને શું? કે તું તેની એટલી દયા ખાયછ. તુંને તેનું એટલું બધું લાગવાનું કારણ કાંઈ નથી."

"નહી, પણ મને કેહ, ભાઇ," રતની હુજત કરવા લાગી "કે જે લોકો એમ ધારતા છે કે ભીખુભાઈ બાહાર હતો તે લોકે હું ધારૂં કે એ કીકા હતો?"

"તે હું કાંઈ કહી શકતો નથી, રતની" રૂસ્તમે ખાતરી આપી "જો લોકો ધારી શકતા હોય તો વળી 'આલીબી' સાબેત કરતાં વાર શી? પણ તે કયાં હતો એજ મોટો ગુચવાડો છેતો."

રતની ચૂપ રહી. શું કરવું તેની તેને સમજણ પડી નહી.

"કદાચ ભીખુભાઇ નિર્દોશ હોયબી" રૂસ્તમે છુટો પડતાં અટકલ ચલાવી.

"હોય? નહી, નહી, છે. રૂહતમ તું હાચું માન કે ભીખુભાઈ બેગુનાહ છે ને છેજ" રતનીએ હુજત કીધી. "તું હું એમ. ધારે કે એ જો ગુનેહગાર હોય તો એની તરફથી હું એટલું બોલુંભી?"

નહી, અલબત નહી. રતની ભીખુભાઇને નિર્દોશ માનેછે એ વિષે રૂસ્તમને કશો શક નથી, પણ તેટલા વાસ્તે ભીખુભાઈ નિર્દોશ હોવો જોઇયે એમ કાંઈ ઠરતું નથી. તોપણ રતનીને તેમ કહીને વધારે દલગીર કરવાનું રૂસ્તમને ગમ્યું નહી, પણ તે જતાં જતાં રતનીને એટલું કહી ગયો કે "બેહન, રતની તું એ ભીખુભાઇનો ખયાલ તારા મનમાંથી કાહાડી નાખ. મેં તુંને આગળ કહેલું છે અને ફરીથી કહુંછ કે એને તું વીસરી જા."

"પણ હું કેમ ભૂલું? એને મારાથી ભૂલાતો નથી." એટલુંજ બોલી તે પોતાના ઘરમાં ગઈ અને રૂસ્તમ હોરમજદ શાહ શેઠને બંગલે ચાલ્યો.

પ્રકરણ ૧૪૯ મું.

બીધેલી લુસી ગામ જવા માગેછે.

જતાં જતાં રસ્તામાં રૂસ્તમને વધારે દયા એમ લાગી કે શેઠના દીકરા જાંહગીરે પોતાનો પ્યાર કેવી એક ભોલી અને બેવકુફ ગામડીયણ ઉપર બાંધ્યોછે!

રતનીની ફિકર હજી વધતી જવાને કારણ હતું. ખુનની રાત્રે ભીખુભાઈ કયાં હતો તેનો પત્તો મેળવવાને કરીમખાન અને તેની ડીટેકટિવ ફોજ તદન નિશફળ થઈ અને એ પત્તા વિષે પોલીશે આશાજ મુકી.

રમત ગમત, મોજમઝા, એલ, બદી કે ફરવા હરવાની દરએક જગ્યામાં પોલીસે ખોળ કાહાડી કે તે રાત્રે ભીખુભાઇ ત્યાં હતો? હાટલોમાં તલાશ કીધી. થીયેટરોમાં બારીકીથી પુછાવ્યું. સરકસ તથા તમાશાના ઠેકાણાઓમાં તલાશ કીધી. જુગારખાના, પીઠાં અને દરએક જગ્યામાં પોલીસની પરપુછનો જવાબ એજ મળ્યો કે તે રાત્રે ભીખુભાઈ કેયેબી, કોઈનેબી નજરે પડયો નહી હતો.

"રાજાબાઈ ટાવર કાંઈ એકદમ ઉભો થયો નથી" કરીમખાન અપરાધ પકડવાની પોતાની શક્તિ વિષે વડાઈ લેતો હતો "એક પથરપર બીજો પથર ગોઠવતાં અંતે એક મોટો મિનારો બંધાયો, તેમ અપરાધની ઇમારત એક પુરાવાપર

બીજો ને બીજાપર ત્રીજો ગોઠવતાં ઉભી થાયછે."

પણ અદુલભાઈના ખુન સંબંધી ભીખુભાઈની નિર્દોષતાનો પત્તો મેળવવાને કરીમખાન તદન નિશફળ થયો, અને તેણે પોતાની હાર કબુલ કીધી.

ભીખુભાઈ જો ખુનની વખતે બાહાર હોય તો તે સાબેત કરવાનું કરીમખાનનું કામ નહી હતું—ખુનનો શક ભીખુ ઉપર સાબેત કરવો એ તેનું તો કામ હતું. તોમત નાસાબેત કરવાને તે બંધાયલો નહી હતો—તોમત નાશાબેત કરવાનું બંધવાનુ અને તેના વકીલ બારિસટરોનું કામ હતું. તોપણ ભીખુભાઇ જો બેગુનાહ હોયતો તે શોધી કાહાડવાને કરીમખાને મેહનત કીધી તે પોતાની પકી ખાતરી કરવા અને માત્ર મનચેરજી શેઠ તરફ એક મેહરબાની તરીકે મેહનત કીધી હતી.

પણ એ મેહનત રદ જવાનો સાર શું? એ સારતો ઓર ભીખુભાઈની વિરૂધ ગયો. જ્યારે એવું ઠર્યું કે ખુનની રાત્રે તે બાહાર કેથે જણાયો નહી હતો, ત્યારે એમ ઠર્યું કે તે ઘેરમાંજ હતો અને અદુનું ખુન તેણેજ કીધું. એ રીતે "આલીબી" સાબેત કરવાની નિષફળતાથી તો બંધવા ઉપરનો શક વધારે મજબુત થયો. કરીમખાન પેહલેથી કેહતો હતો તે તેને મનથી ખરૂં પડયું. પેહલેથી તે કેહતો હતો કે આ ખુન ભીખુભાઇનુંજ કામ છે બીજા કોઈનું નથી—અને હવે તેણે પકુ મત બાંધ્યું કે એજ અનુમાન ખરૂં હતું.

મનચેરજી શેઠ કેહતા કે મારો દીકરો બેગુનાહ છે, મેહરબાઇ કેહતાં કે આ ભયંકાર અપરાધ તેવણના દીકરાનો નહી હોય. પણ એ સઘળું તેઓ માત્ર બાહારથીજ બોલતાં હતાં. ભીખુભાઈ અપરાધી છે એમ ખાતરીથી તેઓ માનતાં નહી હતાં, પણ તેઓના મનમાંથી શકનો ખતરો પડયો હતો ખરો. "જો એ છોકરો બેગુનાહ હોય અને જો ખુનની વખતે એ ઘેરની બાહાર હોયતો ક્યાં હતો તે બોલતો કાં નથી?" તેના માબાપના મનમાં વટીક એજ મોટો ગુચવાડો રહી ગયો.

માહીમ કાસ્ટલમાં માતમ અને શોકના દાહડા બેઠા હતા તેનો જાણે કે છેડોજ નથી એમ લાગ્યું. શેઠબાવા અને મેહરબાઇનો સેતારો અસ્ત થયો તે જાણે કે પાછો ઉગવાનોજ નથી એમ લાગ્યું. જો ભીખુભાઈ ખુનનો તકસીરવાર ઠરેતો માબાપની ફજીયતી અને કમબખતી પુરીજ થઇ એમ જાણવું. શેઠબાવાનું ઘેર શોક અને દુઃખથી સઘળું સુહણું થઇ ગયું. કોઈને સોહવાતું નહી, કોઇને રેહવા ગમ્યું નહી, કોઇને કશું કામ સુજ પડયું નહી.

છોકરાંઓએ શિખવા ભણવાનું પણ છોડી દીધું, અને લુસી આલસુ પડી રેહતાં કંટાલી ગઈ. તે નોકરી છોડીને જતી રેહવાને તલપી રહેલી હતી. જ્યારથી અદુભાઈનું ખુન થયું ત્યારથી લુસી કાંઇ બીવેલી જેવી હતી અને કંટાલી ગયલી હતી. તે આ ચાકરી છોડી જવાને ઘણીવાર બોલી રહી હતી. અંતે જ્યારે તે આલસુ પડી રહી અને કામ નહી રહ્યું ત્યારે તેને રજા માગવાનું સારૂં બાહાનું માલ્યું.

લુસી છોકરાં ભણાવવામાં હોશ્યાર હતી માટે મેહરબાઇએ તેને રજા આપવાને ના પાડી, પણ વળી શેઠનો હવાલો આપ્યો. શેઠ બાહારથી આવ્યા પછી લુસી રજા માગવા ગઈ—લુસીએ પોતાને ગામ જવા માગ્યું. "હું તમારા ઘેરમાં કંટાલી ગઈછ, મારે ગામ જ્યાં કજીયાબી થતા નથી ને ખુનબી થતાં નથી ત્યાં હું તો જવાની."

લુસીએ આગળ ભીખુભાઇને પોતાની તવારીખ કહી હતી તેમા ખુન અને ઘાતકીપણાની કેટલીબધી વાત કહી હતી? તોપણ આજે તે એક ખુનવાળાં ઘેરમાં રેહવાને બીહીક બતાવેછે.

લુસીને મનચેરજી શેઠેબી રજા નહી

આપી. પણ તેનું વળી એક જુદુજ કારણ હતું. પોલીસમાં ખૂનના કેસની જલદી તપાસ ચાલવાની હતી, અને કરીમખાને મનચેરજી શેઠને કહી મુકયું હતું કે લુસીની સાક્ષી અગત્યની હતી. તેવામાં જો તેને રજા આપે તો એક અગત્યના સાક્ષીને નસાડવાનો શક જાય અને તેથી ભીખુભાઇનો કેસ ઓર બિગડે એમ હતું.

પ્રકરણ ૧૫૦ મું.

કમીટ થયો.

લુસીએ ભીખુભાઇને પોતાનો ઝભો ઓઢીને ખુનની રાત્રે બાહાર જતાં જોયો હતો, એટલુંજ નહી પણ ભીખુ તે રાત્રે બધો વખત બાહાર હતો એમ લુસી સૌથી મજબુત માનતી હતી.

તે છુટથી બોલતી કે "ભીખુભાઈ બંદીખાને જવાને લાયક છે?"

"કાં?"

"એટલા માટે કે તે રાત્રે બાહાર જવા છતાં ક્યાં બાહાર હતો તે કેહતો નથી. બેવકુફ છોકરો! ક્યાં હતો તે એકદમ કહી દેવું જોઇયે તેને બદલે તે સામુ છુપાવીને પોતાપર તોમત ખેંચી લેયછ."

લુસી એવું બતાવતી હતી કે ભીખુભાઈ રાત્રે કયાં હતો તે જાણે કે પોતે જાણતી હોય અને છુપાવતી હોય. વાંચનાર કેહશે કે લુસીએ તે જાણવુંજ જોઇયે, કાંકે આગળ એક રાત્રે તે ભીખુભાઈની પછવાડે ગઈ હતી અને માહીમના ખેત્રમાં રત્નીની સાથે ભીખુ વખત ગુજારે છે તે લુસી નજરો નજર જોઈ આવી હતી.

પણ એટલા ઉપરથી ખુનની રાત્રેબી ભીખુભાઈ રત્ની સાથે હતો એમ લુસીએ જાણવુંજ જોઇયે એવું કાંઈ નથી. ખુનની રાત્રે કાંઈ લુસીએ ભીખુભાઇને રત્ની સાથ રજની ગુજારતો દીઠો નથી.

તોબી આગળ જે જોયલું તે ઉપરથી લુસીને માત્ર શક જાયછે કે ખુનની રાત્રેબી તે રત્નીને મળવા ગયો હશે.

પોતાને આમ શક છે, તે શકનું ઠેકાણું જાણેછે તોપણ લુસી પોલીસ આગળ તે ના પાડેછે. કરીમખાને તેને ખુલ્લું પુછયું કે "તું કહી શકેછે કે ભીખુભાઈ તે રાત્રે ક્યાં હતો?" ત્યારે લુસીએ તદન કાનપર હાથ મુકયા. તોપણ તે ખાતરીથી કેહતી કે "ભીખુભાઇએ આ ખુન કીધું નથી."

કારણ પુછતા ત્યારે તે કેહતી કે એ છોકરો ભાઈની વાટ જોવા સંતાઈ રેહ અને તેના આવ્યા પછી તેને મારી નાખે એવો નહી હતો. ભીખુભાઈ ઉછાછલો અને મિજાજનો ખરાબ હતો, તેમ ભોળો હતો, અને આવી રીતે સંતાઈ બેસીને પોતાના શીકારની વાટ જોવાનું કામ તો થંડ પેટના કપટી ખુનીનું હોય તેવો ભીખુભાઈ નહી હતો.

લુસી સઘળું જાણેછે એમ પોલીસની કાંઈ ખાતરી નહી હતી, તોપણ તેનાથી ઉલટપાલટ તપાસમાં કાંઈ પતો નિકલી આવે એવો પોલીસને શક હતો. ગમે તેમ હોય પણ તેની સાહેદી લેવાનો પોલીસે ઠરાવ કરેલો હતો.

ખુન થયા પછી પંદર દાહાડે પોલીશમાં તપાસ પાછી ચાલી. પોલીસમાં મનચેરજી શેઠ સરસમાં સરસ વકીલ બારિસટરોને લઈ આવ્યા, પણ તેઓની સલાહ એ મળી કે ભીખુભાઈ ઉપર શક ઘણો મજબુત છે, માટે ગમે એટલો બચાવ કીધા છતાં માજીસ્ત્રેટ બંધવાને સેશનમાં કમીટતો કરવાનો, તેથી કરીને ભીખુભાઇનો કાંઈપણ બચાવ પોલીસમાં કરવો ફોકટ છે—ઓર બચાવનો કેસ આગમચથી ઉઘાડો પાડવામાં ગેરફાયદો છે—માટે બેહતર કે પોલીસ

જે કેસ રજુ કરે તે કરવા દેવો અને સેશનને માટે સઘળો બચાવ મુલતવી રાખવો.

તેમજ થયું. બંધવાને પોતાના ભાઇનું ખુન કરતાં કોઇએ જોયો નથી. પણ ખુનના મુકદમા મધે જ્યારે ખુન છુપાં થાયછે અને નજરે જોનારની શાક્ષી નહી હોય ત્યારે આડકતરી શાક્ષી ઘણી લેવાયછે અને આડકતરા પુરાવાએથી ખુન સાબેત કરી શકાય છે. ભીખુભાઈની સામે તેવા સઘળા પુરાવા પોલીસે રજુ કીધા.

શું શું સાબેત થયું?

મરનાર સાથ ભીખુભાઇને શખત વેર હતું. તે વેર પૈસાની મારામારીનું હતું.

ખુનની આગમચની પેહલી રાત્રે બંધવાએ પોતાના ભાઇને છુરી મારવાની કોશેશ કીધી હતી.

તે છટકી ગયો ત્યારે તેનો જીવ લેવાના બંધવાએ શપથ લીધા હતા.

પછી બંધવો ઝભો પેહરીને બાહાર ગયો અને મરનાર પણ બાહાર ગયો.

બેહુ જમવાના ઓરડાની બારીને રસ્તે બાહાર ગયા અને બેહુ તેજ રસ્તે પાછ ઘેરમાં આવ્યા.

જમવાના ઓરડામાંજ ખુન થયું.

મરનાર ભીખુભાઈના ઝભાની ઉપર મુવેલો પડેલો મળી આવ્યો. તે ઝભો મરનારના લોહીથી ખરડાયલો હતો.

ખુન જણાયા છતાં અને ઘોંગાટ થયા છતાં ભીખુભાઇ પોતાના ઓરડામાં સુઈ રહ્યો અને બાહાર નિકલ્યો નહી.

જ્યારે તે બાહાર નિકલ્યો ત્યારે તેનો હાથ ચીરાઈ ગયલો તથા તેના કાપમાંથી લોહી નીકલેલું જણાયું.

એ સઘળા આડકતરા પુરાવા બંધવાની વિરૂધ મજબુત ઉભા થયા.

પોલીસે ભીખુભાઇનો ઝભો કોર્ટમાં હાજર કીધો, તે ઉપર લોહીના ડાઘ પોલીસને દેખાડયા, તે લોહી મરનારનું હતું એવી ડાકટરોની શાક્ષી આણી, વળી ડાકટરોએ ભીખુભાઇનો હાથ તપાસયો અને તે ઉપરના જખમની શાક્ષી આપી.

પણ છેલે ભીખુભાઈ તે ખુનની વખતે કેથેબી બાહાર રહ્યો હોય તેનો કશો પુરાવો મળતો નથી અને બંધવો પોતે તે કહી શકતો નથી એ વાત તેની વિરૂધ ઘણી ગઈ.

આ તપાસ ત્રણ દાહડા સુધી ચાલુ રહી. એ ત્રણ દાહડા કેવી ચર્ચા, કેવા ગભગાટ, પોલીસમાં કેવી ભીડ અને ગામમાં કેવી ફજીયતીના ગયા તે આપણે કશું જણાવીશું નહી. એટલુંજ કહીશું કે આ ત્રણ દાહડાની આખેરે માજીસ્ટ્રેટે કહ્યું કે બંધવા સામે ઘણો મજબુત શક અને પુરાવા છે, એમ કહી ભીખુભાઇનું નામ અપરાધીઓની સેશનમાં કમીટ કીધું અને તેને પોલીસના પાહરા તલે પાછો બંદીખાને લઈ જવામાં આવ્યો.

પ્રકરણ ૧૫૧ મું.

મેહુરબાઇના દીકરાઓ તો "હીરા જેવાછે."

સેશન બેસવાની હતી, ભીખુભાઇનો કેસ ચાલવાનો હતો, પણ તેની અગાઉથી ભીખુભાઈના માબાપ પોતાની કમબખતી બેઠી હોય તેમ રાત દીસના ગમગીન ને દુખી હતાં. મનચેરજીશેઠ જે આજવેર બીજાઓના કેસની મેનીજ કરતા હતા, તેમનો એ ધંધો બંધ પડયો હતો; અને હવે પોતાના દીકરાના કેસની મેનીજમાં તેવણને ખાધાનીબી ફુરસદ નહી હતી.

એક રાત્રે મેહરબાઇ માહીમ કાસ્ટલના ખુલખાતાં દિવાનખાનામાં વપરાયા વગર પડત પડેલા સોફા ઉપર માથે હાથ ટેકીને પોતાના માઠા વખત ઉપર હાય અફસોસ કરતી હતી ત્યારે મનચેરજીશેઠને દિવા-

નખાનામાં આણીમેરથી પેલીમેર થોડા ફેરા ખાતા ચાલીને તેના દુઃખમાં ભાગ લેવાની થોડીકજ ફુરસદ મળી હતી.

"ખચીત કાંઈ દુનિયાંજ આપણી સામે ફરીછ." શેઠબાવા ગુપચુપ થોડાક ફેરા ખાવા પછી બોલ્યા "આપણા નસીબમાંજ કાંઈ કાહાણી લખેલી છે, જો નસીબ પાધરાં હતે તો આ દુકતાઓ આવા ભુંડા નહી નીકલતે."

"ઓવારૂં રે! જા બા મનચેરજી" મેહરબાઇને પોતાના દીકરાઓની સામે તેમના બાપનું વઠીક બોલવું પસંદ આવ્યું નહી. "દીકરાઓને શું છે? તેઓ કેવા નીવડયા? મારા દીકરાઓ તો હીરા જેવા છે. જરા મીજાજ આકલો હોવાથી કાંઈ સેતાન ચોઘડયું બની ગયું તેથી માહાંના માંગતાંનું શું નબોદ વળી ગયું?"

"હજીતો તું પુછેછ, મેહરી." શેઠબાવા હવે પોતાના ધણિયાની ઉપર ચીડીરડાયા. "તારા એ અભાગ્યા, અકજ દુકતાઓ વિષે હજી તારી ખાતરી થતી નથી? જેવા હોય તેવું કેહવાય અને હું કહુંછ કે એવા નઠારા દુકતા ગામમાં કોઈના નહી હશે."

"પણ તમો તો એમનાએમજ બોલ્યા કરવાના કે?" મેહરબાઇ પણ હવે જરા તરડાઇને બોલ્યાં. "ઘેર હોય ત્યાં હોયજતો. કજીયોબી હોય, સંપબી હોય, પ્યારબી હોય, સહુ હોય. મારા દીકરાઓ કાંઈ ગામમાં લુછાઇ, ચોટાઈ કે રંડીબાજીમાંતો નથી પડયા? પોત પોતામાં મરાયા, કાંઈ પારકાંનેતો નથી માર્યા?"

"ઘેરમાજ નહી પણ ગાંમમાંબી ભુંડા નિકલ્યા." મનચેરજીશેઠે હુજત લીધી "ગામમાં પણ તારા દીકરાઓ કયાં પાધરા ચાલ્યાછ? માગનારાઓ રડછ એટલુંજ નહી પણ લોકોની બેઠી છોકરીઓબી એ દુકતાઓની બદ નજરની બુમ મારેછ? તું શું મને આગળ રહીને ફરીથી બોલાવેછ?"

"ચાલો માડી વાળો." દાદર ઉપર જીવખાયાંની જરી તરફ બેહેસ્તી અદુભાઇની વર્તણુંક ઉપર શેઠબાવા બોલવા જતા હતા પણ હવે તેના મુવા બાદ એ વાતથી તેના હાડ ભુંજાવવાં નહી જોઇયે એમ માગી લેવા સારૂં એ દીકરાઓની મા રડતી વચે પડી. "ઓ મનચેરજી! માડીવાળો! મરીજાવું એ વાતપર ઢાંકણું વળવા દેવો."

"હું બેહસ્તી વિષે નથી બોલતો. હુંતો તારા બીજા દુકતાઓની બદીથી કમકમુંછ" શેઠબાવાએ પોતાની ફરિયાદ આગળ વધારી. "તારા બીજા દીકરાઓ તે કીયા પાધરા મુવેલા છે? એક બેઆબરૂ થઈ માર્યો ગયો, બીજો જેલમાં ગયો, ત્રીજો—"

"બસ, બસ, મનચેરજી મુગા રેહવોરે!" મેહરબાઈ બુમ મારી ઉઠી. "તમેજ કહોછ કેની કે ભીખુભાઈ વગર વાંકે જેલમાં ગયોછ? તમેજ કહોછ કેની કે એણે ખુન કીધું નથી?"

"તે તો કોણ જાણે? ભીખુ બેગુનાહ ઠરે ત્યારે જાણશું કે તે બેગુનાહ છે. આપણે તો દુનિયાને દેખાડવા સારૂં બાહારથી તેને બેગુનાહ ગણવો જોઇયે. પણ તેના ઉપર ખુનના પુરાવા છે, તેનું શું કરશું?"

"ખોદા કરશે તો બધું ખોટું પડશે."

"વારૂં ઘડીભર ખુન ખોટું પડે. પણ તેથી શું થયું? એમધારીયે કે ભીખુએ ખુન નહી કીધું હોય તે છતાં આપણને નામોસી કયાં ઓછી લાગીછ! એ જો ખુનનાં વાંકમાંથી છુટી જાયતો તે એટલાજ સબબથી કે ખુનની રાત્રે એ બાહાર રખડવા ગયો હોય. પણ એ રીતે દુકતાઓ રાતના બાર બાર ને બબે વાગતા સુધી બાહાર રખડે એજ કેવી નામોસીછે!"

મેહરબાઇ આ રખડેલ છોકરાઓનાં રખડવાનો બચાવ કરવા જતી હતી—અગરજો આ ગંભીર વખત નહી હોત તો એ વ્હાલી મા પોતાના લાડકા દીકરાઓનાં રખડવાનો આ બચાવ ખચીત કરત—કે "દીકરાઓ અખઈ રહ્યા મોટા થયા. દા-

હડના થયા તેઓને જો રખડતા અટકાવવા હોય તો તેઓને જલદી પરણાવવા જોઇયે!" મેહરબાઇએ પોતાના આ કૂલદીપક દીકરાઓને પરણાવવા પોતાના વર સાથ ઘણીવાર તકરાર લીધી હતી, પણ શેઠબાવાએ તેનું કહ્યું નહી માન્યું તેના આ ફળ સમજીને તે બતાવવાની મેહરબાઇને તક હતી, પણ આજે તે વાત કરવાનો વખત નહી હતો માટે એ દુઃખી મા ચુપ બેસી રહી.

"અરે ખોદા! શું એ દીકરાઓ પછવાડ મેં ખર્ચની ચૂલધાણી કીધી!" મેહરબાઇને ચુપ જોઇ શેઠબાવાએ પોતાનો બળાપો ચાલુ રાખ્યો. "તેઓને દરએક પ્રકારનો લાડ લડાવ્યો, હમાચીજની મોજ કરાવી, સુખ અને આરામ સાથ તેઓને મેં જીવાડયા, અને તેનો બદલો એ દુકતાઓએ મારા સત્યાનાશ અને નખોદમાં વાળ્યો."

"ઓવારૂં રે! સત્યાનાશ થાયરે મુવાં આપણા મુદઇ હોય તેનું!" મેહરબાઇને પાછું બોલવાની ફરજ પડી. "મનચેરજી, મારા દીકરાઓએ મદઇનો શું નાસ કીધો?"

"તદન નાશ—નાશ પૈસાનો, નાશ ધંધાનો, નાશ આબરૂનો, નાશ ખાનદાનનો. તારા લાડથી મારો નાશ થયો અને નાશ થતાંબી છોકરાઓ સુખી થયા નહી. મારા નાશ સાથ એઓનો પણ નાશ થયો. હું તળિયાં ઝાટક થયો, કરજદાર ને ખસ્તેખુહાર થયો. અરેરે! મારી ભૂલ થઇ કે મેં એઓને પેહલે ઘરથી મન મારવાની કેળવણી નહી આપી. મેં એઓને લાડ લડાવવા દીધો, પણ મજુરીની મેહનત અને રગડમાં નહી નાખ્યા. ચાકરી કરીને પોતાની મેહનતથી પેટ ભરતાં મેં એઓને નહી શિખવ્યા. ખચીત મારીજ ભૂલ થઇ."

"વાય મનચેરજી! મનચેરજી! કારના મારયા એ તમે શું બકોછ? તમારા દીકરા મજુરી કરતે તે તમારાં નામને સારૂં લાગતે કે? ગામમાં જે લોકો મજુરી કરીને પેટ ભરેછ તે લોકોમાં મારામારી ને ખૂન થતાં નથી કે?"

"તુંજ કેહની, મેહરી, તુંજ તારી છાતીપર હાથ મુકીને કેહ કે તું શું તારા આ શોભતા નાન્હાઓડોમાં સુખી છે?" મનચેરજીએ મેહરબાઇને પાધરૂંજ પુછયું.

"આ પાહાડ ફાટે એવું મોત નિપજ્યું ત્યાં આપણે સુખી તે કેમ કેહવાય?" મેહરબાઇએ બચાવ કીધો. "સેતાન ચોધડયું બની ગયું તેમાં વાંક કોણનો?"

"અરે પણ એ માઠો બનાવ બાદ કરની? ખુન ગણત્રીમાં ના લે. બેહસ્તીનો ખ્યાલ છોડી દે, અને તારા બીજા દીકરાઓ તે કયા ભલા નીકળ્યા તે કેહની? કબુલ કરીયે કે એઓ એકેકનો જીવ લેય એટલા ઘાતકી નથી, પણ બીજી રીતે એઓ શું ભલા છે? નાફરમાન, તરકડા, ચીબાવલા, રખડેલ!"

"એતો નાદાન છે, હજી બચ્ચાં છે. મોટા થશે એટલે પોતાની મેળે સમજુ થશે ને સુધરશે."

પ્રકરણ ૧૫૨ મું.

મામાના મરતી વખતના શ્રાપ.

મનચેરજી શેઠ જ્યારે પોતાના દીકરાઓ ઉપર પોતાનું દુઃખ રડતા હતા ત્યારે તેવણના મનમાં કાંઇક વેહમ ભરાયલો હતો અને તે ખ્યાલથી તેવણ આમ રડતા હતા. તેવણ એમ સમજતા હતા કે તેવણને આવા દીકરાઓની મારફતે ખોદાતાલા સજા કરેછે.

"એ બચ્ચાં સુધરી રહ્યાં!" શેઠબાવાએ પકી નિરાશા બતાવી. "તું મા તારી ભૂલ કબૂલ નથી કરતી તો એ દુકતાઓ શું સુધરે! અહુ મારયો ગયો. બીખુ-

ભાઈ કદાચ વધારે ખરાબ મોતે મારશે જવાની તૈયારીમાં. વીકો—"

એંહી મેહરબાઈએ રડવા માડયું એટલે પોતાના દીકરાઓના પાપની આ ટીપ કેહતાં શેઠબાવા અચકી ગયા.

"મુગા કાં રહ્યા? કહોની, કહોની" મેહરબાઈએ રડતાં રડતાંબી ચાલેંજ કીધી. "અદુ ને ભીખુ તો જાણે કે મદઈ ભુંડા નિકલ્યા, પણ વારૂં હવે વીકાનો શો વાંક? તે રમતિયાલ છે, ઉછાછળો છે, પણ ચાલનોતો પાધરો છે? તેણેતો કોઈની ચોરી નથી કીધી?"

"નથી કીધી? કીધી, કીધી. જે ચોરી કરે તે સારી ચાલનો કેહવાય કે?"

"ચોરી?" મેહરબાઈએ વિસ્મય પામી પુછયું.

"હા ચોરી. તુંને દુ:ખ નહી લાગે, મેહરી, તેથી મેં આજસુધી છુપાવ્યુંછ, પણ તું તારા દીકરાઓની હજી વખાણ કરેછે તે ઉપરથી તેઓ કેવા છે તે તુંને કહી રાખેઉં ભલું છે. જોની, આજે જ્યાં ભીખુ ગયોછ કેની ત્યાંજ થોડા મહીના ઉપર વીકો ગયો હતે. તે ક્યાં? બંધવાના પીંજરામાં ને પોલીસની ચોકીમાં. હજીબી કોણ જાણી બેઠુંછ? હજીબી કદાચ તેની ઉપર ચોરીનો ચાર્જ લાગુ પડે."

મેહરબાઈતો આ વાતથી ડઘાઈજ ગઈ. "શું? ચોરી? કોણની?" તેણે ગભરાટથી પુછયું.

"એ દુકતાનું પાપ મેં તુંને કહ્યું નથી તેથી તું તેને ભલો ના સમજ." હવે શેઠબાવા લગાર નરમ પડીને બોલ્યા. "પણ હું શું કરૂં? બોલ્યા વગરબી રેહવાનું નથી, ને તારી આગળ નહીતો કોણની આગળ બોલું? મારા દાહડા બધા ફિકરમાં જાયછ. રાતે એક ફિકર કરતો સુવુંછ ને સહવારે વળી બીજી ફકરમાં ઉઠુંછ. અદુભાઈ ઓદાને બાર ગયો, ભીખુભાઈને ફાંસીનું લાકડું બીહીક આપેછ, વીકાભાઇને માટે હજીબી કાળાં પાણીની કાળી ટીલી રહેલી છે."

આ ભય ભરેલી શોધથી મેહરબાઈનું જીગર ફાટ ફાટ થવા લાગ્યું. ઘણીવાર સુધી તેનાથી બોલાયું નહી અને શેઠબાવા પાછા ગુપચુપ પસાર કરવા લાગ્યા. પણ થોડીવારમાં ફરી તેવણના આ બાનુએ પોતાના વીકાભાઈની તરફથી બોલવાની હિમત એકઠી કીધી.

"જીભઈ મારા વીકાને વાસ્તે તો બધો તમારો વાંક છે, મનચેરજી. એક જરા જીભ હીલવવાની વાત હતી. તમે હોરમજશાહને જરાક કેહતે તો એ દીકરો આજે છે તેથા જુદોજ થતે. પણ તમે જરા મોહડું નહી હીલવ્યું અને બિચારા મારા દીકરાને નાસિપાસી થઈ."

"શી નાસીપાસી? હું મોહડું તે શું હીલવું?"

"હોરમજશાહના કારખાનામાં મારા દીકરાને વધારવાની તમે કેટલીબધી તક જવા દીધી?" મેહરબાઈએ યાદ આપી. "તમે તો વીકાભાઇને એના શેઠનો ભાગિયોજ કરાવાના હતા ને શેઠનો જમાઈબી કરાવવાના હતા, તેતો રહ્યું પણ આફીસ તરફથી આ ઈરાન ફરવા જવાની વીકાભાઇને કેટલીબધી હોંશ હતી, તો તેટલી વાતબી તમે એના શેઠ આગળ નહી કીધી. ને જ્યારે વીકાને બદલે મુઇ પેલી ગુલી ગરીબના દીકરા રૂસ્તમને શેઠે ઈરાન મોકલ્યો ત્યારે મારા અભાઇ રહ્યા દીકરાને કેવું અપમાન લાગ્યું. બે દાહડા સુધી તો માહાંનાં માંગતાએ ખાવુંબી નહી. તમે તો શેઠ આગળ નહી બોલ્યા પણ મારો પીતો કાંઈ રેહ? હુંતો જે કેહવાનું હતું તે તેવણની બૈયરને કહી આવી. મારી ખટલીને—"

"ખરેખર? ખરશેદબાઇને તું શું કહી આવીતી?"

"મેં કહ્યુંતું કે રૂસ્તમ જે મારા દીકરા કરતાં ઘણો ઉતરતો તેને મોકલ્યો તે માર

દીકરાને ઘણું અપમાન થયું. એ ફુકતો રૂસ્તમ ક્યાં! મારો વીકાભાઇ ક્યાં? મેંતો બટલીને સાફ કહ્યું કે પેલી ૧૦૦ રૂપીયાના ચેકની ચોરીબી એ રૂસ્તમેજ કીધી હતી."

"પછી? ખરશેદબાઇએ શું જવાબ દીધો?

"કાંઈ જાજું બોલી નહી. બોલવા જેવું હોય શું જે બોલે? તે એટલુંજ બોલી કે હોરમજશાહનું કામ હોરમજશાહ વધારે સમજે. આપણાથી વચે બોલાય નહી."

"તે વાત રહી. પણ પેલા ચેકની ચોરી વિષે હોરમજશાહના બૈયર શું બોલ્યાં?"

"તેને વાસ્તેતો બટલી કાંઈજ નહી બોલી. બસ એટલુંજ કે આપણે નહી જાણીયે માય. કોણે ચોરી કીધી, કોણે નહી, તે હશે. જેનું કીધું તે ભોગવે. આપણને શું?"

"ત્યારે હવે ખરૂં શું છે તે હું તુંને કહુંછ, સાંભળ." મનચેરજીશેઠ વધું ખોલાસો કીધો. "એ ચેકનો ચોરતો કેની તે વીકોજ હતો."

"હેં! શું? વીકાભાઈ?"

"હા તારો માનીતો ને ડાહ્યો દીકરો, જેની તરફથી તું આટલુંબધું બોલેછ તેણેજ એ ચોરી કીધી હતી."

અને અંહી વીકાજીની એ ચોરી કેમ પકડાઇ, કરીમખાને તે ઉપર કેમ અખાડા કીધા, મારવાડી લખ્ખાને તે ચોરીના રૂપીયા શેઠબાવાને કેમ ભરી આપવા પડયા, અને હોરમજશાહ શેઠે શોભા રાખવા સારૂં એ અપરાધ કેવા દયાલુપણાથી માડી વાળ્યો, તે સઘળું મનચેરજીએ માડીને કહ્યું અને મેહરબાઈના જીગરને એક બીજો કારી જખમ લાગ્યો.

"હવે તું હોરમજશાહ આગળ ભલામણ તારા એ દીકરાની કરાવા માગેછ તો કેહ કે આવા શોભતા દીકરાની હું કેમ ભલામણ કરૂં?" મેહેરબાઇ ચૂપ બેઠી અને શેઠબાવાએ આ નાન્હાશેઠો ઉપર પોતાની ગમખારી ચાલુ રાખી. "અચીત, મેં પેહલાંજ કહ્યું તેમ દીકરાઓના દુઃખથી દુખી થવાની એતો કેથી આપણી સૃજત, આપણા કરમના લેખ. હું તો એમ ધારૂંછ કે તારા મામા રૂસ્તમજી દુબાસની દોલતનો આપણને વારસો મળ્યો, તે નહી મળ્યો હતે તો વધારે સારૂ."

"એ શું બકોછ મનચેરજી?" મેહરબાઈને આ પાછલું વાકય ઘણું નવાઈજેવું લાગ્યું અને તે વચે પડી.

"હું ખરૂં કહુંછ." મનચેરજીએ પસ્તાવો ચાલુ રાખ્યો. "એ આઈતી દોલતનો વારસો આપણને નડયો. તે આશિર્વાદ નહી પણ આપણને શ્રાપ થઈ પડયા અને તે શ્રાપ આપણે આ દીકરાઓમાં દેખીયેછ."

"ઓવારૂંરે! શ્રાપ શું બક્યાછ?"

"મેહરી, તારા મામાના મરતી વખતના સખુનો યાદ કર. જ્યારે તેવણ પોતાની દોલત બે ભાગે વેંહચી નાખીને તેમાંનો એક ભાગ ગુમાસ્તાના ગાંધીને આપવાનું આપણને કહી ગયા ત્યારે સાફ તુંને ને મને સોગંદ આપ્યા હતા કે ગાંધાનો વારસો ગાંધીને હવાલે કરવો, પણ જો આપણે તેમ નહી કરીયે તો તેવણે આપણને શ્રાપ દીધા હતા કે એ હરામના પૈસા આપણને દીકરા દીકરીના દુઃખમા આડે આવશે. ગાંધીના પૈસા આપણે ખાઇ ગયાં અને તેની શિક્ષા આજે આપણા બચ્ચાંઓની મારફતે આપણે ભોગવીયેછ."

મેહરબાઈ વળી પાછી ડઘાઇને ડંગ થઈ ગઈ.

"અરેરે! જ્યારે તારા મામા પૈસા આપી ગયા ત્યારે તે ખાઇ જવાનો મને ખ્યાલ નહી હતો. હુંતો તે ગાંધીને આપી દેવાનો હતો. પણ ઘણું સુધી ગાંધીનું ઠેકાણું આપણને મળ્યું નહી. તેટલામાં આપણા કરજમાં આપણો ફાળો પેસી ગયો

અને બોહળા ખર્ચોમાં ગાંધીનો ફાળો આપણે વાપરી આવો. હું આહુંછ કે મામાના પૈસા આપણને મુદલ મળ્યા નહી હતે કે જેથી આપણા ફરજંદોને લાડ લડાવ્યા અને મોજ કરાવી તે નહી કરતે અને તેથી ફરજંદો વધારે સારી તરબીયત લેતે અને આપણને જે આ આપ નડયાછ તે નહી નડતે."

પ્રકરણ ૧૫૩ મું.

ભીખુભાઇ ફાંસી જવાને પણ તૈયાર !

પોતાના દીકરાના છુટકારાને માટે મનચેરજીશેઠે મેશ્યર્સ જોન્સ અને જામાસજી વકીલો કીધા હતા, કે જેઓની ધારા જાણનાર દાખલની આબરૂ આખી મુંબઈમાં મોટી હતી. કેસની શઘળી મેનીજ જામાસજીના હાથમાં હતી અને તેણે બંદીખાનામાં ભીખુભાઈની એકથી વધારે ભેટ લઇ તેને સમજાવ્યો હતો કે ખુનની રાત્રે તે જો બાહાર ગયો હોય તો તે સાબેત કરવામાં ઘણો ફાયદો હતો. તે આ સઘળી સમજુતી ઉપર કાન બેહરા કરી બેઠો હતો.

મી૰ જામાસજીએ ભીખુને પેહલાંતો ફુસલાવ્યો, પછી ધમકાવ્યો, પછી બીહીવડાવ્યો પણ તે કેદીપર કાંઇ અસર થઈ નહી. અગરજો ભીખુ કયાં હતો તે નહી કેહશે તો ફાંસીના લાકડાં સિવા બીજો છુટકો નથી, એ બીના પેહલાં તો વકીલ સાહેબે ભરમમાં, પછી એસારાથી, પછી ખુલ્લે ખુલ્લી કહી, પણ ફાંસીની બીહીક આપતાંબી તેનું મન ફર્યું નહી.

મી૰ જામાસજીએ મનચેરજીશેઠ સાથ મસલત કરતાં ઘણો ગુચવાડો બતાવ્યો. ભીખુ ખુનની રાત્રે બાહાર હતો અને એક વાગ્યા પછી ઘેર આવ્યો હતો એ વાત તે એવાં જોસથી, એવી મજબુતીથી અને એવી ખંતથી બોલતો હતો કે તે ઉપરથી મી૰ જામાસજીને લાગતું હતું કે કદાચ એ ખરૂં હશે. પણ મેશ્યર્સ જોન્સ અને જામાસજીને અપરાધીઓના એકરાર વિષે ઘણો અનુભવ હતો—મનચેરજી શેઠબાવા પોતે કયાં નહી જાણતા હતા?—કે ખરા ગુનેહગારો ઘણીવાર ખોટા એકરાર ખરા હોય તેમ કરેછે. જ્યારે ભીખુએ ખોલાસો કરવાને નાજ પાડી ત્યારે મી૰ જામાસજીએ તેના બાપ આગળ એમજ નકી કીધું કે તેની પાસે ખોલાસો નથીજ અને તે માત્ર જુઠું બોલેછે કે તે બાહાર ગયલો હતો.

પણ ભીખુભાઈ ઘણો થંડો હતો. તે આ ભય ભરેલાં પરિણામ વિષે જરા બીહતો નહી હતો. તે ફાંસી જશે એવું કદી માનતોજ નહી હતો. તેને ધીરજ હતી કે હું છુટી જઇશ. "જુરી મને કદી ગીલ્ટી ઠરાવવાની નથી. મેં ખુન કીધું હોયતો હું ગીલ્ટી હોવું કે? પણ ખુનની વખતે હું ઘેરમાંજ કયાં હતો?"

"ઘેરમાં નહીતો કયાં ગયલો હતો?" શેસનની એક દાહડો આગમચથી મી૰ જામાસજીએ એક છેલી તક લઈને પુછી જોયું "તું કહી શકશે, ભીખુ કે ખુન થયું ત્યારે તું કયાં હતો?"

"હું ચાહુંતો કહી શકું. તમે મારા બોલવા ઉપર શક લાવોછ, પણ હું કયાં હતો તે તમોને, આખી કોર્ટને એક લેહજામાં બતાવી શકું. હું ચાહુંતો—પણ હું તે કેહવા ચાહતો નથી."

"પણ કાં નહી? શું તારો જીવ તુંને વ્હાલો નથી? જીવ બચે ત્યારે તું ખરૂં કાં નહી કેહ?"

"નહી કેહવાના મારી પાસે કારણો છે."

"ત્યારે તુંને સજા થશે."

"શું કામ સજા થાય? હું કાંઈ ગીલ્ટી નથી."

"બીજા કોઈપર શક નથી. બધો શક તારી ઉપર છે અને તેના મજબુત પુરાવા છે. જો તું છુટવાનો હોયતો તે તારેજ સાબેત કરવું જોઇયે. જો તું દેખાડી આપેકે તું હાજર નહી હતો તોજ કોઇ બીજાની ઉપર શક લાગુ પડે."

"મારો પણ ગુચવાડો એ છે કે એ ખુન મેં કીધું નથી, ત્યારે કીધું કોણે? એ ખુનીને શોધી કાહાડવો જોઇયે."

"જો તું આલીબી સાબેત કરે તોજ તે બને. તેમ કરવાને તુને હરખત શી છે?"

"મારા સાહેબ, ઘડીએ ઘડી એકનુંએકજ શું પુછયા કરોછ?" ભીખુભાઈ હવે તો મી૰ જામાસજી ઉપર ચીહીરડાઈ ગયો. "મેં કેટલી વખત કહ્યું કે હું ક્યાં હતો તે હું નથી કેહવાનો. તેની વધારે વાત શી?"

"પણ તું તે વખતે કોઈ બીજે ઠેકાણે ખુન કરવા તો નહી ગયો તો?"

"નહીજ તો વળી."

"વારૂં ત્યારે બીજે ઠેકાણે ખુન સિવાએ બીજું કોઈ કામ એવું નથી કે જે કેહવાને આવે વખતે આપણે શરમાઇયે. જીવપર વાત આવીછ ત્યારે તો ઘડીભર હું કોઈ બેંક લુટવા ગયો હોવું કે કોઈના ઘેરને આગ લગાડવા ગયો હોવું તે પણ કહી દેવું, કાંકે ખુનની આગળ એ સઘળા અપરાધ ઉતરતા છે."

"હું કોઈનું ઘેર ફાડવાખી નહી ગયોતો કે નહી ચોરી કરવા ગયોતો."

"ત્યારે ક્યાં હતો તે કેહવાને શરમાવાનું કારણ શું?" મી૰ જામાસજી લાવીલાવીને પાછી આ આગલી વાત લાવ્યા. "તું કાંઇ ખરાબ કામમાં નહી હતો ત્યારે તો કેહવું જોઇયે."

"કેહવું કે નહી કેહવું એ મારૂં કામ છે."

"તારૂં એકલાનું કામ નથી ભીખાજી." મી૰ જામાસજી હવે તેના ઉપર ઘણી અસર કરવા લાગ્યા. "જો ભલા માણુસ તું વિચાર કર કે આ જીવ સટોસટની વાત છે. તારાજ જીવની વાત નથી, પણ તારાં માબાપનું જીવતર તારાં નિર્દોષપણા ઉપર લટકેલું છે. તું બેગુનાહ ઠરેતો તારાં માબાપનું કૂલ જલવાય, નહી તો તું ફાંસીને લાકડે ચહડેતો એમ જાણ કે આબાં ઘેરની કમબખ્તી થશે. વાસ્તે તું કેહછ તે જો ખરૂં હોય તો ખરેખરૂં બતાવી દે."

"હું નાચાર છું કે મારે લીધે મારા માબાપના બુરા હાલ થશે. પણ હું ખરો છું અને જો હું બેગુનાહ માર્યો જઇશ અને જો તેથી મારા માબાપને ખરાબ થશે તો તેમાં મારો વાંક નહી ગણાશે."

"પણ તું કહી દેયતો એ બધી પીડાજ ટલી જાય."

"હું નથી કેહવાનો."

"ત્યારે તું ફાંસી જશે."

"ફાંસી જઇશ, જ—જ—જઇશ તો—જ—જ-જઇશ." ભીખુભાઇએ સેવટનો જવાબ દીધો.

પણ આ છેલા બોલ તે ઘણા ગભરાટથી બોલ્યો. ફાંસી જવાને તે કબુલ થયો, પણ તેને એ ખચીત ગમ્યું તો નહી.

પ્રકરણ ૧૫૪ મું.

ફાંસીનું લાકડું.

જેલની અંદર ભીખુભાઇને હજીસુધી કાંઈ દુઃખ નહી હતું. જેલર તેનો ઓલખીતો હતો—તેના બાપનો દોસ્ત હતો. મનચેરજી વકીલની આફીસમાંથી લેણદેણની બાબતોમાં ભીખુભાઇ ઘણીવાર આ જેલમાં બંદીવાનો પાસે આવતો જતો હતો, ત્યાંજ તે પોતે બંદીવાંન થયો તો અંહીની જગ્યા તેના પગ તલે આવી ગયલી હતી. ચોકી પાહરા તલે તેને બંદીખાનાનાં બાગમાં ફરવાની છુટ હતી.

પણ તે ફરવા જતો નહી હતો. તે પોતાની કોટડીમાં એકાંત પડી રેહતો હતો અને વિચાર તથા ફીકર બેની વચ્ચે તે ફસાઈ પડયો હતો. બંદીખાનાની "સિવિલ સાઈડ" માં કેદીઓને માટે બરાખ જેવી લાંબી ને લાંબી, મોટી, હવાવાલી ચાલી બાંધેલીછે, તેમાં ઉપલા મજલામાં હવાવાલી કોટડીમાં તેને રાખ્યો હતો; અને ભીખુભાઈ ઘણું ફરતો તો તે માળા ઉપરજ દરએક કોટડીની બાહાર લાંબીને લાંબી ચાલ હતી તે ચાલમાં ફરતો હતો.

મી૦ જામાસજી ફાંસીના લાકડાંની છેલી ખીલીક આપીને છુટા પડયા પછી, ઝડકથી ફરી વળતી સાંજના કાળાં ઝઝખલામાં ભીખુભાઇની નજર બંદીખાનાની પાછલી બાજુની ઊંચી દિવાલની બાહાર ગઈ અને ત્યાં અચબુચ કાંઈક આકાર તેની નજરે પડયો. કેદ પડયા પછી આ આકાર તેણે પેહલ વેહલોજ જોયો, પણ તેટલા માટે તે કાંઈ નવો આકાર નહી હતો. તે તો ત્યાં હમેશનો હતો, જો કે ભીખુભાઇની નજર આજસુધી એ તરફ ગઈ નહી હતી.

એ કાંઈ ઉભાં ને આડાં લાકડાંનો આકાર હતો. એ એક માચરો હતો. એ કાંઇ દામર લગાડેલા વાંસા અને ભારવટિયા હતા. તે પેહલાં એક પરાંજ જેવો આકાર લાગ્યો; પણ પરાંજ કરતાં તે વધારે મજબુત, ટકાઉ, જાથુકનો માચરો હતો. એતો ખુનીઓને ફાંસી દેવાનો માચરો હતો. મી૦ જામાસજી જે લાકડાંની યાદ આપી ગયા તે એ હતું.

ભીખુભાઈને આ આકાર તદન નવો નહી હતો. આગળ જ્યારે તે પોતાના માબાપના ઘેરમાં સુખી હતો અને જ્યારે તે દોલતની લાડકી મોજમાં મસ્ત હતો ત્યારે એજ ફાંસીના લાકડાં ઉપર બીજા મોટા ખુનીઓને ફાંસી દીધેલા જોવા માટે તે પોતાની સ્કુલમાંથી પોતાનાજ સરખા મસ્તીખોર છોકરાઓ સાથ નાસી આવતો હતો. આજે તેનું તે છુટાપણું રહ્યું નથી પણ તેજ લાકડું તેનેજ ગરદનમાંથી અધર લટકાવી દેવા માટે જાણે કે ઉભું હોય એમ તેને લાગ્યું.

આ લાકડાં વિષેના મી૦ જામાસજીના અસરકારક શબ્દોએ જેટલી અસર નહી કીધી તેટલી આ લાકડાંના ઝઝખલાંમાં દેખાતા ઝાંખા આકારે ભીખુભાઇ ઉપર અચબુચ અસર કીધી. તેની છાતીમાં કાંઈ મોટો ગભરાટ પેદા થયો. તે આ કાળો, ઝાંખો આકાર જોતાંવાર પોતાની કોટડીમાં ભરાઈ ગયો. તેનું ભોજન તેને ઘેરથી આવતું હતું, તે તેના ચોકીદારો તેની પાસે લાવ્યા, પણ તેણે ખાધું નહી. તે એકદમ બિછાના ઉપર સુવા ગયો પણ તેને ઊંઘ આવી નહી.

ઉપર કહ્યું તેમ આવતી કાલે સેશન બેસવાની હતી. તેની આગમચની રાત તેણે ઘણી બેચેન ચટાપટીમાં ગુજારી. તે બિછાના ઉપર તડફડયા કીધો, અને અંતે મોડી રાત્રે જ્યારે ઊંઘ આવી ત્યારે પેલાંજ ફાંસીના લાકડાંનું બિહામણું સ્વપ્નું તેને આખી રાત આવ્યા કીધું.

કેવું ભયંકાર સ્વપ્નું! તેણે ખાબમાં જોયું કે જાણે કે જુરીએ તેને અદુભાઇના ખૂનનો ગુનેહગાર ઠરાવ્યો, કોર્ટે તેને ફાંસીની શિક્ષા કીધી અને સરકારના માણસો પેલાજ લાકડાં ઉપર તેને ફાંસી દેવા લઈ ચાલ્યાછે. તેને પેલા માચરા ઉપર ચહડાવ્યોછે, અને ધ્રુજતા પગે દોરડું ઝાલીને તે ઉભો છે, તેટલાંમાં શું જુવેછે? હેઠલ, મુંબઈની હલકા વર્ગની તમામ પ્રજા તેને ફાંસીના લાકડાં ઉપર લટકાવેલો જોવા આવીછે, અને તેઓમાં ઘણા જણ તેના ઓળખીતા છે. પણ અચબુચ તેઓની વચ્ચે છોકરાઓનું એક ટોલું છે, કે જેઓ તેના આગળા નિશાળના દિવસો પેઠે તેને ગરદનમાંથી લટકતો જોવા નિશાળેથી નાસીને આવ્યાછે અને તેઓ ભીખુભાઇના હાલ

ઉપર હસેછે તથા તેનો તમાસો જોઇ મજાખ મશાખરીમાં મઝા મેળવેછે.

આ છોકરાઓના પોકારથી ભીખુભાઇ ચીસ પાડી જાગી ઉઠયો. આ ભયંકર સ્વપ્નું તેણે નિદ્રાવશ સ્થીતિમાંથી જાગૃતાવસ્થામાં આવ્યા છતાં જાણે કે ખરૂં પડતું જોયું. આ સ્વપ્નું ખચીત ખરૂં પડશે એવો વખત તેના ખ્યાલ સામે આવી ઉભો. શું તે આ લાકડાં ઉપર નહી લટકશે? અને શું તે વખતે આ છોકરાઓ તેને જોવા સારૂં નિશાળેથી નાસી નહી આવશે? અને તે દેખાવ તેનાથી કેમ ખમાશે? આ ખ્યાલોએ ભીખુભાઇના ભેજાંને ચકભમ કરી મેલ્યું. તેણે એકજ ઠરાવ કીધો અને તે ઠરાવ અમલમા આણવા માટે તેણે બાકીની રાત જાગરણમાં કાહાડી.

જેલરના ચોકીઆતો સાંજના ૬ વાગતે કોટડીઓને તાળું મારી જતા અને સહવારે ૬ વાગતે પાછા તાળું ઉઘાડી બંદીવાનોને બાહાર કાહાડવા આવતા. તે મુજબ સહવારે ચોકીદાર કોટડી આગળ આવ્યો તેવો તેને ભીખુભાઇએ પેહલી વરદી એ આપી કે "જલદી જઇને મી૦ જામાસજી વકીલને તેડી લઇ આવો."

ચોકીદારે જેલરને જઈ કહ્યું અને જેલરે તાબડતોબ મી૦ જામાસજીને તેડી લાવવા માણસ દોડાવ્યું.

આજે સેશન બેસવાની હતી, માટે શેઠબાવા તરેહવાર કામોની ઇનતેજારીમાં સહવારના પ્રહરથી જોન્સ અને જામાસજીની આફીસમાં નહી પણ મી૦ જામાસજીને ઘેર જઇને બેઠા હતા. ત્યાંજ જેલરની ચીઠી આવી કે ભીખુભાઇ એકદમ બોલાવેછે.

મી૦ જામાસજી મનચેરજીશેઠને પોતાની સાથે લઈને ગયા. થાક, જાગરણ, ફિકર, વિચાર અને પસ્તાવાથી ભીખુભાઈનો કંગાળ અવતાર જોઈ તેઓ ઘણા કચવાયા. શેઠબાવાથી પોતાના નાન્હાશેઠના આ હાલ જોઇને આંખોમાં પાણી આવ્યા વગર રેહવાયું નહી.

પણ ભીખુભાઇએ પોતાના બાપને મળવા ના પાડી. તેણે ખાનગી વાત કરવી હતી અને તે એકલા મી૦ જામાસજી સાથ કરવા માગતો હતો. જેલર, જે તેઓની સાથે હતો તે મનચેરજી શેઠને બાહાર લઈ ગયો, અને મી૦ જામાસજી એકલા બંધવાની આગળ રહ્યા.

"મેં ખરેખરૂં કહી દેવાનો ઠરાવ કીધોછે." તે એકદમ જામાસજી આગળ બોલી પડયો.

"ઘણુંજ સારૂં." મી૦ જામાસજીએ ગંભીર ખુશી બતાવી. "પછી?"

"પણ તે એક શરતે." ભીખુભાઇએ વાત ચલાવી. "હું જે કહું તેના શાક્ષી લાવવા જોઇયે. હું એમ કહું કે ખુનની વખતે હું ફલાણે ઠેકાણે હતો તે શાક્ષી વગર કોણ માનવાનું છે?"

"અલબતાં કોઈ નહી માનશે. પણ કોઈ શાક્ષી છે?" મી૦ જામાસજીએ ઇનતેજારીથી પુછયું.

"હા છે." ભીખુભાઇએ તેની આતુરતા નરમ પાડી "હું બાહાર હતો અને ક્યાં બાહાર હતો તેના એકથી વધારે શાક્ષી છે. પણ સવાલ એ છે કે તેઓ શાક્ષી પુરશે?"

"કાં નહી? તેઓએ શાક્ષી નહી પુરવાનું કારણ શું? જો કોઇનો જીવ જતો બચાવવાના કોઈના હાથમાં હોય તો તે એવો તો કસાઈ નહી હોય કે પોતાની શાક્ષીથી તેનો જીવ નહી બચાવે."

"શાક્ષી પુરવાથી કાંઈ બીજી ખરાબી થતી હોય તો?" ભીખુભાઇએ અંદેશાથી પુછયું.

"તેમ હોય તો વળી જરા વિચારવા જેવું થઈ પડે." મી૦ જામાસજીએ ફિકર બતાવી. "પણ ગમે તે થવાનું હોય તોપણ જો તું બતાવે તો આપણે શાક્ષી મેળવીશું, ભીખુભાઇ, તે લોકો કદાચ શાક્ષી નહી પુરશે એવી બીકથી તેં આટલા દાહડા આનાકાની કીધી કે?"

"નહી. ફક્ત તેઓની બીહીકથી નહી." ભીખુભાઈએ નિર્દોષિત એકરાર કીધો. "પણ મારો જીવ બચાવતાં બીજા ઉઘાડાં પડે અને બીજાઓની ખરાબી થાય તે મને પસંદ નથી."

"તું મને કેહ તો આપણે કાંઈ રસ્તો શોધી કાહાડીશું. અંધારામાં ગોતાં ખાધેલા શા ખપના?"

"ત્યારે હું તમારા વિશ્વાસ ઉપર તમોને કહુંછ તે સાંભળો."

કેદીઓની જે કંગાલ ખાટ ઉપર ભીખુભાઇએ રાત્રી બેચેનીમાં ગુજારી હતી તેજ ખાટ ઉપર હવે તે અને મી૦ જામાસજી બંને સાથે બેઠા અને ભીખુભાઇએ તે રાત્રે રત્ની સાથ મુલાકતમાં રાત્રી ગુજારી હતી તે સંબંધી જે કાંઈ કેહવાનું હતું તે સઘળું કહી દાખું.

પ્રકરણ ૧૫૫ મું.

નવો શક.

તેજ દાહાડે સહવારના ૧૦ વાગતે સેશન બેઠી. ભીખુભાઈ અને બીજા કેદીઓને ચોકી પાહરા તલે લાવવામાં આવ્યા. ભીખુભાઇને ઘોડાની શીગરામમાં એકલો આણ્યો હતો, તેની સાથે ગાડીની અંદર એક ગોરો કાનસ્ટેબલ હતો, ગાડીની બાહાર કોચબાક્ષ ઉપર એક પોલીસનો સિપાઈ હતો.

ભીખુભાઇને ગાડીમાંથી ઉતારતાંજ કાંઈ સેંકડો આંખ્યો તેને જોવા સારૂં તાકવામાં આવી, અને જ્યારે ખરેખર તપાસ ચાલશે ત્યારે તેનો તમાસો જોવા કેટલું લોક મળશે તેની આ એક નિશાન માત્ર હતી. પેહલેજ દાહડે કાંઈ એ કજીયો નિકળવાનો નહી હતો; પણ જ્યાંસુધી કેસ નિકલે નહી ત્યાંસુધી દરરોજ આ અપરાધીને જોવા આવનારા લોકોની ભીડ કાંઈ ભાગે યા તેની પોતાનીજ નહી પણ તેના બાપની જગતને મોહડે ચહડી ગયલી ફજીયતી અટકે એમ લાગ્યું નહી.

કોર્ટ બેઠા અગાઉ કોર્ટનું દિવાનખાનું ચિકાર ભરાયલું હતું. બારણામાં ઉભેલા લોકોને ખીસાડતાં પોલીસને મેહનત પડતી હતી. આ ભીડમાં નજરે પડતા જાણીતા માણસોમાં એક તો ડિટેકટિવ પોલીસનો ચાલાક વડો કરીમખાન હતો. તે જાણે કાંઈ જાણતો નહી હોય તેમ ફર્યા કરતો હતો ત્યારે તેની નજર આસપાસ સર્વેમાં હતી.

આ ભીડની વચ્ચે મી૦ જામાસજી વકીલ ઝડફથી રસતો કાહાડતા કોર્ટમાં પેસતા હતા. કરીમખાને તેને જોતાંવારજ તેની પીઠ ઉપર હાથ લગાડી તેને અટકાવ્યો અને સર્વ ભીડની બાહાર લોકોની નજર પોંહચે નહી તેવાં એક ખુણામાં તે વકીલને બાજુએ લઈ ગયો.

"હું તમારીજ વાટ જોતો હતો, મી૦ જામાસજી" તેણે ઘણા ખુલ્લાં દિલના વિશ્વાસથી પુછયું. "એ શી વાત ચાલીછ કે ભીખુભાઈ 'આલીબી' સાબેત કરવા માગેછે? એ શું ખરી વાત છે?"

"એ વાત કેમ બાહાર ગઈ?" મી૦ જામાસજી જરા નેણ ચહડાવીને બોલ્યા. "હજી તો આજે સહવારે મેં ગોઠવણ કીધી તે એટલાવારમાં તો જણાઈબી ગઈ?

"બીહો ના, વકીલ સાહેબ," કરીમખાને ધીરજ આપી "એ વાત બાહાર જણાઈ નથી. એકલા મેંજ જાણીછે. કોઈ ચીજ હું નહી જાણું એમ નથી."

કરીમખાને ખોલાસો કીધો કે આજે સહવારે તે બંદીખાને ગયો હતો ત્યાં જે-

બરે આ વાત કહી. જેલરને એ ખબર આપનાર બીખુભાઇ પોતેજ હતો, જેણે જેલરને પુરતા ભરૂસાથી કહ્યું કે "હું આલીબી સાબેત કરીશ ને જુરી મને જરૂર છોડી દેશે."

"મૂર્ખ ગધેડા છે, એ પોસ્યો" મી૦ જામાસજીએ બીખુને બદનામ કીધો. "એ વાત બીજાઓ આગળ બોલવાની તેને કાંઇજ જરૂર નહી હતી."

"મારીથી એ વાત બાહાર જવાની નથી. તમે ફિકર ના કરશો" કરીમખાને વકીલ સાહેબને થંડા પાડયા. "હું મનચેરજી શેઠનો મિત્ર છું અને તેના દીકરાનો જો છુટકારો થતો હશે તો હું આડો જઇશ નહી. પણ એ છુટકારાની શી વાત છે, શેઠજી?"

"વાત ખરી છે. એ છોકરો ખચીત છુટી જશે. તે 'આલીબી' બતાવશે."

"પણ એ 'આલીબી' માં કાંઇ બનાવટ તો નથી?" કરીમખાને પોતાના હંમેશાના સંકાશિલ સ્વભાવથી પુછયું.

"મુદલ નહી." મી૦ જામાસજીએ ખાતરી આપી. "જો એ બનાવટ હોય તો તેને હું સલાહજ આપું નહી. પણ એ બનાવટ નથી. તમને તો ખબર છે, કરીમખાન, કે ખુનની વખતે તે ઘેરમાં નહી હતો એમ એ છોકરો પેહલે દાહાડેથી કેહતો આવ્યોછ."

"પણ તે કયાં હતો તે કેહછે?"

"હા. મારી આગળ તે સઘળું કબુલ કીધુંછ અને તે તપાસની વખતે માલમ પડશે."

"એ છોકરો જો બાહાર ગયો હોય તો કાંઇ સારાં કામમાં ગયો નહી હોય." કરીમખાને તર્ક બાંધી અને જામાસજી તે વિષે કશું બોલ્યા નહી, પણ પોતે જાણવા છતાં અજાણપણું બતાવવા જેમ લોકો ખભાં ચહડાવેછે અને કાનપર હાથ મુકેછે તેવી કાંઇ ઇશારત આ વકીલે કીધી.

"વારૂ, મી૦ જામાસજી, હું ખાનગી અને વિશ્વાસ ઉપર પુછુંછું તે ખરેખરૂં કહો." કરીમખાને જરા વિચાર કરીને પાછી વાત ચલાવી. "શું તમે આ છોકરાને બેગુનાહ માનોછો? જો માનતા હોવ તે ખરૂં કેહજો."

"કરીમખાન મારી ખાતરી છે કે આ ખુનથી જેટલો તું યા હું નિર્દોષ છીયે તેટલોજ બીખુભાઇ પણ નિર્દોષ છે. મને કાલ સુધી શક હતો, પણ આજના તેના એકરાર પછી મારી પકી ખાતરી થઇછ કે એણે ખુન કીધું નથી."

"ત્યારે તો હું ખુશી છું." કરીમખાનને ગોયા કાંઇ નવો સુધાર મળ્યો હોય તેમ તે કુતરા પેઠે નાકના ફીકડાં ફફડાવા લાગ્યો. "હવે, ત્યારે, જ્યાં બીજીગમ મારા શક જાયછે ત્યાં હું તલાશ ચલાવીશ."

"બીજીગમ શક જાયછ?" વકીલે અચરતીથી પુછયું.

"હાજી. બીખુ ઉપર મારો શક એટલો મજબુત હતો કે તે બીજા શકની મેં કદીવાર કાધી નહી. પણ હવે જ્યારે તમે ખાતરી બતાવોછ ત્યારે કહુંછું કે એ બીજી તરફ હવે મારી નજર દોડાવીશ."

"તે કોણ છે વળી?"

"જુવો સાહેબ. મારીથી વાત બાહાર નહી જવાની જેમ મેં કબુલાત આપીછ તેમજ આ વાત તમે બાહાર નહી કરો તેના ભરૂસા ઉપર કહું." કરીમખાને મી૦ જામાસજીને ચેતવીને પછી છુપ્યો ખોલાસો કીધો. "મને લાગેછ કે આ ખુનના હેઠાણમાં એક બૈરી છે —"

"બૈરી!" મી૦ જામાસજી અચરત થઇ પડયા.

"હા. એક ઓરત. મરનાર અદુભાઇ તે રાત્રે કલબમાં ગયો ત્યારે તેને રસ્તામાં એક બૈરી મળી હતી. એ સ્ત્રી સાથ મરનારે આગળ કાંઇ સારી ચાલ ચલાવી નહી હશે. તે સ્ત્રી તેને અચબુચ રાત્રે મળી અને તેણે પોતાનો ગુસો કોઇ રીતે મરનાર ઉપર બતાવ્યો. પણ તે જીભનેજ

રસતે—બૈરાં બીજે કયે રસ્તે ગુસ્સો બતાવી શકે?—પણ જાણે નહી હોય, કાંકે, મરનાર તે સાંભળવા ઉભો નહી પણ ચાલી ગયો. હવે, મીં૦ જામાસજી, મને વેહમ જાયછે કે મરનાર પોતાને ઘેર પાછો ફર્યો ત્યાંસુધી તે સ્ત્રી અથવા તેનું કોઇ સગું વ્હાલું તેની વાટ જોતું ભરાઇ બેઠું હોય અને મરનારની પાછળ તેના ઘેરમાં ગયું હોય, અને તેણેજ ખુન કીધું હોય તો? હું એ વિષે તજવીજ કરીશ."

"તમે કઈ સ્ત્રી વિષે બોલોછો?" જામાસજીએ પુછયું. "દાદર વાળી પેલી છોકરી, કે જેના સંબંધમાં મરનાર અદુભાઈની નાલેશી ચાલતી હતી?"

"હા તેજ. પેહલાં બીખુભાઈ ઉપર મજબુત શક હતો તેથી એ બનાવપર મને શક ગયો નહી."

"પણ એક છોકરીના નાજુક હાથ આવું ઘાતકી કામ કરે?"

"તે તો માફજ કરજો સાહેબ." કરીમખાને પોતાનો અનુભવ કહ્યો. "જીવપર આવેલી છોડી ગમે તે કરી શકે. કેટલાંક બૈરાં માટીડા કરતાં જોરાવર હોય છે. વળી તે રાત્રે મરનાર પીધેલો હતો માટે તેનામાં જોર નહી હતું."

"એ છોકરીને મેં જોયલીછે. તે ખુની હોય એમ તેના ચેહરા ઉપરથી દેખાતી નથી."

"સાહેબ, ચેહરા ઉપર ભૂલવું નહી. મેં અપરાધીઓ સાથે કામ પાડયુંછે તેથી હું જાણુંછ કે ચેહરા ઘણીવાર ખોટી સાહેદી પુરેછ."

"પણ એ છોકરીનું નામ શું? જીવખાંયાંની જરી કેહછ તે?"

"હા. તેનું નામજ લોકોનો જીવ ખાઈ જવાનું બતાવેછે."

પણ એટલી વાત થતાંમાં તો સેશન કોર્ટમાં જડજ આવી બેઠા, તેના આવવાની કોર્ટના ડાંડિયા (ક્રાયર) થી ખબર પોકારવામાં આવી અને જામાસજી તથા કરીમખાન બંનેને કોર્ટમાં બીજાં કામ હતાં માટે તેઓની આ વાત અંહીજ બંધ પડી.

કોર્ટ બેસતાં પેહલાં કોઇને મોશનો કરવાં હોય તે સાંભળવામાં આવેછે. બીખુભાઈના કેસને માટે આડવોકેટ જેનરલે મોશન કીધું કે કોર્ટે એક દાહડો ઠરાવવો. કોર્ટે પાંચ દાહડાના ખાંચા પછી છઠ્ઠો દાહડો ઠરાવ્યો અને સ્પેશિયલ જુરીને માટે જે બડુખાંઓને સમન કરેલા હતા તેમને તે દિને બોલાવ્યા.

પ્રકરણ ૧૫૬ મું.

દાદરમાં ચર્ચા.

સાંજે દાદરના રસ્તા ઉપર લોકોનું એક ટોલું મળેલું હતું. બાહારગામથી આવેલો એક રાજા પરેલમાં ઉતરેલો હતો તેની ભભકદાર સ્વારી વાંદરા તરફ ફરવા જનાર હતી, તેને જોવાને પરેલ અને દાદરના રેહવાસીઓ છુટાં છુટાં ટોળાં થઈને ઉભાં હતાં.

દાદરના પારસી મોહલામાં રેહનારાં માટીડા બૈરાંઓનું ટોલું મોહલાને નાકે રસતા ઉપર ઉભેલું હતું. "દાદર સભા" ને મળવાને હજી વાર હતી, સભાનો સરનશીન "શેઠ રુસ્તમજી ગાંધીભાઈ ગુમાસ્તાના" ને હજી આવવાનો વખત હતો, તેટલાં એ સભાના થોડાક મેમબરો પણ પોતાની ફુરસદ આ રસતા ઉપર ગાલવાને આવેલા હતા અને ગામની ગપસપ ચલાવતા હતા.

રાજાની સ્વારી એ રસ્તે જવાની હોવાને લીધે પોલીસના માણસો પણ લોકોનાં આ ટોળાં વચે જણાં હતાં.

થોડીવારમાં શેઠ મનચેરજી મોટાભાઈ વકીલની ગાડી રસતા ઉપરથી પસાર થઈ. મનચેરજી શેઠ આગળ પોતાની ખુલ્લી ગાડીમાં ઘણા ભપકાથી બેસતા હતા. આજે તેવણના દીકરાને સેશન કોર્ટમાંથી સિપાઈઓ જેલમાં પાછો લઈ ગયા તે જોયા પછી અને કેસને લગતી મેનીજ કીધા પછી દુખીદિલે પોતાના ઘેર તરફ પાછા ફરતા હતા. હવે તેવણ ગાડીના ફડકાં બંધ કરીને બેસતા અને દાદર તથા પરેલના લોકોને પોતાનું મોહડું દેખાડવાને લજવાતા હતા. તેવણની ગાડી પસાર થઈ કે લોકોમાં તેવણની અને ભીખુભાઈની વાત ચાલી.

"મરેરે! બિચારા બાપને બુઢાપામાં કેવું લાગતું હશે!" આ ટોળાંમાંની એક સ્ત્રી દયા ખાઈને બોલી!

"બધો વાંક બાપનો છે. એણે દીકરાઓને બગાડયા ત્યારે કેની?" બીજીએ જવાબ દીધો.

"પણ એ દુકતા ભીખુને આજે શું શું વિચાર આવ્યા હશે?" ત્રીજી બૈરી બોલી.

"એવી હાલતમાં એક બંધવો અડધો તો ધનતેજારીથીજ મરી જાયછે" એક બુઢા પારસી મોહલાદારે નસીહત દીધી.

"બે ચાર દાહડામાં જે હશે તે સેવટ જણાઈ જશે." પેહલી બૈરી બોલી.

"ઓહો! જરબાઈ સ્વારીની વાટ જોતાં ઉભાંછો, બાઈ?" જીવખાયાંની જરી એક પથરના ઢગલા ઉપર જરા છેટે બેસીને આ લોકોની વાત સાંભળતી હતી, તેની આગળ કોઈએ અચબુચ નિકલી આવી આ સવાલ પુછયો.

એ પુછનાર કોઈજ નહી પણ આપણો ડીટેકટિવ ખાનબાહદુર કરીમખાન હતો. તે ફરતો ફરતો આજે આ તરફ નિકલી આવ્યો અને ખામખા જોતો જોતો જરી બેઠેલી હતી ત્યાં આવી તેની સાથે વાતે વળગ્યો.

"સ્વારી ને બવારી. આપુણે કાંઈ એવા શોખ નહી." જરીએ કરીમખાનની જાણ કનવાર બતાવ્યા વગર જવાબ દીધો. "આ લોકો વાતો કરેછે તે જરા બેઠાં બેઠાં સાંભળીયે. બીજું શું કરીયે?"

"એ લોકો મનચેરજી વકીલના દીકરા અદુભાઈના ખૂનની વાત કરેછે" કરીમખાન પોતાનાં કામનેસર આ વાત સાંભળીનેજ જરી આગળ આવ્યો હતો તે બોલ્યો "બિચારા મરનાર અદુભાઈનું એવું ઘાતકી ખૂન થયુંછે કે જો બીજો હોત તો લોકો તેની કેટલી દયા ખાત. પણ આ અદુભાઈની ચાલ પાંસરી નહી એટલે હવે તેની કોઈને જાણ દયા નથી."

"કોઈ કોઈને દયા લાગેછે" જરી કરીમખાન તરફ જરા ડોકિયુ કરીને ટુંકમાંજ બોલી.

"છેલીજ સેશનમાં એ અદુભાઈને મેં કોર્ટમાં દીઠો હતો અને એક ખૂનનો કેસ બેસીને સાંભળતો હતો." કરીમખાને વાત આગળ વધારી "આજે તેજ બિચારાના ખૂનની તપાસ માથે આવીછે."

કરીમખાન આ વાત કરતો જતો ત્યારે જીવખાયાંની જરીને જાણે કે ભખી ખાતો હોય તેમ તેના ઉપર એ વાતની અસર કેવી થાયછે તે ટીકી ટીકીને જોતો હતો—તો જોકે તે કાંઈ ખામખા મતલબથી આ વાત કરેછે એવું દેખાડતો નહી હતો. જરી ચૂપ બેસી રહી હતી.

"અને આ તેનો ભાઈ ભીખુ" જરીને ચૂપ જોઈ કરીમખાને હજી વાત ચલાવી "તે છેલા ખુનીને ફાંસી દીધી ત્યારે તેનો તમાસો જોવા આવ્યો હતો, તેને જ્યારે યાદ આવતું હશે કે તેને એજ ફાંસીના લાકડાં ઉપર લટકેલો બીજાઓ તેને જોવા આવશે ત્યારે એને પણ કેવું લાગતું હશે!"

"શું એ ભીખુભાઈ ફાંસી જશે?" ઓહી જરીએ જરા પુછવાની હિમત કીધી.

"જો ગુનેહગાર ઠરશે તો ફાંસી જશે."

"પણ એ ગુનેહગાર ઠરશે કે? તમે શું ધારોછ કરીમખાન?" જરીએ જરા ઈનતેજારીથી પુછયું.

"તમે શું ધારોછ જરબાઈ?" કરીમખાને જવાબ ઉડાવીને સામું જરીનેજ પુછયું.

"હુંતો નથી ધારતી કે એણે ખૂન કીધું હોય."

"નહી? તમે નહી ધારતાં?"

"નહી. ભાઈબાપનું શું કામ ખૂન કરે?"

"બરાબર છે." કરીમખાને ટેકો આપીને ઉમેર્યું. "પણ ત્યારે કોઈ બીજાંએ ખૂન કરવું જોઇયે. જો ભીખુનું એ કરમ ન હોય, તો બીજા કોણે કીધું?"

"કોણ જાણે કોણે કીધું હશે?" જરીએ અટકલ ચલાવી. "મરનારના દુશમન ઘણા હતા."

"પણ જરીબાઇ, મારી આંખ જો મને દગો દેતી નહી હોયતે, હું ધારૂંછુ કે ખૂનની રાત્રે તમે મરનારને મળ્યાં હતાં?" કરીમખાને કશી પણ ઉલટ બતાવ્યા વગર જાણે કે સેજ વાત કરતો હોય તેમ પુછયું.

"હું? મરનારને મળી? તમે કેમ જાણ્યું?"

"મેં તમોને જોયાં હતાં." કરીમખાન ઓટું બોલી પડયો. "મરનાર સાથ એકદમ તમે વાત કરતાં હતાં."

"હા. ચંદનીમાં ફરતાં ફરતાં અમે થોડાંક પડોશીઓ મેહમ ગયાં હતાં. પડોશીઓ આગળ ચાલી ગયાં અને હું લગાર પછવાડે રહી ગઈ તેટલામાં મરનાર મને મળ્યો. તે કેવો માણસ હતો તે મેં તેને કહી દીધું. હું ઘણા મહીના બલકે વર્ષ થયાં એને મળી નહી હતી. આટલી મુદતે હું મળી તો મારે જે બે બોલ કેહવાના હતા તે મેં કહ્યા. હું ધારૂંછ કે મેં જે એને ખરૂં કહ્યું તેથી એના ઉપર અસર થઇ હશે."

"ત્યારપછી ફરીથી તેજ રાત્રે તમે મરનારને મળ્યાં હતાં?" કરીમખાને ધીરે રહીને પોતાની મતલબનો સવાલ પુછયો.

જરીએ ના કહી, પણ એટલામાંતો રાજાની જે સ્વારીને માટે સઘળાં એકઠાં મળ્યાં હતાં તે સવારીના આવવાનો આવાજ સંભળાયો અને બીજાંઓ સાથ કરીમખાન તે જોવા પડયો. તેણે જરી તરફ ફરીથી જોયું ત્યારે તે સટી ગયલી જણાઈ. પણ બીજાં મોહલાદારો સાંજના ઝઝખલાંમાં પોતાના મોહલામાં દાખલ થઈ ઘેરેઘેર જતાં હતાં તેઓમાં જરી પણ ગુપચુપ જતી હતી—વધારે કાંઈ નહી.

"હમણાતો તું જા બાઇ જા, પણ તું કયાં જવાનીછે? તારી ઉપર જરા નજર રાખવી પડશે." કરીમખાન બોલ્યો.

પ્રકરણ ૧૫૭ મું.

તપાસ.

ઠરાવેલા મંગળવારની સહવારના ૧૦ કલાકે ખૂનના મુકદમાની તપાસ કરવા કોર્ટ બેઠી.

આ ખૂન વિષે ગામમાં એટલી તો ચર્ચા ચાલી હતી કે ગોયા આખાં ગામે આ તપાસ સાંભળવા જવાનો ઠરાવ કીધો. ખચીત મેહમનું ગામતો ગોયા આખુંજ હાજર થયું હતું. મનચેરજીશેઠના સગાં વ્હાલાંઓજ એક મોટાં લશકર જેટલાં હતાં. તેઓ તથા દોસ્તો, મેહરબાઈના સગાઓ, અદુભાઇના દોસ્તો, લાગતા વલગતાઓ, પાર પડોશીઓ અને બીજા અલફાતુ તમાશગીરોથી આખી કોર્ટ ભરાઈ ગઈ હતી અને કોર્ટ ચિકાર ભરાતાં વળી ઘણા લોકો બાકી વધ્યા હતા. કોર્ટની બાહારની ચાલ ભરાઇ ગઇ હતી,

દાદરો ભરાઈ ગયા હતા, બાકીના લોકો ઓટલા ઉપર હતા, ઘણુ રસ્તામાં એકઠા થયા હતા, અને બીજા ઘણાક વળી જગ્યા નહી મળવાથી બડબડતા ઘેર ગયા હતા. અલબત્તાં આ સઘળા પારસીઓ હતા.

જડજ સર હેનરી ઈસ્ટન બરાબર ૧૦ વાગતે ન્યાયાસનના પાછલા બારણામાં સીહડી ઉપરથી ચહડી પોતાના તખ્ત ઉપર આવી બેઠો. તે નામદારનો મીઠો ચેહરો, બુજર્ગી ભરેલી પેશાની અને અકલમંદી ભરેલાં પ્રકાશનો સઘળાં જોનારમાં મેહર ઉતારે એવો માયાલુ હતો; પણ આજની તપાસના ભારી જોખમે તેને ગંભીર બનાવ્યો હતો. તમામ લાલ ઝભા વચે તેનો દેખાવ યમદેવની પેઠે પેહલે ઘરથી આતશિયા ધાક ભરેલો દબદબો મારતો હતો, અને તેથી તેણે પોતાની ખુરશી લેતાંજ ટાંચણી પડે તો સંભળાય એવી ચુપકીદી આખી કોર્ટમાં ફરી વળી હતી.

"ભીખાજી મનચેરજી મોટાભાઈ" ક્રાઉનના કલાર્કે બંધવાનું નામ પોકારતાંજ પોલીસના સીપાહીઓએ અપરાધીનાં પીંજરામાં તેને ઉભો કીધો તેવીજ એક હજાર આંખ્યો તેને જોવા ટાંપી. કોઈએ ચસમા ચહડાવ્યા, કોઈએ ડોકિયાં ઉંચાં કીધાં, સઘળાઓએ આ બંધવો કેવો છે, તેના ઉપર કેવી અસર થઈછે તે જોવાને આતુરતા બતાવી.

આડવોકેટ જેનરલ પોતાના મદદનીશ બારિસટર અને સરકારી વકીલ સાથે બંધવાને પીઠ કરીને બેઠા હતા, તેઓએ પણ બંધવા તરફ ફરીને આઈગ્લાસ ચહડાવ્યાં. બંધવાનો બાપ અને બીજા અતલગિયા તો બંધવાના પીંજરાંની પાસેજ બેઠા હતા, તેમની નજદીકમાં તેમના વકીલ મેશ્યર્સ જોન્સ અને જામાસજી હતા, અને તેમની આગલી હારમાં મુંબઈના સર્વેથી ફતેહમંદ બારિસટરો મી૰ હ્યુસન અને મી૰ બેનજામીન બંધવાના હકને માટે લડવાને પોતાના બ્રીફો, પોથીઓ અને કોથળાઓ લઈને તૈયાર બેઠા હતા.

"બંધવા ભીખાજી મનચેરજી મોટાભાઈ," ક્રાઉનના કલાર્કે એક નસેસાલારની પેઠે અનુરાગી આવાજમાં તેને સાદ મારીને પુછયું "તમારી ઉપર તમારા ભાઈ અરદેસર મનચેરજી મોટાભાઈનું તા૰—મીની રાત્રે ૧૧॥ કલાકે માહમ કાસ્ટલ નામના તમારાં ઘેરમાં ખુન કરવાનું તોહમત મેલ્યુંછે. તમો શું કહોછો? એ અપરાધના તમો ગીલટી છો કે? નાટ ગીલટી?"

"નાટગીલટી."—બંધવાએ મજબુતીથી જવાબ દીધો. તુર્તજ સમન કરેલા સઘળા "એસ્કુવાયરોના" નામ લઈ સ્પેસિયલ જ્યુરી ભરવામાં આવી અને તેમને સોગંદ આપ્યા પછી, તથા મુકદમો વિકટ છે માટે જ્યુરીને રાત્રે પરહેજ કરવી પડશે તે ઉપરથી તેમને પોતાને ઘેરબારે કાંઈ ચીઠી પત્રી લખવી હોય તે લખાવીને પછી, જ્યુરી તદન તૈયાર થતાંજ તપાસ આગળ ચાલી.

આડવોકેટ જેનરલે જ્યુરી આગળ લંબાણથી કેસ કહી સંભળાવ્યા પછી શાક્ષી લીધા.

પેહલા શાક્ષીઓ જે તપાસવામાં આવ્યા તેઓમાં મુખ્ય ચાનબીબી આયા હતી. અદુભાઈની લાશ જમવાના ઓરડામાં પેહલવેહલી જોનાર તે હતી. તે શેઠની સપાટ લેવા ગઈ ત્યારે એ દેખાવ તેની નજરે પડયો હતો. રાતના ભાઈ ભાઈઓની મારામારી વેળા તે હાજર નહી હતી, પણ તે મારામારી પછી જઈ લાગી હતી. ઝભો જે ઉપર મરનારની લાશ મળી આવી તે બંધવાનો હતો તે આ શાક્ષી જાણુતી હતી અને તે ઉપરથી તેણે કોર્ટના પુછયા વગર મત આપ્યું કે આ ઘાતકી કામ ભીખુભાઈનુંજ હતું.

"તે કેમ જાણ્યું કે એ ઝભો બંધવાનો હતો?" મી૰ હ્યુસને બંધવાની તરફથી ઉલટપાલટ તપાસમાં પુછયું.

"હું જાણુંછું કે એ ઝભો ભીખુભાઇનો છે."

"પણ હું પુછુછું કે તેં કેમ જાણ્યો?"

"તેના ઉપરની નિશાનીથી." આનબાબીએ ઈંધાણી આપી "તે જાડો ખભર છે. તેને લાલ મખજી અને લાલ અસતર છે. મેં તે ભીખુભાઇના ઓરડામાં કાંઇ સેંકડો વખત ખુંટીપર લટકાવેલો જોયલોછે ને પેહરતાંબી જોયલો છે."

"એ ઝભો પેહરીને ખુનની રાત્રે બાહાર જતાં બંધવાને તેં જોયો હતો?"

"હાજી. હું બાઈના ઓરડામાં બિછાનું બિછાવવા ગઇ હતી ત્યાંથી, જમવાના ઓરડાની બારીએથી ઉતરીને બાગમાંથી રસતાના દરવાજા તરફ જતાં ભીખુભાઇને મેં જોયા હતા. હું માળા ઉપર બાઇના ઓરડાની બારીએ ઉભેલી હતી."

"પણ બંધવો કેહછે કે તે દરવાજા ઉપર ગયો નહી તેની અગાઉ પાછો આવી જમવાના ઓરડાની બારીએથી ઝભો ઓરડામાં પાછો ફેંકી ગયો હતો." મી° હુસને પુછ્યું "તેં બંધવાને તેજ વખતે પાછો આવતાં જોયો હતો?"

"નહી. એને પાછો આવેલો મેં દીઠો નથી."

"તું બારીએ કેટલીવાર સુધી ઉભી હતી?"

"થોડીજ વાર."

"પણ બંધવો પાછો આવે ને ઝભો નાખી જાય તેમાં જે વાર લાગે તેટલીવાર સુધી તું બારીએ હતી?"

"નહી. મેં ભીખુભાઇને જતાં જોયા કે પછી તુર્તજ હું બારીપરથી ઘેરની અંદર ગઈ."

મી° હુસને કોર્ટને અરજ કરી કે શાક્ષીનો આ જવાબ અગત્ય કરીને નોધવો કાંકે બંધવો પોતાના ઝભા સાથ બાહાર ગયો તે આકરોએ જોયો તે ઉપર સામી પક્ષે ઘણો ભાર મુકયો હતો.

"તેં બંધવાને કેટલે વાગતે બાહાર જતાં જોયો?"

"તે હું શું જાણું? મારી પાસ કાંઇ ઘડિયાલ હતું? પણ હું ઘણું કરીને નવ વાગતા પછી બાઇના ઓરડામાં જાવુંછું માટે બંધવો ગયો ત્યારે ૯ વાગી ગયલા હશે."

"પછી તેં શું કીધું?"

"બાઈના ઓરડામાંથી હું અદુભાઈના ઓરડામાં બિછાનાં પાંથરવા ગઈ."

"ત્યાં મરનાર હતો?"

"હાજી. તે સોફા ઉપર લાંબા પગ કરીને ફરાગાત લેટેલો હતો. પાસેજ બ્રાંડીની બાટલી, સોડા અને ટંબલરો હતાં. હું બિછાના કરીને હેઠળ ઉતરતી હતી ત્યારે કાવલો અદુભાઇને માટે એક ચીઠી ઉપર લઇ ગયો. પછી થોડા વખતમાં બેહસ્તી બાહાર ગયો."

"પછી? બધાં સુઇ ગયાં કે?"

"નહી. બધાં એક પછી એક સુવા ગયાં. વીકાભાઈ અને હીજુભાઇ બાહારથી ૧૦॥ અને ૧૧ વાગતે આવ્યા તેવા પોઢવા ગયા. લુસી મડમ એકદમ સકાળેથીજ સુવા ગઈ. કાંકે તે બોલી કે કેહતીનું માથું દુખતું હતું. દીનવહુ ૧૦ વાગતે પોઢયાં."

"પણ એ બધાંનો સુવાનો તેં હિસાબ રાખ્યોછે ત્યારે તું જાગતી હોવી જોઇયે."

"તો સાહેબ. બાઈ બાબને ઘેરે આવે ત્યાં સુધી મારે જાગવું જોઇયે. હું અને પેસ્તન બેહુ જાગતાં હતાં. અમે બબરચી ખાનાના ઓટલા ઉપર ટાહેલે બેઠાં હતાં. આકરોમાં એકલો કાવલોજ ઉંઘી ગયો હતો."

"ત્યારે, આનબીબી તું એકલીજ જાગતી નહી હતી? પણ પેસતનબી જાગ્યા કીધો?"

"હાજી. શેઠ ને બાઈ ૧ વાગતા પછી આવ્યાં ત્યાં સુધી અમે બેસીને ટાહેલું કસ્યા કીધું."

"અને તમે બામબા જાગ્યા કાં કીધાં?

"શેઠ અને બાઈ રાતે ૧૧ વાગતાની ત્રેનમાં પાછાં ફરનાર હતાં, અને અમે ૧૧ વાગ્યા અગાઉ કદી સુતાં નથી, જ્યારે ૧૧ની ત્રેનમાં તેઓ નહી આવ્યાં ત્યારે અમે બાકીનો વખત તેઓ હમણા આ-

વશે, હમણાં આવશે એમ વાટ જોતાં કાહાડયો."

"વારૂ ત્યારે આસરે ૧૧ કે ૧૨ વાગતાની વચે જમવાના ઓરડામાં તમોને કશી ગડબડ સંભળાઈ નહી?"

"કાંઈજ નહી. કાંઇ માંણસોની બુમ સંભળાઈ નહી, કશો અવાજ વટીક આવ્યો નહી. જો જમવાના ઓરડામાં કાંઇ પણ ગડબડ થાત તો અમોને સંભળાયા વિના રેહેત નહી."

પ્રકરણ ૧૫૮ મું.

કલબ–ફ્રેંડોની શાક્ષી.

બીજી શાક્ષી કાવલાની લેવાઇ. તે બારણું ઢાંકીને ૧૧ વાગતે સુઇ ગયો અને શેઠ તથા બાઈ આવ્યાં ત્યારે તેણે પાછું બારણું ઉઘાડયું. તેણે જમવાના ઓરડાની બારી રાત્રે મોડથી આવતા નાન્હાશેઠોને માટે ખુલ્લી રાખી હતી. તેણે ગતના ભાઈ બાઇઓની મારામારીની શાક્ષી આપી.

ભીખુભાઈ છુરી લઇને અદુભાઈ ઉપર ધસ્યો અને જ્યારે શાક્ષીએ તેને છોડવ્યો ત્યારે તેનો જીવ લેવાના ભીખુભાઇએ કસમ લીધા હતા તે સઘલું શાક્ષીએ કહી સંભળાવ્યું.

લુસીએ જેટલી બીના જોઈ તથા સાંભલી હતી તે વિષે શાક્ષી આપી. ઝભો ભીખુભાઇનો જણાવ્યો, ભીખુભાઇને ઝભો પેહરી જતાં જોયો પણ પાછો આવતાં જોયો નહી તેની ગવાહી આપી. રાતની મારામારીના ગભરાટમાં તેનું માથું ફરી આવ્યું અને તે જલદી સુવા ગઈ અને પછી શું થયું તે કશું જાણતી નહી હતી, કાંકે તે ગભરાટના આવાજથી ઉઠી ત્યારે તો મરનારનું મુડદું તેણે જોયું. લુસી કોર્ટને પોતાનું મત કેહવા જતી હતી કે ભીખુભાઈ ખૂન કરે તેવો છોકરો નથી, પણ કોર્ટે તેને તુર્ત અટકાવી કે "તમારૂં મત કોર્ટને જોઈતું નથી, તમો જાણોછ શું તે કહો." પણ લુસી વધારે કશું જાણતી નહી હતી.

એ કરતાં લગાર રમુજી શાક્ષી કલબના ફ્રેંડોની થઈ પડી.

"શેઠ પેસતનશાહ ચીનાઈ" ની શાક્ષી લેવાઈ, તે માત્ર રાત્રે અદુભાઇને તેવણે હુજતથી કલબમાં કાલી કેસરનો નાચ સાંભળવા તેડાવ્યો તેને લગતી હતી. ખરશેદજી ખજુરિયા જે મરનારને તેના ઘેરવેર મુકવા આવ્યો હતો તેની શાક્ષી લેવાઈ. એ સઘળા શાક્ષી એક સરખુંજ બોલ્યા, પણ તેનો હેવાલ આપતાં અત્રે લંબાણ થઈ જાય. ખરશેદજી ખજુરિયાને મરનારની હાલત વિષે પુછયું.

"નાચની ગમતમાં ઘણો ભંગ થયો. અમે ગાયન સાંભળતા ઉઠી ગયા કાંકે મરનાર પીધેલો હતો અને તેણે ઘણી ગડબડ કરી રંગમાં ભંગ કીધો."

"તે જ્યારે કલબમાં આવ્યો ત્યારે પીધેલો નહી હતો?"

"ત્યારેબી પીધેલોજ હતો. તે પીધેલાની હાલતમાંજ આવ્યો. તેણે બેઅંદાજ પીધેલો જણાયો. કલબમાં આવ્યા પછી વળી આમારી સાથે વધારે પીધો."

"કલબમાં કોઈ સાથ એને મારામારી થઈ?"

"બીલકુલ નહી."

"પણ જ્યારે મરનારના તુફાનથી તમારા રંગમાં ભંગ થયો ત્યારે શું કોઈ ખીજવાયા નહી? શું સઘળા મેમબરોએ સ્વભાવ સંભાલી રાખ્યો?"

"અમે જરા કંટાળ્યા ખરા, પણ મરનારની દયા વધારે લાગી, અને તેને સમજાવીને પાછો ઘેર મોકલવાનું અમોને દુરસ્ત લાગ્યું."

"તમે તેને ઘેર મુકવા કાં ગયા?"

"મરનાર એકલોજ પાધરો ઘેર જઈ શકે એવી હાલતમાં નહી હતો."

"પાધરો નહી જઈ શકે એટલે શું? શું તેના જીવની તમોને કાંઇ ધાસતી હતી?"

"ધાસ્તી કાંઈ નહી. પણ મરનાર ચાલવાને અશકત હતો. કદાચ રસ્તામાં પડી જાય, કાંઇ અકસ્માત થાય, માટે હું તેને ઘેર મુકવા ગયો. વળી ગરમી ઘણી હતી, બાહાર જરા થંડક હતી, ચંદની પુરાનુંમાં હતી, માટે એ બાહને મને જરા ફરવા ગમ્યું."

"પેહલી રાત્રે પોતાના ભાઈ સાથ મારામારી થયલી તે વિષે મરનાર તમારી આગળ કાંઇ બોલ્યો?"

"કાંઈ નહી. પણ અમે ચાલીને જતા હતા, તેટલાં એક બીજો બનાવ બન્યો તે કોર્ટ રજા આપેતો કહું."

કરીમખાન અને બીજાઓ આ નવો બનાવ શો છે તે વિષે ઘણા આતુર થયા.

"તમે જે કાંઈ જાણતા હોવ તે તમારે કેહવું." નામદાર જડજે ફરમાવ્યું અને શાક્ષીએ હેવાલ ચલાવ્યો.

"અમારા કલબ ઉપરથી રસતા ઉપર નિકલવાની ગલીને નાકે અમોને એક માણસ મળ્યો કે જે મરનારને જોતાંવાર તેને ગાળો દેવા પડયો. મરનાર ઉભો રહીને સામી ગાળ દેવા જતો હતો, પણ મેં તેને ખેંચ્યો અને તેના ઘેર તરફ હું તેને ઘસડી ગયો."

"ગાળ કેવા પ્રકારની દીધી?"

"મને બોલો બરાબર યાદ નથી. પણ તેણે મરનારને નીચ દિવાલ્યો કે જે પોતાના માગનારાઓને રડાવી સઘળા ફાજલ પૈસા છાકટપણામાં અને છીણાલામોં ઉડાવેછે એવી મતલબનો કહ્યો."

"પછી તે માણસનું શું થયું?"

"તે હું નથી જાણતો. તે ઉભેલો હતો તેટલામાંજ અમે તો ચાલી ગયા." તે અમારી પાછળ બુમ મારી મરનારને પુછવા લાગ્યો કે "મારો આંકડો ક્યારે ચુકવશે?"

"તે કોણ હતો?"—તે "આ બંધવો હતો?"—"બંધવાના જેવો હતો?"—"તમે તેને ઓળખોછો?"

આ સઘળા સવાલોનો જવાબ શાક્ષીએ "નહી" કરીને વાલ્યો. પણ કહ્યું કે "તે કાંઈ પારસી નહી હતો. તે તો એક બુઢો મેમાન હતો અને મેં તેજ વખતે એ શખ્સને કોઈ પરચુટણ દુકાનદાર ધાર્યો."

"તે તમારી પછવાડે આવ્યો?"

"નહી."

"તમે મરનારને ઘેરપર મુકીને પાછા ફર્યા ત્યારે તે તમોને મળ્યો?"

"નહી. ફરીથી મેં તેને જોયોજ નહી."

"મરનારને તમે ઘેર પોંહચાડયો ત્યારે કેટલા વાગેલા હતા?"

"કલક ૧૧ા નો સુમાર હતો."

પ્રકરણ ૧૫૯ મું.

નવી બીના.

આ રસ્તામાં મળેલા માંગનારની વાત તો તદન નવીજ નિકલી આવી, અને કરીમખાન પોતાની આંખોના ભવાં ચહડાવીને વિચારમાં ગરક ગયો. મરનારના કેથા પગલે પગલે માગનાર હતા, અને જો મરનારનું ખુન બીખુભાઇએ કરવાનો સંભવ હોયતો આવા કોઈ શખ્સેબી કાં નહી કીધું હોય?

કરીમખાને આ નવી વાત પોતાની પરપુછથી ઉકલાવી જોવાનો હજીતો વિચાર કીધો તેટલામાં એ વાતનો ત્યાંને ત્યાંજ ખોલાસો થઈ ગયો. જે બુઢો મેમાન ઉપલી રાત્રે મરનારને મળ્યો હતો તે કોર્ટમાં હાજર હતો, તે ખરશેદજી ખજુરિયાની શાક્ષી પુરી થયા પછી અચબુચ બારમાં નિકલી આવ્યો અને કોર્ટના દુભારિયાને કેહવા લાગ્યો કે "છેલા શાક્ષી જે ધણી વિષે બોલી ગયો તે હું છું. હું મરનારને તે રાત્રે મળ્યો હતો."

કરીમખાને જોયું કે આ તો મેહમનો એક જાણીતો દુકાનદાર હતો.

દુભારિયાએ જડજને કહ્યું અને જડજે પેહલાંતો છેલા શાક્ષી ખરશેદજી ખજુરિયાને પાછો બોલાવી પુછ્યું કે "તે રાત્રે તમાને જે મેમાન મળ્યો હતો તે એજ કે?" ખરશેદજીએ જરા જોઇ જોઇને પછી કહ્યું કે "હા તે એજ." તે રાત્રે ચંદની હતી અને તે મેમાન તેના કદ તથા ચેહરા ઉપરથી તુર્ત ઓળખાઇ આવ્યો હતો.

જડજે આ મેમાનને શાક્ષીના પીંજરામાં ઉભો કીધો, તેને સોગંદ આપ્યા અને તેની જુબાની લીધી. તેણે કહ્યું કે "હું મેહમના બજારમાં પરચુરણ વિલાયતી માલની દુકાન માંડું છું. ઉપલી રાત્રે હું ચંદનીમાં દરિયા કીનારા તરફ ફરવા જતો હતો——"

"કેટલે વાગતે?" જડજે વચમાં પુછ્યું.

"આસરે ૧૧ા થયલા હતા, ત્યારે ગળીને નાકે મરનાર મને મળ્યો. તે છેલા શાક્ષીની સાથે પોતાના ઘેર તરફ જતો હતો. હું જરા પીવેલો હતો, પણ સાવધ હતો. મેં માત્ર તાડી પીવેલી હતી, પણ જરા હદ બાહાર લેવાયાથી હું માત્ર બોલકણો વધારે બન્યો હતો. મેં મરનારને ઓળખતાંવારજ ખીજવાઇને તેને મારા ચહડેલા આંકડાનો તકાજો કીધો. મરનારે મારે ત્યાંથી ઘણોક પરચુરણ માલ ખરીદ કીધો હતો. સારદીનના બાક્ષ અને બીજી વિલાયતી ખોરાકી—અતર, પોમેટમ અને બીજી ખુશબો—અને બીજો ઘણો પરચુરણ માલ લઈ મરનારે આંકડો રૂ૧૦૦ સુધી ચહડાવી મેલ્યો હતો. મેં ઘણી હુંગગાણી કીધી પણ મરનારે વાયદા દેયા કીધા; અને છેલીવાર તો મેં તેને ધમકી આપી કે હું તારા બાપ પાસે આંકડો લઈ જઈશ ત્યારે મરનારે મને ગાળો આપી. હું બચરવાલ છું. મારી બે બાયડી છે અને આઠ બચ્ચાં છે, અને હું ગરીબ માણસ છું એટલે ગુજરાણને માટે ઘેરમાં વેહળા પડેછે અને ઘણો કંકાસ થાયછે. ઉપલી રાત્રે પણ ઘેરમાં બાયડીઓના કંકાસથી ખીજવાયલો હું બાહાર નિકળ્યો હતો તેટલામાં અહુભાઇને જોઇને હું વધારે ખીજવાયો, કાંકે એ જો મને રૂપીયા ચુકવી આપે તો હું આટલો દુખી નહી થાવું. પણ આ વખતે મેં તેના રૂપીયાની આશાજ મુકી હતી અને તેથી હું મરનાર સાથ ગુસાથી બોલ્યો હતો. મરનાર છેલા શાક્ષી સાથ ચાલી જવા પછી હું દરિયા કીનારા તરફ ફરવા જવાને બદલે કંટાળેલો પાછો મારે ઘેર ગયો અને ૧૧ાા થયા તેટલામાં તો મારા બિછાના ઉપર પડયો. જ્યારે મરનારના ખુનની વાત સાંભળી ત્યારે તેને મરતી વખતે મારાથી આવું અપમાન થયુ તેથી હું ઘણો પસતાયો. એણે મારા પૈસા દુબાડયા તોપણ આવો જુવાન જીવ આવી ઘાતકી રીતે બેજાન થવાને લાયકનો નહી હતો. હું જો જાણત કે એ તેજ રાત્રે મરી જવાનો છે તો હું કદીબી એને કડવા શુખન નહી કેહત."

આ અજાયબ જેવા શાક્ષી વિષે પેહલાંતો ઘણાઓને શક ઉપજયો. કરીમખાન આસતે આસતે શાક્ષીની પાસે આવી તેને બારીકીથી તપાસવા લાગ્યો, અને અગત્ય કરીને તેના હાથ જોવા લાગ્યો કે કાંઈ ઘસા યા ચીરા માલમ પડેછે? ખુનની એ

નિશાની, હાથ ઉપરના ઘસાતો બંધવા બીખુભાઈની હથેલીમાં હજી હતા, પણ આ શાક્ષીના હાથ સોજા હતા.

જેમ જેમ આ શાક્ષી વધારે બોલતો ગયો, તેમ તેમ સર્વની ખાતરી થઈ કે તે ખરૂં બોલેછે અને તેના મનમાં પાપ કાંઇ નથી. અદુભાઇ ઉપરનાં પોતાનાં લેહણાંનો આંકડો આ શાક્ષીના ગજવામાંજ હતો તે તેણે કાહાડીને બતાવ્યો. વળી શાક્ષીની સાહેદી પુરવાની રીત ખુલ્લાં દિલની હતી અને તે કશું છુપાવતો નથી એમ સર્વને જણાયુ. તેણે મરનારના ખુન વિષે બતાવેલી દયાથી મરનારના ઘરડા બાપની આંખ્યોમાં પાણી આવી ગયાં, તથા બંધવો પોતે પણ રડતો જણાયો, એટલે તેઓની વઠીક ખાતરી થઈ કે આ મેમાનતો ખૂનમાં સામેલ નહી હોય. તે મેહમના એક આબરૂદાર વેપારી દાખલ સર્વને ઓળખીતો હતો અને તેની સામે કોઇને શક નહી હતો. માટે જ્યારે તેની જુબાની પુરી થઇ ત્યારે જડજે તેને સામી શાબાશી આપી અને તેનો ઉપકાર માન્યો.

એ પછી પોલીસના જે સિપાઇએ મરનારને ખરશેદજી ખજુરિયાની સાથે રસ્તા ઉપરથી લપેરા ખાતો જતાં જોયો હતો તે સિપાઇની સાક્ષી લેવામાં આવી. તેણે ફરીમખાન આગળ જે કાંઈ કહ્યું હતું અને જે વાંચનાર જાણેછે તે સિવાએ નવું તેણે કાંઈ કહ્યું નહી.

વધારે અગત્યની શાક્ષી ડાકટરોની હતી. પેહલાં મેહમવાલા ડાકટર ડી સુજાની સાક્ષી લેવાઈ કે જે મરનારની લાશ જોવામાં પેહલવેહલો હતો. તેણે મત આપ્યું કે તેણે કલાક ૧॥ ને અમલે મરનારની લાશ જોઈ ત્યારે ખાસા બે કલાક અગાઉની મરનારનો જીવ ગયલો તેણે ધાર્યો હતો. તેણે જખમોનો હેવાલ આપ્યો તથા કહ્યું કે ટેબલની છુરી યા કોઈ મોટાં હથિયારે નહી પણ ચાકુના વેહતાં ધારદાર અને અણીદાર પાંનાથી અથવા એવાંજ કોઈ જીણા હથિયારથી ખૂન થયું હતું. કારોનરના ડાકટરે મરનારના જખમ તપાસ્યા હતા તેણે પણ ડાકટર ડી સુજાના મતને ટેકો આપ્યો કે કોઇ જીણા હથિયારવડે છેક ઉંડા ઘા કીધાથી આ મોત નિપજયું હતું.

કોર્ટે બંધવાના હાથ ઉપરના ચીરા અને કાપ વિષે આ બંને ડાકટરોને પુછયું. હજી બીખુભાઈના હાથ ઉપર જખમ હતા, પણ તે સુકાયલા હતા. ખૂનની પછી કારોનરના ડાકટરે કારોનરની જુરી આગળ ઉભા કરેલા બંધવાના હાથ ઉપરના જખમ તપાસ્યા ત્યારે તે તાજા હતા અને તેમાંથી રાત્રે લોહી ગયલું તેની ઇધાણીઓ હતી. કારોનરના ડાકટરે તેજ વખતે મત આપ્યું હતું, અને હમણા આ બેહુ ડાકટરોએ કોર્ટને પણ એજ મત કહી સંભળાવ્યું, કે જે જીણાં અણીદાર હથિયાર વડે મરનારનુ ખૂન થયું હતું તેવાંજ જીણા હથિયારના કાપ, ચીરા અને ઘસા બીખુભાઇના હાથની હથેલી અને આંગલાંમાં હતા.

પ્રકરણ ૧૬૦ મું.

"શેઠબાવા" ની શાક્ષી.

છેલે એક શાક્ષીને બોલાવવામાં આવ્યો કે જેનુ નામ પોકારતાંજ આખી કોર્ટ ઉભી થઈ—તેને માન આપવા નહી પણ તેને જોવાની આતુરતામાં—અને તેને જોતાંવાર આખી કોર્ટને દયા તથા કમકમાટ પેદા થયો.

તે શાક્ષી મરનારના કમબખ્ત બાપ શેઠ મનચેરજી મોટાભાઇની હતી. તેવણને આગલો ભપકો, રોબ અને તાપ રહ્યો નહી હતો. તેવણ ઉભા અને સીધા, છાતી કાહાડીને ચાલતા હતા તેમ આજે ચાલ-

તા નહી હતા. તેવણના ઈસકી પોશાક, ચલકતી પાઘડી અને ડગલીમાંથી ઝુલાતો રેસમી રૂમાલ આજે નહી હતો. તેનું મોહડું સોહરાયલું અને સુકાયલું હતું. તેનો ચેહરો રડેલો હતો. તેની આંખ્યો ડોહવાઇ આવેલી હતી. તેના બાળ ઓલ્યા વગર ઓળખાતા હતા. તે ગોયા જગતને મોહડું દેખાડવાને લજવાતો હોય તેમ નીચેનુ નીચે જોયા કરતો હતો. તેના ખભાં ઉપર કાંઈ ગજબનાક ઓજો પડયો હોય તેમ તે બરડામાંથી વાંકો વળી ગયો હતો. વકીલ બારિસટરો તેને ઘણી ગંભીરાઈથી પુછતા હતા, અને તે જ્યારે ગંભીર જવાબો દેતો હતો ત્યારે આખી કોર્ટ જાણે કે દમ ઉપરનો ઉપર રાખીને તેને સાંભળતી હતી.

આ શાક્ષીની તપાસ ઘણી લંબાણથી ચાલી અને તેમાં પોણો દાહડો ભાગી ગયો. મરનાર અને બંધવા વચેનો કસંબંધ, તેનું કારણ, મરનારનુ કરજ, તે કરજની જામીનગીરી ઉપર બંધવાએ આપેલી સહી, તેથી બંધવાનો બળાપો, ગુસો, ફરિયાદ અને છેલે મારામારી એ સઘળું બારીક વિગતથી શીઠબાવાને પુછવામાં આવ્યું.

"ત્યારે બંધવાના મનમાં ખાર હતો બેશક કે મરનારે તેને ઠગીને તેની સહી લીધી અને તેને ફસાવ્યો?" જડજે પુછયું.

"હા, મારા લાડ." શાક્ષીએ જવાબ દીધો.

"બંધવાએ પોતે તમારી આગળ એમ ફરિયાદ કીધી હતી અને તે ફસાણમાંથી છોડવાની તમોને અરજ કીધી હતી?"

"હા. મેં ભાઇઓ વચે સમજુતી કરાવવાની ઘણી કોશેશ કીધી."

"પણ તેથી કાંઈ વળ્યું નહી? સુલેહ નહી થઇ?"

"નહી થઇ, મારા લાડ.

"રાતના કજીયા વિષે તમે શું જાણોછો?"

"હું કાંઇ નથી જાણતો, કાંકે તે કજીયાની વખતે હું હાજર નહી હતો."

"પણ તમે જતી વેળા દીકરાઓને શિખામણ દેઇ ગયા હતાની કે તમારી ગેરહાજરીમાં કજીયો નહી કરે?"

"હા. અમસ્થી સેજ શિખામણ તરીકે હું ચેતવણી આપી ગયો હતો."

"તમારાં ધણીયાણીએ પણ તેમને પાધરા ચાલવા કહ્યું તે વખતે તમે હાજર હતા."

"હા. મારી બાયડીએ લુસીને પણ ફરમાવ્યું હતું કે છોકરાંઓની આગળ રેહ અને કોઇને લડવા વહડવા દેય નહી?"

"એમ શિખામણ દેવાનું કારણ શું?"

"એક મા બાહાર જતી વખતે બચ્ચાંઓને સાધરણ શિખામણ દઈ જાય તેવી રીતે શિખામણ દીધી હતી."

"પણ આ ભાઇ ભાઇઓ વચે ચાલુ કજીયો હતો, તેઓ રીસાયલા હતા, માટે તમારી ગેરહાજરીમાં કદાચ તેઓ મરાઈ પડે તેની તમોને ખાસ ખાતીક હતી ખરી કની?"

"હાજી."

"અને તે ભયને લીધેજ તમે તેઓને કજીયો નહી કરવા તથા સંભાલીને રેહવા કહી ગયા હતા?"

"હા, મારા લાડ. પણ તે એકલા મરનારનેજ કહ્યું હતું. ભીખુભાઇ તે વખતે હાજરબી નહી હતો."

"તોપણ તે રાત્રે ઘેર જમવા આવનાર હતો? અને તે તમે જાણતા હતા?"

"હા. મારા લાડ."

"પણ શું ભીખુભાઈ કપટી છે એમ તમે ધારતા હતા?"

"નહી. મારો દીકરો ભીખુ તેવો નથી. તે હું સોગંદ ખાઇને કહીશ."

"મરનાર કપટી અને ખારીલો હતો?"

"મરનાર દિલમાં ખાર રાખતો હતો, પણ તે એટલોજ કે ઘણા દાહડા સુધી માત્ર રીસાઇ રેહતો હતો. ભીખુભાઈ બોલો અને ભરબર બોલી દેનારો છે, પણ તે મનમાં વેર રાખતો નથી."

"તમે મોડી રાત્રે આવ્યા પછી તલાશ કીધી ત્યારે તમોને જણાયું કે ભીખુભાઇને

ઝભો ઓઢીને જતાં ઘેરમાંના ઘણા જણે જોયો પણ તેને પાછો આવતાં કોઇએ જોયો નહી."

"તેમજ હતું."

"અંતે ઘેરમાં ગભરાટ થયો અને પરપુછ ચાલી તોપણ બંધવો હાજર થયો નહી?"

"ખરી વાત છે."

"ત્યારે તમે પોતેજ તેના ઓરડામાં તેને શોધવા ગયા!"

"હા. તે પોતાના બિછાના ઉપર મારો અવાજ સાંભલીને જાગી ઉઠયો."

"શું તેણે ગડબડ સાંભળી નહી હશે?"

"હું કહી શકતો નથી. ભર ઊંઘમાં પડયો હોય તો તેણે સાંભલી નહીબી હોય. તેને મેં પુછયું કે ઘેરમાં ગડબડ ચાલેછ તે તું સાંભલતો નથી? તારે તેણે જવાબ દીધો કે હું ભર ઊંઘમાં હતો અને મને કાંઇ સંભળાયું નથી."

"પણ તમે એને એમ પુછયું શા વાસ્તે? ઘેરમાં આટલી બધી ગડબડ છતાં તે જાગ્યો કેમ નહી તે તમોને શક ભરેલું લાગ્યું તેથી તમે તેને પુછયું કની?"

"અલબતાં મને શક ભરેલું લાગ્યું."

"શું શક? એમજ કે બધાં જાગ્યાં ને એ કેમ નહી જાગે?"

"એજ શક મનેબી ગયો."

"પછી, બંધવાએ તમારી તજાશનો જવાબ દીધો?"

"તેણે તદન અજાણપણું બતાવ્યું કે ખુનની વાત તે કશી જાણતોજ નહી હતો. તેણે મને કહ્યું કે તે છેક ૧ વાગતે ઘેરમાં આવ્યો હતો અને એટલો ઊંઘરેટો હતો કે આવ્યો તેવો ઊંઘી ગયો હતો."

"તે કયાં હતો તે તમે પુછયું હશેની?"

"મેં પુછયું. તેણે એટલુંજ કહ્યું કે તે બાહાર હતો. કયાં બાહાર હતો અને કયાંથી આવ્યો તે કેહવાને તેણે ના પાડી. મેં ઘણું સમજાવીને પુછયું પણ તેણે નાથી હાનો જવાબ દીધો નહી."

"તેને તમે પછવાડેથી સમજાવ્યું હશેની?"

"પાછલથી પણ મેં પુછયું. તેને સેશનમાં કમીટ કીધા પછી પણ મેં પુછયું કે તે કયાં હતો તે કેહ, પણ તે કેહવાની ના પાડેછે."

"તે કાં નથી કેહતો?"

"તેનું કારણ હું સમજી શકતો નથી."

"વારૂ તમે પેહલાં જઇને તેને પુછયું ત્યારે તમે બીખુભાઇના હાથ જોયા હતા?"

"નહી."

"તેના હાથ ઉપરના આ જખમ તમે નહી જોયા?"

"તે ઉપર મારી નજર મુદલ ગઇ નહી. છેક સહવારે કરીમખાન બીખુભાઇની તપાસ કરતો હતો ત્યારે તેણે એના હાથ ઉપર પેહલાં મારૂં ધ્યાન ખેંચ્યું. તે વખતે હાથ ઉપર ચાર પાંચ ચીરા હતા અને લોહી તુર્તનું ગયલું હતું."

"તમે એને પુછયું નહી કે એનો હાથ કેમ કપાયો?"

"મેં પુછયું હતું. એણે જવાબ દીધો કે રાત્રે જ્યાં ગયો હતો ત્યાં ચોકસ ગુંથેલા તાર તોડવાના ચેડાં કાહાડતાં તેના હાથ કપાયા."

"બાપ દાખલ તમે એ વાત માનોછો?" છેલો સવાલ જડજે પુછયો.

"હું માનુંછ, મારા લાર્ડ," મનચેરજીએ છેલો જવાબ આપ્યો. "હું માનુંછું કે આ ખુન મારા દીકરાએ કીધું નથી. તે પેહલે ઘરથી એકસરખી રીતે ના પાડતો આવ્યોછે; અને જો કે મરનાર મારો સઘેથી વ્હાલો દીકરો હતો, જોકે તેના ભયંકર મોતથી મને ઘણું લાગુંછે અને તેનો ખુન કરનાર અગર મારો દીકરો હોય તો તેને પણ સજા કરાવવાને હું પાછો હઠું નહી એટલું મારા બેહસતી બેટા વિષે મને લાગેછે, તોપણ હું નથી માનતો કે આ પાપી કામ મારા બીજા દીકરાએ કીધું હોય."

અંહી ફરિયાદી, સરકાર તરફના શાક્ષીઓ પુરા થયા અને બંધવાનો બચાવ કરવાનો વખત આવ્યો.

આટલી તપાસમાં બે દાહડા ભાગ્યા હતા અને મનચેરજીની શાક્ષી પુરી થઇ ત્યારે ત્રીજે દાહાડે પાંચ વાગેલા હતા. જ્યુરી બે દાહડાની કેદ હતી, માટે આજે બંધવાનો બચાવ પુરો થઈ શકે એમ હોય તો જડજે જ્યુરીને પાછી પરહેજ થવાની તસદી ન આપતાં રાત સુધી બેસીને તપાસ પુરીજ કરવાની બાયરા બતાવી.

પણ બંધવાના બારિસટર મી० હુસને જડજના પુછવાથી ખોલાસો કીધો કે તેની તરફનો કેસ આજ આખી રાત બેસતાંબી પુરો થવાનો નથી. "મારે ફરિયાદીના શાક્ષી ઉપર લંબાણથી ટીકા કરવાનીછે" મી० હુસન બોલ્યો "અને ત્યાર પછી વળી બંધવાની તરફથી મારે શાક્ષીઓ બોલાવવાના છે."

એ ઉપરથી જડજે જ્યુરીને પરહેજ કીધી અને મુકદમો ચોથા દિવસ ઉપર મુલતવી રાખવામાં આવ્યો.

પ્રકરણ ૧૬૧ મું.

મી० હ્યુસનનું ભાષણ.

"અને હવે, મારા લાર્ડ અને જ્યુરીના ગૃહસ્થો," બંધવાના બારિસ્ટર મી० હુસને પોતાનું ભાષણ સમાપ્ત કરતાં કહ્યું "અને હવે હું બંધવા તરફના શાક્ષીઓને બોલાવવાની રજા માગુંછું."

મી० હુસનનું ભાષણ લંબાણ, અસરકારક અને દાખલા દલીલો સાથનું હતું. જ્યાં સુધી સરકાર તરફની તપાસ ચાલ્યા કીધી ત્યાંસુધી સઘળા સાંભળનારાઓને લાગ્યું હતું કે બંધવા બીખુભાઈ સામે કેસ ઘણો મજબુત હતો, અને કાલ રોજે ફરિયાદીની બોરદુ પુરી થવા પછી બચાવ સાંભળવાને તપાસ મુલતવી રાખવામાં આવી ત્યારે ઘણાખરા લોકો વેહમમાં ને વેહમમાં ગયા કે બીખુભાઈની કમબખ્તી પુરી થઈ, તેના દાહડા ગણાઈ ચુકયા અને તે ખુનના જબુન વાંકને માટે ફાંસીમાંથી બચે એવી આશા નહી હતી. બંધવાના બારિસટરે કહ્યું હતું કે તે શાક્ષીઓ લાવનાર છે. "આવા ખુલ્લા કેસમાં શાક્ષી શાના?" લોકો વિચારવા લાગ્યા, ખુન બંધવાએજ કીધુંછે તો વળી શાક્ષી આવીને શું પુરવાર કરવાના છે?"

એ સાધારણ પ્રજામત હતું, પણ વિચારવંત પ્રજામત સાધારણ પ્રજામતથી જુદું હોયછે. થોડાક સમજુ માણસોએ હજી પોતાનું મત બચાવ સાંભળવા તુલીક મુલતવી રાખ્યું હતું "જોઇયે, બંધવાનો બચાવ શો છે? પછી વાત" એમ તેઓ બચાવની વાટ જોતા રહ્યા હતા. અને તેથી આજે લોકોની ઉલટ વધારે ઉસકેરાઈ હતી. સરકારની બોરદુ સાંભળવાને જે કાંઇ ઉસકેરણી લોકોને થઈ હતી તે કરતાં હવે સરકારની બોરદુને તોડવા બંધવાની તરફવાળા શા પુરાવા આણેછે તે જાણવાની જીગ્નાશા ઘણી વધી હતી અને તેટલા માટે કોરટમાં આજનાં જેવી ભીડ કોઈ દાહડે થઈ નહી હતી.

મી० હુસનના ભાષણે ઉપલા બેહુ વર્ગના લોકો ઉપર અસર કીધી. જેઓએ બીખુભાઇના અપરાધ વિષે પોતાનો ચુકાદો મુલતવી રાખ્યો હતો તેઓ ઉપર બંધવાના બેગુનાહપણા વિષે કેટલીક અસર થઇ એટલુંજ નહી પણ જેઓ બીખુભાઇ તકસીરવાર છે એમ આગમચથી મત બાંધી ચુકયા હતા તેઓનું પાકું મત

પણ મી૰ હુસનના ભાષણથી દોહદું થયું. આ કાબેલ બારિસટરે સરકાર તરફના કેસની ખામીઓ એક પછી એક બતાવી આપી અને પુરાવા ઉપર પુરાવા એક પછી એક તોડી આપ્યા.

પોલીસે ખૂનનું હથિયાર પકડયું નથી એ વાત ઉપર બંધવાના બારિસટરે તકરારની મોટી ઇમારત ઉઠાવી. અગરજો બીખુભાઇએ એક વેહતી છુરી વડે ખૂન કીધું હોય તો તે છુરી જાય કયાં? માહીમ કાસટલમાં કેથેબી હોવી જોઇયે? પોલીસે તે છુરી શોધી કાહાડવાને કશી તલાશ બાકી રાખી નહી હતી. તેઓ આખો બંગલો ખોલી વળ્યા એટલુંજ નહી, પણ બાગમાં તલાશ ચલાવી, ઝાડો તલેની જમીન અને રસતાઓ તલેના મટોડાં ખોદયાં હતાં કે કેથેગાબી છુરી હાથ લાગે. છેલે બાગમાંના દરએક કુવામાં માણુસો ઉતાર્યાં હતાં કે જે બંધવાએ વેહતું હથિયાર કોઇ કુવામાં નાખી દીધું હોય તો હાથ લાગે પણ ત્યાંથીબી તે હથિયારનો પતો મળ્યો નહી હતો. તેથી ઉલટું જેવી છુરીથી ડાકટરોએ ખુન કરેલું જણાવ્યું હતું તે જાતની છુરી બીખુભાઈ પાસે હતી પણ તે સાવ કોરી અને સાફ હતી. ખૂનની રાત્રેજ પોલીસે તે પોતાના કબજામાં લીધી હતી, પણ તે ઉપર શુક્ષમ દરશક યંત્રે જોતાં વટીક લોહીની એક કગરસબી જણાઇ નહી હતી. બંધવાના હાથ ઉપર લોહીના ડાઘ હતા, પણ આ છુરીતો તે કરતાંબી સાફ હતી. પોલીસે તે હથિયાર સરકારના રસાયણી ઉપર તપાસને માટે મોકલ્યું હતું, તેણે મત આપ્યું કે એ હથિયાર ઉપર ખૂનની કશી ઇંધાણી નહી હતી, અને ડીટેકટિવ કરીમખાને ઇમાનદારીથી મત આપ્યું કે બંધવાની આ છુરી તેના ભાઈના ખુનમાં વપરાયલી લાગતી નથી. ત્યારે તેણે ખૂન શાવડે કીધું એ વીશે પુરાવો અધુરો રહી ગયો અને તે ઉપર મી૰ હુસન ઘણો ભાર મેળી શકયો.

પણ જો બંધવાએ નહી તો બીજા કોણે ખૂન કીધું? એ વાંક પોતાના કુલને માથેથી ઉતારી કોઇપણ બીજાને માથે ઢોલવવાને મી૰ હુસન અજબતાં ઘણો ખંતી હતો, પણ અશક્ત હતો. ખૂનની રાત્રે ઘેરમાં સર્વ કોઈ સુતેલાં હતાં, માટે ઘેરના કોઈ માણુસપર તો શક જાયજ નહી. વળી ઘેરમાંના કોઇ સાથ મરનારને વેર નહી હતું, એકલા બંધવા સાથેજ તેને કજીયો હતો, પણ એની સામે બંધવાના બાપની શાક્ષી ઉપર મી૰ હુસને ઘણો ભાર મુકયો, જે જો કે બંધવાની વિરૂધનો અને પોલીસનો આણેલો શાક્ષી હતો તોપણ તેણે ખુલ્લું કહ્યું કે બંધવો આકલો અને પાજી મીજાજનો હતો પણ કપટી અને ખારીલો નહી હતો, અને તેથી કરીને ખૂનની પેહલી રાત્રે જ્યારે બંધવાએ પોતાના ભાઈ સાથ કજીયો કીધો ત્યારે ગરમાગરમીમાં તેને પોતાના ભાઇ ઉપર છુરી ઊંચકી ખરી, પણ ત્યારપછી મોડી રાત્રે તે ખાર રાખીને પોતાના ભાઇને થંડાં દિલથી મારી નાખે એ શાક્ષીના માનવામાં નહી હતું. અને એ રીતે બંધવાની વિરૂધ પોલીસના પોતાના આણેલા શાક્ષીએ બંધવાની તરફેણ જુબાની આપી એ ઉપર મી૰ હુસને ઘણો ભાર મુકીને મોટી ઇમારત ઉભી કીધી. તેને એવી અટકલ બાંધી કે કોઈ બાહારનું માણસ મરનારને મારવા સારૂ તેના ઘેરમાં ભરાઇને ટાંપેલું, તે પોતાની ધારણા બજા લાવીને પોતાના હથિયાર સુધાં નાહસી ગયલું હોય. તે કોણ તે મી૰ હુસન કશું કહી શકયો નહી, પણ તેણે આ બીના ઉપર મોટો મદાર બાંધ્યો કે મરનારના ઘણા દુશમનો હતા, તેને કેટલાંક લોક સાથ ખરાબ ચાલ ચલાવેલી હતી, અને તેમાંના કોઇએ મરનાર ઉપર વેર લેવાને આ દાવ સાધ્યો કાં નહી હોય?

મરનારની લાશ તરફથી બીખુભાઈનો પોતાનો ઝભો મળી આવ્યો, એ બીના પોલીસે બંધવા સામે સૌથી મજબુત પુ-

શાખા દાખલ આણી હતી. મી૰ હુસન સરખા નામીચા બારિસટરના હાથમાં એતો ઓર બંધવાની તરફેણનો પુરાવો થઇ પડયો. "શું કોઈ ખુની એવોબી બેવકુફ હશે" તેણે જુરીને અને જડજને પુછયું" કે પોતાના દુશમનનું ખુન પોતાનાજ ઝભા ઉપર કરે? અને વળી તે ખુન કીધા પછી તે ઝભો ત્યાંજ નાખી જાય? શું તે એટલું નહી સમજે કે આ ઝભો અંહીજ નાખી રાખીશતો હું પકડાઇ જઇશ? અને શું તે આમ બીહીને પોતાનો ઝભો પોતાની સાથે લઈ નહી જાય? બચીત એક ખુની ગમે એવો અણઘડ હોય તોપણ તેનામાં એટલી તો અકલ હોવી જોઇયે કે ખુન કીધા પછી તે પોતાનેજ ગુનેહગાર ઠરાવનારો આવો પુરાવો પોતાની સાથે લઈ જાય. પણ આ બંધવો જેને ખુની ગણવામાં આવ્યોછે તેને કાંઇ એવો અણઘડ ખુની દેખાડયો નથી. તેને એવો પકો ખુની ગણ્યોછે કે જે પોતાનું ખુન કરેલું તે હથિયાર વટીક સલામત લઈ જઈ શકયોછે અને છુપાવી શકયોછે. ફરિયાદીનાજ બતાવ્યા મુજબ આ બંધવો એવો પાકો ખુની છે કે તેને પોતાના ભાઇને ગુસામાં મારી નાખ્યો નથી, પણ છુપાઇ રહીને, થંડે કલેજે, વાટ જોઈ જોઇ, દાવ સાંધીને માર્યોછે. અને એવા એક પાકા ખુનીને માટે આપણને સમજાવવામાં આવેછે કે તે જ્યારે ખુન કીધા પછી સઘળું લઇને ગુપચુપ નાસી ગયો ત્યારે પોતાનો આ ઝભોજ પોતાની પાછળ મેળી ગયો. એ કેમ બને? જો તેણે ખુન કીધું હોય તો મરનારના શરીર તલેથી આ ઝભો તેણે કાહાડી લઈ જવાનું કાંઈ મુશકેલ નહી હતું. માટે, સાહેબો, આ ઝભો મરનારના દિલ તલેથી મળી આવ્યોછે એ તેનો ગુનાહ નહી પણ તેનુ નિર્દોષપણું સાબેત કરેછે. હું કહુંછું કે જો બંધવાએ ખુન કીધું હોત તો તે આ ઝભો જ્યાંથી મળ્યોછે ત્યાં રેહવા દેત નહી. હું કહુંછું કે અગર જો બંધવાએ ખુન નહીબી કીધું હોત પણ તેને પોતાના ભાઇને મુવેલો યા જખમી થઇને પડેલો જોયો હોત તો તેટલાંથીજ તે પોતાને માથે નકામી બદનામી આવવાના ભયથી આ ઝભો કાહાડી લઈ ગયો હોત, તો અગરજો તેણે ખરેખરૂં ખુન કીધુ હોત તો શું તે એક ઘડીબી આ ઝભો ત્યાં રાખી જાત?" નહી ખુદ આ ઝભા ઉપરથીજ મી૰ હુસને જે સાર કાહાડયો તે બંધવાના એકરારને મળતો કાહાડયો કે તે જ્યારે રાત્રે ફરીને જમવાના ઓરડાની બારીને રસ્તે બાહારથી આવ્યો ત્યારે તેને મુદલ ખબર નહી હતી કે તેનો ભાઈ તે ઓરડામાં મુવેલો પડેલો હતો.

"પણ ત્યારે તે રાતના ક્યાં હતો તે તમે બતાવો તો સારૂં" મી૰ હુસનના આ ભાષણની વચે જડજે એસારો કીધો. બારિસટરે જવાબ દીધો કે "તે ઉપર હું હમણા આવુછું, મારા લાર્ડ. હું તમોને સાક્ષીથી સાબેત કરી આપીશ કે જ્યારે ખુન થયું ત્યારે બંધવો મુદલ ઘરમાં નહી હતો પણ બાહાર ગયલો હતો. તેટલો મોડો વખત સુધી તેને ઘેરની બાહાર રેહવાની મરજી નહી હતી, પણ એક અકસમાત બનાવથી તે ફરજનો મારયો રોકાઇ પડયો હતો. તેને ઘણી અડચણ થઇ હતી. તેના ઉપર એક નહાની જેવી કાહાણી ગુજરી હતી, જે કાહાણીમાં તેના હાથ વટીક કપાયા હતા કે જે કપાયલા હાથ આજે તેના ઉપરના તોહમતમાં તેની વિરૂધ ગયાછે. હું એ સઘલું જો તમોને શાક્ષી ગવાહીથી સાબેત કરી આપું તો પછી મારી ખાતરી છે કે તમો એક મતથી બંધવાને બેગુનાહ ઠરાવશો."

પણ મી૰ હુસનની છેલી અરજ સહુથી અસરકારક હતી.

"પણ, જુરીના ગૃહસ્થો, હું જે 'આલીબી' પુરવાર કરવા માગુંછું, તે ઘડી-

ભર નહીંબી પુરવાર થાય, કદાચ બંધવો ખુનની વેળા બાહાર નહી હતો અને ઘેરમાંજ હતો એમ તકરારને ખાતર કબુલ કરીયે, તો એ નવી બીના એક કોરે મુકીને હું તમોને પુછુંછું કે બંધવાએ ખુન કીધું તેના પુરાવા ક્યાં છે? તેને ખુન કરતાં કોઇએ જોયો નથી, પણ જે કાંઈ પુરાવા આણવાછે તે માત્ર ખ્યાલી તર્કો, મંતર્કીઓ, અટકલો છે. બંધવાની સામે મજબુત શક છે, તે હું ના પાડતો નથી—તો જોકે મારા મનમાં તો શકબી નથી કાંકે બંધવો ખુનની વેળા બાહાર હતો તે હું માનુંછું અને પુરવાર કરવા માગુંછું—પણ તમારાં મનમાં શક છે તે હું કબુલ કરૂંછું. વારૂં ત્યારે સાહેબો, તમે શું માત્ર શક ઉપરથી આ ગબરૂ, નોજવાન છોકરાને ખુનનો તકશીરવાર ઠરાવશો? અગરજો તમારા મનમાં શક હોય તો તમારી ફરજ ખુલી છે અને તે એજ કે તે શકનો બંધવાને લાભ આપવો. કોઈ બીજા સાધારણ અપરાધમાં તમે તમારા શક ઉપરથી ચુકાદો આપોતો ઘડીભર તે ચાલે, કાંકે બીજા કોઇ વાંકમાં તેને શિક્ષા થઈ થઈને ગમે એટલી થાય તો તે મારયો તો નથી જવાનો—તે તમારો શક કદાચ હમણા નહી તો હવે પછી ખોટો પાડવાને જીવતો રેહશે. પણ આ ખુનનાં વાંકમાં જો તમે તેને શક ઉપરથી અપરાધી ઠરાવશો તો શેવટ શું? તમે તેને ફાંસી દેવાડશો; અને જો તે પોતાના નિર્દોષપણા છતાં મારયો ગયો તો પછી તમારા શક ખોટા પાડી પોતાનું નિર્દોષપણું બતાવવાની તેની તક સદાની જશે. નહી સાહેબો, અકલમંદ અને વિચારવંત ન્યાયધીસ લેખે, સમજુ અને શાના શેહરીઓ લેખે, બચ્ચાં છોકરાંનાં બાપો લેખે, તમે એક નિર્દોષ છોકરાનો માત્ર શક ઉપરથી જીવ લેશો નહી. સાહેબો, તમે જો તેને ફાંસી દેવાડી સદાના જેહાનમમાં ગબડાવી દેવાનો તમારો ધર્મ સમજો તો પેહલાં તમારી ખાતરી કરજો—તમારી ખાતરીથી તમે તેને ફાંસી દેજો, ખાલી શકથી નહી. અને હું કહુંછું કે આ ખુન બંધવાએ કીધું છે એવી શું તમારી પકી ખાતરી થઇછે? શું તમારી છાતીપર હાથ મુકીને કેહશો, તમે સોગંદ ખાઈને કેહશો કે આ ખુન બંધવાએજ કીધુંછે ને બીજા કોઇએ નહી? સાહેબો, જુવો એની ખીલતી જવાની, જુવો એનું ખાનદાન અને આબરૂ, જુવો એના પેલા બુઢા અને આબરૂદાર બાપની હાલત કે જે પોતાના કુટુંબ ઉપર આવી પડેલા આ ગજબના બોજા તલે કમરમાંથી વાંકો વલી ગયોછે અને જેની આંખોમાંના આંસુ સુકાતાં નથી. સાહેબો, તમે ખાલી શક ઉપરથી એ જુવાનનો જીવ લઈ તેના ભવિષ્યનો નાશ કરશો એટલુંજ નહી પણ તેના જઈફ માતા, તેના બુજર્ગ પિતા, અને તેના આખાં ખાનદાનની ઈજત હુરમતનો નાશ કરશો. અગરજો બંધવાના અપરાધ વિષે તમારી ખાતરી હોયતો સુખેથી તેમ કરજો, અગર જો બંધવાનો અપરાધ તમે સાબેત થયલો માનોતો બીજા કોઇપણ ખ્યાલથી તમે તમારી ફરજો બજાવવાને અચકશો નહી. પણ તમારી ખાતરી નહી થવા છતાંબી શું તમે માત્ર શક ઉપરથી આ કમનસીબ બંધવા પાસેથી ખુનનો બદલો ફાંસીથી નહી પણ ઘાતકી ખુનથી લેશો?"

એ પ્રમાણે એક ભાષણ, જેની સાંભળનારાઓ ઉપરજ નહી પણ જડજ અને જુરી ઉપર ઘણીક અસર થયા વિના રહી નહી, તે કીધા પછી મી૰ હુસને બંધવાની તરફના શાક્ષી બોલાવ્યા; અને એવા તે શું શાક્ષી હશે તે વિષે દરએક જણ આતુરતાથી જોવા પડયા.

પ્રકરણ ૧૬૨ મું.

“આલીબી.”

જે લોકો કોર્ટ ઉઘડતાં અનેક કામ ધંધાની રોકણને લીધે આવી શકયા નહી હતા તેઓ પાછળા પહરને સુમારે જ્યારે શાક્ષીઓ તપાસવાનો વખત આવ્યો તેટલામાં હાજર થઇ શકયા અને તમાશાગીરોની ગીર્દિથી કોર્ટનું ઉભું રેહવાની જગ્યાવાલું એકે એક ખુણું ભરાઇ ગયું. તે દાહડો ઘણો ગરમ હતો અને આખા શેહરમાં ચોમાસું બેઠા છતાં ઉગ્ર ઉકલાટો પડતો હતો. કોર્ટની ગીર્દિ વચે ઉકલાટાની તો હદ નહી હતી અને પંખા તલે બેઠેલા અમુક દરજ્જાવાળા માણસો પોતે બફારા તલે ગોયા બફાઇ ગયા તો ટીપાતા પસીના તલે તરબોલ થયલી આવી મોટી ભીડમાં ગરમીનું પુછવુંજ શું? રૂમાલ, પંખા યા કાંઇ નહી તો કાગળના કટકાથી વા ખાવાને એકેએક હાથ હીલતો હતો પણ કોઇને ઉઠીને બાહાર હવામાં જવાનું મન થતું નહી. દાદરો અને બારણાઓ વટીક એટલાં ભરાઈ ગયાં હતાં કે ઉઠીને જવાનો ગોયા વાટજ રહ્યો નહી હતો, અને બીખુભાઇનું નિર્દોષપણું સાબેત કરવાને એવા ભેદ ભરેલા કોણ શાક્ષી આવેછે તે સર્વ જણ ડોલા તાણીને જોતું હતું.

શાક્ષી આવતાં લગાર ઢીલ થઈ. આ ગીર્દિને લીધેજ ઢીલ થઇ. બારિસટરે શાક્ષીનું નામ પોકાર્યું નહી, શાક્ષી બોલાવ્યા વગર આવનાર હતો માટે મી॰ હુસન પોતે પણ બીજાઓ પેઠે ફરીને જોવા લાગ્યો. જરા વારમા બારણામાં કાંઇ ગડબડ સંભળાઇ. લોકોએ ખીસીને એક નાની સરખી ગલી બનાવી અને તેમાંથી શાક્ષીને પસાર કીધો. પેહલાંતો ભીખુભાઇનો વકીલ મી॰ જામાસજી પોતે નજરે પડયો અને લોકો લગાર નાસિપાસ થયાં. શું એ મી॰ જામાસજી મોટો શાક્ષી નિકલી આવ્યો? નહી. શાક્ષી મી॰ જામાસજીના ચાર્જમાં હતો, તે શાક્ષીને હાથ ધરીને ચલાવી લાવતો હતો, એ બનાવજ તે શાક્ષીને ભારી અગત્યતા આપનારો હતો.

બે ત્રણ મિનિટમાં ખરો શાક્ષી કોણ છે તે જોવાને બન્યું. ટીંગાઇને જોતાંબી તે બધાને જણાયું નહી. ઘણાકો તેને જોવા માટે બાજટ ઉપર ચહડયા અને તોપણ ઘણાકો તે જોવાને બેનસીબ રહી ગયા તથા માત્ર સાંભળવા ઉપરજ સબુરી પામી ઉભા. જડજે ચસમો ચહડાવ્યો; અને જુરી, બારિસટરો, દુભાશિયા, બંધવા વગેરે જે બારમાં હતા તેઓને તે જોવા માટે ટીંગાવું પડયું નહી.

એક નાની વયની, જુવાન, ખુબસુરત છોકરી તે આ શાક્ષી હતી. તે સાદી, કાલી ગાજની સાડીમાં હતી અને તેણે સાડીની સોડ સરમને લીધે છેક નિદારવેર તાણી હતી. તે નીચેથી ઊંચું જોતી નહી હતી. તે કોર્ટમાં ચાલીને આવી ત્યારે દરએક પગલું ભરતાં થડ થડ કંપતી હતી, અને વકીલ મી॰ જામાસજી તેને શાક્ષીનાં પીંજરામાં ચહડાવતી વેળા ધીરજના સેવટના શબ્દો તેના કાનમાં બોલ્યો “બીહીના રતનબાઈ, તમોને કોઈ મારતું નથી, હિંમતથી જવાબ દેજો.”

આ શાક્ષી ફકીરા અને જીવીની દીકરી રતની હતી. તેણે કોર્ટ કદી દીઠેલી નહી હતી. જડજ કેવા હોય, જુરી કયાં બેસે, બંધવાનું પીંજરૂં તે શું અને શાક્ષીનો બાક્ષ કેવો હોય તેની તેને કશી ખબર નહી હતી. તે જાણે કે અડધી બેભાનીમાં ચાલીને આવી અને આવીને આ ભારી ભીડ વચે તે કેમ ઉભી તેની તેને જાણેકે ખબર પણ નહી રહી. કોર્ટના બોબેદ રતનીના હાથમાં જંદ અવસ્તાની ચોપડીનાં થોડાંક પાના

મુક્યાં અને દુભાશિયાએ ઉઠીને "મનશાની, ગવશાની, કુનશાની"ના સોગંદ આપ્યા પછી બંધવાના બીજા બારિસ્ટર મી૰ બેનજામીને ઉઠીને શાક્ષીની તપાસ ચલાવી. "તમારૂં નામ શું?" તેણે પેહલો સવાલ પુછયો અને રત્નીએ કાંઈ જવાબ દીધો ખરો પણ તે કોઇએ સાંભળ્યો નહી. તેના હોઠ હીલ્યા તેજ.

"તમે મોટેથી બોલો. શું નામ?" રત્નીએ જરા મોટે સાદે પોતાનું નામ કહ્યું અને મી૰ બેનજામીનને સમજાવીને કેહેવાની ફરજ પડી કે "પેલા જડજ સાહેબ બેઠા છે; આ પંચ (જુરી)ના સાહેબો છે; તેઓ તરફ જોઈને તેમને સંભળાય એમ બોલો."

જડજના બુજર્ગ પણ મીઠા ચેહરાથી, બારિસટરની નમનતાઈ ભરેલી અને માયાલુ સુચનાથી રત્નીને જરાવારમાં ધીરજ આવી અને રફતે રફતે તેના જવાબ સંભળાય એવા થયા, તેમજ લોક પણ ઘણુંજ સ્થીર અને ચુપ બેઠાથી આ ગામડિયણ છોકરીનો જીણો સ્વર વધારે સંભળાતો થયો.

"તમે કયાં રહોછો?" જડજે શાક્ષીનું નામ લખ્યા પછી મી૰ બેનજામીને તેનું ઠેકાણું પુછયું. "હું દાદરના રહતા, ઉપર મારા બાપા અને મારી મા જીવીની હાતે રેહતીછુ."

"તમે પરણેલાં છો?" રત્નીને લાગ્યું કે એ પુછવાની શી જરૂર? પણ તેણે જવાબ દીધો કે "હું પરણેલી નથી."

"તમે આ બંધવાને ઓળખોછો?" મી૰ બેનજામીને બંધવાનાં પીંજરાં તરફ આંગલી બતાવીને પુછયું. રત્નીએ તેના તરફ જરા નજર ઉચી કરીને "હા" કહી.

"વારૂ તમે એને વિષે શું જાણોછો?"

"ઉ હું જાણું કરી પુછોહ?" રત્નીએ પાછું પુછીને કહ્યું. "હું એ જાણું કે એ બીખુભાઈ બહુ હારો માણહ છે! હઉવે!"

આ જવાબથી સઘળાઓ હસી પડયા અને રત્ની સમજી નહી કે તેઓ શા માટે હસેછે. "એ કેવો માણસ છે, તે હું નથી પુછતો" મી૰ બેનજામીને ધીરજથી સમજણ પાડી. "હું પુછુંછું કે તેના ઉપર તેના ભાઈ અદુનું ખુન કરવાનો અપરાધ મેલ્યો છે તે વિષે તમે શું જાણોછો?"

"એના ઉપરનો અપરાધ?" રત્નીએ વળી પાછું પુછીને પછી જવાબ દીધો. "અપરાધ વિહેતો હું એમ ધારૂં કે એ પોતાના ભાઇને મારી લાખે તેવો માણહ નથી."

આ જવાબથી વળી પાછા બધાતો નહી પણ બારિસટરો અને બીજા ગ્નાની માણસો હસી પડયા. રત્ની પોતાનું ફરમાસુ મત માત્ર આપતી હતી, પણ તેના મતને માટે તેને શાક્ષી બોલાવી નહી હતી.

"એણે વાંક કીધો કે નહી કીધો હોય તે વિષે તમારૂં મત અમોને જોઇતું નથી. પણ એના વાંક વિષે તમો જાણોછો શું તે કહો" મી૰ બેનજામીને પાછું પુછયું.

"હું જાણુંહ કે બીખુભાઇએ ખુન કીધું નથી."

"તે શા ઉપરથી જાણોછો?"

"કારણ કે ખુન થયું તારે એ કાંઇ ઘેરમાં નહી હતો."

"ત્યારે કયાં હતો?" હવે મી૰ બેનજામીન શાક્ષીને તેની મતલબ ઉપર લાવી શકયો.

"એતો તે વેળા મારી પાહે હતો."

આખી કોર્ટને આ એક અચંબા ભરેલો જવાબ હતો.

એજ વખતે કોર્ટના એક બીજા ભાગમાં કાંઈ ગડબડ થઈ. દાદર આગળ તમાશગીરો ઉભેલા હતા ત્યાં તેઓની ભીડમાં કાંઇક ધબકારો સંભળાયો. પોલીસના માણસો ત્યાં દોડી ગયાં. તેઓ કોઇને કોર્ટની બાહાર લઈ ગયા. એક છોકરા માણસને ઉંચકીને લઈ જાય તેવી કાંઇ ગડબડ થઈ, પણ તે ગડબડ પોલીસે તુર્તજ

બંધ પાડી અને શાક્ષીની તપાસ જેમની તેમ ચાલુ રહી.

આ ગડબડ ઉપરથી મી૦ જામાસજી વકીલના માણસે આવી જામાસજીના કાનમાં કાંઈ વાત કહી, જામાસજીએ પોતાના બારિસટરોના કાનમાં કહ્યું, મી૦ હ્યુસન બારિસટરે આડવોકેટ જેનરલના કાનમાં ફુક મારી, આડવોકેટ જેનરલે કોર્ટના કલારકને કાગળની કાપલીમાં લખી સામી બોરદુએ તે બેઠો હતો ત્યાં ખબર પોંહચાડી, કાઉનના કલાર્કે તે કાપલી ઉભો થઈ જડજને વંચાવી—અને તેટલી માહોમાહે જરા ગડબડ ચાલી તેજ.

આ ગડબડ વચે સઘળાઓના ચેહરા જરા કુમલાયા હતા, પણ પોલીસના કાનસ્ટેબલે આવીને હરૂસેથી કાંઈ વાત કરી કલાર્કને કહ્યું કે જેના કેહવાથી જડજ પણ શાંત થયા.

આ માહોમાહેની ચર્ચાની રત્નીને કાંઈ ખબર થઈ નહી. તે શાક્ષીના પીંજરામાંથી બીલકુલ ઉંચું જોતી નહી હતી.

આ ગડબડ શી હતી તે આપણ હવે પછી જોઈશું.

છેલો જવાબ રત્નીએ એટલો બીહતાં બીહતાં આપ્યો કે વળી તે થોડાજ જણને સંભળાયો અને જડજે એકવાર ફરી લગાર ગંભીરાઈથી કહ્યું કે "તમારે મોટેથી બોલવું જોઈયે."

"આલીબી"ની શાક્ષી હમેશાં અગત્યની હોયછે. એક અપરાધની વખતે તોમતદાર આરોપી અપરાધની જગ્યામાં નહી પણ બાહાર બીજી જગ્યાએ હતો, એટલું જો શાબેત થાય તો તેની નિર્દોષતાનો એથી વધુ પુરાવો નહી જોઈયે.

માટે એટલીવારમાં તો કોર્ટમધે સર્વેને જણાઈ ગયું કે રત્ની આવી અગત્યની શાક્ષી આપવા આવી હતી. એટલાજ માટે રત્નીની શાક્ષીએ એવી ઈનતેજારી પેદા કીધી કે જે આ આખી તપાસ વચે કોઈ દાહડે કોઈને ઉપજી નહી હતી. વકીલ બારિસ્ટરો અને જડજ તો વધારે આતુરતાથી જોવા લાગ્યા, કાંકે "આલીબી" ની અગત્યતા તેઓ સહુથી વધારે સમજે છે.

પ્રકરણ ૧૬૩ મું.

થોડો થોડો કરતાં રત્નીએ કહી આપેલો કુલ ભેદ.

"જ્યારે ખુન થયું ત્યારે ભીખુભાઈ અમારે ઘેર હતો." બીજીવાર જવાબ દેતાં રત્ની સુધારીને બોલી. પેહલાં તેણે કહ્યું કે ભીખુભાઈ તેની પાસે હતો, પછી કહ્યું કે તે તેને ઘેર હતો.

"તમારે ઘેર એ કેટલે વાગતે આવ્યો હતો?"

"એ પેહલો આવ્યો ત્યારે નવ વાગી ગયલા હતા."

"અને એ તમારે ઘેરથી પાછો ક્યારે ગયો?"

"એ ગયો ત્યારે હાડાબાર થઈ ગયલા હતા. એક વાગવા આવેલો."

આ જવાબથી આસપાસ ઉભેલા તમાસગીરોમાં કોઈ હસ્યા, કોઈ બબ્લ્યા, કોઈ દિલગીર થયા કાંકે આવા લુછા છોકરા સાથે કોઈબી સારી સ્ત્રી એટલી મોડી રાત સુધી રહે નહી. રત્ની તે જોતી હતી અને પોતાને જે કબુલ કરવું પડતું તેને માટે તે દેખીતી ગભરાતી હતી.

"એ તમારાં ઘેરમાં તમો બધાં જણની આગળ હતો?"

"નહી" રત્નીએ ટુકમાં પતાવ્યું.

"એ તમારે ઘેર હતો તે તમારા ઘેરવાળા માણસો જાણતાં હતાં?"

"નહી." રત્ની ગભરાવા લાગી કે આ બધા બારીક સવાલો શા માટે પુછવામાં આવેછે. એ બારીક તલાશનો જવાબ દેવાને તે મુદલ ખુશી કે તૈયાર નહી હતી.

"એ બંધવો તમારી આગળ હતો ત્યારે બીજાં કોઇ નહી હતાં?"

"કોઈ નહી."

"તો ઘેરમાંનાં બધાં માણસ ક્યાં ગયાં હતાં?"

"બધાં ઊંઘી ગયલાં." રત્નીએ વધાર્યું "મારા ઘરમાં એક ચાકરડી અને મારી મા જીવી એ બેજ હતાં. ઘણા માણહ હતાંબી નહી."

"ત્યારે એ એકલાં તમોનેજ મળવા આવેલો હતો?"

"હાજી" રત્નીએ અચકી અચકીને જવાબ દીધો.

"તે તમારી છુપી મુલાકાતે આવ્યો હતો?" અંહી જડજે વચે પડીને પુછયું.

રત્નીએ આ સવાલની વકી રાખી નહી હતી. તે કોર્ટમાં મી० જામાસજી વકીલ જેઓ તેને સમજાવીને સાક્ષી આપવા લાવ્યા હતા તેનું મોહડું જોવા પડી, પણ મી० જામાસજીએ તેને કશું કોઠું આપ્યુ નહી અને તેને જવાબ દેવાની ફરજ પડી કે "હાજી, એમજ છુપો મળવા આવતોથો."

"ઘેરમાંનાં બધાં માણસની હરસે તમે રાતના સાડાબાર વાગતા સુધી તેની સાથે હતાં?"

રત્ની અંહી રડવા પડી. જડજ ચસમો ચહડાવીને જોવા પડયો. લોકો ચર્ચા કરવા પડયાં. નઠારા કુસંગ અને કુછંદમાં છટેલ છોકરી જેવી રત્ની દીસતી નહી હતી, અને તોપણ તે પોતાની મોડી રાત્રી આવા માણસ સાથ ગાળે એવું પોતાને કલંક લાગવા માટે તે ડોબો તાણીને રડવા લાગી.

"રડો ના બાઇ. તમે ફિકર ના કરો" મી० બેનજામીનને તેને ધીરજ આપવાની ફરજ પડી. "તમોને કાંઈ ઇજા થવાની નથી. તમે હિમતથી જવાબ દેવો. શું ખૂનની રાત્રે લગભગ એક થવા આંવેલો ત્યાંસુધી આ બંધવો તમારી સાથે હતો?"

"હા. પણ તેનું કારણ એકે હું મારા ઘેરની બાહાર રહી ગયલી તેથી એને મારી પાહે મારી મદદમાં રેહવું પડેલું." રત્નીએ હિમત એકઠી કરીને પોતાના બચાવમાં ખોલાસો કીધો.

"ઘેરની બાહાર રહી ગઈ એટલે શું? તમે તો હમણા કહયું કે એ તમારા ઘેરમાં હતો? જુરીના સાહેબને સમજણ પાડો." મી० બેનજામીને ફરમાવ્યું.

પુછતાં પુછતાં, થોડી થોડી કરતાં રત્નીના મોહમાંથી સઘળી બીના બાહાર પડી. ભીખુભાઇ તેને દર સાંજે તેના ઘેરની પછવાડના ખેત્રમાં મળવા આવતો, પણ કોઈબી દાહડે રત્ની ૧૦ વાગતાથી વધારે વખત તેની સાથ વાત કરતી નહી હતી. ખૂનની રાત્રે ફાતમાબૂ દરવાજો ઉઘાડ રાખીને જીવીને માટે દવા લેવા ગઇ તે તક લઇને રત્ની ભીખુભાઈની એક લાકિટ તેને પાછી આપવા સારૂં ખેત્રમાં આવી, પણ તેટલામાં ફાતમાબૂ દવા સાથ વેહલી પાછી ફરી અને તેણે દરવાજો બંધ કીધો અને રત્ની પોતાના ઘેરભણી ગઈ તો દરવાજો બંધ જોઇને બાહારજ રહી ગઈ. એ ઉપરથી બંધવો પાછો ફરતો હતો, તે તેની મદદને માટે દોડી આવ્યો અને પાછલી મોરીની બારીના તાર તોડીને તેને રાંધણીની બારીને રસ્તે ઘેરમાં ઉતારી અને તેમાં લગભગ ૧ વાગવા આવ્યો એ સઘળી હકીકત રત્નીએ કોર્ટમાં રફતે રફતે રજુ કીધી.

"એ તમોને મળવા આવ્યો ત્યારે તમે શું કર્યા કીધું?" હવે આડવોકેટ જેનરલે ઉલટપાલટ તપાસ ચલાવી.

"વાતો કયરા કીધી. એ મારી હાત વાતો કરી મને રમુજ આપવાજ આવતોથો."

"શું એક વાગતા સુધી વાતજ કર્યા કીધી?"

"નહી. ધારા પ્રમાણે દહ વાગયા કે ભીખુભાઈ જવા ઉઠયો, ને વાત બંધ થઈ."

"ત્યારે પછી એક વાગતાં સુધી શું કાંઈ વાત થઈજ નહી?"

"પછી તો એ હું બાહાર રહી ગયલીને ઘેરમાં દાખલ કરવાની મેહનતમાં પડેલો."

"તે વખતે તમે શું કરયા કીધું?"

"હું બેહીને રડયા કરેલી."

"તમે રડતાં ત્યારે બંધવો તમારી આગળ હતો?"

"હા. કેટલીવાર હુધી તો તે મારી પાછે ઉભો રહી ધીરજ આપવા લાયગો અને ઘેરમાં મને દાખલ કેમ કરવી તેનો વિચાર કરવા લાયગો. તારની જાલી વાળી બારી પેહલાં તો મને યાદજ નહી આવેલી. પછી યાદ આવી તારે એ લાગલો બારીભણી દોયરો."

"પછી બધો વખત એ બારી આગળજ રોકાઈ રહ્યો?"

"હઉવે. તાર તોડતાં બિચ્યારાને એક કલાક લાયગો."

"ને એ બારી ઉપર રોકાયલો ત્યારે તમે ક્યાં હતાં?"

"હું એની આગળજ હતી."

"તે એક કલાકના અંતરમાં તમે એની આગળથી ખસ્યાં નહી હતાં?"

"જરાકબી નહી."

"પણ તમે તો બારણા ઉપર બેસીને રડયા કરતાં હતાં?"

"તે તો બારીની ફ્રેમ નહી આવેલી તારે. જેવી બારી યાદ આવી કે ભીખુભાઈ તાર તોડવા દોયરો અને હું તેને જોતી ઉભી."

"અને તાર તોડતાં એટલીવાર કાં લાગી?"

"તે વળ દીધેલા તાર હતા. તોડતાં તોડતાં બિચ્યારાના હાથ કપાઈ ગયા અને તેમાંથી લોહી ગયું."

"તે લોહી તમે જોયું હતું!"

"હા. ને મને એની દયાબી લાગેલી."

"ત્યારે શું તમે એમ કહોછ, રત્ની, કે આસરે સાડા અગીયારને સુમારે બંધવો બારીના તાર તોડવા ચઢયો ત્યારથી તે એક કલાક સુધી એ કામમાં રોકાયો ત્યાંસુધી તે તમારી આગળથી ખીસ્યો નહી અને તમેબી એ બધો વખત તેની આગળથી ખીસ્યાં નહી?"

"હાજ તો. ખીહીને જાય ક્યાં?"

"વારૂ બંધવાએ તે રાત્રે કાંઈ ઝભો પેહરેલો હતો?"

"ના. તે રોજ એક કાલો ઝભો પેહરતો હતો ખરો, પણ એ દાહડે તો મને મળવા ઝભા વગર આયવો હતો. તે દાહડે ગરમી ઘણી હતી. તેમાં ઝભો કોણ પેહરે?"

આડવોકેટ જેનરલ જે ઉલટપાલટ તપાસ ચલાવતો હતો તેણે રત્નીની જુબાની તોડવા સારૂ જરા તેને ગભરાવાની કોશેશ કીધી. "બાઈ, આ બધું તમે કબુલ કરોછો તે એક કુલવાન બાઈને માટે સારી વાત છે?"

રત્ની આ સવાલથી પાછી રડવા પડી. અને જડજે આડવોકેટ જેનરલને યાદ આપી કે એ કાંઈ પુછવાજોગ નથી.

"વારૂ આ મધરાતનો ખેલ એ પ્રમાણે કેટલી વખત થયો હતો?" આડવોકેટ જેનરલે બીજી રીતે રત્નીને શરમાવી.

"કોઈ દાહાડેબી નહી. એ તે શું પુછવાનું મારા સાહેબ? જોતા નથી બિચારી તે કેવી શરમાયછે તે? તેણે કહ્યું તે સાંભાળ્યું નહી, કે આ તો માત્ર એક અકસમાત રોકાણ થઈ પડી હતી?"

રત્નીની તરફથી આ જવાબ કોઈ બીજાએજ દીધો. એ જવાબ કોર્ટના કોઈ બીજા ભાગમાંથી આવ્યો. એ જવાબ બીજા કોઇ નહી પણ બંધવા ભીખુભાઇનો હતો. રત્નીને લરજાવનારા આ સવાલોથી તેનો પીત્તો ઉછલી આવ્યો હતો અને પોતાનો જીવ બચાવનાર આ ઈમાનદાર શાક્ષીની આવી સતાવણી સામે તે પોતાનાં પીંજરાંમાંથીજ એકદમ બોલી ઉઠયો.

અચાનતાં પોલીસે તેને તુર્ત ચૂપ રાખ્યો. વકીલ મી૦ જામાસજીએ તેને ચૂપ રેહવાની ઈસારત કીધી. તેના બાપ મનચેરજી શેઠે તેની આગળ દોડી જઇ તેને મુગો રેહવાની શિખામણ દીધી. પણ જે બોલાયું તે બોલાયું, અને ભીખુભાઈએ ધાર્યું કે તે બોલ્યો તે સારૂં થયું.

સેવટે મી૦ હુસને શાક્ષીને એકજ સવાલ વધારે પુછયો. "વારૂં રતનબાઈ, આ બંધવો તમોને દરરોજ મળવા આવતો હતો તેના બીજા કોઈબી શાક્ષી છે?"

રતની જવાબ દઇ શકી નહી. તે યાદ કરતી મુગી ઉભી તેટલાં મી૦ હુસને ફરીથી પુછયું "તમારી આ મુલાકાતોની કોઈ એકુ જણનેબી ખબર હતી?"

"હા—હા—" રતની યાદ કરીને બોલી. "મારા પાડોહી ગુલી ગરીબના દીકરા રૂહતમને ખબર હતી."

"તેને કેમ ખબર થઈ?"

"એક રાત્રે મારાં ઘેરની પછવાડેના બેત્રમાં ભીખુભાઈ હાતે હું વાતે ઉભેલી તે રૂહતમે જોયલું."

"પછી?"

"પછી તેણે મને વારેલી કે આમ રાતની વખતે બાહારના માઠીડા હાતે મારે મુલાકાત લેવી નહી જોઇયે. તે મેં ભીખુભાઇને કહેલું બી."

રૂસ્તમનુ નામ સાંભળી મી૦ હુસને જામાસજીના કાનમાં કાંઈ કહ્યું અને મી૦ જામાસજીએ તે નોંધી લીધું.

અંહી રતનીની શાક્ષી પુરી થઈ અને મી૦ જામાસજી પોતે તેનો હાથ ધરી તેને મોટી ભીડની વચેથી કોર્ટની બાહાર લઈ ગયા.

આ વકીલ સાહેબ ગયા તે ઘણીવાર સુધી પાછા ફર્યા નહી.

પ્રકરણ ૧૬૪ મું.

ફાતમાબૂનું અગત્યનું અજવાલું.

મી૦ હુસને ફાતમાબુનું નામ પોકાર્યું. રતની પછી બીજી શાક્ષી તેની એ ચાકરડીની હતી.

ખૂનની રાત્રે રતની મોડા વખત સુધી બાહાર ફરવાને રહી હતી અને પોતાની આજારી માને માળા ઉપર મળવા પણ ગઇ નહી હતી; મોડી રાત થવા છતાં જીવીને માટે દરરોજની દવા નહી આવ્યાથી ફાતમાબુ દવા લેવા બાહાર ગઈ હતી, પણ બાહાર ગઈ ત્યારે બારણું ઊંઘાડું રાખી ગઈ હતી અને રતની હજી ફર્યા કરતી હતી તેને તાકીદ કરી ગઈ હતી કે જલદી પોઢી જવું; પછી દવા લઇને આવતાં જેટલો વખત લાગે તે કરતાં ઘણા ઓછા વખતમાં ફાતમાબુ પાછી આવી કાંકે ડાકટરનો માણસ પોતેજ દવા લઇને આવતો તેને ઘેરની નજદીકમાં મળ્યો; અને તેથી પોતે આવી તેવી રતની ઘેરમાં સુતેલી છે એવું સમજી શાક્ષીએ પાછલું બારણું બંધ કીધું અને જીવીને તેની દવા પાઈ પોતે પણ સુવા ગઈ એ સઘળી રતનીની કહેલી જુબાનીને ફાતમાબૂએ ટેકો આપ્યો.

એક બંધવાની "આલીબી" સાબેત કરવા માટે તેને લગતી દરએક બાબતમાં જેટલો ટેકો મળે તેટલો એકઠો કરવો પડેછે, અને તે મુજબ રતનીએ બંધવાના બચાવમાં જે અજાયબ જેવો પુરાવો કોર્ટમાં રજુ કીધો તેના ટેકામાં દર એક સાહદત આણવાની મી૦ જામાસજી વકીલે જુગતી કીધી હતી.

"હું સુતાંની વાર ઊંઘી ગઇ" શાક્ષીએ વધુ હેવાલ કહ્યો, "પણ કેટલુંક ઊંઘ્યા પછી કાંઈ ગડબડ સાંભળીને હું જાગી. હેઠળની મોરીની પછવાડેની બારી આગળ કાંઈ ગડબડ મે સાંભળી. ઊંદર બારણામાં બખેડું કરે તેટલીજ તે ગડબડ હતી. પણ તે ઘણીવાર સુધી મેં સાંભળ્યા કીધી. ઊંદર બારીના તાર કરડતો હોય એમ મને લાગ્યું, પણ ઘણીવાર સુધી એ ગડબડ ચાલુ રહી ત્યારે મને બીહીક પેઠી. હું મારી ખાટલીપર ઉઠીને બેઠી ને કાન દઇ સાંભળવા લાગી. તારની ગડબડ સાથ મને માણસના સાદ સંભળાયા ત્યારે હું ઘણી બીધી. મેં ધાર્યું કે કોઇ ચોર આવ્યાછે અને બારી ભાંજવાની કોશેશ કરેછે. હું જ્યાં સુતી હતી ત્યાં માથે એક બારી છે, પણ તે ઊઘાડવાની મારી હિમત ચાલી નહી. વળી તે ઊઘાડયાથી મને કાંઈ દીસત નહી કાંકે તે બારીથી રાંધણી આગળની મોરી પછવાડે આવેલી છે. હું વધારે બીધી એમ કે ઘેરમાં માટીડો કોઈ નહી હતો. મારી બાઇ એકલી માળા ઉપર પડેલી હતી અને તેનામાં ચાલવાની શક્તિ નહી હતી. રતની મારા કરતાં બીહીકણ હતી અને તેને જગાડું તો કાંઇ વધારે ખરાબી થાય. હું હેબતી ને મુગી બેસી રહી. પણ વધારે ધ્યાનથી સાંભળતાં મને બારીની બાહારથી રતનીના જેવો સાદ સંભળાયો. હું વિચારમાં પડી કે રતની બાહાર ક્યાંથી આવે? તે તો બનેજ નહી. પણ તે સાદ રતનીના જેવો હતો ખરો. તેની સાથે એક માટીડાનો આવાજ પણ જરા જરા મને સંભળાતો થયો. મેં વિચાર્યું કે હું સ્વપનું જોવુંછું કે શું? પછી મને લાગ્યું કે પડોશમાં રેહતી ગુલી ગરીબના દીકરા બરજોનો સાદ લાગેછે? ગુલી ગરીબના ત્રણ દીકરાઓ છે, પણ હું જાણતી હતી કે એકલો બરજોજ તે દાહડે ઘેરમાં હતો. રુસ્તમ તો મારા શેઠ ફકીરા સાથ ઈરાન ગયલો હતો, સોહરાબ કાંઇ મોટી પરિક્ષા આપવાનો હતો માટે તેની માએ તેને કાલેજમાંજ રાખ્યો હતો, ત્યાંજ તે સુતો હતો. ઘેરમાં એકલો બરજો હતો. મને વેહમ પડયો કે તેના ઘેરમાં કોઈ આજારી પડયું હોય અને અમારી મદદ માગવા આવ્યો હોય. તેમ ગુલીના દીકરાઓ અમારા ઘેરમાં આવજાવ કરેછે. પણ તેમ હોયતો મેં વિચાર્યું કે તે બારણું ઠોકીને ઊઘડાવાને બદલે પાછલી મોરીની બારીના તાર ક્યાં કરડવા જાય? અને વળી રતની તેની સાથ હલુસે વાત શાની કરે? માટે તે ગુલીનો દીકરો હોય એતો મેં માન્યુજ નહી. હું અંતે હિમત કરીને ઉઠી. મેં જોયું કે આતો સરિયામ કોઈ બૈરીનો આવાજ છે, અને બૈરાં કાંઇ ઘેરફાડું ચોર હોતાં નથી, માટે મારા સરખી એક ઓરતે ઓરતથી બીહવું કેવું? એમ હિમત કરીને, તોપણ મારી સંભાલ રાખીને હું હલુસે ઉઠી અને પાછલા ચોકને રસ્તે રાંધણી ભણી ગઈ. પેહલાં તો રાંધણીના બારણામાં ઉભી રહી મેં કાન ધરી સાંભલ્યું. રાંધણીની અંદર મને ભીખુભાઇનો અવાજ સંભળાયો. હું સંતાતી ભરાતી રાંધણીમાં જઇ એક ખુણામાં ઉભી. અને પછી મેં બધું જોયું—"

એટલું બોલીને શાક્ષી ચુપ રહી ગઇ અને અંદેશો કરવા લાગી.

"તમે શું જોયું?" મી૦ હુસને સવાલ કીધો.

"શું જોયું તે કેહવા જોગ નથી." ફાતમા બોલી. "જેઓનુ હું નિમક ખાવું તે ઓની એબ મારે હાથે નહી ઊઘાડું."

"તમે જે કાંઈ જોયું તે સઘળું કેહવું પડશે." અંહી જડજે જરા થડથડાવીને કહ્યું "હું હુકમ કરેછું કે સઘળું કહો."

ફાતમાબુને વાત આગળ ચલાવવાની ફરજ પડી. "હું ભીમાઇને જોવુંછું તો બંધવો અંદર આવેલો, રાંધણીની બારી ઉઘાડી નાખેલી, અને રતની જે બાહાર હતી

તેને બારીને રસ્તે અંદર લેવામાં મદદ કરતો હતો. રત્ની બારીએથી રાંધણીમાં આવી કે પછી બંધવો બાહારથી ચાલી ગયો અને રત્ની બારીની સાંકલ દઇ રાંધણીમાંથી ખડકી તરફ ગઈ."

અંહી ફાતમાબુની તપાસ મી० હુસને પુરી કીધી. બંધવાના બચાવને લગતું જેટલું પુછવાનું હતું તેટલું પુછી લીધું એટલે મી० હુસન બેસી ગયો, પણ સામી પક્ષવાળાઓએ ફાતમાબુને એટલામાંજ જવા દીધી નહી.

ઉલટપાલટ તપાસમાં ફાતમાને બીજું ઘણું વધારે કેહવાની ફરજ પડી. તેણે કબુલ કીધું કે "રત્નીને આવી ચાલ ચલાવીને મેં ગુપચુપ જવા દીધી નહી. રાંધણીની બારીએથી મનચેરજી શેઠના લુછા દીકરાઓમાંના એકને જ્યારે મેં અમારા ઘેરમાં આવેલો જોયો ત્યારે પેહલાં તો મને ઘણો ગુસો ઉપજ્યો. જ્યારે એવા લુછા છોકરાની સાથે મારી નાની બાઇને મોડી રાત્રે ઘેરમાં આવતી જોઈ ત્યારે તો મને વધારે ચીઢ ચઢી. મેં ધાર્યું કે એ છોકરાને પકડું, પણ તેના હાથમાં મેં છુરી જોઇ અને તેના હાથમાંથી લોહી જતું હતું તે વિષે મેં તેને રત્ની સાથ વાત કરતાં સાંભળ્યાં માટે મેં છુરીથી બીહીને તેને જવા દીધો અને હું ચૂપ રહી. બારી બંધ કરીને મારી બાઇ જેવી ખડકી ભણી ચાલી કે હું પછવાડે ગઇ અને ત્યાં તે એકલી પડયાથી મેં તેને પકડી. મેં એકદમ જઇને નહી પકડી, પણ રત્ની પોતેજ ખડકીમાં મારી ખાટલી ખાલી જોઈ જરા અચકીને ઉભી. હું સુતેલી નથી તો ક્યાં ગઈ તે આસપાસ જોવા લાગી. એ ઉપરથી તુર્તજ હું એક ખંખાર મારીને નિકલી આવી અને તે ક્યાં ગઇ હતી તે પુછયું. રત્ની જુઠું બોલી કે હું તો પછવાડે ગઈ હતી. મેં કહ્યું કે 'અરે જુઠી, તારાં ફેલ બધાં હું સમજુછું. તું પછવાડે ગઇ કે અત્યાર વેર બાહાર હતી?' તું પછવાડે ગઇ ત્યારે રાંધણીમાં બારીને રસ્તે કેમ આવી? અંતે જે કાંઈ બન્યું તે રત્નીએ મારી આગળ સઘળું કબુલ કીધું."

શું બન્યું હતું તે આ શાક્ષી પાસેથી શોધી કાહાડવા સારૂં રત્નીએ તેની આગળ જે કાંઈ કબુલ કીધેલું તે ઉલટ પાલટ તપાસમાં આ શાક્ષીને સઘળું પુછવામાં આવ્યું અને રત્નીએ જે કાંઈ હેવાલ કોર્ટમાં જાહેર કરેલો તેમાં અને ફાતમાબુના આપેલા હેવાલમાં કશો ફેર પડયો નહી.

"એ સઘળું શું રત્નીએ તમોને તેજ રાતના કહ્યું?"

"હા. ત્યાં ને ત્યાંજ એ હેવાલ મારી બાઇએ કહ્યો."

"અને તમે તે બધો માન્યો?"

"હા. એ હેવાલ મેં ખરો માન્યો; તોપણ હું તલાશ કરવા રત્નીની સાથેજ દીવો લઇ મોરીની બારી આગળ ગઇ અને જોયું તો તે બારી ઉપરની તારની જાલી તોડી નાખેલી હતી. રત્નીએ કહ્યું કે ભીખુભાઇના હાથમાં મેં જે છુરી જોઇ હતી તે આ તાર કાપવા માટે તેણે પોતાના ખીસામાંથી કાહાડેલી હતી. રત્નીએજ મારૂં ધ્યાન દોડાવ્યું કે જેમ ભીખુભાઇના હાથને લોહી લાગેલું હતું તેમજ આ તારની જાલીને પણ લોહી લાગેલું હતું, તે મેં દીવાથી બરાબર જોયું."

"રત્નીએ આ સઘળો હેવાલ તમોને ખુશીથી કહ્યો?"

"નહી. ઘણું બીહતાં બીહતાં કહ્યો. મેં ધમકાવીને પુછયું ત્યારે કહ્યો. તે મારી આગળ રડી પડી અને ઘણી આજીજી કરવા લાગી. મારી આગળ માફી ચાહવા લાગી. મને કાલાવાલા કરવા લાગી કે જીવીબાઇ આગળ એ બીના કેહવી નહી. મેં અંતે તેને થંડી પાડીને ગુપચુપ સુવા કહ્યું. મેં કબુલાત આપી કે કોઈ આગળ એ વાત નહી કેહવી ત્યારેજ તે સુવા ગઇ."

"અને પછી તમે એ વાત કોઇને નહી કહી?"

"નહી."

"કાં નહી?"

"મેં વચન આપેલું તેથી. વળી મેં જોયું કે આ છોકરી ભીખુભાઇ સાથ કાંઈ જાણીબુજીને રખડવા ગઈ નહી હતી, પણ અકસ્માતથી ઘેરની બાહાર રહી ગઈ હતી અને ભીખુભાઇએ તેની સાથ સારી ચાલ ચલાવીને તેને કોઇ પણ રસ્તે ઘેરમાં દાખલ કરવા ઉપર ઘણી હિમત કીધી અને જોખમ ખેડયો. એ ઉપરથી મને રતની ઉપર તેમજ ભીખુભાઇ ઉપર દયા લાગી અને મેં કોઇ આગળ નહી કહ્યું."

"પણ તમારી શેઠાણીને બી નહી કહ્યું?"

"મારી જીવીબાઇ માંદી હતી, તેને રાતના તો એ વાત કેહવાયજ નહી, પણ બીજે દાહડે તક જોઇને કેહવાનો મારો વિચાર હતો. મારી બાઇ એ ખબરથી ગભરાય ને તે કાયલીનું દુઃખ વધી જાય તેમ એ વાત અચબુચ કેહવા જોગ નહી હતી. બાઇને ધીરજથી સમજાવીને કેહવાની હું લાગ જોતી હતી, પણ તેટલામાં તો બીજેજ દાહાડે મેં સાંભળ્યું કે ભીખુભાઈ આ ખુનના વાંકથકી કેદ પકડાયો. પછી બાઇને રાતની બીના કેહવામાં શો ફાયદો? રતની, ભીખુભાઇને ફરી મળે તેતો બનેજ નહી, માટે હવે મેં બાઇને કેહવાનું પણ માંડી વાળ્યું. અને મેં એ વાત વિષે મોહડુંજ નહી ઉઘાડયું."

"એકજ બીજો સવાલ પુછવા માગું છું" જડજે કહ્યું. "બંધવાને તે રાત્રે તમે તમારાં ઘેરની રાંધણીમાં દીઠો ત્યારે તેના દિલમાં કાળો ઝભો હતો?"

"નહી જી."

ફાતમાબુની સક્ષી પુરી થઈ ત્યારે પાંચ વાગેલા હતા.

પ્રકરણ ૧૯૫ મું.

"નાટ ગીલ્ટી."

બંધવાનો બચાવ પુરો થયો અને આડવોકેટ જેનરલે આલીબીના જવાબમાં ભાષણ કીધા પછી જડજે છ કલાકે જુરીને ચારજ આપવો શરૂ કીધો. જડજનું આ ભાષણ બારિસટર પેઠે એક તરફી નહી હતું, પણ બેહુ બોરદના શાક્ષીઓનો સરખો તોલ કરનારૂં અને તરફેણ તેમજ વીરૂધના પુરાવાઓને ખુલ્લા આકારમાં રજુ કરનારૂં ગંભીર અને અસરકારક તે ભાષણ હતું.

જડજે કબૂલ કીધું કે બંધવા સામે શક મજબુત હતો, પણ રતની અને ફાતમાબૂએ જે શાક્ષી આપીછે તે ઉપર જડજે ઘણો ભાર મુકયો. એ શાક્ષી જો ખરી હોય તો જ્યારે ખુન થયું ત્યારે બંધવો બાહાર બીજીમેર રોકાયલો હતો અને જો તેમ હોય તો આ ખુન તેણે કીધું હોયજ નહી. માટે મુખ્ય સવાલ આલાબીનો હતો અને રતની તથા ફાતમાબૂની શાક્ષી જુરીએ ખરી માનવી કે ખોટી તે ઉપર સઘળો આધાર હતો. આ બે શાક્ષીઓએ ખોટા સોગંદ ખાધા હોય તોજ તેમની શાક્ષી ખોટી ગણાય. પણ તેઓ બંનેએ પોતાની શાક્ષી ખુલ્લાં દિલથી, સફાઇથી અને એકસરખી આપીછે. તેઓ લડડયાં નથી, અચક્યાં નથી, ફેરફાર બોલ્યાં નથી, તથા તેમનો હેવાલ કાંઈ પણ રીતે ખોટો પડયો નથી. વળી તેઓને ખોટું બોલવાનો હેતુ શો? તેઓએ આ શાક્ષી ખુશીથી આપી નથી. એ શાક્ષી તેઓને સારૂં લગાડનારીબી નથી. એ શાક્ષી તેઓને અને અગત્ય કરીને રતનીને શર-

માવા જેવી ઘણી છે. જો એ વાત ખોટી હોય તો પોતાને નરસ લાગે એવી શાક્ષી ખામખા ખોટી પુરવા તે શા માટે આવે? માટે જડજે કબુલ કીધું કે હું તો એ શાક્ષી માનુંછું, જુરીએ માંનવું કે નહી તે જુરી જાણે.

રાતના ૭ વાગતે જુરી પોતાના ઓરડામાં વિચાર કરવા ગઇ અને સર્વેની અત્યંત આતુરતાના અંતની ઘડી તે હતી. રાત હોવાથી જેટલા માણસોથી અવાય એટલા કોર્ટમાં ભચડાઇને ભરાયા હતા અને જડજ, બારિસ્ટરો, વકીલો, એકેએકજણ જુરી શું અભીપરાય આપેછે તે વિષે થોડા કે ઘણા અધીરા બન્યા હતા. બંધવો અને તેના બાપની અધીરાઇ વિષે શું વિચારવું? તેની મા જે કોર્ટની છેડલા ખંડમાં એક બંધ ગાડીમાં છુપી આવી હતી અને જે દર પલેપલ કામ કેમ ચાલેછે તેની ખબર પુછાવતી હતી તેની અધીરાઇની તે હદ કયાં હોય?

અંતે અડધા કલાકમાં જુરીના કાનસ્ટેબલનો ધાડો આવાજ સંભળાયો અને જુરીના ગૃહસ્થો આખી ઠઠની ચુપકીદી વચે ગંભીર કદમે ચાલીને પોતાના બાક્ષમાં આવ્યા.

“જુરીના ગૃહસ્થો,” કાઉનના કલાર્કે ઉઠીને પુછયું “તમે તમારો અભીપ્રાય બાંધ્યો?”

“હા.” જુરીના ફોરમેને જવાબ દીધો.

“એક મતથી કે બહુ મતથી?”

“અમે સંધા એક મત થયા છીયે.”

“શો અભીપ્રાય છે? બંધવો ગીલ્ટી કે નાટ ગીલ્ટી.”

“નાટ ગીલ્ટી.” જુરીએ તેને બેગુનાહ ઠરાવ્યો અને આખી પારસી ઠઠને ધીરજ મળી. ઘણા જણાઓને ટીંગાઇરહેલો દમ આવાને ગોયા હમણાજ વખત મળ્યો.

જડજે બંધવાને છોડી મેલ્યો અને જુરીને તેમની ધીરજને માટે શાબાશી આપી તથા ચાર દાહડા સુધી કેદ રેહવાની તેમને તજદી થઈ માટે તેમનો ઉપકાર માન્યો.

રત્નીને મી૦ જામાસજી વકીલ હાથ ઝાલીને શાક્ષીનાં પીંજરામાંથી લઇ ગયા ત્યારે ધ્રુજતી હતી અને એટલી નબલી થઈ ગઈ હતી કે તેનામાં ચાલવાની શકિત નહી હતી.

“મારો બાપ કીહાં છે?” તેણીએ હેબતેલે ચેહરે પેહલોજ સવાલ કોર્ટમાંથી બાહાર નિકલતાં મી૦ જામાસજીને પુછયો. “ફકિરો કીહાં ગીયેલો?”

“ફકીરાની તમે વાત ના પુછો રતનબાઇ,” જામાસજીએ તેને દાદરપરથી ઉતારતાં સમજાવી. “હમણા તો તમે મુગાં મુગાં ઘેર જાવો.”

“પણ મારા બાપની હાતે જાવું કેની?” રત્ની ઓહસે પડીને પુછવા લાગી. “હું મારા બાપની હાતે આવેલી ને તેને લઇને હાતેજ જવાની.”

“તમારા બાપ તમારી આગળના ઘેર ગયાછે. તમે તેવણુની પછવાડે જશો. એટલુંજ.”

જેમ જેમ પોતાના બાપને નહી જોતી તેમ તેમ રત્ની વધારે હેબત પામતી હતી અને જ્યારે તેણે એમ જાણ્યું કે તેનો બાપ તેને કોર્ટમાં એકલી મુકીને જતો રહ્યો ત્યારે તે વધારે ગભરાઈ અને કારણ પુછવા લાગી.

“તમારા બાપનો કોર્ટમાં જીવ ફરી આવેલો તેથી તેવણ અગાઉથી ઘેર ગયા છે.” મી૦ જામાસજીએ અંતે ખોલાસો કીધો.

“જીવ ફરી આવયો? કેવારે કેવારે?”

“તમે શાક્ષી આપતાં હતાં તે વખતે તમે ગડબડ નહી સાંભળી? તેવણુને ફેર આવી ગયા માટે તેવણુને ઘેર લઇ ગયા.”

“ઓ મારા બાપ! મારા ફકીરા! ઓ! આ મેં હું કીધું?” રત્ની ચીસ પાડીને બોલી અને તે બોલતાંમાંજ અડધા દાદરે તેને મગજે તમર આવ્યાથી તે મી૦ જામાસજીના હાથમાં બેશુધ પડી.

આસપાસના કેટલાક લોકો દોડી આવ્યા. પોલીસની તુર્તું દોડ પોંહચી અને બે મિનિટમાં રત્ની પાછી હોશ્યાર થઈ.

"રતનબાઈ, એમ ચેડાં ના કાહાડો." તેને હોશ્યાર કરી નીચે લઇ જતાં જમાસજી લગાર ધમકાવી બોલ્યા. "પરાઈ જગ્યામાં તમે ફજીયતી ના કરો. રડવું બડબડવું હોય તે ઘેર જઇને."

"પણ મારો બાપ કેમ છે? કોઈ કહોરે મારા બાપાને હું છે?" રત્નીએ વધારે હિમત રાખીને પુછ્યું.

"તારા બાપ સારી પૅઠે છે, બેહન રત્ની, ફિકર ના કર," એક જણ બાજુએથી નિકલી આવીને બોલ્યો.

આ આવાજ રત્નીને ઓળખીતો હતો એટલુંજ નહી પણ ધીરજ આપનારો હતો.

"ભાઈ રૂહતમ! ઓ ભલા રૂહતમ! તું છે કે? તું મારા બાપાને મળી આયવો કે?"

"હું નથી મળી આવ્યો. હું કોર્ટમાં ઘણીવારનો આવેલો છું. પણ મને હમણાજ ખબર મળી કે ફકીરો સારીપૅઠે છે."

રત્નીએ રૂસ્તમનું નામ કોર્ટમાં શાક્ષી આપવાને દીધું હતું કે ભીખુભાઈ સાથની તેની છુપી દોસ્તી ગુલી ગરીબનો એ દીકરો જાણતો હતો.

રૂસ્તમને મી૦ હુસન બારિસ્ટરે તાબડતોબ શાક્ષી દાખલ બોલાવવા ધાર્યો હતો માટે તેને કારખાનામાંથી તેડી લાવવા વકીલના માણસો દોડયાં હતા. પણ રૂસ્તમ તો તે અગાઉનો કોર્ટ આગળથી સેજ પસાર થતાં આવી લાગ્યો હતો, અને પછવાડે જે ભીડ એક ભીતની પેઠે ઉભેલી હતી તેમાં પોતાને નહી દેખાય કે નહી સંભાળાય તે છતાં ઉભેલા આતુર લોકોમાં એક રૂસ્તમ હતો. રત્નીને શાક્ષીનાં પીંજરામાં જોઇને તે ગભારાઈ ગયો. રત્નીની સાહેદી પુરી થયા પછી આ નામીચા બારિસ્ટરે જડજની આગળ રૂસ્તમની સાક્ષી બોલાવા માગી તે માત્ર એટલું બતાવવા કે રત્નીને બંધવા સાથે છુપી દોસ્તી હતી તે એક ત્રીજો માણસ જાણતો હતો. પણ આડવોકેટ જેનરલે પોતેજ કહ્યું કે તે સાક્ષીની જરૂર નથી, અને તેથી રૂસ્તમની જુબાની લેવાની માંડી વાળી.

પણ આપણો રૂસ્તમ આવ્યો તો તેનો ફેરો ફોકટ નહી ગયો. તે આ બાહને આવ્યાથી રત્નીને મદદ લાગ્યો.

નબળાને સહાય થવું એ રૂસ્તમની જાણેકે સૂજત હતી. ગરીબને મદદ આપવી હોય ત્યાં ગુલી ગરીબનો આ દીકરો હંમેશ હાજર હતો.

પ્રકરણ ૧૬૬ મું.

રત્ની કેમ આવી અને કેમ ગઈ.

"ભાઈ રૂહતમ તું મારી હાતે રેહજે. હું ઘેર જાવુંછ, ત્યાં મારી હાતે આવ. મને લોકોની ભીક લાગતી છે."

લોકચર્ચા અને નિંદાથી રત્નીને ઘણું બીહવાનું હતું.

અલબત રત્નીની આ શાક્ષી તેને સારૂં લગાડનારી તો નહીજ હતી. જાહેર કોર્ટમાં ઉભી રેહવું, બારીક સવાલોને આધીન થવું અને નહી ઘટતી વાતો પોતાને મોહડે કબૂલ કરવી, એ શરમીંદગી રત્નીને માટે ઘણી મોટી હતી. પણ વળી આ શરમીંદગીના શબ્દો સાંભળીને રત્નીનો વ્હાલો પિતા ભર કોર્ટમાં આજારી પડયો અને તેને ઉચકી લઈ જવામાં આવ્યો તે ખબરથી રત્ની ઘણી વધારે રડવા લાગી.

આ શાક્ષી આપવાને રત્ની એકાએક કાંઈ ખુશીથી આવી નહી હતી. એ છોકરીની ફજીયતીની બીહીકથી અંતકાળ સુધી ના પાડી પાડીને જ્યારે તપાસને છેલે દાહાડે ફાંસીનાં લાકડાંના ભયથી ભીખુભા-

ઇએ મી૦ જામાસજી વકીલ આગળ ખૂનની રાત્રે પોતે ક્યાં હતો તે છુપી રીતે કબુલ કીધું ત્યારે જામસજીએ તુર્તજ મી૦ હુસનની છુપી સલાહ લઈ ભીખુભાઇનો જીવ બચાવવા માટે રત્નીની આ શાક્ષી મેળવવાને છુપો પ્રયત્ન કર્યો.

તેવણે પેહલાં તો રત્નીના ઘેરમાં તેની ખાનગી મુલાકાત લીધી અને ભીખુભાઈ જેવા તેના એક ખરા દોસ્તનો જીવ બચાવવાની રત્નીને ઘણીજ કાકલુદીથી અરજ કીધી. આ અરજથી રત્નીનું દિલ પીગલી ગયું, અને ખરી ખીના મી૦ જામાસજી જાણશે તેથી ભીખુભાઇનો જીવ બચશે એમ પોતાના મનમાં ઉતરવાથી રત્નીએ ખરેખરો જે બનાવ હતો તે સઘળો જામાસજી આગળ કબુલ કીધો. આમ કબુલ કીધાથી રત્નીએ શાક્ષીમાં જવાની વકી રાખી નહી હતી. તે એટલુંજ સમજતી કે જામાસજી જઇને કોર્ટમાં એ ખીના જાહેર કરશે એટલે કોર્ટ ભીખુભાઇને છોડી દેશે. આ વાત સાંભળીને મી૦ જામાસજી મુગા મુગા પાછા ગયા અને રત્નીને શાક્ષી આપવી પડશે એટલુંબી તેને કહી નહી ગયા પણ ઓર તેને ચેતવી ગયા કે કોઇ આગળ કશું બોલવું નહી પણ વાત જેમ બને તેમ છાની રાખવી.

એ પછી મી૦ જામાસજીએ બીજું જે અગતનું પગલું ભર્યું તે રત્નીના બાપની મુલકાતનું હતું. તેવણે ફકીરાની મુલાકાત હોરમજશાહ શેઠની મારફતે લીધી અને ત્રણુએ ખાનગી મસલતમાં રત્નીની શાક્ષી લેવાનું નકી કીધું. રત્ની શી શાક્ષી આપનાર છે તે તેઓને કહ્યું નહી, પણ એટલુંજ કહ્યું કે ભીખુભાઈના બચાવમાં "આલીબી" શાબેત કરવાની છે અને તેમાં રત્નીની શાક્ષી અગત્યની છે કેમકે ભીખુભાઈ તે રાત્રે ક્યાં હતો તે રત્ની જાણેછે બાકીની વિગતો પોતાના વિશ્વાસ અને સોગંદ ઉપર કહેલી માટે એક ગૃહસ્થ તરીકે તે જાહેર કરવાને મી૦ જામાસજીએ ના પડી અને હોરમજશાહ શેઠે પણ ગૃહસ્થ તરીકે હુજત કીધી નહી.

અંતે સાર એ આવ્યો કે સુલેહના અમલદાર તરીકે હોરમજશાહ શેઠની ફરજ થઈ પડી કે ફકીરાને તેની દીકરીની શાક્ષીને માટે સમજાવવો. શેઠનો હુકમ ફકીરાથી ના પાડી શકાય નહી અને વળી એક માણસ ખૂનના ખોટા વાંકથી નાહક ફાંસી જતો હોય તેને બચાવવાનું જો આપણા હાથમાં હોયતો તેને બચવવાની આપણી ફરજ છે એવી એવી સમજુતીથી ફકીરો પોતાની દીકરીની શાક્ષી અપાવવા કબુલ થયો. "અગરજો તું ના પાડશે ફકીરા" હોરમજશાહ શેઠે તેને સમજાવ્યો "તો એ લોકો રત્ની ઉપર સમન કરી તેને ફરજીયાત કોર્ટમાં બોલાવશે ત્યારે રત્નીને કાંઈ જયા વિના ચાલવાનું નથી, તે કરતાં પોતાની મેળેજ જવાથી વધારે ઉપકાર ગણાશે."

એ રીતે સમજાવી પટાવીને મી૦ જામાસજી પોતાની ગાડીમાં ફકીરાની સાથે રત્નીને તેડી લાવ્યા હતા—ફાતમાબુને માત્ર હુકમજ બસ હતો, પણ તે સઘળી ખીના જાણેછે અને કેહવાને ખુશી છે એ વિષે આ ચાલાક વકીલે આગમચથી ખાનગી રીતે તેની સાથ વાત કરી રાખી હતી, અને ફાતમાને પણ તાકીદ કીધી હતી કે તે શાક્ષી પુરવાની છે તે પોતાના શેઠ શેઠાણી આગળ કેહવું નહી. રસ્તામાં આવતાં મી૦ જામાસજી આગળ ફકીરાએ એક બે વાર એસારો કીધો હતો કે તેની દીકરીની શાક્ષી શા પ્રકારની છે તે કેહવું, પણ જામાસજીએ ફરી ફરીથી ખાતરી આપી કે એ ભેદ છુપો રાખવાનો તેણે કોલ આપેલોછે અને તે શાક્ષીના મોહમાંથી નિકળે નહી ત્યાં સુધી ખાનગી રાખવો જોઇયે.

"તમોને ધીરજ અને શાંતોશ રાખવાનો એટલોજ છે કે તમારી પુત્રીની શાક્ષીથી એક નિર્દોષ જીવ ફાંસીને લાકડે લટકતો બચી જશે. અત્રે સાબેત કરવાનું

એટલુંજ છે કે ખુનની રાત્રે બીખુભાઈ ખુનની જગ્યામાં નહી પણ બાહાર હતો. એ પ્રમાણે જેટલા જણે તેને બાહાર જોયો હોય તે બધાંની શાક્ષી લેવી જોઈયે, તમારી રતનબાઈ અને ફાતમાએ તેને બાહાર જોયો તે પ્રમાણે શાક્ષી આપવાથી તેઓ એક નિરપરાધીનો જીવ બચાવવાનું સવાબ હાંસલ કરશે."

ભોળા દિલના ફકીરાએ આ ખોલાસા ઉપર સબુરી પકડી. તેણે કબુલ વટીક કીધું કે તેની દીકરીની શાક્ષી ખરેખર ઘણી અગત્યની છે, પણ તે શા પ્રકારની શાક્ષી છે તે વિષે તેની આતુરતા અંત વગરની હતી. રત્નીને મી૦ જામાસજી કોર્ટમાં લઈ આવ્યા ત્યારેજ તેની સાથે ફકીરો પણ ન્યાય મહાળયના દિવાનખાનામાં આવ્યો. એ બુજર્ગ ગામડિયાએ પોતાની દીકરીને બારમાં આગળ જવા દીધી અને પોતે એક ખુણામાં ભરાઈને ઉભો તથા રત્નીની શાક્ષી સાંભળવા લાગ્યો. તેની શાક્ષીની લગભગ શરૂઆતમાંજ કાંઈ ધબકારો અને ગડબડ થઈ તે વાંચનારને યાદ હશે. એ ધબકારો બિચારો ફકીરો અચબુચ બેહોશ થઈ પડયો તેનો હતો.

રત્નીની શાક્ષી શરૂ થતાંજ તે તેના ભલા તેમ ભોળા બાપને ગમી નહી. બીખુભાઈ સરખા એક લુછા રખડેલ વિષે રત્નીએ સારૂં મત આપ્યું તેજ પેહલાં તો ફકીરાને અચરતી ઉપજાવનારૂં હતું, પણ "ખુનની રાત્રે બંધવો મારી સાથે હતો—મોડી રાત સુધી તે અને હું સાથે હતાં" એ શબ્દો પોતાની દીકરીને મોહડે સાંભળવાની ફકીરાને કદીબી વકી નહી હતી. આ શબ્દો ભય ભરેલા ગભરાટ સાથ એ ગરીબ પણ આબરૂદાર, ગામડિયા પણ સાદા અને પ્રમાણીક બાપને કાને પડયા. પોતાને, પોતાના કુળને, પોતાના નામને, પોતાની આબરૂને, પોતાના તમામ ભવિષ્યને ડાઘ લાગવા સરખા આ ભયંકર શબ્દો સાંભળતાંજ ફકીરાના મગજે ફેર આવ્યા. તે ગમે એવો તનદરોસ્ત અને કુવતમંદ હતો, પણ પોતાની વ્હાલી, એકપુરી દીકરીનું આ બોપાણ તેની કાઠી, તેના કુવત અને તેની હિંમતથી નહી ટકાય એવું ભારી હતું. તે આ શબ્દો સાંભળતાંજ એક પથરની પેંઠે ઉભો ને ઉભોજ ભોંય ઉપર પડયો અને તે મરી જતો હોય તેમ થંડો, ફીણ ફીણ થતો, તાણતોડ કરવા લાગ્યો.

આસપાસની ભીડને લીધે તથા કોર્ટમાં બિછાવેલા કાથાના ગાલીચાને લીધે આ ધબકારાની ઠેવની જાણ સંભળાઈ નહી. પોલીસે તેને તાબડતોબ ઊચકી લઈ હેઠલ હોશ્યાર કીધો અને ગાડીમાં નાખી તેને ઘેર મોકલાવી દીધો અને તેજ વખતે કોર્ટમાં બારિસટરો તથા જડજ વચ્ચે છુપી ચર્ચા ચાલી તેતો વાંચનાર યાદ કરશે. જડજના ચેહરા ઉપર આપણે તે વખતે બેચેની જોઈ હતી, પણ આ છોકરીનો બાપ હોશ્યાર થયો અને તેને ઘેર મોકલાવ્યો એમ કાઉનના કલાર્કની મારફતે પોલીસથી જાણ્યા પછીજ નામદાર જડજ શાંત થયા હતા.

પ્રકરણ ૧૯૭ મું.

ફકીરાને લકવો.

રત્નીને મી૦ જામાસજીએ ઉપકાર માનીને ગાડીમાં બેસાડી તથા તેવણ પોતે અને રૂસ્તમ તેને આગગાડીના સ્ટેશન સુધી પોંહચાડી ગયા.

ટ્રેનનો વખત થયલો હતો. રૂસ્તમ રત્નીને પોતાની સાથે સેકંડ કલાસની ગાડીમાં બેસાડી તેને ઘેર લઈ ગયો. ફાતમાબુની શાક્ષી ઘણી મોડી પુરી થઈ અને તે અલબતાં પછવાડેથી આવી.

ગાડીમાં રત્ની આખો વખત રડયા

કીધી. તે પોતાની આબરૂ ખોહવા માટે રડી એટલુંજ નહી, માબાપ તેને સજા કરે તેની બીહીકથી તે રડી એટલુંજ નહી, પણ પોતાનાં માબાપને આ બેઈજતીથી બુઢાપામાં એવો જખમ લાગ્યો કે જેના ઘા રૂજાયાવિના તેના ભાર હેઠલ તેઓ જીવી શકવાના નથી એ ખ્યાલના દુઃખથી તે વધારે રડયા કીધી.

ગાડીમાં તેને દિલાશો આપનાર એકલો રૂસ્તમ હતો. રત્નીના દુઃખપર ડામ દેવા તે જાજું બોલ્યો નહી, પણ રત્ની જ્યારે ઘણું બકવા લાગી ત્યારે રૂસ્તમથી એટલું તો કહ્યાવિના રેહવાયું નહી કે "બેહન રત્ની, હું ઈરાન ગયો તે દાહડે તુને તાકીદ કરી ગયો હતો કે આ ભીખુભાઈની દોસતી છોડી દેવી. જ્યારે મેં એ છુપી દોસતીમાં તુને જોઈ ત્યારે મેં એક બેહન દાખલ તેની સામે તુંને વારી, તેં તેની દોસ્તી છોડી દેવાની કબુલાત આપી, અને તોપણ તારા ઉપર છુપી તલાશ રાખી તું એ કબુલાત કેટલી પાલેછ તે જોવાનો મેં ઠરાવ કીધો. પણ માઠાં ભાયગે તેટલાં તારા બાવાનું અને મારૂં ઈરાન જવાનું થયું તેથી મેં તારા ઉપર રાખવા ધારેલી તપાસ દુર ગઇ અને તેટલાજ ટુક અંતરમાં આ ખરાબી થઈ."

આ દુઃખભરી યાદના પશ્ચાતાપમાં રત્ની કશું બોલી નહી. દાદરના સ્ટેશન ઉપર રૂસ્તમ તેને લઇને ઉતર્યો અને એક બેલનાં રેંકલામાં તેને તેને ઘેર લઈ ગયો.

રત્નીના ઘેરમાં માસીદાસીએ ખબર આપી તેમ બિચારા ફકીરા ઉપર "દરબરી પર દરબરી" પડતી હતી, અને "ડાકટરોની દોડાદોડી" ચાલતી હતી. જોકે એકજ ડાકટર ડી સુજા કરતાં બીજો કોઈ ડાકટર આવ્યો નહી હતો—બીજો તો ડી સુજાનો ફિરંગી કંપાઉંડર હતો, પણ માસીદાસીને મનથી તેબી ડાકટરજ હતો.

ફકીરાને લકવો થયો હતો. આજના ગમના ફટકાથી, પોતાની વ્હાલી અને એકપુરી દીકરીએ ભર કોર્ટમાં જે કાંઈ કબુલ કીધું તેના જખમથી તેને મગજ ઉપર જ્ઞાનતંતુના આ તિક્ષણ દર્દે હુમલો કીધો હતો. કોર્ટમાંથી તેને જેમ તેમ હોશ્યાર કરીને લાવ્યા હતા, પણ તેને ગાડીમાં ફરીથીનો હુમલો થઈ આવ્યો હતો અને તે ગાડીમાં બેશુધ થઈ ગયો તેમાંથી રત્ની ઘેર આવી ત્યાંસુધી તે પાછો હોશ્યાર થયો નહી હતો.

બિચારી જીવી ઉપર આ દુઃખ તેની તુર્તનીજ છેલી માંદગી પછી અજાયબ જેવા ભાર સાથ આવી પડયું હતું અને રત્ની પાછી આવી ત્યારેબી તેની દીકરીથી તેના કુટુંબની કેટલી ફજીયતી ભર કોર્ટમાં થઇછે તેનો તેને પુરતો ખ્યાલ પણ નહી હતો. તે એટલુંજ જાણતી હતી કે રત્નીની શાક્ષીથી ભીખુભાઈ ખુનનાં વાંકમાંથી છુટયોછે, પણ તે શાક્ષીમાં રત્નીએ કબૂલ કીધું છે કે ખુનની રાત્રે તો ભીખુભાઈ તેની સાથે વખત ગુજારતો હતો. આ એટલુંજ ભોપાળું જીવીને પણ અચબુચ દુઃખના ઝટકાથી મારી નાખવાને પુરતું હતું, પણ પોતાના ધણીની સારવારમાં તે પોતાનું દુઃખ ભુલી ગઇ હતી—તો જોકે તે અતિઘણા ગભરાટ અને ફિકરથી બાવરી બનેલી હતી.

રત્ની રૂસ્તમ સાથે ઘેરમાં આવી તેવીજ પોતાના બુઢા બાપને ભાંયતલીયાંમાંજ એક ખાટલી ઉપર મુડદાં જેવો પડેલો જોઈ એકદમ તેના ઉપર ધસી ગઈ અને તેનાજ દિલપર "ઓ મારા બાપ! ઓ બાપરે!" કરી ચીસ પાડતી બેશુદ્ધ હાલતમાં જીખાઈ પડી. જીવી પોતાની દીકરીને જીવતી ખાઈ જાય એટલી ઉસકેરાયલી હતી, પણ તેને બેભાણ જોઈ પાછી ગભરાટમાં પડી અને હવે એકને બદલે બે જણને હોસયાર કરવાની મેહનતમાં સર્વે રોકાયાં.

રત્નીની બેભાની અલબતાં થોડા વખતની હતી. ભરચોપડ અને સુંઘાર સેક

ફાખાથી તે પાછી હોશ્યાર થઇ અને તેવીજ પોકેપોક રડવા પડી. "રાન હવે રડતી હાની દેખું?" તેની દુખી માનું હૈડું ભરાઈ રહેલું હતું તે હવે ખફગીમાં ખાલી થયું. "રાન તેં મુવા ભીખુનો જીવ બચાયવો, પણ તારા બાપનો જીવ લીધો. તું મરે! મારે પેટે પેદાની પડતા, તું જનમતી વખતેજ મરી કાં નહી ગઇ?"

જીવી બીજું ઘણું બોલવા જતી હતી. પણ ડાકટર જે હજી પાસે બેઠેલો હતો તેણે તેને ધમકાવીને ચુપ રાખી. ફકીરાના બીછાના આગળ ગપચી અને ગડબડ બેહુ નહી જોઇયે. રુસતમતો રત્નીને ઘેરમાં મેળી પાચરો કારખાને ગયો હતો કેમકે ત્યાં તે પોતાનું કામ અધુરૂં નાખીને કોર્ટમાં ગયો હતો, પણ ગુલી ગરીબ પોતાના આ રાંક પડોસીઓની આગળ હતી. ગુલાનો દીકરો સોહરાબ જે કાલેજમાં રેહતો હતો તે ત્યાંથી પોતાની માને મળવા આવેલો તે અને તેનો ભાઇ બરજો અને બીજા પડોશીઓ પણ અંહીજ હતા. ગુલી જીવીને સમજાવીને થંડી પાડવા લાગી તથા માસીદાસી રત્નીને તેની ખીજવાતી મા આગળથી ખસેડીને માળા ઉપર તેના ઓરડામાં એકાંત રાખી આવી.

રત્ની પોતાના ઓરડામાં જમીન ઉપર ફસડાઈ પડીને ખરાં દિલના પશ્ચાતાપને પોતાનું દેમાગ બાલવા દીધું. પોતાની ફજીયતીનું અને પોતાના માબાપના દુઃખનું તે કારણ થઈ પડવા માટે તે હાય અને અફસોસ કરવા લાગી. રડવાથી તેના લુગડાં ભીંગાયાં અને હોટ કરડવાથી તથા બાલો પીંખવાથી તેના બેકરાર જીગરને કશોખી દિલાશો નહી મળ્યો. ફાતમાબૂ ઘેર આવી ત્યાંસુધી રત્ની એજ હાલતમાં પડેલી હતી.

"ફાતમાં મને પડી રેહવા દે! મને અંહીજ પડવા દે!" ફાતમાં તેની પાસે આવી ત્યાં રત્નીએ બુમ મારીને માગી લીધું "હું મરી જવા માગું. મને મરી જવા દે."

"એ શું ઘેલાં કાહડેછે રત્ની?" ફાતમાએ ઠપકો આપ્યો. "એમ કાંઇ ફજીયતી થઈ તે સુધરવાની છે?"

"ઓ ખોદા! મારૂં મોત આપ! દાદાર હોરમજ! મને તારી પાહે તેડી લે!"

"મોત આવે ત્યારે સહુ મરવાના છીયે, એમ માંગવાથી કાંઈ મરાતું નથી." ફાતમાએ તેને અડધી ધીરજ અડધા ઠપકાની ઢબમાં કહ્યું. "ઘેલી, જા, હમણા તો તારા બાપ મરવા સુતાછે તેને જીવાડવાની તરવેર કર. એમ ક્યાં સુધી પડી રેહશે?"

"ઓ મારા બાપ! મારા બાપ! મેં તુને મારી લાયબોરે મારા બાપ!" રત્ની પાછી રડવા પડી. "ઓ! મારા ઉપર કેવું હેત! કેવો લાડ! ને મેં આ બધું ઉંધું કીધું. ફાતમા મને કેહની, મારો બાપ જીવવાનો કે નહી? ઓ! તેની પાહે માફી માગવા જેટલોભી મને વખત મયલો નહી. અરે! મારો બાપ મારા ઉપર ખભરેલો ને ખભરેલોજ મરી જાહે કે? મારૂં કાંઈ હાંભળ હે કે નહી? મને માફ કરહે કે નહી? જો એ મારૂં હાંભલે તો મને ખચીત માફ કરે? પણ હાંભલે ત્યારે કે? જીવે ત્યારે કે? અરેરે! ફાતમાં, હું કરતાં હું થઈ ગયું?"

ફાતમાએ ધીરજ આપો કે ગભરાટ કરવો નહી. પેહલાં ફકીરાને સાજો થવા દેવો. ડાકટરની મેહનતથી તેને ફેર પડતો જાયછે અને હોશ્યારી વધતી જાયછે, અને તદન હોશ્યાર થશે પછી રત્નીને માફ કરશે.

રાત પડતાં સુધીમાં ફકીરો પાછો હોશ્યાર થયો, પણ ડાકટરે તેને બોલાવવા કે હીલચાલ કરવાની મના કીધી. તેને વાત કરાવવી નહી અને અગત્ય કરીને રત્ની જેને લીધે તેને ગમ લાગ્યો તેને તેની આગળ નહી લાવવાનો ઠરાવ થયો, કાંકે કદાચ રત્નીને જોયાથી તેનો જખમ પાછો તાજો થાય એ અસંભવિક નહી હતું.

રાતના મોડા વખત સુધી ગુલી અને આખી રાત તેના દીકરાઓ ફકીરાની આ-

ગળ તેની ચાકરીમાં રહ્યા. સોહરાબ આ વર્ષની બી. એ. ની પરિક્ષામાં જવાનો એટલે તે અભ્યાસનો એક કલાક ચુકતો નહી હતો. તે સાંજે લગાર મોડથી પોતાની માને મળીને કાલેજમાં પાછો ગયો પણ તેની બદલીએ રૂસ્તમ અને બરજો ફ્રીરાની આગળ રહ્યા. ગુલી પોતાના દીકરાઓને દર્દીની માવજતની તબે પાડવી એ તેમની કેળવણીનો એક ભાગ ગણુતી હતી—તેથી બિચારા ફ્રીરાની વધારે માવજત થઇ. માસીદાસી ગુલીને ઘેર નાના બરજોરને તથા ગુલીને ત્યાં શિખવવા રહેલા છોકરા જેઓની સંખ્યા અડધા ડજનની થઈ હતી તેમને જમાડવા કરવા ગઈ, પણ રૂસ્તમ અને ગુલી વારા ફરતાં ઘેર જઇને જમી આવ્યાં. જીવી ભુખી ને તરસી પોતાના ભર્તારનાં બીછાના આગળથી ખીસી નહી, તેને ગુલી સમજાવી પટાવીને જમાડવા લઈ ગઈ, અને ફ્રીરાને પાછી હોશ્યારી આવતી જોઇને જીવીના જીવને ધીરજ આવી હતી એટલે તેણે ભલી ગુલીને ઘણી બોહસ કરવા દીધી નહી.

રત્ની હજી સમજ્યા વગર રહી હતી. જીવીએ એ "દુકતી"નું મોહડું જોવાને ના પાડેલું અને આ ગભરાટના વખતમાં તેને દૂરની દૂરજ રાખવાનું ગુલીએ, રૂસ્તમે અને ફ્રાતમાબૂએ બેહતર વિચાર્યું, પણ તેની અગાઉ ગુલીએ રત્નીની તકસીર વિષે ડાકટરના જવા પછી તથા ઘેરમાંનો ગભરાટ નરમ પડયા પછી, ફ્રાતમાબૂથી તથા રૂસ્તમથી પોતાની ખાતરીની મસલત કરી રાખી હતી.

"હું વિચારમાં પડયો, માયજી," રૂસ્તમ બોલવા લાગ્યો "કે અદુભાઈના ખૂન સાથ રત્નીને શું લાગે વલગે કે શાક્ષી સારૂ તેને બોલાવવામાં આવી. હોરમજશાહ શેઠે પણ ઘણી અચરતી બતાવી, પણ કોર્ટમાં જવા પછી મને જણાયું કે બંધવા સાથની રત્નીની છુપી દોસ્તી જે કોર્ટમાં જાહેર થઈ તે વાતનો ટેકો કદાચ મનેબી આપવો પડતે."

"રૂસ્તમ, એ બે જણ વચ્ચે આવો સંબંધ હતો તે તેં મને તો નહી કહ્યું?" ગુલીએ લગાર ઠપકાની ઢબમાં પોતાના દીકરાથી બોલાસો પુછયો, જોકે તેના મનમાં ખાતરી હતી કે તેનો દીકરો ખોટું કામ કરે નહી.

"માતાજી, રત્નીનો આ ભરમ મેં છુપો પકડયો હતો અને જ્યારે તેણે મને કબૂલાત આપી કે એ લુચ્ચાની સંગતને છોડી દેશે ત્યારે મારી પાસેથી પણ તેણે વચન લીધું કે તેની એ વાત કોઇને કેહવી નહી. ત્યાર પછી હું એવું સમજ્યો કે રત્નીએ ભીખુભાઇનો ખ્યાલ છોડી દીધો. ઈરાનથી-આવ્યા પછી મેં રત્નીને પાછું પુછયું ત્યારેબી એણે મને એજ જવાબ દીધો—તો જોકે ઈરાન જવા અગાઉ હું જીવીને ભરમમાં ચેતવણી આપી ગયો હતો કે રત્નીને સંભાળવી અને ભીખુભાઈ સાથ તેને દોસ્તીમાં પડવા નહી દેવી."

રૂસ્તમનો આ બોલાસો તેની માને મનમાનતો લાગ્યો. ગુલીના દીકરાઓને ખરા ગૃહસ્થને લાયકની તરબીયત મળેલી હતી, અને આ બોલાસાથી રૂસ્તમે પોતાની એક ગૃહસ્થને છાજતી અસરાફી દેખાડી આપી.

પ્રકરણ ૧૯૮ મું.

રત્નીની નિંદા કરનારાં ઘણા છે—રત્નીને ઇનસાફ આપનારાં થોડાંજ છે.

અંહીથી એ મા દીકરા બંને રત્નીના ઓરડામાં તેને સમજાવા ગયાં. તે હજી બાંયપરજ પડેલી હતી અને રડતાં રડતાં લગભગ ઊંઘમાં આવી હતી.

ગુલી અને રૂસ્તમના આવ્યાથી તે જાગી ઉઠી, તે ગુઠણપર પડી, તે રૂસ્તમ આગળ રડવા લાગી, ગુલીની માફી ચાહવા લાગી.

"ખોદાની બંદી હોવ તો માનજે ગુલી-

બાઇ" ઘણીક સમજુતી આપ્યા પછી તથા ઘણીક ઠપકો સાંભળ્યા પછી રતનીએ પોતાની નિર્દોશતા પોકારી, "હું બાઇ કહું ગુલી બેહન, કે આ ભીખુભાઈની દોસ્તીમાં અમે એક ખરાબ વિચાર, એક ખરાબ વાત કે એક ખરાબ બોલ બોલ્યલાં નથી. ભુવાં ગામના લોક મને બદનામ કરશે, પણ હું સોગંદ ખાવું કે ભીખુભાઇ ને હું રાત રાત્રે મળતાં હતાં પણ કોઈ રીતે અમે આડાં ચાલ્યલાં નહી હતાં. અમે વેહલાં છુટાં પડતાં હતાં. એ તો આ કમબખત રાત્રે કજાથી હું ઘેરની બાહાર રહી ગઈ તેથી એટલીબી મોડી રાતી મને થઇ અને તે વખતેબી એણે મારી હાત જરા આડી ચાલ ચલાવી નથી."

રતનીના ખોલાસાની મતલબ એવી નહી હતી કે ભીખુભાઇને રાત રાત્રે મળવાની પોતાની ચાલનો કશો બચાવ કરવો. નહી— અત્યાર અગાઉનુ ગુલીએ અને તેના દીકરાએ રતનીના મનમાં ઉતાર્યું હતું અને એ ભોલી અબળાની ખાતરી કીધી હતી કે ભીખુભાઈ સાથની તેની ઉપલી છુપી મુલાકાતો પોતેજ વાંધા ભરેલી હતી. રતની તે કબુલ કરી ચુકી હતી અને તેને માટે પસતાવો કરી ચુકી હતી.

પણ ઉપલા એકરારમાં રતનીની મતલબ એટલુંજ દેખાડવાની હતી કે ભીખુભાઇની તે ખાનગી મુલાકાતો ગમે એવી વાંધા ભરેલી હતી, પણ સારાં ભાગ્યે તેમાંથી કાંઇબી ખરાબી થઈ નહી હતી. આ મુલાકાતો ઉપરથી અજાણ્યા લોકો ઉલટું વિચારે, પણ રતનીએ તો પોતાના કન્યાપણાને કલંક લાગવા દીધું નહી હતું, પોતાની પાક દામાન જાલવી હતી એટલુંજ તે જાહેર કરવા માગતી હતી. અને એટલાજ માટે તે દયા અને માફી ચાહતી હતી.

અને એ વાત તો ખરી હતી. રૂસ્તમે અને તેની માએ પોતે પણ એટલું તો કબુલ કીધું. અને તેઓએ જીવીને તે ગભરાટની રાત્રે ખવડાવ્યા પછી રતનીના એટલાજ બચાવથી જીવીને થંડી પાડીને તેના જીવને ધીરજ આપી. તેઓએ તેને એકમત થઇ કબુલ કીધું કે રતની પોતાની માબાપની હરસે આ લુછા છોકરાની છુપી દોસ્તીમાં રહી એજ એક મોટો વાંક હતો, પણ હજીબી ગુલીએ સમજાવ્યું તેમ ખોદાના શુકરાના કરવાનુ હતું કે આ છુપી દોસ્તીમાંથી કાંઈ માઠું ફળ નિપજ્યું નથી. અગરજો રતની અને ભીખુભાઇ વચેની દોસ્તી એમની એમ છુપી જારી રહી હોતતો ખોદા જાણે કોઈ દાહડે કેવી ખરાબી થાત અને તે ખરાબીમાંથી આ ગરીબો, પણ ખરેખરાં આબરૂદાર ગરીબોની કેવી ફજીયતી થાત. એતો કાંઇ ખોદાએજ જોયું કે અહુભાઇના ખુનને લીધે ભીખુભાઈની આ છુપી દોસ્તી એટલામાંજ બંધ પડી, પોતાની મેળેજ ભોપાળું નિકલી આવ્યું અને એવા ખાનગી કસંબંધથી જે ભય પેદા થયો જોઇયે તે ભય ભરેલાં પરિણામનો અગાઉથીજ અટકાવ થયો.

"હવે ત્યારે જે થયું તે સારૂ થયું કેની?" ગુલી જીવીને દિલાશો દેવા લાગી. "જે થયું તે ગમ કરવા જોગ છે, પણ જે વધારે ખરાબ નથી થયું તેને માટે આપણે શુકરાના પણ કરવાં જોઇયે. રતનીએ એક વાંક કીધો કે માબાપથી છુપી એક ખરાબ માણસને રસ્તે ગઇ, તે વિષે લોકો ગમે એટલું બોલે. આપણે બચ્ચાંના માબાપ થઇને તો વિચાર કરીને મત બાંધવું જોઇયે. વિચાર કરવાનો એટલોજ છે કે રતની શું જાણી જોઇને એક લુછાની દોસ્તીમાં પડી! શું તે ભીખુભાઇને ખરાબ માણસ સમજીને તેને રસ્તે ગઈ?"

"નહી. તે હું ના કહુંછ" રૂસ્તમે હવે ખાતરી આપી. "જ્યારે રતનીને મેં ભીખુભાઈની સામે વારી ત્યારે તેણે તકરારમાં તકરાર એજ લીધો કે એ છોકરો સારો માણસ છે, અને મને ઘણી મેહનત પડી

તે તેની એ ખાતરી કરવા માટેજ પડી કે તે સારો માણસ નથી."

"વળી તે સારો માણસ સમજીને તેની સાથ દોસ્તીમાં પડી એટલુંજ નહી" ગુલીએ ઇનસાફ ચલાવ્યો "પણ તે આમબા ભીખુભાઈની દોસ્તી કરવા ગઈ નહી. હોરમજશાહ શેઠને ત્યાં નાન્હા શેઠો આવતા હતા અને રતની પણ આવતી હતી. તેઓ વચે ત્યાંથી ઓળખાણ થઈ અને પછી તે લુછા છોકરાએ બિચારી આ ભોલી છોકરીને પોતાને વિષે સારું સમજાવીને તેની દોસતીમાં ઉતારી. એ બધાંમાં, તમે જોશો કે, એક જણ જાણી જોઇને એક લુછા સાથ ફરે અથવા જાણી બુજીને આડ માર્ગે જાય તેમ રતનીએ કીધું નથી."

"પણ એ બધું મને હમજાવેલું હા બપનુ, બેહન ગુલી?" જીવીએ અંતે પીગલીને પુછ્યું. "એને હુએ 'મારો ફકીરો હુબી થયો તો હવે બાકી હું રહેલું?"

"મારી કેહવાની મતલબ એટલીજ છે કે રતની ઉપર તમે એકદમ શખત થાવો ના." ગુલીએ સમજણ ચાલુ રાખી "જોકે રતનીએ એક ભુલ કીધી, વાંક કીધો, તોપણ હજી તે છેક છકેલી યા વંઠેલી છોકરી નથી. આટલું તો ખરૂં છે કે જો તે દાહડે તે અકસ્માત ઘેરની બાહાર રહી ગઈ નહી હતે તો બચીત સકાળે ઘેરમાં આવતે અને આ સઘળો બનાવ આપણ કોઈ જાણતેબી નહી. માટે જે થયું તે ગણીમત ગણી એ છોકરી કશી રીતે ફસેલી નથી તેટલાં તેને પાછી સંભાલી લેવો અને સુધારવાની કોશેશ કરો. બચ્ચાં હાથથી છેક ગયાં નહી હોય તેટલામાં તેમને સુધારવાનો વખત છે. છેક બિગડીને બેખબ થયા પછી બચ્ચાં પાછાં હાથમાં આવવાં મુશકેલ થઇ પડેછ. બચ્ચાં જેમ ઘણા લાડથી બિગડેછ તેમ ઘણી શખ્તાઇથી પણ બિગડેછ. દીકરા દીકરીની સારી કે માઠી ચાલને વખતે આપણે એકદમ હદની બાહાર જવું નહી જોઈયે, પણ આપણે તે બચ્ચાંને કાંઈ નહી પણ ઇનસાફ આપીયે છીયે એમ તેના મનમાં ભરૂસો બેસાડવો જોઇયે કે જેથી તે બચ્ચું સુધરે અથવા વધારે બિગડતું અટકે. હું હજીબી ચાહુંછ કે તમે ઘણી શખ્તાઇથી રતનીને બિગાડો નહી. સમજણથી સંભાલ લેવાથી બિગડેલું બચ્ચું સુધરેછ, પણ હદથી જીયાદે શખ્તાઇથી સારૂં બચ્ચું પણ નાચાર થઇને અંતે બિગડેછ."

"વારૂ આટલું તો તમે કબુલ કરશો કેની, જીવીબાઈ" રૂસ્તમે પોતાની માની તકરારમાં આ તકરાર ઉમેરી "કે જ્યારે બિચારી રતની તે દાહડે ઘેરની બાહાર રહી ગઈ ત્યારે લુછો ભીખુભાઈ તેને મુકીને ચાલી ગયો નહી, અથવા રતનીને ફુસલાવી પટાવીને પોતાની સાથે કેથે લઈ ગયો નહી તે સારૂં થયું? તે દાહડે રતનીને ઘેરમાં જવાનું તો બને એવું નથી એમ સમજીને અગરજો તે તેને ઘેરની બાહાર રેહવાને સમજાવી લઈ ગયો હતે તો તમે શું કરતે? પણ રતની જેવાં એક કાચાં કુમારાં બચ્ચાંનો હક તેના ઘેરની અંદર રેહવાનો છે, એમ સમજીને ભીખુભાઇએ રતનીને તેનાં બાપીકાં ઘેરમાં દાખલ કરવા સારૂ મેહનત કીધી, રંજ ખેંચી, જીવ જોખમમાં નાખ્યો, પોતાના હાથ કપાવા દીધા, લોહી જવા દીધું, તે શું તમે ગણત્રીમાં નહી લેશો?"

"રૂહતમ, એ ભીખુ પોયરો તારોતો કેવો દુશમન, ને તુંજ તેને વાહતે આટલું હાર બોલે?" જીવી પાસે કાંઈ વધુ જવાબ રહ્યો નહી ત્યારે તે રૂસ્તમને ઠપકો આપવા લાગી.

"દોસ્ત કે દુશમન, પણ ખરેખરૂં કેહવું જોઇયે." રૂસ્તમે જવાબ દીધો "હું કાંઈ તે લુછા છોકરાની તરફેણને વાસ્તે બોલતો નથી. મારાં માયજી બેહન રતની ઉપર તમોને શખ્તાઈ સામે સાહુચેત રાખેછ તેમાં હુંતો મારી આ તકરાર ઉમેરૂંછ."

"તુંજ મને ભીખુભાઈ હામે રત્ની હારે ચેતાવા આવિતો."

"હા. ને હજીબી ચેતાવુંછ. હું કહુંછ કે એવા મોટે ઘેરના છોકરાઓ સાથ રત્નીને દોસ્તી થવી નહી જોઇયે, પણ તેથી રત્નીને તમે અણઘટતી રાખતાઇથી નહી બિગડતીને બિગાડશો કે? તેને હમણાં ખરાં દિલનો પસ્તાવો થયલો છે તેની તક લઈ તેને સુધારો."

સાર એકે રત્નીનો વાંક જેટલો ખરેખર હતો તેટલોજ તેના માબાપે તોલ્યો, અને તેમ કરતાં તેમને ગુલી ગરીબે તથા તેના ડાહ્યા દીકરાઓએ શિખવ્યું. રત્નીને ધમકાવી ડબરાવીને એકવાર જીવીએજ પાછી પોતાનાં પાસાંમાં ચાંપી એટલુંજ નહી પણ ફકીરો જ્યારે લકવાના હુમલામાંથી એક વાર પાછો હોશ્યારીમાં આવતો થયો ત્યારે તેણે પોતાની દીકરીને જેટલો ઘટે એટલોજ ઠપકો આપીને તેનો વાંક માંડી વાળ્યો. અદુના ખુનની રાત્રે રત્ની ભીખુ સાથે હતી એટલુંજ તેને ભરકોર્ટમાં કબુલ કરતી સાંભળીને બિચારો ફકીરો બેશુધ થયો હતો પણ ત્યાર પછી શું બન્યું તેની તેને ખબર નહી હતી, અને તે ખબર મળી ત્યારે રત્નીનો ગુનાહ તેના મનમાં ઘણો ઓછો થયો.

પણ જગતની નિન્દાખોર જીભે રત્નીનો વાંક એટલો જલદી માફ કીધો નહી. નિન્દા વધુ ફેલાયાથી ઘટતી નથી પણ વધેછે. નિન્દાખોર વાતો વધ્યાથી કાંઇ પોતામાંની નવાઇ ઓછતી નથી. અગરજો એક ખબરને શિહા રૂપ આપી શકાતું હોયતો લોકો તેને ખામખા સફેદ રૂપમાં મુકતા નથી. આ ભીખુભાઇ અને રત્નીના બાબમાં વધી પડેલી વાતને શિહા આકાર આપવાને ખામખા મેહનત પડે એમ નહી હતું. વાત પોતેજ ખરાબ તો હતી, પણ તેમાં ટકા ચહડાવીને વધારતાં કાંઈ વાર લાગી નહી; અને શી શી વાતો ચાલી તે કેવળ કમકમાટ ઉપજાવનારી હતી.

જેઓ ભીખુભાઈ સાથ રત્નીના વાંકને માટે ઘણો પવિત્ર તિરસકાર બતાવવા નીકલ્યા હતા, તેઓ પોતે કાંઇ સઘળા ફરેસતાઈ ચાલના નહી હતા. ઘણા જણના પોતાના દિલ ડાઘેલ હતાં, પણ તેઓ બીજાના ડાઘ દેખાડવા તત્પર હતા. રત્ની ભીખુભાઇને રાતરાત્રે મળતી હતી તે ઘણું નઠારૂં તો હતું, પણ તે વાત તેટલામાંજ અટકેલી લોક ચર્ચાએ અટકેલી રેહવા દીધી નહી. રત્ની આખાં ગામમાં ઢાંડિયો પીટાવીને પોતાનું પાપ પોકારત તોબી જેટલો વાંક નહી નિકલત તેટલો લોકો તેમાં "સાંભળી ચુકયા" હતા, "નજરે નજર જોઈ ચુકયા" હતા અને માની પણ ચુકયા હતા— તો જોકે તેઓમાંના ઘણા પોતે રત્ની કરતાં વધારે તકસીરવાર બલકે પાપી હતા.

પ્રકરણ ૧૬૯ મું.

લંગડો ને વળી જખમી.

"હુંતો મરી ગયો, રૂસ્તમ, હુંતો જીવતો મરી ગયો."

આ શબ્દો બોલનાર હોરમજશાહ શેઠનો દીકરો જાંહગીર લંગડો હતો. ભીખુભાઇના ખુનના વાંકમાંથી છુટી જવાને ચાર દાહડા થયા, કે રત્ની લોકચર્ચાનો મુળ વિષય થઇ પડી હતી. જાંહગીર લંગડાનું જુનું દર્દ સઘળું ઉભરી આવ્યું હતું, અને રત્ની ઉપરની પોતાની સઘળી ઉમેદ શરૂઆતથીજ ટુટી જવા માટે તે પોતાના દોસ્ત રૂસ્તમનો દિલાશો માનતો નહી હતો. "હું આ ફટકામાંથી જીવવાનો નથી રૂસ્તમ, હુંતો મરી ગયો" તે બોલ્યો.

"નહી જાંગલા, તુંતો જીવેછ. તુંને એક ફટકો પડયો એ હું કબુલ કરૂંછ, પણ તું જીવતો નહી રેહ એવો એ ફટકો હું ના પાડુંછ."

"મારી ઉપર આ છુપો ઘા પડયો" જાંહગીરે પોતાનો બળાપો છુપો બતાવ્યો, કાંકે સુંદર રત્ની ઉપર પોતાનાં દિલમાં બાંધેલી ઉમેદ જાંહગીરે એકલા રૂસ્તમ સિવાએ બીજા કોઈને કહી નહી હતી તે તો વાંચનાર જાણેછે, "અને એ છુપા ઘા તલે આજ ચાર ચાર દાહડા થયા હું મરૂંછ તોપણ તું મારી પાસે જરા આવ્યો નહી. રૂસ્તમ તેં મારાં આવા દુઃખના વખતમાં આજે આઠ દાહડે મોહડું દેખાડયું."

"મેં ધાર્યું, વ્હાલા જાંહગીર, કે તુંને આ સંકટ વચે એકાંતપણું પસંદ હશે અને તેથી તુંને ફાયદો થશે." રૂસ્તમે પોતાનો બચાવ કીધો. "શેઠે મને પરમ દાહાડનુંજ કારખાનામાં કહ્યું કે તું પાછો સીક છે ત્યારે હું તુર્ત ચેતી ગયો કે એ કાંઈ તુને દિલનું દુઃખ નથી, મગજનું દુઃખ છે; તારી છુપી ઉમેદને જે જખમ થયો તેનું આ દુઃખ છે અને તેવા વખતમાં એજ વાતો કરવાથી ઓર વધારે તારૂં દિલ દુખાય તેથી હું દુરજ રહ્યો."

"ત્યારે આજેબી શું કરવા આવ્યો? આજેબી તારી શિકલ નહી દેખાડતે તો ચાલતે."

"મને શેઠે તારો પેગામ કહ્યો કે તું મને મળવાને તલપી રહ્યોછ માટે શેઠના હુકમથી મને આવવાની ફરજ પડી."

"તું જે જે વાતો મારી આગળ કરવા નહી ચાહતો તે વાતો તારા દુર રેહવાથી કાંઈ મારી આગળથી દુર રહી નહી. મારા બાપ, મા, મારી આઈમાય બધાં જણ અવાર નવાર રત્ની વિષેના ગામગપાટા મારી આગળ કેહતાં રહ્યાં કે જેથી તેઓ સમજતાં કે મારૂં મન વેરાય. પણ જેમ જેમ તેઓ એ વાતો કરતાં તેમ તેમ મારાં દિલનો જખમ ઉંડો થતો તે તેઓ શું જાણે? એ વખ્તે તું મારી પાસે જોઈતો હતો, રૂસ્તમ, કાંકે તુંતો જાણેછ કે તેઓ મારૂં દુઃખ વિસરાવવા જેની બદ ચાલ વિષેની વાતો મારી આગળ લાવતાં તેનીજ ઉપર મેં મારી જીંદગીની ઉમેદ બાંધેલી હતી."

"પણ ગામમાં રત્નીની જે નિંદા ચાલીછ તે બધી ખરી નથી. સારાં માણસો તે બધું માનતાં નથી." રૂસ્તમે લગાર ધીરજ આપી.

"મારા ઘેરમાં એકલી મારી આઈમાયજ રત્ની વિષેની વાતો નથી માનતી." જાંહગીરે બળાપો કીધો. "મારી આઈને રત્ની વિષે હજી વિશ્વાસ છે. માનો કે ના માનો, પણ રૂસ્તમ મારી આશા બધી ભંગ થઈ. આ બનાવે મને ઠાર માર્યો. રત્નીમાં મારી બધી ઉમેદ હતી, મારૂં ભવિષ્ય હતું, મારૂં બેહેસ્ત હતું."

"છટ છટ જાંગુ? તું આમ બળાપો કરીને વળી તારાં દુઃખમાં વધારો કરશે." રૂસ્તમે તેને ધીરજથી ધમકાવ્યો.

"રત્નીના વિચારમાં હું સુખી હતો. મારૂં બીજું સુખ શું છે? તેની આશા એજ મારૂં સુખ હતું. તેનો આ બનાવે નાશ કીધો."

"અગરજો એ બનાવ બન્યો નહી હતે તો કાંઈ બીજો બનાવ બનતે અને તેથી કદાચ વધારે ખમવું પડતે. એતો દુવા માગ, જાંગલા, કે રત્ની વિષેના તારા વિચાર આગળ વધ્યા અગાઉ આ આડકતરી રીતે તુને અજવાલું મળ્યું તે સારૂં થયું. હવે, જાંહગીર, તેને ભુલી જા અને ડાહ્યો થા."

"તું મારી આગળ વાયજી કરવા આવ્યોછ કે?" દર્દી જાંહગીર જેને ચીડીરડાતાં વારજ નહી લાગતી હતી તે ખીજવાઈ ઉઠયો. "ભુલી જવું કે નહી જાવું પણ દુઃખ તો થયું? રત્ની ઉપર હું મારાં મનમાં ઘેલો થયો હતો."

"અને હમણા પણ તું ઘેલોજ છે, જાંગલા ઘેલોજ!"

"ખોદા મારૂં મોત આપે તો કેવું સારૂં? મને આવાં દર્દમાં ખોદા રીબાવેછ ને વળી

તે દર્દમાં મારી જે ધીરજ હતી તે પણ છીનવી લીધી. મારૂં એકજ સુખ હતું તે ગયું."

"પણ દુનિયાંમાં એજ સુખ છે કે?" રૂસ્તમે તકરાર ચલાવી. "તુને સુખની શી નવાઈ છે જાંહગીર? આ એક સુખ ગયું તો બીજું લે."

"નાદાન છોકરા, તું શું સમજે?" જાંહગીર રૂસ્તમથી વડો નહી હતો તોપણ તેને નાદાન ગણવા લાગ્યો. "ઉભો રેહ, મને કેહ કે જેવો આ ઘા મને લાગ્યોછ તેવો કદી તુને લાગ્યોછ?"

"નહી."

"ત્યારે તું શું સમજે મારી નાઉમેદની વાત?" જાણે કે પોતે જીત્યો હોય તેવાં ડોલથી જાંહગીરે છેડો છોડવા આપ્યો. "તું એ બાબતમાં નહી સમજે ત્યારે નાને મોહડે પટપટ ના કર."

રૂસ્તમે જોયું કે જાંહગીર હમણા હુજતે પડયોછ તે સમજાવેલો સમજવાનો નથી. તેણે તકરાર કરવાની માંડી વાલી અને પોતે પોતાના એ લંગડે મિયાને પસવારતો તેને તેના વિચારમાંજ ચુપ રાખી મુગો બેસી રહ્યો.

"નીચ, સુઅરચો!" થોડીક વાર સુધી મનમાં બડબડયા પછી લંગડો જાંહગીર પાછો ખરાબ ગાળો બોલી ઉઠયો. તે ભીખુભાઇને આ ગાળો દેતો હતો. "પાપી ખાતરપાડુ, હીચકારો ઘેરભાંજુ, કેવો નગુણો હોવો જોઇયે કે મારાજ ઘેરમાંથી તેની સાથ દોસ્તી બાંધીને અમોનેજ દુખી કીધાં."

"પણ રતની ઉપરની તારી છુપી આશા તે શું જાણે?" રૂસ્તમે સુચવ્યું.

"મારી આશા નહી જાણતોતો, પણ એ રતની બિચારા ભલા ફકીરાની આબરૂદાર દીકરી હતી અને મારી આઈમાયની દોસ્ત હતી તો એ નીચ પાપીને તેના ઉપર બદ નજર લઇ જતાં મારી નિર્દોષ બેહનને બુરૂં લાગશે તેટલુંબી એ નહી સમજી સુવો? એ ચંડાલને તો ફાંસીનું લાકડુંજ ઘટારત હતું. શું અંધેર કે એવા નિર્લજને જુરીએ છોડી મુકયો!"

"પણ એમાં જુરીનો શો વાંક જાંહગીર?" રૂસ્તમે સમજણ પાડી. "રતની તરફની તેની ચાલનો વાંક તપાસવા જુરી ભરી નહી હતી. જે ખુનનું તેના ઉપર તોહમત હતું તે ખુન સાબેત નહી થયું. તે નિર્દોષ ઠર્યો એટલે તેને છોડી મેળવાની જુરીની ફરજ હતી.

"નિર્દોષ! હં કેવો નિર્દોષ!" જાંહગીર બડબડયો. "કેવો આબરૂદાર! એ મુંબઇથી નાસી ગયો કે નહી? નકટે નાકે મુંબઈમાંજ રેહવા માગેછ કે?"

"હું ધારૂંછ" રૂસ્તમે ખબર આપી "કે છુટી ગયા પછી બીજેજ દાહડે ગુપચુપ આબરૂમાં ને આબરૂમાં પોતાના બાપની આશીસમાં પાછો દાખલ થયો. હાલ તો પોતાની મા સાથ ઉદવાડે ગયલો છે, પણ તે તો આતશબેહરામને સુખડ ચહડાવા અને જગા હવા ફેરફાર કરવા. વીકાભાઇએ કાલેજ મને કારખાનામાં કહ્યું કે ભીખુભાઈ નિર્દોષ ઠર્યો એટલે હવે શેઠબાવા અને નાનલાશેઠો પાછા જેવાને તેવા દીપી નિકલશે."

"શામાં દીપી નીકલશે? લુછાઇ, ચોરાઇ, ખરાબ બાજીમાં કે?"

"નહી. આબરૂમાં, ભપકામાં પાછા જેવાને તેવા શેઠિયા થઇ નિકલવા મોટા શેઠ અને નાનલાશેઠો પાછા આશાવંત થયાછ." એટલું તેમનું કહેલું બોલી રૂસ્તમે હવે પોતાની તરફથી વધાર્યું. "એઓ આબરૂદારમાં ઘણા ખપવા જશે, પણ હવે એઓની આબરૂ તો ગઈ."

"આબરૂ ગઈ? હતીજ શું કે જાય?" જાંહગીરે પોતાનો ધિક્કાર બતાવ્યો. "એ પાપી ચંડાલના બીજા ભાઈ વીકાને બાવા હજી કારખાનામાં રાખવા માગેછ કે?"

"શેઠ તેને કાહાડવાનું બોલ્યા નથી."

રૂસ્તમે ખોલાસો કીધો. "જ્યારે ભીખુભાઇ ઉપર આવો ધબડતો અપરાધ હતો ત્યારે શેઠે વીકાભાઇને કાહાડી મેલ્યો નહી તો હવે ભીખુભાઇ નિર્દોષ થયા પછી શેઠ તેમ કેમ કરે?"

"તે નીચ એક વાંકનો બેગુનાહ ઠર્યો તો હવે બીજો અપરાધ તેના કપાળે ચોંટયો કેની?" જાંહગીરે તકરાર લીધી.

"પણ શું ભીખુભાઇના વાંકને માટે તેના ભાઇને સજા કરવી?"

"ભાઈ કેવો નેક! ખોદાતાલાએ શું ભાઇઓની જોડી બનાવીછ!" રૂસ્તમ ખુશી સાથ જોવા લાગ્યો કે વાતચીતની આ વલાણથી જાંહગીર પોતાનું દુઃખ વીસરી ગયો અને પાછો જરા ખુશ મિજાજમાં આવ્યો "ભાઇઓની એક કરતાં એક સરસ પડયા, તેથી એકની સજા બીજાને થાય નહી! બિચારો ફકીરો સારો થઇને પાછો કારખાને જશે ત્યારે એ વીકાને પોતાના હાથ નીચે જોવાનું કેમ સાંખી શકશે?"

રૂસ્તમે જવાબ દીધો નહી. એ વિચારવાનું તેનું કામ નહી હતું.

"રૂસ્તમ, રૂસ્તમ" જરા વાર પછી જાંહગીરે તેને ઇનતેજારીથી પુછયું "રતનીએ શાક્ષી આપી ત્યારે તું કોર્ટમાં હતો કે?"

"હા."

"તેં તેને શાક્ષી આપતાં સાંભળી કે?"

"હા."

"તે બધી મને કહી જા."

"નહી. તે તુને કેહવાય એવી નથી."

"નહી. તે મેં ધણીખરી બીના સાંભળીછ, માટે કેહ."

"નારે ભાઈ, તે સાંભળવામાં તુંને ફાયદો નથી."

"તું કેહછ કે નહી?" જાંહગીર ચીડીરડાઈ ગયો. તે શું બોલી "તે મને બોલબોલ કેહ."

"હું તો નથી કેહવાનો."

"હે? શું?" એમ ગુસાભેર બુમ મારીને જાંહગીર પોતાની લાકડી રૂસ્તમ ઉપર ઉચકવા જતો હતો. તેના પગના દર્દને લીધે તેનામાં ઉઠવાની શક્તિ તો હતીજ નહી, પણ તેણે ગુસામાં ને ગુસામાં રૂસ્તમ ઉપર પોતાની જાડી લાકડી લગાવા ઉચકી.

પણ તે તુર્તજ તેણે પાછી મુકી દીધી, અને રૂસ્તમ કાંઈ બોલવા જતો હતો તેવુંજ તેનું મોહડું જાંહગીરે પોતાને હાથેજ દાબી તેને ચુપ કીધો.

પ્રકરણ ૧૭૦ મું.

આગળ અંતર—આજે સરખે સરખાં.

જાંહગીર ગભરાયો. તેણે પાછળ ફરીને જોયું તો આઇમાય ઉભેલી હતી. "તે કોણ જાણે કયારની પછવાડેથી આવીને આ વાત સાંભળતી હશે?" જાંહગીરે મનમાં અંદેશો કીધો. "રખે તેણે બધી વાત સાંભળી હોય?"

"આઈ, તું કયારે આવી?" તેણે પુછયું.

"અતર ઘડીજ."

"પણ શું કામ આવી? એમ ચોરની પેઠે ભરાઇને શું કામ આવી?"

"તું બિચારા રૂસ્તમને મારવા જતોતો ભાઈ, તે તારી ગડબડ સાંભળીને આવી." આઈમાયે ખોલાસો કીધો.

"હુંતો અમથો હસતોતો. તું પાછી જા. હમણાં હું રૂસ્તમ સિવાય બીજા કોઈ સાથ વાત કરવા માગતો નથી." જાંહગીરે હવે રૂસ્તમની મદદ માગી. "રૂસ્તમ, મારી બેહનને તું દિવાનખાનામાં બેસાડી આવ."

આઇમાય જવું કે નહી તે વિષે ધચુપચુ હતી. આ ઓરડો અલગતાં જાંહ-

ગીરનો હતો અને જાંહગીરને કશી રીતે ખીજવવો નહી એવો શેઠનો અને ડાકટરનો હુકમ હતો.

"હુંતો ફરમાવેલો બંદો છું. આઈમાય, હું તમારી સાથે આવું. ભાઈનો હુકમ થયો કે બેહનને દિવાનખાનામાં બેસાડવાં."

રૂસ્તમે ઉઠીને આઈમાયને જવાની અરજ કીધી એટલુંજ નહી પણ તેને પોતે દિવાનખાના તરફ મુકવા ગયો.

"એમ કાં રૂસ્તમ?" આઈમાયને અપમાન લાગ્યું. તે જતાં જતાં રૂસ્તમને પોતાની રીસ બતાવવા પડી. "ભાઈ તારી સાથ બધી વાત કરે, રૂસ્તમ, ને મારી સાથ કાં નહી?"

"જેવો ફાંટો" રૂસ્તમે ધીરજ આપી "તમે જાણતાં નથી, આઈમાય, કે જ્યારે એના પગમાંનું દર્દ જોર કરી આવેછ ત્યારે એ તરેહવાર ફાંટા રાખેછ તે?"

"નહી. પણ તમે બેજણ વચ્ચે કાંઈ મજબુત એક ગોઠ બંધાયલી છે." આઈમાય દિવાનખાના આગળ શક બતાવતી ઉભી.

"અમે બેહુ એકેકને સારીપેરે ઓળખીયેછ બાઈ." રૂસ્તમે ભરમમાં જવાબ દીધો.

"કાંઈબી છે. તમે બેજણ વચ્ચે કાંઈ છુપી ગુસપુસ ચાલેછ." આઈમાય કાંઈ આમ ઉડાવ્યાથી સમજી જાય એવી નહી હતી. "હું માયજીને કેહવા નથી માંગતી, તોપણ હું મારા મનમાં સમજુંછ કે તમે બે જણ સાથે કાંઇ પંચાતીમાં છો. મને પેહલેથીજ શક જાયછ કે મારો ભાઇ આ વખતે સીક પડયોછ તેમાં દિલના દર્દ કરતાં મગજનું દર્દ વધારે છે."

રૂસ્તમ અખાડા કરી ગયો, પણ આઇમાય પોતાના એકપુરા ભાઇને ઘણી ચાહતી હતી, તે પોતાની આંખોમાં પાણી લાવીને બોલી.

"મને સમજ નથી પડતી કે મારા ભાઇને શું બળાપો છે? તેને આ ઘેરમાં શું છે? તે ઘેરની બાહાર તો જતો નથી ત્યારે એને બાહારનું દુઃખ શું હોય? એ આજારીને કોણ બળાપો કરાવે? રૂસ્તમ તું બોલતો નથી, તે જાણેછ તોબી નથી બોલતો કે તું જાણતોજ નથી?"

આ સવાલ આઈમાયે પાધરોજ પુછયો અને તેનો જવાબ પાધરોજ માગ્યો.

આઈમાયે રૂસ્તમને એક રખડતા, ચીંથરયા, મુફલેશ, ભિખારી છોકરા જેવો પેહલવેહલો દીઠો હતો તે હાલતમાં અને આજની તેની હાલતમાં ઘણો ફેર પડી ગયોછે. રૂસ્તમ જ્યારે આઈમાયના બાપને ત્યાં એક હલકા પટાવાળા સીપાઈ પેઠે રહ્યો હતો અને જ્યારે શેઠની ટેબલ લુછતો તથા ચીઠીપત્રિ શેઠને ઘેર લાવતો ત્યારે અને હમણા વચ્ચે ઘણા મહીના બલકે ઘણા વર્ષ નિકલી ગયાછે. એ અંતરમાં રૂસ્તમની હાલત એટલી સુધરી ગઇછે કે કારખાનામાં તે સર્વે માણસો ઉપર વડો થયોછે અને ફકત શેઠથીજ ઉતરતો છે. તે ઉમરે મોટો થયોછે, કદમાં ઉઘસ્યોછે, ખુબસુરતીમાં ખીલ્યોછે, પૈસેટકે અને પેહરવે ઓઢવે આબરૂમાં આવયોછે અને છેલે શેઠની મેહરબાનીથી શેઠનાં ઘેરમાં તે છોકરાંઓ સાથ પળોટાઇ ગયોછે.

માટે રૂસ્તમ અને આઇમાય વચ્ચે આગળ જે અંતર હતો તે આજે નહી હતો. આજે બેહુ એકેકને લગભગ પોતાને સરખે સરખાં ગણતાં હતાં, અને આઇમાય રૂસ્તમ સાથ વિશ્વાસથી ભિળાવાને ખુશી હતી તેમ રૂસ્તમ આઇમાયને પોતાના શેઠની બેટી દાખલ ઘણું મમતા ભરેલું માન આપતો હતો.

આઈમાયના રૂપ ગુણની આગળ આપણે તારીફ કીધીછે. એ કોમળ કમળા સાદી, નેક અને ભોલી હોવાથી તે સર્વેમાં ભલી અને સર્વેને માનીતી છે. તેને જે જોયછે તે ચાહેછે, અને તેનો દેખાવજ સર્વેને પાક પ્યારમાં ગોયા પીગલાવી નાખેછે. તે આજે પોતાની સુંદર સાડીમાં પ્ર-

કાશતી, પોતાની ચકચિત હારમાળામાં બિરાજતી અને પોતાનાં નિર્દોષ નાજોઅદાથી કાલાવાલા કરતી દિવાનખાનાની બાહાર બારણાને અઢેલી રૂસ્તમ પાસે પોતાના વ્હાલા ભાઇનો ભેદ પુછવા ઉભી ત્યારે રૂસ્તમ ઉપર અંતરમાં કાંઇ અજાયબ અસર થઈ અને ભાઈ ઉપર બેહનના પ્યારથી, ભાઇને માટેની બેહનની ચિંતા અને ઉલટથી રૂસ્તમનું જીગર પીગલી ગયું. અલબતાં તેની ઉપર આ અસર કરવામાં આઇમાયનાં સૌંદર્યની મનમોહન સુંદરતા અને કુદરતી નખરાંથી ઉમેરો થવો જોઇયે, પણ એ અસર શાથી થાયછે તે રૂસ્તમ સમજતો નહી હતો. તેના ઉપર અસર થઇ એટલુંજ તે જાણુતો હતો અને આઇમાયે પુછેલો પાધરો સવાલ પાધરાજ જવાબને લાયકનો હતો એટલુંજ તે સમજતો હતો. એક ગૃહસ્થ દાખલની અસરાફીથી રૂસ્તમ પોતાને કહેલો કોઇનો છુપો ભેદ જાહેર કરે એવો નહી હતો, પણ તેમ વળી એક પરીજાદ બાનું આગળ કાંઈ પણ જુઠું બોલવું એ તેને મનસે અસરાફી ભરેલું ગૃહસ્થપણું નહી હતું.

"આઇમાય" તેણે ગંભીરાઇથી પણ પુરતાં સાફ દિલથી જવાબ દીધો. "હું જ્યારે તમોને જવાબ નથી દેતો ત્યારે જાંહગીરના ભેદથી અજાણો છું એમ તમોને ઠગવાને જવાબ નહી દેતો એવું સમજશો ના. જાંહગીરનો કાંઇ ભેદ છે, અને હું તે જાણુંછ, અને એટલાજ માટે દિલગીર છું કે તમોને હું તે કહી શકતો નથી કાંકે તે છુપાવવાનો મેં કોળ આપ્યોછ, પણ તમે એટલી ખાતરી રાખજો કે એ ભેદમાં નઠારૂં કાંઇ નથી અથવા બેહન દાખલ તમોને ચિંતા કરવા જેવુંબી કાંઈ નથી. વાત દમ જેવી નથી, મને તો બચ્ચાંનાં ચેડાં જેવી લાગેછ, તોપણ એ ભોલેમિયાં જાંહગીરને મનથી તે અગતની લાગેછ અને તેને જ્યાં ત્યાંથી રાજી રાખવામાં તે પોતાનું દુખ વીસારેછ તો ભલે તેને એ ભેદમાં રાજી થવા દેયે."

"એમ છે ત્યારે, રૂસ્તમ, તારા વિશ્વાસ ઉપર મારા ભાઇને હું સોંપુંછ." આઇમાયે સંતોષ બતાવ્યો "અને હું કબુલાત આપુંછ કે હું મારો શક કોઇને કહીશ નહી એટલુંજ નહી પણ હું પોતેબી મનમાં કાંઇ રાખીશ નહી."

"એથીબી વધારે હું એક અરજ કરૂંછ બાઈ." રૂસ્તમે માગી લીધું. "જાંહગીરનો કાંઇ ભેદ છે અને તમોને કાંઇ શક છે, એવું તમે જાંહગીરને પોતાનેબી જાણવા દેશો ના. જો તમે તેને ચાહતાં હોવ અને તેનું દુઃખ વધારવા માંગતાં નહી હોવ તો તમે તેના ઉપર વેહમ રાખોછ એમ તેને માલમ પડવા દેતાં ના. એનો સ્વભાવ યાદ કરો અને જ્યારે તે પોતાને કાંઇ દુઃખ થયલું તે છુપાવવા માગે તે બીજાઓના જાણવાથી તે કેટલો વધારે દુખી થશે તેનો વિચાર કરો."

"તેના દુઃખમાં તેને દિલાશો દેવા તું તેની પાસે છે. રૂસ્તમ, એટલે મને ધીરજ છે." આઇમાય રૂસ્તમ ઉપર પોતાની સબુરી બતાવી ગઈ.

પણ તે આ સબુરી બતાવતાં કાંઇ અજાયબ જેવી કુદરતી ઉલટથીબોલી ગઇ, અને રૂસ્તમ પણ કાંઇ અજાયબ જેવી ઉલટ પોતાની છાતીમાં ધરાવીને છુટો પડયો.

આઇમાય દિવાનખાનામાં ગઇ અને રૂસ્તમ પાછો પોતાના જુવાન દોસ્તના બિછાના આગળ તેના ઓરડમાં ગયો. આઇમાય કાંઈ જાણુતી નથી એમ રૂસ્તમે તેને ધીરજ આપ્યાથી જાંહગીર વધારે ખુશી થયો, અને રત્નાથી ભર કોર્ટમાં બાહાર પડેલી વાતથી પોતાને થયલા જખમનું દુઃખ રૂસ્તમની મીઠી સમજુતથી તે ઘણું ભુલી ગયો.

પ્રકરણ ૧૭૧ મું.

ચાલની નાદાન પણ દામાનની પાક.

રત્નીનું દુઃખ ઓછું નહી હતું. તે દુઃખ કાંઈ જહાંગીરને લીધે તો નહીજ હતું. તેનો છુપો ચાહ અને છુપી ઉમેદ તે તો જાણતીજ નહી હતી.

પણ રત્ની વિષે ગામમાં બદ બોલાતું, અને વળી ઘણી અણઘટતી રીતે વધારી દીધેલી વાતોથી ઘણી ખોટી નિંદામાં બદ બોલાતું તેથી તે વધારે દુખી થતી હતી. બાહારના લોકો તેને ધિક્કારતાં હતાં, તેનાં ઘેરવાળાંઓ તેની દયા ખાતાં હતાં પણ હજી તેને ચાહતાં નહી હતાં. તેની માએ તેને માફ કીધી હતી, પણ હજી તે રત્ની સાથ જાજું બોલતી નહી હતી. રત્નીને એક લેખે તે ગમતું હતું. જીવી તેની સાથ વાતો કરે તેથી રત્ની ઘણી બીહતી હતી. બધાં જણ તેની સાથ મુગાંજ હતાં તેમાં રત્નીનો બચાવ હતો. કાંકે આ વાતમાં કાંઇજ શક નથી કે રત્નીને પોતાની ચાલનો પુરો પશ્ચાતાપ થયો હતો અને પશ્ચાતાપની પાછલી અસર એ થઈ કે તેને પુરો ગમ લાગ્યો હતો. તે પોતેજ વાત કરવાને ખુશી નહી હતી. તેનો લુગડાં લતાંનો, બાળ ઓરવાનો, ભપકો કરવાનો, ફરવા હરવાનો, ખાવા પીવાનો સઘળો શોખ મરી ગયો હતો. તે મુગી બેસી રેહતી અને કોઈ ભાણું લાવીને આપે ત્યારેજ ખાતી હતી.

રત્ની પોતાના પિતાના મંદવાડથી પોતાના પશ્ચાતાપ કરતાંબી વધારે સુધરી ગઈ. તેનો ગરીબ અને ભોળો પણ વ્હાલો બાપ, જે રત્નીને સર્વ પ્રકારના લાડ અને પ્યારથી રાખતો હતો તેજ બાપ એજ દીકરીના દુખે લકવાના મરજથી મરવા પડયો એ રત્નીને મોટામાં મોટી સજા થઈ અને તે સજાની રત્ની ઉપર મોટામાં મોટી અસર થઈ. તે બધી વાતે થંડી પણ પોતાના બાપની ચાકરીમાં ઉલટમંદ હતી. તે ફકીરાના બિછાના આગળથી કદી ખીસી નહી.

રત્ની કોર્ટમાં શાક્ષી આપી આવ્યાને પંદર દાહાડા પછી ફકીરો હોશ્યાર થયો ત્યારે રત્નીને નવી ફિકર પડી. તે પોતાના બાપના ક્રોધ વિષે ઘણી બીહતી હતી. જ્યાંસુધી ફકીરો બેભાન પડી રહેલો હતો અને જ્યાંસુધી પોતાની આસપાસનાઓને ઓળખતો નહી હતો ત્યાંસુધી રત્નીને આ બીહીક જાજી લાગતી નહી હતી. પણ જેમ જેમ ફકીરો સાજો થતો જતો, જેમ જેમ ડાકટર તેની આશા આપતો ગયો, જેમ જેમ રત્ની પોતેજ પોતાની અથાગ ચાકરીથી તેને સારો કરતી ગઇ, તેમ તેમ તેનો બાપ સાજો થઇ તેને જોવાથી કેવો દુખી થશે, કેવો ગુસે થશે તેની બીહીકથી તે બિચારીના હાડ ધ્રુજતાં ગયાં.

ફકીરાની પેહલાં આંખો ઉઘાડી થઈ, પછી તે લકવાનો હાથ જરા જરા હુંચકતો થયો, પછી તે ઓળખતો થયો, પછી જવાબ આપતો અને જરા જરા બોલતો થયો અને એ રીતે ધીમે ધીમે તે હોશ્યારીમાં આવ્યો એટલુંજ નહી પણ તેની મનશકિત સુધરતી જણાઈ.

જે દાહાડે ફકીરો તદન હોશ્યાર થયો તે દાહાડે તેની પેહલી નજર રત્ની ઉપર પડી. તે સાજો થવા માંડયો ત્યારથીજ રત્ની ઉપર ઘણી નજર રાખતો હતો અને તેથી તેની દીકરી વાધારે ને વધારે બીહતી હતી. તે સાજો થવા લાગ્યો કે પોતાની દીકરીના વિચારમાં વધારે હતો. જે દાહાડે તેની પુરતી હોશ્યારી હતી તે દાહાડે રત્ની તેના બિછાનાની પાસે બેસીને મુગી મુગી સીવતી હતી, તેવામાં અચબુચ તેણે જોયું કે તેના બાપનો હાથ જે કદી એટલો ઉંચો થયો નહી હતો તે અચબુચ ઉચકાઈને તેની

આંખ ઉપર ઠસ્યો અને ફકીરાએ આખી માંદગી વચે રતનીનું કદી નામ દીધેલું નહી તે નામ દીધું "રતની! રતની!"

રતની ગભરાટ અને ફિકરથી થંડી થઈને ધ્રુજતી ઘુંટણ પર પડી ડસકાં ખાવા લાગી. ફકીરાએ પોતાનો હાથ તેના ખભાં ઉપરથી કાહાડી તેના માથાં ઉપર મુકયો તથા તે રતનીનું મસતક પસવારવા લાગ્યો.

"રતની! આખર કરે પણ તું મારી દીકરીજ, ને હું તારો બાપ થાતો છું."

રતની રડવા પડી. તે ધ્રુજતી ઉઠી જવા કરતી હતી, પણ ફકીરાએ એટલી વારમાં તો રતનીનો હાથ પોતાના હાથમાં ચાંપ્યો હતો, જે રતની છોડાવી શકી નહી.

"મારી દીકરી, તું ઉપર બહુ વીતેલું. પણ તું મારી દીકરીજ અને હું તારાં દુઃખમાં તારી હાતે છું. તું બીહતી રખે." આમ કહી ફકીરાએ રતનીનો હાથ પોતાના હોઠને લગાડી પ્યારથી ચુમ્યો અને પછી તેજ હાથ પોતાની આંખ્યો ઉપર લઇ જઇને આંખમાં ચાંપ્યો.

"તુંએ મારૂં મોત આણેલું રતની, પણ તુંએજ મને પાછો જીવાડેલો. હુંએ તારી ખાતરજ જીવવા ચાહેલું. તારી ઉપર જે આવી બનેલું તેમાં તુંને બચાવનાર, હલ્લા આપનાર, મદદ કરનાર કોઇ જોઇયે. ગામ તુંને બદનામ કરહે, પણ હું તારી બોરદુએ રેહવાહ, મારી દીકરી."

"બાપા, તું બીહતો રખે. હું પાક છું. મેં મારી આબરૂ ચોખી રાખેલી." રતનીને હવે બોલવાની હિમત આવી અને તે પશ્ચાતાપ, પશેમાની તેમજ પાક દામાન ઉપરના પોતાના દ્રઢ વિશ્વાસથી નવધાર આંજુએ રડતી પોતાના બાપની છાતી ઉપર માથું નાખીને બોલી "બાપા મને ગામ હું કરવા બદનામ કરે? હુંએ નાદનિયત કીધેલી, જાહેલિયત કીધેલી, પણ કાંઈ બુરાઇમાં ફરેલી નહી, મારી દાનત મેં ચોખી બિલોર જેવી હાચવેલી."

"હુંએ તે વાત નહી કરવા માગેલી. જે બયનું તે હવું હુંએ ભુલી વાળેલુ." ફકીરાએ એ વાત તાજી કરવા નહી ચાહી.

"પણ હું બયનું?" રતનીએ પોતાના બાપની ખાતરી કરવા માગેલી. "બાપા હું પગે પડીને કહું કે તારા મનમાં કાંઇ વેહમ હોય તે કાઢી લાખ. તું એમ હમજેહ કે તું ઇરાન ગયલો ત્યારે મેં કાંઈ આડી ચાલ ચલાવેલી? નહી, નહી. એવું આડું કાંઈ બયનુંજ નથી. જે બયનું તેતો હાધારણ મળવા ભેટવાનું હતું, જેમ આપણે એકેકને કેથેબી મળીએ તેમ હુંતો મળતીથી, અને એતો, બાપા તું અંહી હોત તોબી જેમ બનત તેજ બયનુંથું. હું હોરમજહા હેઠને ઘેરે તેને મળતીથી કેની? તેમ બેત્રમાં મળતીથી. બાપા હું હોગંદ ખાઈ કહું કે મેં બીજી વખારે આડી ચાલ કાંઈ ચલાવેલી નહી, મારી પાક આબરૂને ડાઘ લગાડેલો નહી—ગામનાં લોક તો મુવાં મને ખોટાં બોહતાંનોથી ખોટી બદનામ કરે."

રતની આ ખરો એકરાર કરીને દડદડ રડવા લાગી અને પોતાના લોહી ચહડી આવેલા ગોલાબી ગાલ ઉપર બોર બોર જેવડાં આંસુ પાડવા લાગી. ફકીરાનું દિલ તદન પીગલી ગયું. તેણે રતનીને પોતાનાં પાસાંમાં ચાંપી એક ચુમી લીધી અને બોલ્યો "નો રડ, મારી દીકરી, તું હું કામ રડે? મેં કહેલુંની કે હું તારી બોરદુએ છું. તુંને બદલામ કરહે તેનો હું જાન લેવાહ, ટોટો પીહા. મને તું હાજો થવા દે."

પ્રકરણ ૧૭૨ મું.

રૂસ્તમ "એક ફરેશ્તો!"

આ વાત આગળ વધી હોત પણ એટલામાં રૂસ્તમ ફરીરાને મળવા આવ્યો અને રત્ની આગળથી ઉઠી ગઇ.

રૂસ્તમ રત્નીને મનથી ફરેસતો હતો. જ્યારેબી રત્નીની કાંઇ ખરાબી થવાની હોય ત્યારે રૂસ્તમ કાંઇ ગેબી ગેબી બસારતથી આવી લાગતો અને રત્નીનો તેથી બચાવ થતો. રૂસ્તમ રત્ની તરફથી તેની માને બે વાત કહી ચુકેલો હતો માટે રત્નીની ખાતરી હતી કે આજે તેના બાપ આગળ પણ તે "બે બોલ હારજ બોલશે."

ફરીરાને આજે આટલી હોશ્યારીમાં જોઇ રૂસ્તમ હર્ષમાં આવી ગયો અને ફરીરાને મુબારકબાદી આપવા પડયો.

ફરીરાથી જાજું મોટું અને સ્પષ્ટ બોલાતું નહી હતું, તોપણ તેના બડબડવાથી રૂસ્તમ સમજ્યો કે તે હાથે કરીને રત્નીની ચાલ વિષે સહરાવેલો ખ્યાલ મનમાં લઇને ઓટા ગભરાટથી આજારી પડયો હતો, પણ હવે તેની ખાતરી થઇ હતી કે તેની દીકરીને લોકો જેટલું બુરૂં બોલેછે તેટલું બુરૂં ખરેખર બન્યું નહી હતું.

ફરીરાના બિછાના ઉપર રૂસ્તમ છેક પાસે આવી તેનાં દિલપર વાંકો વલ્યો અને મીઠા આવાજે નરમ શબ્દોમાં શાંતીસુચક વાતો તે દિલભરીથી પણ હરશે બોલવા લાગ્યો.

"ફરીરા, મારાં માયે જીવીબાઇને પણ એજ સલાહ આપીછે કે બિચારી રત્ની ઉપર નહી ઘટતી બદનામીનો બટ્ટો લાગુ પાડવામાં આવ્યોછે. બેતરમાં બાહાર નિકલી એક લુછ્ચાની દોસ્તી કરવામાં રત્ની નાદાન અને બેવકુફ હતી, પણ તે દાહાડે રાત્રે તે બાહાર રહી ગઇ તેતો અકસ્માત હતો અને આપણ કોઇબી એ પ્રમાણે રહી જાત. પણ આપણે ખુશી થવાનું એ છે કે રાતના બાર વાગ્યા સુધી બાહાર રહી જવા છતાં અને એક લુચ્ચો છોકરો પાસે હોવા છતાં ચાલતો ઘણીજ સારી ચલાવીછ, અને લોકો તે ઉપરથી નાહક નિંદા લઇ બેઠાંછ."

"ગામના લોકોની જીભલીને કાંઇ પુછવું પડે?" ફરીરાએ અફસોસ કીધો. "પણ તેઓએ મારી દીકરીની પુઠ કાં પકડી?"

"થોડે થોડે લોકો સમજશે અને જેની તેઓ નિંદા કરેછ તેનેજ છેવટે ઇનસાફ આપશે." રૂસ્તમે ખાતરી આપી.

"પણ વહે રૂહતમ?" ફરીરાએ લગાર ઇન્તેજારી બતાવી. "આપણા શેઠને ત્યાં કેમ? તેઓબી રત્નીનો અપરાધ માને કે?"

"જરા તેમ નહે." રૂસ્તમે દિલગીરી બતાવી. "રત્નીની ચાલ સારી હોય એ હોરમજજીશાહ શેઠને ત્યાં વાલાંગી જાજું માનતાં નથી."

"અરે રે રૂહતમ! તું તેઓને હમજાવ—શેઠની, બાઇની, બધાંની ખાતરી કર કે મારી દીકરી પાક છે ને ગામના લોક તેને અમથું બદ બોલેહ." ફરીરાએ માંગી લાધું.

રૂસ્તમ શેઠને ત્યાંજ જવા નિકલેલો હતો તે માત્ર જતાં જતાં ફરીરાને મળવા આવેલો હતો. તે એકદમ વાંદરે શેઠના બંગલામાં ગયો. રૂસ્તમ ભાંજેલું ખોખરૂં કરનાર અને તુટેલું વાધારે તોડનાર નહી હતો.—તેતો બિગડેલું સુધારનાર અને તુટેલું સાંધનાર હતો. દિવાનખાનામાં શેઠ હોરમજજીશાહ, શેઠાણી ખરશેદબાઇ, તેમની દીકરી આઇમાય સર્વે ખુશ વાતચીતમાં બેઠલાં હતાં. રૂસ્તમ તેઓ વચ્ચે થોડીવાર વાતે બેઠો અને ફરીરાને મળી આવ્યો, તે કેટલો સાજો થયો તેની વાતમાં રોકાયો.

રૂસ્તમ જોકે હજી કાંઈ મોટાઇએ પોંહચેલો મોટો નહી હતો, તોપણ તેની રોકાણ ઘણી હતી. અત્યારથીજ તે કામનો માણસ થઈ પડયો હતો અને રોકાયલો ને રોકાયલોજ રહેતો હતો. ઘેરથી કારખાને અને કારખાનેથી ઘેર એટલામાં તેનો દિવસ જતો હતો અને સાંજે હોરમજશાહ શેઠને ત્યાં અગત્ય કરીને જાંહગીર લંગડાની ખાતર રોજનો પરોણો થઈ પડતા છતાં પોતાની ઉભી કરેલી "દાદર સભા" અને ત્યાંનાં પોતાના ગરીબ જરતોશતી પડોશીઓને તે ભુલ્યો નહી હતો. તેઓ વચેતો રૂસ્તમજ "શેઠ" ગણાતો હતો અને કલબ ચલાવવાની તેની મનોરંજક રીતથી ગરીબોને તેણે આડે માર્ગે જતાં ધીરે ધીરે એટલાં અટકાવ્યાં કે તેઓ રૂસ્તમને જેટલું માન આપતાં તેટલોજ ચાહતાં હતાં.

રૂસ્તમને ફુરસદ નહી હતી. સઘળી રોકાણ વચે તે પોતાનો અભ્યાસ ચુકતો નહી હતો. વળી કારખાનામાં તે ઘણુંજ ધ્યાન આપતો હતો. ફકીરાને લકવો થવા પછી શેઠ ફકીરાનું કામ પણ તેને સોપ્યું હતું. અને આખાં કારખાનાનો તે મેનેજર થયો એટલુંજ નહી પણ એકલા શેઠ સિવાએ બીજાં સર્વે ઉપર તેજ વડો હતો.

રૂસ્તમ આમ પદવીએ ચહડયો તે અલબતાં નાન્લાશેઠ વીકાભાઇને નહી ગમ્યું, જેણે પોતાના માબાપ આગળ ઘણો બળાપો કાહાડયો, અને તેના માબાપને પણ રૂસ્તમની ઘણી અદેખાઈ લાગી. પણ તેઓ શું કરે ? હવે તેઓનો વખત નહી હતો. તેઓ પોતાનાં દુઃખમાં હતાં, અને વળી કીયે નાકે તેઓ હોરમજશાહ શેઠ આગળ પોતાના આ ફરમાસુ દીકરાની ભલામણ લઈ જાય ? રૂસ્તમને કારખાનામાં પાયરી દર પાયરી વધ્યો જવાને કોઈ નડયું નહી, કશી હરકત થઈ નહી, પણ વીકાભાઇ તો જ્યાં ને ત્યાંજ પડી રહ્યો. તેને શેઠે કાહાડી નહી મેલ્યો તે માત્ર તેનાં માબાપના પડતા વખતમાં તેમની દયાની ખાતરજ.

ફકીરો સાજોજ માત્ર થયો નથી પણ પોતાની દીકરીને પાક દામાનની તથા બેગુનાહ માનેછે એ વાત રૂસ્તમે શેઠ શેઠાણી આગળ ટુંકમાં જાહેર કીધી અને પછી તુર્ત પોતાના દોસ્ત જાહગીર લંગડાની વાત ઉપર આવ્યો. "જાંહગીર આજે કેમ છે ?" તેણે પુછયું.

"જેવો ને તેવો બલિયલ" તેના બાપે બળાપો કીધો. "દર કલાકે ચીથડાં ફાડછ, રૂસ્તમ."

"એને છે શું ? હું જોવુંછ ત્યાંસુધી તો એ જાજે સીક નથી." ખરશેદબાઈ કુહુસ્યાં. "એ સારીપેઠે દેખાયછ તોબી પોતાના ઓરડામાં ભરાઈ બેઠોછ, અને બાહાર આવતોજ નથી. જાણે કોઇનો ગમ લાગ્યો હોય અને સોક પકડી બેઠો હોય તેમ ભરાઈ રહ્યોછ. રૂસ્તમ, તારૂં એ કહ્યું માનેછ, તો તુંજ એને સમજાવીને બાહાર લાવ. તું સિવાય કોઇને મળવા નથી માગતો કે વાત કરવા નથી માગતો. એ તારીજ વાટ જુવેછ. જા દીકરા, જરા એને સમજાવ."

રૂસ્તમ લાગલોજ જાંહગીરના ઓરડામાં ગયો. તે બિછાના ઉપર પડેલો અને બીજવાયલો હતો. "તું આવી મારી બરદાસ્ત લેયછ કે છોકરા ?" જાંહગીર એકદમ તેના ઉપર ઉતરી પડયો. "રાતના સાત વાગ્યા ત્યારે તું મને સકારો સકારો મળવા આવ્યો ?"

"હું શું કરૂં જાંગલા ? હું રોકાઈ ગયો."

"એમાં શી મોટી વાત ? એ તો તારૂં રોજનું બાહનું છેજ. રોકાઈ ગયો ! ને રોકાઈ ગયો ! તું મારી આગળ આવવાનો હોય તો કયારે નથી રોકાયલો ? રોકાઇ ગયો ! વળી પેલી તારી 'દાદર સભા' માં ધુમાડો કરવા ગયો હશે ?"

"નહી ડીયર જાંગું, હું તો આપણા ફકીરાને ત્યાં રોકાઈ ગયો હતો."

"કેમ છે ? એ બિચારો દુખિયારો બાપ કેમ છે ?" જાંહગીરને ફકીરાની દયા લાગી.

"હું ખુશી છું કે તું તેની દયા આપછ." રૂસ્તમે તેને ટેકો આપ્યો.

"તેની દુકતીની ચાલથી મારા સરખાને આટલો જખમ લાગ્યોછ, તો તેના સગા બાપને તે શું નહી લાગતું હશે ?"

"બાપને પેહલાં લાગ્યું ઘણું, ને તેથીજ તેને લકવો થયો. પણ હવે તે પસ્તાયછ અને સમજેછ કે તેની દીકરી વિષે મનમાં એટલુંબધું આડું માની લીધું તેમાં તેની ભુલ હતી ?"

"એટલે! ફકીરો હોશ્યાર થયોબી ને તારી આગળ એમ બોલ્યોબી ?" જાંહાંગીરના માનવામાં નહી આવ્યું તેથી તેણે પુછયું.

"હા. ફકીરો તદન હોશ્યાર છે. ફકત ઉઠી બેસી શકતો નથી. તેણેજ મારી આગળ રત્ની વિષે પોતાની સબુરી જાહેર કીધી."

"ને તે કેમ છે ? એ રાન દુકતી કેમ છે ? તે રાન શરમથી મરવા પડી હશે."

"નહી. મુદલ નહી. રત્નાબી સારીપેઠે છે. તેબી સમજેછ કે લોકો ધારેછ તેટલો તેનો વાંક નથી. તે અવિચારી છે, પણ અપરાધી નથી; અને પોતાના નિર્દોષપણામાં એ નાદાન મગરૂર છે."

"હં! નિર્દોષપણું!" જાંહગીરે ચેશ્ટા કીધા "રાન એતો ઢાંગ કરેછ. પણ એ રાન ફજીયતીના ભારથીજ મરી જશે અને જેમ જલદી મરે તેમ સારૂં."

રૂસ્તમ ફકીરા આગળ બે કલાક ઉપર બેઠો હતો તેજ મીશાલે બિછાનાની કોર ઉપર જાંહગીરની પાસે બેઠો અને પોતાના એ બિમાર દોસ્તના દિલ ઉપર વાંકો વળી તેને સમજાવવા લાગ્યો.

"જાંહગીર, હું તુને એક વાત કેહવા આવ્યોછ. પણ તું એટલો ગરમ થયોછ કે તારી આગળ વાત કરતાં હું બીહુંછ."

"હવે હું ગરમ નથી. હું તો થંડો થઇ ગયોછ. રાન રત્નીની બેવફાઇએ મને થંડો કરી નાખ્યોછ. તે દુકતીની સાથ મારો મિજાજબી હું ભૂલી ગયોછ, કેહ, તું શું કેહછ ?"

"જાંગલા, તું જાણેછ કે રત્ની ઉપર તે તારી છુપી ઉમેદ બાંધી તે મેં પસંદ કીધી નહી હતી અને તુંને એ ખ્યાલથી મેં વાર્યો હતો—"

"વારૂ પછી?" જાંહગીર એટલામાંજ કંટાલી ગયો અને વચે બોલી ઉઠયો, "તું ટુકમાં કેહ. મને તારી વાયજી નથી જોઇતી."

"તું વચે ના બોલ. હું ટુકમાંજ કહુંછ ડીયર" રૂસ્તમ આગળ ચાલ્યો. "હમણા હું રત્નીની તરફેણમાં તારી આગળ બોલુંછ તે કાંઇ તેની સાથનાં તારા ધારેલા સંબંધના ટેકામાં નહી, પણ તે બિચારીની આબરૂને ઇનસાફ આપવો જોઇયે, તે ઇનસાફને માટે બોલુંછ."

"હવે તે 'બીચારી' થઇ કે ? વારૂ પછી ?"

"લોકો ધારા પ્રમાણે ઉતાવલાં પડીને ખોટો સાર ખેંચી કાહાડેછ તેમ આ વખતેબી રત્ની વિષે લોકો જે કાંઇ બોલેછ તે ખોટું લઇ નાંડેલાંછે. રત્ની ભીખુભાઇને છુપી મળતી હતી તેટલા ઉપરથી લોકો જે કાંઇ ધારેછ તેનો આધાર કાંઇ નથી."

"હશે. તેનું મારે શું ? મારે મનથી તો રત્ની મરી ગઇછ." જાંહગીરે રત્ની વિષે મુકરર બેદરકારી બતાવી. અને વાંચનાર કેહશે કે એક લેખે એબી સારૂં થયું.

પ્રકરણ ૧૭૩ મું.

ભીખુભાઇ કરાંચી જાયછે.—કાં વારૂં !

બે મહીનામાં ફકીરો ઉઠતો બેસતો થયો, પણ હોરમજશાહ શેઠે પોતાના સદાના દયાલુ દિલથી તેનો પગાર ચાલુ રાખી તેને કેહવડાવ્યું કે તદન તનદરોસ્ત અને જોરાવર થયા વગર ચાકરી ઉપર આવવું નહી, એટલુંજ નહી પણ ફકીરાએ પોતાના કુટુંબ સાથ બાહાર ગામ હવા ફેરફાર કરવા જવું. શેઠે તેને ખંડાલે રેહવા જવાની

ભલામણ કીધી, કે જ્યાં ઘાટ ઉપરથી પગ રસ્તે ઉનની ધાબળીઓ, કામળીઓ વગેરેનો વેપાર દખણ અને કોંકન વચે ચાલેછે ત્યાં ફકીરાને હવા ફેરફારની થશે અને વળી ઉનના કારખાનાનો શેઠનો ધંધો વધારે ખીલવવા જોગી તેની નજર પણ ઉઘડશે.

ફકીરાએ શેઠની આ મેહેરબાનગી ભરેલી માગણી માન સાથ કબુલ રાખી અને પોતાનાં "છોકરાંઓ" સાથ તે ખંડાળે જવાની તૈયારીમાં પડયો. રત્ની પણ સાથે જવાની હતી અને માબાપ તથા દીકરી વચે ધીરે ધીરે પાછો એખલાશ વધતો ચાલ્યો હતો. લોકો પણ રત્ની વિષે બુરૂં બોલતાં ધીમે ધીમે બંધ પડયાં હતાં એટલુંજ નહી પણ પ્રજામતે પોતાની ભુલ કબુલ કરવા માંડી હતી. ગામમાં ઘણા જણની ખાતરી થઇ હતી કે રત્નીને તદનજ ધિક્કારી કાહાડવામાં તેઓ ઉતાવલાં બન્યાં હતાં અને તેઓ ધારતાં હતા તેવી એ છેક છકેલી છોકરી નહી હતી.

આ શુભ ફેરફારનું માન કેટલેક દરજ્જે આપણે ભીખુભાઇને આપીશું. પોતાની મા સાથ ઉડવાડે બે અઠવાડિયાં સુધી રહી આવ્યા પછી જ્યારે પોતાના સંબંધમાં બિચારી રત્નીને લોકો કેટલી બદનામ કરેછે તે જોયું ત્યારે ભીખુભાઇએ અતિઘણો ક્રોધ અને કમકમાટ બતાવ્યો, તથા રત્નીની પાક આબરૂનો બચાવ કરવા તેણે પોતાના દોસ્ત આરાનાવો તથા લાગતા વળગતાઓમાં કાંઇ બાકી રાખ્યું નહી. "તમે મને ગમે એટલું બુરૂં બોલો" નિંદાખોર લોકો વચે તે કદી જઇ લાગતો ત્યારે બોલતો "મને ગમે એટલી બદચાલનો ધારો તો કારણ છે, કાંકે હું સારી ચાલનો નથી. પણ તમે બિચારાં તે પશુ બચ્ચાંની મારી ખાતર શા વાસ્તે બદગોઇ કરોછ?"

અને આ કોશેશ ઘણા દાહડા ચાલુ રાખ્યાથી ભીખુભાઇએ પેહલાં થોડાઓની ખાતરી કીધી તથા પછી તે થોડાઓથી બીજા વધારે લોકોની ખાતરી થઇ. એમ કરતાં ઘણાં નિંદાખોરો સમજ્યાં કે રત્નીની વિષે ખોટી ખોટી વાતો ચલાવવામાં તેઓએ અણઘટતી ઉતાવલ કીધી હતી, પણ જેવાં પોતાનાં બચ્ચાં તેવાંજ પારકાંના પણ ગણવાં જોઇયે અને કોઇના બચ્ચાંને બુરૂં બોલવું એ આપણા પોતાના બચ્ચાંને બદનામ કીધા બરાબર છે. હજી બધાંજ કાંઇ નિંદા કરતાં બંધ પડયાં નહી હતાં, પણ જ્યારે ફકીરાએ ખંડાળે રેહવા જવાની તૈયારી કીધી, ત્યારે તે એટલી વાતે ખુશી હતો કે તેની દીકરીને ઇનસાફ આપનારૂં મત વધતું જતું હતું.

પણ ફકીરો મુંબઇની બાહાર જાય તેની અગાઉતો એક બીજોજ શખ્સ મુંબઇ છોડી ગયો. તે ભીખુભાઈ પોતે હતો. તેણે કરાંચીમાં પોતાના એક દોસ્તની મારફતે પોતાને માટે કાંઈ ગોઠવણ કીધી અને એક દાહડે તે અચબુચ મુંબઈ છોડી ગયો. તે દોસ્તે તેના ઉપર લખ્યું કે "તું મુંબઇથી બે વર્ષ બાહાર જાયતો તારા હકમાં સારૂં થાય" અને એ વિચાર ભીખુભાઇને પસંદ આવ્યો કે તેણે આફીસમાં પોતાના બાપની સલાહ પુછી.

શેઠબાવાને તેવણની આફીસમાં કાંઈ ઘણું કામ નહી હતું. તેવણને ત્યાં ઘરાકોની ધમાલ ચાલવાના દાહડા હવે ગયા હતા. આજ સુધીમાં તેવણની ઘરાકી ઓછી થઈ ગઈ અને તેવણને ફુરસદ પડવા લાગી. શેઠબાવા દમ્મરતો ઘણો રાખતા હતા, પણ લોકોમાંથી તેવણનો વકર ગયો અને વકરો પણ ગયો. આફીસમાં માત્ર બે કલાર્ક હતા તેમાંના એકે આજે રજા લીધેલી હતી અને બીજો કામે બાહાર ગયલો હતો. શેઠબાવા એકલાજ હતા. તેવણ બારીને અઠેલી પોતાના આ કુલદીપક ચેરાગ સાથ વાતે ઉભા હતા.

"તું શું બકેછ ભીખુ?" તેવણે પુછયું?

"કરાંચીમાં વેપારીને ત્યાં કલાર્ક દાખલ જવા માગેછ? તુંને કલાર્કની ચાકરી કેમ ગમશે?"

"તો હું બીજું શું કરૂં બાવા?" ભીખુભાઇએ નિરાશા બતાવી. વાંચનાર સમજતાં હશે કે ભીખુ ઉપર ખોટું કે ખરૂં જે કાંઈ વીત્યું તેથી તે હવે સુધરેલો અને હરામખોરીથી મકરબુંદી કરવાને બદલે મેહનત કરીને ધંધે લાગવા શિખ્યો તેથી બાહારગામની ચાકરી શોધેછે. પણ પોતે મુંબઇથી એકદમ જતો રેહવાનાં તેનાં જુદાં કારણો હતાં, જે તે પોતાના બાપ આગળ બોલ્યો.

"હું મુંબઇથી જાવું નહી તો શું કરૂં? હું જેલમાંથી છુટી આવ્યોછ ત્યારથી મારા માગનારાઓ મારી પછવાડે વધારે લાગ્યાછ. મારૂં કરજ મોટું છે, મારૂં પોતાનું મારે માથે પડલુંછ અને વળી એહસ્તી બહુનું કરજ મારી સહી આપવાથી મારે ગળે બોળવાવુંછ. માગનારાઓ અધીરા પડયાછ. વધારે થોભવા ના પાડેછ અને મને એકવાર પાછો જેલમાં પડવા નથી ગમતું. તમે મને કાંઈ મદદ આપી માગનારાઓનું પતાવો નહી તો મારે મુંબઇ છોડી જયા વગર છુટકો નથી."

શેઠબાવાએ જવાબ દીધો નહી. નાન્હાશેઠની આ અરજ ઉપર તેવણ અંદેશામાં ઉભા રહ્યા.

"તમારીથી કાંઈ પતાવટ નહી બને?" ભીખુભાઈએ ફરીથી પુછયું. "માગનારાઓને થોભાવવા, બાવા, કાંઈ થોડાબી મદદ બનશે?"

"નહી બનશે." અંતે મનચેરજીશેઠે ખેદ બોલ્યો, "તું જુવેછ ભીખુ, હું કેવો સંકડાસમાં આવી ગયોછ અને ખરાબ વખતની ભીડમાં કેવો ભીડાઈ ગયોછ તે? ફકત તારો કેસ લડવા અને તુને છોડવવા કેટલા હજારો રૂપીયાનો ખર્ચ બેઠોછ તેજ યાદ કર. ને મારી ભીડ તો તેની અગાઉથીજ ચાલતી હતી."

"હું જાણુંછની કે તમેબી મને કાહાડવાજ બેઠાછ" ભીખુભાઇ પોતાના બાપ ઉપર ચીડાગડાઇ ગયો "તમે જોવોછ કે પાપ પતેતો સારૂં. મને મુંબઇમાં રાખવાની તમારીબી ખુશીજ નથી."

"તું ફકત ગળે પડેછ. હું એમ બોલ્યોજ નથી."

"તે દાહડે તમે બોલ્યાતા કે મારે લીધે તમારી કમાણી ગઇ. હું આફીસમાં પાછો આવ્યો તેથી તમારાં ઘરાકો બીહીને નાસી ગયાં."

શેઠબાવા આ વાત નાસુકેર નહી જઇ શક્યા. તેવણ એમ બોલ્યા હતા અને હજીબી તેમ માનતા હતા.

"મારાં ઘરાક બીજે શા કારણથી ઓછાં થાય તે હું સમજી શકતો નથી." તેવણે એજ અનુમાનથી ટેકો આપ્યો. "તારી ઉપરના કેસ પછી મને આક ઘરાકબી નથી મળ્યાં."

"પણ હમણા ધંધાની મોસમ નથી." ભીખુભાઇએ સુચવ્યું.

"વકીલના ધંધાની વળી મોસમ કેવી હોય?" મનચેરજી વકીલે અફસોસ કીધો. "વેપારીનો વેપાર મોસમ પ્રમાણે હોય. કોર્ટોનું કામ કાંઈ મોસમ પ્રામણે ચાલતું નથી કે વકીલોના ધંધાની મોસમ ગણાય. મને લાગેછ કે તારે લીધે મારી આબરૂ ગઇછ અને તેથી મારાં ઘરાકો મને છોડી ગયાંછ."

"તેથીજ હું તમારી આફીસમાં વધારે દાહડા રહી તમારાં ઘરાકોને નસાડવા માગતો નથી. કરાંચીથી નેતરવાળાનો નસલુ મને જણાવેછ કે તેની આફસીમાં એક જગ્યા ખાલી છે. પગાર થોડો છે પણ મારા એકલા જીવને માટે ઘણો છે, અને જો હું બે વર્ષ કાહાડી નાખીશ તો પગાર વધશેબી. બેહતર કે હું જાવું કે જેથી હાડમાર થતો બંધ પડું. લોકો મને ભુલી જશે, મારી હાલત સુધરશે ને પછી હું પાછો આવીશ."

"ઠીક છે. તારીથી ત્યાં નહી ચલાવતો પાછો આવજે." તેના બાપે સલાહ આપી.

"મારૂં કરજ ફીટે નહી ત્યાં સુધી તો હું મુંબઇને મારૂં મોહડું દેખાડી શકીશ નહી." ભીખુભાઇ કરગરીને બોલ્યો. "પણ હવે બાવાજી, મને જવા સારૂંબી થોડી મદદ આપશો કે નહી? એકુબે નજીવા આંકડાતો મારે ચુકવી જવા જોઇયે. કરાંચી જવાની 'પાસેજ' જોઇયે, વળી થોડા રૂપીઆ ત્યાં ખરચવા સારૂં જોઇયે."

"તુંને હાલ કેટલા જોઇયેછ?"

"૨૦૦ થી ૩૦૦ રૂપીયાબી જોઇયે."

શેઠબાવા તે ક્યાંથી લાવીશ તેના વિચારમાં પડયા.

પ્રકરણ ૧૭૪ મું.

કરીમખાનની નજર.

મનચેરજી વકીલનો વખત વાંચનાર ધારતાં હશે તે કરતાં વધારે બતંગ આવ્યો હતો.

તેવણ પાસે "ખાવાની ખાક" નહી હતી. "માહીમ કાન્ટલ" તો "નિરાળો" હતો, અને વળી તે ઉપરાંત કરજ એટલું બધું થયું હતું—નાનાશેઠો એકલાજ કરજદાર નહી હતા, પણ કરજ કરવાનું તો તેઓ મોટા શેઠથી શિખ્યા હતા—કે તેવણે ઘણો ખર્ચ ઘટાડવા છતાં કાંઇ હાથ મોકળો થયો નહી.

આજે છેલ્લે ગાડી ઘોડાબી તેવણે વેચવાનો ઠરાવ કીનો હતો. ખરી વાત એ હતી કે અદુભાઇના મોત પાછળ મેહરબાઇના મોટા ખર્ચોએ તથા ભીખુભાઇના ફાંસીથી છોડવવાના મનચેરજીના મોટા ખર્ચે તેવણને નવું કરજ કરવાની ફરજ પાડી હતી.

તોપણ તેવણે કાંઇબી કરીને ભીખુને કરાંચી જવાનો ખર્ચ લાવી આપવાનું કબુલ્યું અને ભીખુ જીવને જરા ધીરજ આવી પોતાના બાપની આફીસની બાહાર નિકલ્યો.

બાહાર નિકલતાંજ કરીમખાન સામો મળ્યો. ભીખુભાઇએ જોયું કે એ નામીચો પોલીસ ડીટેક્ટિવ તેના બાપની આફીસ તરફ ટીકી ટીકીને જોતાં કાંઇ વિચારમાં પડેલો હતો. તેની નજર બધી શેઠબાવાની આફીસની બારી ઉપર હતી. ભીખુભાઇને ઘણી નવાઇ લાગી. તે કરીમખાનની આગળ ગયો.

"કેમ કરીમખાન સાહેબ, શું જુવોછ?" તેણે પુછયું "વળી અમારી તરફ ક્યાં નજર ચલાવોછ? હવે બસ કરો, મીઠા ગારો મેળો, તમારી નજર કાહાડો."

"હું મારી નજરને કદીબી ખાલી ફેંકતો નથી, ભાઇ" કરીમખાન ભીખુભાઇ તરફ ફરીને બોલ્યો "હું ફરતો ફરતો આવ્યો તો તુંને તારા બાપની સાથે બારીએ ઉભા રહી કાંઇ લાંબા લાંબા હાથે પંચાત ચલાવતાં મેં દીઠા. તમોને જોવાથી તમારા લોકોની બધી આગલી વાત મને યાદ આવી અને હું વિચારમાં પડયો. હું હાસ્યો, ભીખુભાઇ તમારા લોકથી હું હાસ્યો."

કરીમખાન આ પાછલું વાક્ય ઘણા જુસ્સાથી બોલ્યો. એ જુસ્સો તેની નાસિપાસી બતાવેછે. એ નાસિપાસી અદુભાઇના ખૂનનો પત્તો મેળવવાની તેની નિશફળતા બતાવેછે. એ નિશફળતા તેને બહુ મુજવેછે—બલકે તેની સઘળી ચાલાકી છતાં તે આ એક ખુનનો મુદ્દો પકડી શકતો નથી એ વાતથી તેને તેના વડા તરફથી ઠપકો મળ્યોછે, અને પોલીસના નામને બેઆબરૂ લાગી તેથી તે ઘણો ખીજવાયછે.

ભીખુભાઇ છુટી ગયો અને કેસ ઉડી ગયો ત્યારથી કરીમખાન આલસુ બેઠા નહી હતો. વાંચનારને યાદ હશે કે તેનો છેલ્લે

શક એક જુદેજ ઠેકાણે ગયો હતો, તે દાદરમાં રેહનારી પેલી જીવખાયાંની જરી હતી. જરી સાથ કરીમખાને અડછતી-વાત કીધેલી વાંચનારાં ભુલી ગયાં નહી હશે. ખુન થયું તે મોડી રાત્રે નહી પ-ણ પેહલી રાત્રે જરી પોતાના બાપ અને દાદરના બીજા મોહલાદાર પારસીઓ સાથ ચંદનીમાં ફરતી ફરતી મેહમ ગઈ હતી અને ત્યાં અદુભાઈ પોતાનાં ઘેરની નજ-દીકમાં દારૂના બાહારમાં લથરતો જતો હતો ત્યારે જરી તેને મળી હતી અને જ-રીની સાથના બૈરાં માટીડા આગળ ચાલી ગયાં પણ જરીને અદુભાઇ સાથ કાંઇ ગા-ળાગાળી થઈ હતી, જે વેળા એ મરનારે જરી તરફ આગળ ચલાવેલી દગાબાજીના વેરમાં જરીએ મરનારને પુશકલ ગાળો દીધી હતી. એ બીનાની પોતાને જાણ થવાથી કરીમખાનને જરી તરફ શક ગયો હતો અને તેણી ઉપર નજર રાખવાનો તેણે ઠરાવ કીધો હતો.

એ ઠરાવ આ શાહ ડીટેકટિવ પાળ્યા વિના રહ્યો નહી હતો. પણ તેનું સેવટ કાંઇ નહી આવ્યું. તેણે ઘણી બારીક તલાશ ચલાવી પણ તેને જણાયું કે તે રાત્રે જરી અને તેની સાથવાળાંઓ સઘળાં જણ અ-દુભાઈથી છુટાં પડયાં તેવાં પોતાને ઘેરેઘેર પાધરાં ગયા હતાં; અને જમીને ૧૧ વાગતા-માં જરી પોતાના કાતરિયાંમાં તથા તેનો ગુસાવાલો દારૂડિયો બાપ પોતાના માળિયા ઉ-પર આખી રાત સુતેલાં હતાં. ત્યાંથી પોતાનો શક દૂર થયો એટલે કરીમખાન વળી ગુચવા-યા કરતો હતો અને તેનો આગળો શક પાછો ભમ્યા કરતો હતો, તે એ કે આદુભાઈનું ખુન ઘેરની બાહારના નહી પણ ઘેરની અંદરના કોઈ માણસે કરવું જોઇયે.

"કોણ હશે?" કરીમખાનની નાસિપા-સીમાં ભીખુભાઇએ ભાગ લીધો. "ઘણું અજબ જેવું છે કે ખુની જણાતો નથી."

"મારો વેહમ જે છે તેજ છે, ભીખુ" કરીમખાને પકા ઠરાવથી શક જણાવ્યો. "હું કહુંછું કે ખુની બાહારનો નથી પણ ઘરમાં ને ઘરમાંજ કોઈ છે. તું છુટો થયો કે મારો શક પેલી પોરીપર ગયો."

પોલીસના માણસો બૈરાંઓ વિષે જાજી આબરૂ દરકારથી બોલતા નથી.

"પણ તેણી વેહમ ખોટો પડયો અને મારો વેહમ પાછો તારાં ઘેરપર જાયછે. મનચેરજીશેઠને હું બે દાહડા થયા કહી ચુ-કયોછ કે ઘેરના માણસોમાં ફરીથી બારીક તજવીજ ચલાવે. માટીડા, બૈરાં સર્વેમાં ખોલ કરવી જોઇયેછે."

"બૈરાં? બૈરીનું એ કામ હોય? ખુન કરવાપર કોઈબી બૈરીનો હાથ ચાલે?" ભીખુએ અચરતીથી એ વાત માનવા ના પાડી.

"હો. તમે લોક નહી સમજો, પણ અમે પોલીસવાળા જાણીયે છીયે, બૈરાં કેવાં હિમતવાન હોયછે તે."

"પણ મારાં ઘેરમાં તો એવાં ઘાતકી બૈરાં કોઈ નથી. અદુભાઇનાં એવાં દુશ-મન ઘેરની અંદર કોઈ નહી હતાં."

"ચાકરો, ચાકરડીઓ તો છે?" ક-રીમખાને પોતાના વેહમનો એસારો કીધો. "જ્યારથી મેં ખોલ ચલાવીછે ત્યારથી ખુણે ખાંચરે, આણીમેર પેલીમેર મને કાંઈ કાંઈ એવું સુંઘાયુંછે કે મારી નજર હજી તમારા ઘેરપર ને ઘેરપર છે."

આમ કહી કરીમખાન ચાલી ગયો અને ભીખુભાઈ કશું સમજી શકયો નહી.

પ્રકરણ ૧૭૫ મું.

લંગડાનું દર્દ "રાહુપર આવેછે."—એક ખાસડાંનો સરપાવ.

જાંહગીર લંગડો ધીમે ધીમે ટટાર થતો હતો. પણ તે જલદી સાજો થયો નહી. ડાકટરો તેનું દર્દ પારખી શકયા નહી તેમ તેમ તેના માબાપને વધારે ફિકર પડતી હતી.

એકલો રૂસ્તમજ જાંહગીરનું દર્દ સમજતો હતો. એકલો તેજ તેના ઉપર અસર કરી શકતો હતો. હવે તો એક દાહડે એ સમજુ છોકરાએ જાંહગીરની ધમકીઓ અને આકલા શુખનોનીબી દરકાર ન કરતાં તેને બે બોલ શાબ્બત કેહવાના હતા તે કહ્યા અને વળી તે ઉપરથી બે દોસ્તો વચે કજીઓ થઈ ગયો.

"મને મરવા દે, રૂસ્તમ મને છેડ ના. મેં તુને કહ્યું કે પેલી ગત ગઈ એટલે તેથી મારો જીવબી ગયો"

"છટ! કયાં ગયો! તારો જીવ તો છે." રૂસ્તમે તેને હસી કાહાડયો. "અને તારી ફરજછે કે જયાંસુધી તું જેવાને તેવો તાજેમાતો છે ત્યાંસુધી તારે અકલ વાપરવી."

"એટલે? તારા બાપનું શું ગયું? તું કોણ થાયછ? હું ગમે તેમ જીંદગી ગુજારૂં તેમાં તુને શું લાગેછ વલગેછ?"

"મને તારા દોસ્ત દાખલ અલબત લાગેછ વલગેછ. તારો ભેદ બીજા કોઈ જાણતા નથી તેથી તું આમ હરામખોરીપર બેઠોછ. તું જો એમ મને છુપો ભેદ કેહવાનો લાભ લેતો હોય તો હું તે રાખવાનો નથી."

"ઠીક ઠીક, દગલબાજ, જા મારો ભેદ જાહેર કર. થાળી પીટાવ."

"ખચીત તારી આ હાલતનું કારણુ જો બીજાઓ જાણે તો તું શરમનો માર્યો પોતાનીમેળેજ સાવધ રેહ અને એક કમઅકલ, બેવકુફ છોકરીની ખાતર તું આમ ઘેલાં નહી કાહાડ."

"મોહડું તપાસ! છોકરા તારૂં મોહડું તપાસ. તું છેક ફાસ્ટ જાયછ."

"અલબત કહીશ કે તે કમઅકલ નાદાન છોકરી છે, જે તારો પ્યાર જાણતી નથી અને તારા પ્યારની દરકારબી કરતી નથી, પણ પોતાનો વગર સમજનો પ્યાર તે એક બીજા તરફ દોડાવી ચુકીછ."

"હું તુને કહુછ કે તું મુંગો બેસ, રૂસ્તમ. તુને શો હક કે તું મને આટલું બધું બોલેછ?"

"તારૂં સારૂં કરવા. તું સુધરે એટલા વાસ્તે હું બોલુંછ. દવા કવડી હોયછ ને દરદી તે પીતાં બીજવાયછ પણ તેથી તેને ઘણું સારૂં થાયછ."

"તું લાહેર બગો" જાંહગીરે તાણો માર્યો. "ભાગ તારા કે તુને કોઈ બરિસ્ટર નથી કરતું! ને તારો ભાઇ સોહરાબ બી. એ. માં પસાર થયો કે બરિસ્ટર થવાનો છે તેને બદલે તારૂં કાંઈ નહી વળતું!"

"તારે ગમે તે ગાલ દે. પણ હવે હું તુંને એક સાદો સવાલ પુછુંછ તેનો તું મને જવાબ દે." રૂસ્તમે બીછાનાથી દુર ગંભીર ઉભો રહીને પુછયું "શું પેલી છોકરી રતનીને તું હજી તારી બાયડી કરવાની ઉમેદ રાખેછ?"

જાંહગીરે આ સવાલથી એક ચીસ પાડી અને પોતાની સપાટ જે બિછાના આગળ પડેલી હતી તે રૂસ્તમ ઉપર છુટી ફેંકી એજ તેનો જવાબ હતો.

"કેમ વારૂ? એ ખાસડાંનો સરપાવ શાનો?" રૂસ્તમ સપાટ તળેથી છટકી જઈને હસ્યો.

"તેં શું જોઇને મને એ સવાલ પુછયો?" હવે તેનો લંગડો ફેંડ ઉખડયો. "મેં

તુને કહ્યુંની કે મેં તેનો વિચાર છોડી દીધો! મારે મનથી તે મુઇ! તે છતાં તું મને તેની ને તેની વાત કેમ પુછ્યા કરેછ? શું તું એમ ધારેછ કે જે દુકતી રાન આટલી બધી ઉંચાડી પડી તે હોરમજશાહ શેઠના ખાનદાનમાં કોઇ દાહડેબી વહુ થઇ શકે? અગર આખી દુનિયાં નાશ પામે અને હું ને રતની એકજ જણ જીવતાં રહીયે તોપણ એ ગન સાથ હું પરણું નહી."

આ જવાબથી રૂસતમ ખુશી થયો. તે સમજ્યો કે જાંહગીર સુધરેછે.—તેનું દર્દ હવે રાહપર આવેછે ખરૂં. રૂસતમ ધારતો હતો કે રતની ઉંઘાડી પડ્યા છતાં જાંહગીર જે અંદરથી ને અંદરથી બળ્યા કરેછે તે તેની ઉપરના પ્યારથી બળેછે. પણ નહી. જંગડાએ તેના ઉપરનો પ્યાર તો છોડી દીનો હતો, પણ તેથી પોતાને જે નાઉમેદી થઇ તેના જખમથીજ તે બળતો હતો.

"હવે કેવો ડાહ્યો!" રૂસતમે તેને શાબાશી આપી થંડો પાડયો. "હવે જયારે તે ઓરત ઉપર તારૂં હેત તો કાંઇ નથી ત્યારે તું આમ તેને સારૂં બિછાનામાં પડી રેહછ અને તેનો ને તેનોજ વિચાર કરયા કરેછ એ શું સારૂં છે?"

"હું તેનો વિચાર નથી કરતો." જાંહગીરે મીજાજમાં જવાબ દીધો, પણ તે દેખીતો થંડો પડતો હતો. "વારૂ ચાલ જા, મારી સપાટ લઇ આવ."

"મોટી ખુશી સાથે. સપાટ પેહરીને તું મારી સાથ બાહાર આવેછ?" રૂસતમ જાંહગીરની ખુણામાં ઉડી પડેલી સપાટ લાવતાં બોલ્યો. "ચાલ, આજે જમવાના ઓરડામાં ચાલ. આપણે સાથે જમીયે."

"હું નથી આવવાનો. તું ગમે એટલી તારી વાયજીઓ ચલાવ, પણ મારી પેઠે તુંને કોઇ તારી પ્યારી દગો દેય અને પછી તું એમ ડાહ્યો થઇને મને દેખાડજે."

"ચાલ આવ, હું તુને હાથ ધરીને ચલાવું. મારી સાથે આવ."

"હું નથી આવવાનો! હું નથી આવવાનો!"

જાંહગીર આ બુમ મારતો હતો તેજ વખતે હોરમજશાહ શેઠ દાખલ થયા અને જાંહગીર બુમ મારતો મુંગો થઇ ગયો.

હોરમજશાહશેઠ પણ રૂસતમની પેઠે પોતાના દીકરાને સમજાવીને, તે પોતાનીમેળે જે ઓરડાનું કેદખાનું બનાવી બેઠો હતો ત્યાંથી તેને બહાર લઇ જવા આવ્યા હતા. તેવણે જાંહગીરને ડાહ્યો થઇને ઉઠવા તથા બાહાર આવવાની અરજ કીધી.

"હું નથી આવવાનો. આ પોસ્યા રૂસતમને હું જવાબ દઇ ચુકયોછ કે હું નથી આવવાનો. એ દુઃતો તમોને કેહવા કેમ નાઠો ગયો? એ ઉભો રહીને મને કંટાળો આપેછ અને તેથી ઓર તમોને આવવું પડયું, બાવા."

જાંહાંગીરે વળી પાછી હઠ પકડી એટલે તેને વધારે નાહી બીજવતાં હોરમજશાહ શેઠ રૂસતમની સાથે તેના ઓરડામાંથી પાછા ફરયા.

હવે તો તેવણ રૂસતમને ઘણોજ ચાહતા હતા. તેવણ રૂસતમના ખભાં ઉપર હાથ મેળી તેની સાથે ચાલ્યા, પણ જાંહગીરના ઓરડાની બાહાર ચાલમાં જઇ તેવણે ઉભા રહી રૂસતમને પણ અચઅુચ ઉભો રાખ્યો.

"રૂસતમ મને કેહ, જાંહગીરને શું છે? મારી ખાતરી છે કે એને લગતો કાંઇ છુપો ભેદ છે, ને તું તે જાણેછ. મારે પણ જાણવું જોઇયે, વાસ્તે મને કેહ."

"હું કહી નથી શકતો, સાહેબ."

"હું તુને હુકમ કરેછ કે મને કેહ" શેઠ ગંભીરાઇ વખતના પોતાના ઘાડા આવાજથી પુછયું. "શું તું જાણતો નથી?"

"હું એનો ભેદ જાણુંછ સાહેબ" રૂસતમે ખોલાસો કીધો, "પણ એની મરજી અને રજા વગર મારાથી કેહવાય એમ નથી. મારા પવિત્ર વિશ્વાશ ઉપર એણે મને ક-

હુંછ અને તે છુપાવવાનું મેં પવિત્ર વચન આપેલું છે. અગર જો મારો છુપો ભેદ હતે તો હું મુરબ્બી સાહેબને એકદમ કહી દેતે, પણ આ તો બીજાનો ભેદ છે અને તે બીજાની મતા છે."

"વારૂ એનું દુઃખ શરીરનું છે કે મગજનું છે."

"મગજનું સાહેબ. પણ હું ધારૂંછ કે હવે તે રાહા પર આવેછ. હું અરજ કરૂંછ, સાહેબ કે તમે એની આગળ વાત છેડતાજ ના."

"કાં વારૂ? શું હું એનો બાપ નથી?"

"ખરૂં સાહેબ. પણ એના મગજમાં તુફાન ચાલતું હતું તે વળી ગયુંછ, તેવામાં વાત તાજી થશે તો બિગડશે."

"પણ કદાચ હું તેનો ઉપાય કરી શકીશ. પૈસાથી અથવા બીજા કોઈ પણ ઉપાયથી હું કાંઈ કરી શકું, તો શું તું મને નહી કેહશે?"

"એ દર્દનો ઉપાય પૈસામાં નથી સાહેબ" રૂસ્તમે દાનાઈ દેખાડી. "એ દર્દતો વખતજ સુધારશે. જુસ્સો વળી ગયો કે પછી થંડા પોહરમાં એની પોતાનીજ અકલ એને ઠેકાણે લાવશે. મારૂં માનો સાહેબ, ને એ પોતેજ રાહાપર આવતો જાયછ, વાસતે એને વધુ છેડવાને બદલે મારા અને વખતના હાથમાં રેહવા દેવો સાહેબ."

"ઠીક છે, હું તારા ઉપર વિશ્વાસ રાખુંછ, રૂસ્તમ." શેઠ વધારે પરપુછ માંડી વાલી. "તું કેહછ કે હું કાંઈ ઇલાજ કરી શકવાનો નથી, ત્યારે હું એને હાલ તુર્ત છેડતાબો નથી. પણ જો કાંઈ વાત બિગડે તો તું મને કેહશે?"

"જરૂર, સાહેબ. હું નહી ધારતો કે વાત હવે બિગડે. અમે દરરોજ તકરાર ચલાવિયેછ. હમણા સાહેબ આવ્યા, તેની અગાઉ હું એની સાથે એવા પંચાતીમાં હતો કે મનમાંનો ગમ કાહાડી નાખી મારી સાથ ઓરડાની બાહાર નિકલે."

"આમીન" શેઠે દુવા દીધી અને તેઓ રૂસ્તમને પોતાની સાથે જમાડવા લઈ ગયા.

પ્રકરણ ૧૭૬ મું.

લુસીનું નાહુસવું—જાંહુગીર લંગડાનું વટલવું.

ભીખુભાઈ અચબુચ મુંબઈ છોડી જતો રહ્યો અને માગનારાઓને રડાવી ગયો તેથી ગામમાં ઘણી ગડબડ ચાલ્યા કીધી હતી. મનચેરજીશેઠ પોતાના દીકરાની કરાંચી જવાની ધારણા આગમચથી જાણતા હતા, પણ તેવણે તે કોઈને કહી નહી, કાંકે જો આગમચથી જાહેર થાત તો ભીખુભાઈના માંગનારાઓ તેને જવા દેત નહી.

ભીખુભાઈ જવા પછી એક લાંબો અંતર નીકળી ગયો. એ અંતરમાં ગુલી ગરીબના દીકરાઓના ભવિષ્યે તેમના સુખના રસતા ઉપર એક નવો ઉછાલો લીધો. સોહરાબ બી. એ. ની પદવીમાં પસાર થઈને ધારાના અભ્યાસમાં યાહોમ પડયો હતો. બરજો માત્રિકયુલેટ થઇને પુણાની કાલેજ આફ સાયન્સમાં વિદ્યાઓની કેળવણીમાં રોકાયલો હતો.

એજ અંતરમાં શેઠબાવાના ઘેરમાંથી વળી એક બીજું માણસ છુટું પડયું. તે છોકરાંઓની પેલી ફરંગન મડમ શિક્ષક લુસી હતી. તેને હજી શેઠબાવાને ત્યાં ચાકરીએ રાખેલી હતી, તો જોકે તેનો પગાર આપવાની શેઠમાં શકિત નહી હતી. મનચેરજી શેઠે મેહરબાઈને બે ત્રણ વાર અરજ કીધી હતી કે તેને રજા આપીને ગરીબ ઘેરમાં તેનો પગાર બચાવવો. પણ તેઓ તો શેઠબાવા અને શેઠાણીબાઈ ગ

રીબ થઈ ગયાં એમ જાહેર થાય અને લોકોમાં આબરૂનો ભરમ છે તે ભાગી જાય. ઘણા જણના જ્યારે પૈસા જાયછે ત્યારે તેઓ પોકળ આંટ અને ખાલી ભરમ ઉપર પોતાની આબરૂ ટેકવી શકેછે. લુસી અદુભાઈના નાના બચ્ચાંઓને તેમજ શેઠબાવાની ચુની અને હીજુભાઈને ઠીક શિખવતી હતી અને શિખવવાના કરતાં કેળવણીનો બપકો ઘણો હતો.

પણ એક દાહડે લુસી ઉપર લાહોરથી અચંબુચ એક લાગોટો આવ્યો જેથી તેણે રડીને ગોખ્યાકૂ કરી મેલ્યું. તે બોલી, પણ ખરૂં ખોટું સાહેબ જાણે. કે લાહોરમાં તેની એક મામી હતી, તે પૈસાવાળી હતી, તે લુસીને પોતાના પૈસા આપી જવાની હતી, તે મરવા પડી હતી અને લુસીને તાબડતોબ બોલાવતી હતી. કાગળ મળતાં વાર તે જવાની તૈયારી કરવા લાગી અને મેહરબાઈ પાસે પોતાના ચહડેલા પગાર માંગવા આવી.

પાંચ મહીનાનો પગાર ચહડેલો હતો અને તે વળી મુસાફરી ખર્ચ સાથે એકદમ આપવાની શેઠબાવાની શક્તિ નહી હતી. "મેહરી, તું મારૂં માથું છુટું પાડવા માગે તે જેટલું મુશ્કેલ છે, તેટલુંજ આ લુસીને એકદમ ૫૦૦ રૂપીઆ લાવી આપવાનું મુશ્કેલ છે." જ્યારે મેહરબાઈએ લુસીની માગણી મનચેરજીશેઠને કહી ત્યારે તેવણે જવાબ દીધો. "એને કેહ કે એના રૂપીયા પાછવાડે મોકલી આપીશું."

પણ લુસી થોભે તેમાંનું માણસ નહી હતું. અંતે શેઠબાવા તેજ રાત્રે રૂ૫૦૦ લઈ આવ્યા--ક્યાંથી તે ખોદા જાણે--અને બીજેજ દાહડે લુસી કરાંચીની આગબોટમાં ઉપડી ગઈ.

"લુસી, કદાચ તુને કરાંચીમાં ભીખુભાઈ મળશે--" હીજુભાઈ જે તેને પાલવા બંદર ઉપર મેળવા ગયો હતો, તેણે છુટા પડતાં વાત ચલાવી.

"પણ હું તેને શું કામ મળું? હું કાંઈ કરાંચીમાં થોભવાની છું કે? ને થોભું તો એ પોસ્ટાને મળવાનોબો કે?" લુસી મિજાજથી છછણી પડી.

તેના જવા પછી મેહેરબાઈને યાદ આવ્યું કે "લુસી આગળ તો એવું બોલતી હતી કે તેનાં સગાં વ્હાલાં કોઈ નથી અને હવે લાહોરમાં તેની મામી ક્યાંથી નીકળી આવી?"

તે જુઠું સમજવાને નાસી તો ગઈ નહી હોય?

પેલી મેરથી વખત જતાં જાંહગીર લંગડો પોતાનું દુઃખ ભુલતો ગયો --બરાબર બોલાચેતો જુવાન રૂસ્તમ તે ભુલાવતો ગયો. રૂસ્તમ તેને ચેતાવી રાખવાને ચુક્યો નહી કે રન્ના વિષે ગોસાઈ બેસવાના તેના ગમથી ઘેરમાં બચ્ચાંને શક જાયછે અને તેઓ સમજવા લાગ્યાંછે કે જાંહગીરને દિલનું દર્દ કાંઈ નથી પણ કાંઈ મનનો ગમ લાગ્યો છે. પોતાના છુપા ગમ વિષે બીજાંઓ શક લઈ જાય તેથી જાંહગીર વધારે બીધો અને થોડાક દિવસ ગયા એટલામાતો તે પાછો પોતાના ઓરડાની બાહાર નિકળતો, બાપની ટેબલપર ખાતો પીતો, દિવાનખાનામાં રમતો જમતો, અને પોતાના નાના ટટુ ઉપર સ્વારી કરતો થયો.

શેઠના ફરમાવ્યાથી શેઠના દીકરાની આ સંગત કરવા, તેનું દુઃખ વિસારવા, તેનું મન રીજવવા રૂસ્તમે દરરોજ શેઠને ત્યાં આવવાનો ધારો પાડેલો હતો. સાંજે કારખાનું છુટવા પછી રૂસ્તમ પોતાની "દાદર સભા" માં જેટલી હાજરી આપતો તે કરતાં શેઠને ઘેર રોજ રાત્રે રૂસ્તમની હાજરી વધારે નિયમિત હતી. આગળતો રૂસ્તમ શેઠને ત્યાં આવે જાય તેની શેઠને કનવાર નહી હતી, તેની ગેરહજરીનો હિસાબ એકલો જાંહાગીર પુછતો હતો. પણ હવે તો રૂસ્તમ અગર કોઈ રાત્રે હાજરી આપી નહી શકે તો શેઠ હોરમજશાહ, શેઠાણી

ખરશેદબાઇ, બલકે સુંદર આઇમાય વડીક હિસાબ પુછતી કે "રૂસ્તમ કાલે તો નહી આવ્યો? આજે ક્યાં ગયો તો?" ઇત્યાદી.

એક સાંજે જાંહગીર રૂસ્તમ સાથ પોતાની બ્રોહામ ગાડીમાં બેસીને ફરવા ગયો. વાતમાં ને વાતમાં રસ્તો નિકળી ગયો તે માલમ પડયો નહી. ગાડી દાદરના રસ્તા ઉપર આવી પોંહચી. ખુદ પેલા પારસી મોહલા આગળ આવી અને રૂસ્તમની "દાદર સભા" નાં નામનાં પાટિયાં ઉપર રૂસ્તમ તથા જાંહગીર બેહુની નજર ગઈ. અંહી આવ્યા એટલે રૂસ્તમનું પોતાના ગરીબ દોસ્તોનાં આ ખાતાંમાં જવાનું મન થયું. તેણે ગાડી ઉભી રખાવી જાંહગીરને અરજ કીધી કે "હું દસ મિનિટમાં પાછો આવુંછ. તેટલાં તું ગાડીમાં એક મોકી ઉંઘ ખેંચી કાહાડ."

દસની વીસ મિનિટ થઇ પણ રૂસ્તમ પાછો આવ્યો નહી. તેતો ઉપર સભાના દિવાનખાનામાં કાહી દીનીના ભાઈ કાવસશાહ કાંદાવાળા સાથ અને કુમલા કોપરબ્રાસ સાથ એક અગત્યની તકરારમાં રોકાઇ પડયો હતો. જાંહગીરને ગાડીમાં ઉંઘ આવી નહી, તેણે વધારેવાર બેસીને તપ કરવા કરતાં ઉપર સભાના દિવાનખાનામાં જવાનું મન કીધું. રૂસ્તમ કુવરજી કોપરબ્રાસને કાંઇ સમજાવતો હતો અને સઘળા મોહલાદારો ધ્યાન દઇ તેનું ભાષણ સાંભળતા હતા, તેની વચે અચબુચ દિવાનખાનાના સાંકડા દાદરા ઉપર કાંઈ લાકડાં ઠોકાતાં સંભળાયાં. તેતો જાંહગીર લંગડાની ટેકીને ચાલવાની ઘોડી હતી. તકરાર એટલી જોસમાં ચાલતી હતી કે આ આવાજ ઉપર, જ્યાંસુધી જાંહગીર દિવાનખાનાનાં ઉંબર ઉપર આવી ઉભો નહી ત્યાં સુધી કોઈનું ધ્યાન ગયું નહી.

વાંચનાર જાણેછે કે આ ઘણા ખરા પારસી મોહલાદારો શેઠ હોરમજશાહ શેઠનાં કારખાનાના કામદારો હતા, તેઓ પોતાના શેઠના દીકરાને સભામાં અચબુચ આવેલો જોઇ ખુશાળી ભરેલી અચરતી સાથ તેને આવકાર દેવા ઉઠયા. રૂસ્તમ પોતે જાંહગીરનો હાથ ઝાલી તેને અંદર તેડી લાવ્યો અને દીની કાહી તથા બીજાં થોડાંક બેરાં જે રોજ આવતાં તથા વાંચી પીકચરો જોઈ યા વાતો કરી જતાં હતાં તેઓ જાંહગીરને મોટા હરખ સાથ ઓવારણાં લેવા તથા માન આપવા પડયાં. જાંહગીર પોતાના આ આવકારથી ખુશી થયો, તેઓ સાથ જલદી વાતે વલગી ગયો, અને કાવસાશાહ કાંદાવાલાની કુમલા કોપરબ્રાસ સાથની તકરાર તેઓ પોતપોતા અને રૂસ્તમ વચેજ ચલાવતા રહ્યા કાકે બીજા સઘળા જાંહગીરને વાતે વળગાડીને લઈ બેઠા હતા.

જ્યારે રૂસ્તમની તકરાર પુરી થઈ ત્યારે જાંહગીરની તેઓ સાથની વાત પુરી થઈ નહી હતી અને જ્યાં રૂસ્તમને સારૂં જાંહગીર બેઠો થતો હતો ત્યાં આજે જાંહગીરને સારૂં રૂસ્તમને બેઠી રેહવું પડયું. અચીંત આતો મોટો લાભ થયો.

જાંહગીર પોતાનો ગમ ભુલી ગયો હતો તેનો એ કરતાં સરસ બીજો પુરાવો શો હોય? જાંહગીર "દાદર સભા"ને રૂસ્તમ આગળ હસી કાહાડનારો હતો તેજ આજે એ સભામાં વટલ્યો તે અંહી સુધી કે ફરીથી આવવાને તે સભાના મેમબરોને કહી ગયો.

પોતાની એ કબુલાત જાંહગીર લંગડાએ પાળી. વાંચનાર અત્યાર અગાઉના તેને ઓળખી ચુક્યાંછે કે તે જો એક વિચાર પકડે, એક મરજી કરે તો છોડતો નથી. તે રૂસ્તમની સાથે "દાદર સભા"માં કોઈ કોઈવાર જવા લાગ્યો. તે મેમબરો વચે પળોટાઇ ગયો. તેમની વાતચીત, તકરાર યા ઢોંગ રમુજોમાં ભાગ લેવા લાગ્યો.

એમ કરતાં તે સભાનો મદદગાર થઈ પડયો. તેણે જોયું કે આ કલબ ગરીબ હાલતમાં હતું. ટેબલ, ખુરસી, બુકકેસ, દીવા બતીની ખુટ ઘણી હતી. જાંહગીર આવીને આ ખુટ પોતાના બાપ આગળ

કેહતો અને બીજે દાહડે તે મદદ જાણેકે સભામાં આવેલીજ છે. એક દાહડે ટોપલો ભરીને વાંચવા લાયક ચોપડીઓ, એક દાહડે હેલકરીના માથા ઉપર એક સુંદર બુકકેસ, તો એક દાહડે જાંહગીરની ગાડીમાં એક શોભિતો લાંપ એમ "દાદર સભા" માં મદદ પોંહચતી થવા માંડી.

આ મદદ જાંહગીરની મરજીથી પણ હોરમજશાહ શેઠના ખરચથી આવતી જતી થઈ. જાંહગીરની ચાલચલણ, મિજાજ અને સ્વભાવમાં આ શુભ ફેરફારથી તેના બાપનું હૈડું હરખાતું હતું અને પોતાના દીકરાને ઉતેજન આપવા તે "દાદર સભા" ને માટે જેવી મદદ માગતો તે શેઠ મોટી ખુશી સાથ આપતા હતા.

"તું શું ધારેછ જાંગલા? એ સભા ચાલશે કે પોઢી જશે?" બાપ પોતાના દીકરાને પુછતા.

"મરી શું જાય બાવા?" જાંહગીર ગંભીર થઇ જવાબ દેતો "જ્યાં મારો રૂસ્તમ હોય ત્યાં એક ચીજ મરી જવાની વાતજ નહી હોય. એણે પોતાની જુવાનદરાજીથી બધા મોહલાદારોના દિલ જીતી લીધાંછ. બાવા, રૂસ્તમ જેવો તો આખી દુનિયામાં કોઈ છોકરો નથી મળવાનો. એણે આ 'દાદર સભા' સ્થાપીછ તેથી એટલીવારમાં કેટલો બધો સુધારો થઈ ગયોછ? જે લોકો પીડે પીડે ભટકતા હતા અથવા જે બૈરાંઓ સાડી વગર ઓટલાઓ ઉપર બેસી નિંદા કરતાં હતાં, તેઓ આજે ઉલટથી સઘળું ગ્નાન લેવા માગેછ અને ખુશીથી સારી સારી વાતોમાં ભાગ લેયછ."

"એના ફાયદા, દીકરા, થોડા વરસ પછી જણાશે." શેઠે ભવિષ્ય વરતું અને જાંહગીરે પોતાની હાજરી તથા શેઠે પોતાની મદદ જારી રાખી.

પ્રકરણ ૧૭૭ મું.

"સભાની શોભા."

રૂસ્તમની અરજ ઉપરથી શેઠે એક કીમતી શુક્ષ્મદર્શકયંત્ર વિલાતથી મંગાવીને સભાને ભેટ આપ્યું; અને આ મનોરંજક બક્ષેશ માગી લેવામાં રૂસ્તમની એક મતલબ હતી તે પાર પડી. દાદરના પારસી મોહલામાં ગલીચી ઘણી હતી. ગરીબ પારસી લોકો બીજી કોમોના ગરીબો કરતાં વધારે સુઘડ હોયછે, તોપણ તેઓના ઘરો, આંગણાંઓ અને મોહલામાં સફાઈને લગતા કાયદાઓના અગ્નાનપણાને લીધે વધારે સફાઈ જોઈતી હતી. રૂસ્તમ એ દેખાવ દરરોજ જોતો હતો, પણ તે વિષે તેઓને નશીહત દેવા અથવા તેમની આગળ વાયજી કરવાનું તેને પસંદ નહી હતું. તેના કરતાં બેહતર રસ્તો તેણે એ શોધી કાહાડયો હતો કે ગલીચી એટલે શું તે વિષે વિદ્વાના અખતરાઓથી સભાસદોને રમુજને બાહને ખાતરી કરી આપવી. એ માટે રૂસ્તમે હવાપાણીની સુખાકારી વિષે ભાષણો આપવાનું માથે લીધું હતું અને તેના અખતરાઓને દરમ્યાન તેણે શુક્ષમદર્શક યંત્રની મદદ લીધી. ગલીચ પાણી, ગલીચ હવા, વગેરે શું છે, તેમાં કેવા જીવડાઓ વસેછે, તે જીવડાઓ આપણા શરીરમાં જઈ કેવા રોગો પેદા કરેછે તે વિષે થોડું ઉપર તળેનું ગ્નાન આપવાને તેણે આ ભાષણો ચલાવ્યાં હતાં; અને ખરાબ પાણી, ખરાબ ખોરાક, લીલ, વગેરેના નમુના શુક્ષમદર્શક યંત્રથી જોવા તેણે દેખાડવા માંડયા કે આજસુધી ગલીચી વિષે સંભાળ નહી લેવાથી પોતાના શરીરમાં કેવું ઝેર દાખલ કરેછે તે સંબંધી દાદર ઉપરના મોહલેદાર મરદો તેમજ ઓરતોનો ભય, ત્રાસ અને કમકમાટ પુછજો શું પડ?

એક સાંજે રૂસ્તમ એક મોટા લાંપની આગળ શુક્ષમદર્શક યંત્રમાં જનાવરો અને માણસના લોહીની અજાયબ જેવી કુદરત ઉલટથી સમજાવતો અને બતાવતો હતો તેટલામાં તેની નજર અગબુચ સામે બારણામાં ગઈ અને તુર્તજ તે બોલતો અટકી પડીને બારણામાં ટીકીટીકીને જોતો, પોતે બેઠેલો હતો ત્યાંથી ઉઠીને ધસારામાં ઉભો થયો. તેના ઉપરથી સઘળાઓની નજર બારણાવાગી ગઈ અને જેવી નજર ગઈ કે તે સઘળાઓ પણ એજ પ્રમાણે ચોંકીને ઉભા થયા. ગડબડ ચાલતી હતી તે સઘળી ચુપ થઈ ગઈ અને આખી સભાની ગંભીર અગત્યતાનો પાર નહી રહ્યો.

તેઓ શું જાુવેછે? દિવાનખાનાના બારણાંમાં કોઈ નહી પણ હોરમજશાહશેઠ પોતેજ અચબુચ એક ભુતની પેઠે આવીને ઉભા હતા. તેવણ આવવાના તેની કોઈને ખબર નહી હતી. તેવણનો આવવાનો વિચાર પણ નહી હતો. તેવણ ગાડી પછવાડે રાખીને ફરવા નીકળેલા તે આ રસ્તા ઉપર આવતાં "કાદર સભા" નું પાટિયું વાંચીને એકવાર અંદર જવાનું તેઓનું મન થયું. એ રીતે સભાની પેહેલીજ પણ મુબારક મુલાકાતે તેવણ આવી પોંહચ્યા. તેવણનું સીધું શરીર, ઉચું કદ, માયાળુ મુખારવિંદ અને હસતો ચેહેરો જોતાંજ સર્વ વિસ્મય પામ્યા અને વાંકા વળીને સલામ કરતા સઘળા બારણાવાગી ધસ્યા. સભામાં બેરાંઓ હતાં તે બધાં સાડીની સોડ તાણી એક ખુણામાં એકઠાં થઈ ઉભાં.

સઘળાઓની અરજ ઉપરથી શેઠ અંદર આવ્યા, પણ તેવણે રૂસ્તમને અરજ કીધી કે તેનું ભાષણ બંધ નહી કરવું, ચાલુ રાખવું. રૂસ્તમે શુક્ષમદર્શક યંત્રમાં જુદા જુદા લોહીના નમુના સમજાવવા ચાલુ રાખ્યા, પણ પોતાના શેઠની હાજરીનો હર્ષ આ ગરીબડા સભાસદોનું ધ્યાન ભાષણમાં રોકી રાખવા માટે જોઈયે તે કરતાં વધારે હતો. આપણા સભાસદોનું ધ્યાન શેઠના તરફ વીખરાઈ ગયું તે પાછું એકઠું થયુંજ નહી. રૂસ્તમે પણ ચેતીને ભાષણ ટુકમાં સમાપ્ત કીધું અને પછી શેઠ સાથે વાત ચલાવવાની જે નવાઈ જેવી તકને માટે સઘળા તત્પર થઈ રેહેલા હતા તે તક તેમને આપી.

"ભાઈઓ, બાનુઓ, તમો વચે આવતાં હું પોતાને મોટું માન અને મોટી મોજ સમજુંછ" દીની ડાહી તથા કાવસજી કાંદાવાલાના હેરાન ભર્યા આવકારના ઉપકારમાં શેઠ ઉત્તર વાળ્યો. "તમોને આ સભામાં જોવાથી મને કેટલી ખુશી પેદા થઇછ તેનો એક સુમાર આપવા હું કહુંછ કે તમોને લાખો રૂપીયાનું ધન મળ્યાથી હું જેટલો મગ્ન થતે તે કરતાં વધારે હરખ આજના તમાશ દેખાવથી મને થયોછ."

'અરે સાહેબ! અમારાં એવાં કીયાં ધનભાગ હોય કે અમે લાખો રૂપીયાના ધનવાન થૈયે." ઘણાક ગરીબો સાથે બોલી ઉઠયા.

"તેમાં દમ શું? તમે લોકો ધનવાન નથી તેમાં કાંઈ મોટી ખરાબી નથી, અને કોઈ લોકો ધનવાન હોય તેમાં કાંઈ મોટો માલ નથી. પૈસા એજ કાંઈ ખરી દોલત નથી. તમારી સારી ચાલ, તમારી આબરૂ, તમારી લાયકી તેજ તમારી મોટી મીલકત જાણજો. આ સભા તમારો સુધારો દેખાડેછ. તમારી સભાનાં કામથી હું ખુશી છું. તમારી એ સભાની હું ફતેહ ચાહુંછ."

"સાહેબ અમારી સભાના મુરબી છો, તેજ અમારી દોલત છે. સાહેબના દીકરા અમારી સભાના મેમબર છે તેથી અમોને માન છે." કાવસશાહ કાંદાવાલા બોલ્યા.

"અને અમારા સરનશીન રૂસ્તમજી અમારી સભાના નાક અને નાક છે," દીની ડાહીએ ઉમેર્યું. "રૂસ્તમ અમારી સભાની શોભા છે."

હોરમજશાહશેઠ થોડીવાર વાતચીત ક-

શેઠને દાદર સભામાંથી રવાના થયા. રુસ્તમ તેવણુની સાથે ગયો. જેહાંગીર આજે સભામાં આવેલો નહી હતો. તે કાંઈ રોજ આવતો નહી હતો. સઘળા સભાસદો હેડલવેર શેઠને મુકવા ગયા. મોહલાના લોકો તેવણુને જોવા બેરની બાહાર નિકળ્યાં. હોરમજરશાહ શેઠની મોટી દોલત અને મોટાં મનની ઉદારતા છતાં તેવણુની સાદાઈ અને ભલમનસાઈ આખા ગામમાં વખણાતી હતી.

શેઠની ગાડી તૈયાર હતી, પણ તેવણ રુસ્તમ સાથ ચાલતાજ ગયા. હોરમજશાહશેઠ ઉપર પાકી ઉમરની અસર તેવણુના જરા વાંકા વળેલા બરડા ઉપરથી જણાતી હતી અને તેવણ રુસ્તમના ખભાં ઉપર પ્યારથી હાથ ટેકીને ચાલ્યા જતા હતા, પણ તેવણુનો ખુશ અને માયાળુ ચેહરો જોવાનેતેવો તાજો હતો અને તેવણુના કાળા કેશ હજી પાકી ઉમરના પાક પર ચહડયા નહી હતા.

રુસ્તમ સીધો, ઉંચો, કદાવર, ખીલતો હતો. તે હોરમજશાહશેઠ કરતાંબી ઉંચો હતો. તેની પેશાંની શેઠ કરતાંબી પોહોળી હતી. તેની આંખોની ઉલટમાં જુવાનીના જોસની રોશની પ્રકાશતી હતી, અને જયારે હોરમજશાહશેઠ "દાદર સભા" ના દેખાવ વિષે પોતાના સંતોષ સાથ રુસ્તમને સાબાશી દેતા, તેના દિલ સાથ અડકીને ચાલ્યા જતા, ત્યારે પોતાના મુરબ્બીના આવા માન ભરેલા વિશ્વાસને માટે મગરૂરીથી પોતાની નાનકડી મુછમાં હસતો તે સાંભળતો હતો.

"બિચારા આ ગરીબોને માટે, તું તારી કીમતી ફુરસદનો ત્યાંસુધી ભોગ આપશે રુસ્તમ ?"

"એમાં મારા ભોગ સરખું શું છે શેઠ? એ લોકોની સાથ વખત ગુજારવામાં મનેતો મોજ લાગેછ અને મારી ફુરસદનો સર્વથી સરસ ઉપયોગ હું એ સમજુંછ. હું આપણા જેહાંગીરને અમારી કલબની કમીટિમાં લેવા માગુછ. કદાચ એને સેક્રેટરી અથવા વાઈસ પ્રેસીડંટ કરીશું."

"પણ તે કબુલ કરશે?" શેઠે નિરાશાથી પુછયું "હું નહી ધારતો કે મારો આળસુ અને બળિયલ બેટો આવી ઉપયોગી મેહનતમાં રોકાવાને રાજી થાય."

"થશે, સાહેબ." રુસ્તમે ખાતરી બતાવી. "જેહાંગીર મેમબરતો થયો? એટલુંબી કયાં હતું? આગળ એ સભાને અને તેના સંબંધમાં મને હસતોતો. આજે મેમબર થયો, અહીં આવતો જતો થયો અને વળી સભા તરફ બક્ષેશો મોકલનાર મેહરબાન થયો. મારી ખાતરી છે કે એને હું મારો સેક્રેટરી બનાવીશ. સાહેબ જોતા હશો કે એ સભામાં આવવા લાગ્યોછ ત્યારથી એનો મીજાજ કેવો ખુશી થતો જાયછ."

"હા ડાકટરબી તેમજ કેહછ. એનું દર્દ સમાયલું છે, માટે એને ખુશી રાખવો એમજ ડાકટરની સલાહ છે. ખુશી રાખતાં એ લાડકો નહી થાય તેજ મારી બીહીક છે. અને એટલાજ માટે હું ચાહુંછ કે એ ઘરમાં પડી રહીને એકલો ઝુરયા નહી કરે. તારી સંગતથી એ પાછો બાહાર જતો થયોછ—"

"એટલુંજ નહી, સાહેબ, પણ અમારી ગરીબડી સભામાં ઉલટથી ભાગ લેતો થશે અને તે તમેજ જોશો."

"આમીન! દીકરા રુસ્તમ," શેઠે તેનો સાબાસીથી બરડો પસવારતાં પોતાનો હેરાન ભર્યો હાથ ફેરવ્યો. "હુંતો ધારૂંછ કે તું કોઈ જાદુગર છે, કાંકે મારા દીકરાના દર્દનો જે ઈલાજ ડાકટરો નહી કરી શકયા તે તારાથી થયો."

પ્રકરણ ૧૭૯ મું.

"દીકરા" રૂસ્તમની જાદુઈ.

આપણે ઘણી વખત હોરમજશાહશેઠને રૂસ્તમ સાથ છુટથી અને પ્રીતથી વાતો કરતાં જોયાછે, પણ આજના જેવા ઉલટમંદ તેવણ કોઈ દાહડે થયા નહી હતા. હવે તો તેવણ રૂસ્તમને "મારો દીકરો" કેહછે!

શું તે કોઇ દાહડે તેવણના દીકરા જેવો થશે વારૂં? આપણ આગલ ચાલતાં જોઇશું.

"અગરજો કોઈ મારા દીકરાની ખોડ સુધારે" હોરમજશાહશેઠે ઘણી ગંભીરાઇથી વાત ચલાવી "તે બળિયલ ને કુંજરો તેને કોઈ હસ્તો ને ખુશી કરે; તેને દુનિયાંની મઝા આપતો અને સંસારવાદમાં ભાગ લેતો કરે; તો મારી પાસે જે કાંઈ છે તેનો અડધો ભાગ આપી દેવાને હું તૈયાર છું."

"ખોદા કરશે તો તેમજ થશે સાહેબ," રૂસ્તમે ધીરજ આપી. "હમણા અમે દાદર સભામાં હસવાની વાતો અને હસાવનારા નાટકો વાંચવાની ગમત વધારીછ. જાંહગીરને તે ઘણું ગમેછ. ચંદરોજમાં હું એની પોતાની પાસે એક નાટક વંચાવીશ."

"એ સુધર્યોછ તો ખરો, રૂસ્તમ." શેઠે કબૂલ કીધું. "આગળ કરતાં એ અમારી વચે વધારે ભેળાયછ. અને પેલો કાંઇ છુપ્યો ગમ લાગેલો હતો તે તો તદન નિકળી ગયલો જણાયછ."

"તે ગમ તો હવે તદન ગયો સાહેબ."

"વારૂં એ શાનો ગમ હતો, રૂસ્તમ?" હોરમજશાહ એકદમ અને અચબુચ પુછવા પડયા.

રૂસ્તમ અચરતીથી ગભરાયો. તેણે આ સવાલની વકી રાખી નહી હતી.

"મને કેહ રૂસ્તમ, મારા દીકરાને એ શું થયું હતું?" શેઠે ફરીથી પુછયું.

"એ છુપી વાત એની છે સુરખી," રૂસ્તમે અંતે જવાબ દેવાની હિમત કીધી. "એ ભેદ મારો નથી કે હું કહી શકું સાહેબ."

"પણ હવે એ ગમ કાંઈ રહ્યો તો નથી?"

"બીલકુલ નહી સાહેબ. તે વાત તો જુની થઈ અને જાંગલો તદન વીસરી ગયોછ."

"ત્યારે હવે મને કેહવાને અડચણ શી?" શેઠે પાછી હુજત કીધી. "રૂસ્તમ, જ્યારે એ છુપી વાત તાજી હતી ત્યારે મેં તુને તે છુપી રાખવા દીધી હતી, પણ હવે તે વાત જુની થઈ ત્યારે મને કેહવામાં હરકત નથી. તું ભુલી જાયછ કે હું કાંઇ તારો છુપ્યો ભેદ પુછતો નથી, પણ મારા દીકરાનો એ ભેદ છે, તે છતાં તે તું તરાહિત જાણે ને હું બાપ નહી જાણું એતો એક લખે અંધેર થયું."

"પણ મેં તે છુપ્યો રાખવાનો વચન આપેલુંછે અને હુંજ તે વચન તોડું તે સાહેબ પોતેજ મારા ઉપર વિશ્વાસ કેમ રાખશો અને મારે વિષે કેવું હલકું વીચારશો?"

"બીલકુલ નહી. હું તારે વિષે હમણાજ ઉચું મત રાખુછ તેતો તું જાણેછ અને મારા દીકરાના બાપ દાખલ તથા તારા વડા દાખલ હું તુંને જે ફરમાવું તે તું કેહશે તો તારે વિષેનું મારૂં માન ઓર ઘટવાને બદલે વધશે. જો મારી ઉપર તારો વિશ્વાસ હોયતો માનજે કે તું મને આ ભેદ કેહશે તે હું કોઈ આગળ જાહેર કરનાર નથી."

રૂસ્તમ હજી જવાબ દઈ શકયો નહી. જાંહગીરનો ભેદ શેઠને કેહવો કે નહી તે વિષે તે મનમાં તકરાર ચલાવતો હતો.

"રૂસ્તમ, જ્યારથી તેં આ ભેદનો એસારો કીધોછ ત્યારથી મારા એકના એક દીકરાની ખાતર મારા જીવને ચેન નથી" શેઠ ઘણી આતુરતાથી બોલ્યા અને શેઠ દાખલની પોતાની પદવી વહીક ગોયા ભૂલી

જઈને તેવણે એટલી આજરબાણી કદી બતાવી નહી હતી; "મારા દીકરાને કાંઈબી છુપ્યો ગમ છે એમ મને શક હતો, અને તે શક ખરો છે એમ મેં તારાથી જાણ્યું તેથી મારા જીવની સબર ઉડી ગઈ હતી અને મને કેવા તરેહવાર આડા અવળા વેહેમ ગયા હતા તે તું નથી જાણતો. રૂસ્તમ, તું જો ભેદ ફોડીને વાત કરેતો મારા મનની શાંતિ થાય. એમાં નુકસાન કોઈને નથી. લાભ મને ને મારા દીકરા બેહુને છે. અને વળી તું, કે જેની તરફ હું એક બીજા દીકરા સમાન જોવુંછ તે તું ઉપરનો મારો ચાહ વધશે. વાસતે કેહ મારા દીકરા, કહી દે એ ભેદ."

રૂસ્તમની આંખ્યો તેની પાક ફરજ તરફ ખુલ્લી થઈ. તેણે જોયું કે પોતાના શેઠ દાખલ અને જાંહગીરના બાપ દાખલ જાંહગીરનો ભેદ કેહવાની તેની ફરજ હતી.

"હું કહુંછ સાહેબ." રૂસ્તમે અંતે ભેદ બોલ્યો. "આપણો જાંહગીર રતનીને ચાહતો હતો."

"કોણને? કોણને?" શેઠે તાજુબીથી પાછું પુછયું.

"ફકીરાની રતનીપર તે ફીદા ફીદા હતો."

"રતની આપણા ઘેરમાં આવતી હતી તે ઉપરથી એ પ્યાર રાખતાં શિખ્યો હશે?"

"હાજી. પણ તે રતનીને ખબર નહી હતી. જાંહગીરે પોતાની ઉમેદ મનમાં છુપીજ રાખી હતી અને માત્ર એકલા મનેજ કહેલી હતી."

હોરમજશાહ શેઠ વધારે જાણવા માગતા હતા માટે ગુપચૂપ ચાલ્યા કીધા અને રૂસ્તમને બોલવા દીધો.

"ભીખુભાઈ સાથની દોસ્તી વિષે જો રતનીનું ભોપાળું નિકલ્યું નહી હોતે સાહેબ, તો જાંગલાનો વિચાર તેની સાથ પરણવાનો હતો, પણ અલબતાં તમોને પુછીપરછીને પછી. પોતાની આ ઉમેદ પાર પાડવા સારૂં તમો સાહેબને કેમ પુછવું અને તમારી આગળ એ ઉમેદ કેમ જાહેર કરવી તેનાં વિચારમાં એ આખો આખો દાહડો અંદેશો કરતો પડી રેહતો હતો."

"પણ રતની તો આવી નિકળી તેની નાઉમેદીથી બિચારો આજારી પડયો કે?"

"તેમજ સાહેબ."

"પણ વારૂ હવે કેમ?"

"હવે કાંઇ નથી સાહેબ. સઘળું થઈ ચુક્યું. જાંહગીરની નામુરાદી ઉડી ગઇછ. જો કે રતનીનું ભીખુભાઇ સાથનું બાહાર આવેલું ભોપાળું દમ વગરનું હતું અને જોકે તેમાં કશો બિગાડ થયલો જણાયો નહી હતો, તોપણ જાંહગીરની અકલ અને સાદી સમજ તેની ખાતરી કરવાને બસ હતી કે એ છોકરીની કીંમતી થોડી થઇ નથી. અને તેટલા માટે એ તમો[illegible] બની વહુ થવાને લાયકની નહી હતી. રતનીએ ભીખુભાઇ સાથ બાંધેલી દોસ્[illegible] જાંહગીરને અપમાન લાગ્યું, તેની પોતાની મગરૂરી, તેનું કુળાભિમાન, ખાનદાનની આબરૂ સર્વે વ્હાલું કરી તેણે રતનીનો વિચાર છોડી દીધો."

હોરમજશાહ શેઠે આ ખોલાસા ઉપર ખુશી થઇને એક લાંબો દમ ખેંચ્યો અને તેવણ બોલ્યા "રૂસ્તમ, તું જાદુગર ખરો! તારી જાદુઈપર આફ્રીન છે. તેં આ ખોલાસો કરીને મારી છાતીપરથી એક પાહાડ જેવો ભાર ઓછો કીધોછ. તેં મારી સાથે આ વાત કીધીછ તે વિચારજ વિસારી દેજે, કેમકે હું તારો વિશ્વાસઘાત કદી કરીશ નહી."

રૂસ્તમે ઉપકાર માન્યો અને હવે વળી ચાલતાં ચાલતાં હોરમજશાહ શેઠે "દાદર સભા" વિષે વાત ચલાવી.

"ત્યાં અગવડ તો ખરી રૂસ્તમ, જગ્યાની ઘણી સંકડાસ."

"ક્યાં સાહેબ?" રૂસ્તમ સમજયો નહી.

"આ તારી સભામાં, દીની ડાહીના ઘેરમાં." શેઠે ખોલાસો કીધો. "એ જગ્યા કલબને લાયકની નથી."

"ખરેખર નહી સાહેબ. જગ્યા થોડી છે, વળી ખાનગી ઘેર છે, તેથી અગવડ પડેછ એટલુંજ નહી પણ મને વધારે મોટું દુઃખ એ થાયછે કે નાની જગ્યાને લીધે અમે સભામાં વધારે મેમબરો લઇ શકતા નથી. એ ઘણું ખોટું થાયછે. જે લોકોના સુધારાને સારૂં સભા સ્થાપી અને જેઓને બાહાર ભટકતા અટકાવવા માટે સભામાં લેવાની ઘણીજ જરૂર તેજ લોકો સામે જગ્યાની સંકડાસને લીધે સભાના બારણા બંધ કરવાં પડેછ."

"પણ હવે તેનો ઉપાય શો?"

"ઉપાય મને કાંઇ સુજ નથી પડતો સાહેબ."

"મને જાંહગીર કેહતો હતો કે તેં આ અને સારૂં દાદરના રસ્તા ઉપરનો ભાનટનો બંગલો ભાડે લેવા ધાર્યોછ?"

"હાજી, હું એક વખત એવો બેવકુફ થયો હતો, અને તે લેવા પણ ગયો હતો, પણ મારી શુદ્ધિ ઠેકાણે આવી અને હું સમજયો."

"એટલે? કલબને માટે મોટી જગ્યા શોધવા તું ગયો તેમાં બેવકુફી શી થઇ?"

"બેવકુફી, એ સાહેબ કે બંગલો ઘણો મોટો અને અમારાં ગરીબ કલબને લાયકનો નહી તે છતાં તે લેવા જવાનો મેં લોભ કીધો. જ્યારે ભાણાભાઇએ પોતાનાં ભાડાંનો બૂક કહ્યો ત્યારે હું સમજ્યો કે આવાં મોટાં મકાનનો મારે લોભ કરવો એ નાદાની હતી."

"તે ક્યાં સુધી આપવા માગ્યું?"

"મેં ૫૫) રૂપયાની આફર કીધી સાહેબ, પણ તેણે નાપાડી."

"રૂ૫૫? તે તું ક્યાંથી આપતે? શું તું તારી ગાંઠની ખોટ ભરવાનો હતો કે?"

રૂસ્તમે જવાબ દીધો નહી. આ રૂપીયા ક્યાંથી ભરવા એજ તેનો ગુંચવાડો હતો. ભાડું ભરવાની શક્તિ વગર તે મોટી જગ્યા લેવા ગયો તેને માટે તે લજવાઇ ગયો.

પણ તેના મનનો વિચાર બીજોજ હતો. જો ભાણાભટે માગેલું ભાડું થોડું ઘણું આકળું હોયતો રૂસ્તમ તે ભાડું પોતાની ગાંઠનું ભરવાની ઉમેદ રાખતો હતો!

કેવો ફેરફાર! જે છોકરો એક વખત કચરો વાળતો અને શેઠની ટેબલ લુછતો તે આજે પોતાનાં કલબને માટે જોઇતા મોટા બંગલાનાં ભાડાંની ખોટ પોતાની ગાંઠથી પુરવા ચાહેછે!

હોરમજશાહશેઠે રૂસ્તમને હુકમ કીધો કે ભાણા ભટનો બંગલો ૯૦ રૂપીયાને ભાડે કાલ ને કાલ લખાવી લેવો અને તેમાં સઘળું ફરનીચર ખાલી કરવું. આ મોટું ભાડું ભરવા કલબને જે ખોટ જાય તે શેઠે પોતાની તરફથી ભરવા કહી.

પ્રકરણ ૧૭૯ મું.

શુલી "ગરીબ" કે!

પણ આપણે ઉપર કહયું તેમ રૂસ્તમે પોતે ભાડું ભરવાની આ ખોટમાં પોતાનો ભાગ ધારેલો હતો. તે કેમ બને? રૂસ્તમ પાસે ફાલતુ ફરતા થયા કે? તેની ગરીબ મા પાસેથી તે પૈસા લેવાનો હતો કે?

"ગરીબ" મા હવે તેની નથી. શુલી સાથની આપણી આગલી ઓળખાણ વેળા તે ગરીબ હતી, તે પરણ્યા પછી વધારે ગરીબ થઇ હતી, તે રંડાયા પછી તો છેક મુફલેશ થયલી આપણે તેને જોઇ હતી. પણ હવે તે "ગરીબ" માત્ર નામની છે.

હોરમજશાહ શેઠનાં કારખાનાને માટે શુલીએ ટોપી ગુંથીને પેટ ભરવાનું તો કેટલાં વર્ષથી બંધ પડયું હતું. તેને બદલે

ગુલીએ પોતાના ઘેરમાં બોર્ડિંગ સ્કુલ કાહાડી હતી અને તેથી ઘણાક મા બાપોએ ચાહીને કીધેલી ખોહોસથી. વધતાં વધતાં આઠ છોકરાઓ તેને ત્યાં રહેલા હતા, જેઓની જગ્યા કરવા માટે બંગલામાં નવો માળો વધાર્યો હતો અને તેના બદલામાં ઘેરધણીએ ભાડું વધાર્યું હતું. આ આઠ છોકરાઓ દરએક દર માસે રૂ ૪૦ ને હિસાબે રૂ ૩૨૦ ની રકમ ગુલીને આપતા હતા, રૂસ્તમનો કારખાનામાં પગાર રૂ ૨૦૦ નો હતો તે ફકીરો લથડયા પછી અને રૂસ્તમને માથે સઘલું કામ નાખ્યા પછી શેઠે વધારીને રૂ ૨૫૦ નો કીધો હતો, જે મળીને ગુલીને નજદીક પોણી છસો રૂપીયા દર માસે મળતા હતા. રૂસ્તમ જે કાંઇ પગાર લાવતો તે સઘળો પોતાની માનેજ આપી દેતો હતો.

પોણી છસો રૂપીયાની આ માસિક આવક એક મોઠી દોલત કરતાં વધારે હતી. આપણી પાસે જો એક લાખ રૂપીયાની પુંજી હોય અને તે સરકારી લોનમાં રોકી હોય તો ૪) ટકાને વ્યાજે તે દર માસે ૩૩૩ રૂપીયાની આવક ઉપજાવે. આપણી ગુલીની આવક તેથી વધારે હતી એટલે તે બે લાખ રૂપીયાની થાપણ જેટલી થવા ગઇ અને વળી એ ચાલુજ નહી પણ વધતી જતી આવક હતી. જો મોટું ઘેર લેય અને જો નિશાળિયા વધારે તો હજી આવક વધે એમ હતું. પણ ગુલી લોભી નહી હતી. વધતી આવક કરતાં વધતી મેહનત અને હેજગારી થાય, તે કરતાં ગુલી થાકી જાત. વળી મેહમના અગરનું પોતાનું અસલ મકાન, જે આવું સબકતું થયું, તે છોડી જવામાં ગેરફાયદો હતો. બીજી તરફ જાયતો બંગલો રૂસ્તમને કારખાનાથી દૂર પડે, શેઠના ઘેરથી દૂર પડે, "દાદર સભા"થી દૂર પડે. માટે ગુલીએ જ્યાં છે ત્યાંજ રેહવાનું પસંદ કીધું અને તેથી પોતાની નિશાળ નાની તો નાની તથા પોતાની આવક ઓછી તો ઓછી ઉપર શંતોષ પકડયો—લોભની સામે અને શંતોષની તરફ ગુલીએ પોતાના દીકરાઓને આ એક પાઠ શિખવ્યો.

મહીને દાહાડે પાંનસો છસો રૂપીયા ગુલીને માટે પુરતા હતા. આજે ગુલીના ફરજંદો ચીથરેહાલ નથી, આજે તેમના ડગલાને થીંગડાંમારવાં પડતાં નથી અથવા બુટની અંદરથી તેમનાં પગનાં આંગલાં બાહાર નિકલી આવતાં નથી. આજે તો સઘળાં બચ્ચાં સુખી છે. રૂસ્તમ તો લગાર ભપકો વઠીક કરેછે—જો કે તેનો પોશાક ઘણો સાદો છે—અને તેની છેલી વર્ષગાંઠ ઉપર તેની માએ તેને ખોહસ કરીને સોનાનું ઘડિયાલ અને સોનાનો છેડો અપાવ્યો જે તે પેહરી ફરે છે. આજે ગુલીના ઘેરમાં દરરોજ દાળ ને ખુમલા નહી પણ સારાં પકવાનો રંધાય છે, ખાસી ટેબલ બિછવાયછે અને ગુલી તે ટેબલના હેડપર બિરાજી પોતાના ફિરંગી બટલરને વરદી આપેછે તથા છુરી કાંટા સાથ સફાઇથી ખાવા પીવાનો વિવેક ગુલીનો દર એક બોરડર શિખે છે. ગુલીએ પોતે રાંધવાનો હુનર છોડી દીધો નથી—જેના હાડ કસાયલાં અને હાથ વળેલા તેને મેહેનત કીધા વગર કળ પડેજ નહી—પણ ગુલીની આજની મેહનત એક વહીત્રિ અને ચાકરડીની નહી પણ સુધરેલી શેઠાણીની મેહનત છે. બિચારી પેલી ગરીબ માસીદાસી હજી ગુલીને ત્યાં ચાકરીએ રેહેલી છે પણ તે નામનીજ ચાકરી કરેછે, અને બરાબર બોલીયે તો ગુલી તેને તેની આગલી નોકરીના બદલામાં વફાદારી ભરેલો બેહો ગુસારો આપેછે.

આટલીબધી આવક છતાં, ગુલીના બે દીકરાઓ જે હજી શિખેછે તેમની કેળવણી પાછળ માતાને ખર્ચ શો છે? કાંઇજ નહી. નહી કે ગુલી પોતાના દીકરાની કેળવણીમાં ખર્ચની વાણ કરે—પણ દીકરાઓ

...ના ચાલાક છે કે મા... ખર્ચ કરાવ્યા ...ર શિખ્યા જાયછે. સોહરાબ તો બી. ... થઈ ચુકયો અને હવે "લા" નો અ-...સ કરેછે, પણ જ્યારે તે દરએક પરી-...ામાં મોટી રકમના ઇનામો અને સ્કાલ-...શિપો લાવતો થયો ત્યારે વળી તેની માને તેની કેળવણી પાછળ ખર્ચ શો બેસે? બરાબર ... સોહરાબની કેળવણીથી ગુલીને ...લ નાણું વધેછે જે તેણે સોહરા-... સેવીંગ બેંકમાં એકઠું કીધુંછે—તે ઘણું નથી પણ રૂ૧૦૦ થી વધારે છે. બ-રજોર પણ એજ પ્રમાણે શિખ્યો જાયછે. તે મત્રિક્યુલેટ થઈ ચુકયોછે અને તે પણ ...ણાની એનજીનિયરિંગ કાલિજમાં જાયછે. નાનો સોહરાબ જ્યારે નિશાળે જતો હતો અને ક્રીકેટમાં કપટાનની પદ્વી સાથ ઇનામ લાવ્યો હતો, ત્યારે તે ઇનામના રૂપીઆ ગુલીએ અનામત ઉંચા મુકયા હતા તે વખતથી ગુલીનો કરકસરીઓ જીવ વાં-ચનાર જાણેછે. આજે પૈસાની બરકત વચે જોકે ગુલી બખીલાઇ કરતી નથી તોપણ તે આજે ગાડી ઘોડા રાખી શકે—૫૦૦ રૂપીયાના પગારવાળા બીજાઓએતો ગાડી ઘોડા રાખેછે—એટલી તે સુખીછે. માટે તેણે ગાડી ઘોડા રાખ્યા નથી, પણ દર માસે તે ખાસા રૂ ૨૦૦ બચાવી શકેછે અને તે ઉંચા રાખ્યાથી આજે આ-પણી ગુલી પાસે પાંચ પૈસાનો જીવ થ-યોછે. આજે તેની પાસે ચાર પાંચ હજાર રૂપીયા છે. વાંચનાર, તે વખત યાદ છે કે જ્યારે ગુલી પાસે પોસ્ટના એક કાગળને માટે આપવાના બે દોહડિયાં નહી હતાં અને તે બિચારીને બાહારથી કહડા-વવાં પડયાં હતાં?

રૂસ્તમ આજે શેઠને ત્યાં જવા આગ-મચ પોતાના ઘેરમાં નજર કરી ગયો તો સારૂં થયું, કેમકે આજે તેના ઘેરમાં અચ-બુચ ગમી હતી. તેણે જઈને જોયું તો તેની વ્હાલી મા બેઠી બેઠી રડતી હતી. ગુલીના નાના ભાઈ નવલની મોરીસથી "ખબર આવી" હતી. રૂસ્તમે, ગુલીના કોઈ પણ દીકરાએ પોતાના મામાઓને જોયલા નહી હતા. માત્ર તેઓએ ગુલીથી અવારનવાર તે મામાઓ વિષેની વાતો સાંભળી હતી. એક મામો ફલીભાઈ તો રંગુનથી વર્ષમાં બે ત્રણવાર લખતો હતો—આગળ ગુલીને માટે એક બે વાર કી-મતી મદદ મોકલી ચુકયો હતો. પણ રૂ-સ્તમ અને તેના ભાઈઓ નાના હતા ત્યારે નવલ પોતાની બીજી બેહન દીની તથા તેના વર દાદી પાહાલણ સાથ કેપ સંસ્થા-ન ખાતે ઉચાઉચ જતો રહ્યો તે વખત પછી થોડાંક વર્ષ દીનીએ કોઈવાર કાગળ લખ્યાં હતાં, પણ પછીતો ઘણાં વર્ષ સુધી દીનીનો પણ કાંઈ "જર જવાબ" ફરી વળ્યો નહી હતો. આજે દીનીનું નજદીક દસ વર્ષે કાગળ આવ્યું અને તે નવલ ગુજરી જવાની ખબરને માટેજ આવ્યું. જો એ માઠો બનાવ નહી બનયો હોત તો દીનીએ આજે પણ લખ્યું નહી હોત.

રૂસ્તમે પોતાની રડતી માના દુઃખમાં ઘણો દિલાસા ભર્યો ભાગ લીધો. સોહરાબ જેનું ધકધ્યાન સઘળું ધારાના અભ્યાસમાં હતું અને જે તેમાં ઘણો આગળ વધેલો હતો તે વધારે ગુપચુપ ગંભીરાઇમાં રહ્યો હતો, પણ નાનો બરજો જે છુટીને લીધે પુણા કાલેજથી માને ઘેર મળવા આવેલો હતો તેને એવે વખતે આ ગમીનો ખ્યાલ નહી ગમ્યો.

પણ તે એક બીજુ કારણ હતું. બરજો પોતાને લગતી એક વાત વિષે વધુ ઉલટમાં હતો. આજે તે પોતાની મા આગળ એક અગત્યની દરખાસ્ત મુકવાનો હતો. તે દ-રખાસ્ત તેની કાલેજના પ્રોફેસરે તેને સુ-ચવી હતી, કે જે શિક્ષક બરજોની ચાલા-કીથી ઘણો ખુશી હતો અને બરજોના ફા-યદાને માટેજ તેણે સુચના કીધી હતી. બરજો સિવિલ એનજીનીયરિંગમાં ઘણો

ફતેહમંદ અભ્યાસ ચલાવતો હતો, પણ કાલેજના સંબંધમાં એક નાનું કારખાનું હતું જેમાં એકસ ઉદ્યોગો વિદ્યાની મદદથી ચલાવતાં શિખવવાની તાલીમ મળતી હતી, અને બરજોના પ્રોફેસરે બરજોને એક સારી રકમની સ્કાલરશિપ ઉપર આ કારખાનામાં લેવાની માગણી કરી હતી તે વિષે બરજો આજે પોતાની માની સાથે વાત કરવાની ઉલટમાં હતો તેટલામાં તેની માને આ માઠા સમાચાર મળ્યા તેથી તે આટલો ખીજવાયો હતો.

"બરજો તું એમ મનમાં ધુંધવાતો રેહવાને બદલે ખુલ્લું કેહતો કેમ નથી કે તું આ વાત કરવાને તળી રહ્યોછ?" ગુલીએ ખરૂં કારણ જાણ્યું ત્યારે તેણે પોતાના નાનામાં નાના ચેરાગને નરમ ઠપકાના શબ્દો કહ્યા. "મારા ભાઈના મોત સારૂં હું કાંઈ તારી સાથ આ તારાં ભવિષ્યની તકરાર કરવાને ના પાડુંછ, દીકરા, કે તું આમ ખીજવાયેછ? તું શું મારો દીકરો નથી? તું મારી જીંદગીજ અંધારા ભવિષ્ય ઉપર અજવાલું પાડનારો ચેરાગ નથી કે હું આજની ગમીના વખતમાં તારી કેળવણી વિષે અગત્યની મસલત નહી કરૂં? નહી નહી, બરજો તું બીહ ના. મારા ભાઈ બેહસ્તી થયા એ તે ખોદાનો બનાવ ખોદાએ કીધો, પણ તેટલા માટે આપણે દુનિયાંદારીનો વિચાર નહી કરવો જોઇયે એમ હું કદી વિચારતીજ નથી. તારી વાત અગત્યની છે. તો લેની હું હમણાજ તે વિષે તારી સાથ મસલત કરવા તૈયારછું. હું મારા દીકરાઓની ખાતરજ જીવુંછ. મારા દીકરાઓ કેળવાયે તેમાંજ મારૂં જીવતર છે, માટે તારી કેળવણી આગળ વધારવાની વાત હું કદી ... કવખતની નહી ...

પોતાની માના આ કીમતી બોલાસ બરજોને ધીરજ આવી. તેણે પોતાના પ્રોફેસરની દરખાસ્ત પોતાની મા તથા ભાઈઓ આગળ મુકી અને તે એકમતથી બાહાલ રહી. બરજો અમસ્થો ઇજનેરનો ધંધોજ શિખે નહી પણ કારખાનામાં વિદ્યા હુનરો કેમ કારગત લાગેછે તે ... અભ્યાસ કરીને વિદ્યાની સાથે ... શિખે એ વાત ગુલીને અને તેન... ઓને ગમી. રૂસ્તમને તે વધારે ગમ્યા કાંકે તે પોતે એક કારખાનાનો માનેજર હતો અને આવા એક વિદ્વાન હુનરમંદની અગત્યતા તે સમજતો હતો એટલુંજ ન... પણ એવો એક શિખેલો ઇજનેર કેટલો ફતેહમંદ થઈ શકે તે રૂસ્તમને ઘણીવાર મનમાં આવ્યું હતું.

રૂસ્તમ તે દિને શેઠને ત્યાં જમવા નહી ગયો. તેણે પોતાની માના આજના ગમ વિષે પોતાના ચાકર સાથે ચીઠી લખી આજના શોકમાં ઘેરજ રેહવા સારૂં માફી ચાહી. બીજે દિને બરજોએ પોતના પ્રોફેસર ઉપર પત્ર લખી તેની દરખાસ્ત ઉપકાર સાથ બાહાલ રાખવાની તેની માની મરજી લખી જણાવી.

બીજે દિને વળી શેઠાણી બદરૂદબાઈ પોતાની આઈમાયને લઇને ગુલીને દિલાશાને માટે મળવા આવ્યાં. હવે ગુલી આગળના જેવી ગરીબ નહી હતી કે જ્યારે તેનો ભર્તાર ગુજરી ગયો ત્યારે કોઈ હાજર થયું નહી હતું. આજે માત્ર તેના ભાઇની ખબર આવી તો તેટલાંની ખાતર તેના દીકરાની શેઠાણી પોતાની દીકરી સાથે મળવા આવી. એટલી તેની પદવી આજે વધી છે!